વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૮મું
સપ્ટેમ્બર- ૨૦૨૩
અંક : ૫૪૪



શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## મિચ્છામિ દુક્કડમ



: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

**RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI**

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

**Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com**

● શુભેચ્છા સહ ●



**અનિલ પાસુભાઈ શાહનંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# અંગ્રેજી શીખવા માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો

રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી બન્યો છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક બધા અભ્યાસાર્થીઓ માટે આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.




દરેક બુકસેલરને ત્યાં મળે છે.

NAVNEET®

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

## તપસ્વીનું, દાતાનું, સંઘપતિનું બહુમાન કરીને ભેટ આપવા જેવું જૈન સાહિત્ય

**આચાર્ય વાત્સલ્યદીપસૂરિ**

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |
| ધર્મનું ધન | 350 |
| આનંદનો વંટોળ | 350 |

**રતિલાલ દી. દેસાઈ**

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

**અભય દોશી**

| | |
|---|---|
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | 500 |
| જૈન રાસવિમર્શ | 600 |

**પંડિત સુખલાલજી**

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | 90 |

**પર્યૂષણ-પ્રસંગે કોઈપણ નિમિત્તે પ્રભાવનારૂપે વહેંચવા માટે ઉપયોગી- અણમોલ પુસ્તક**




**અનુમોદના**
**લે. રોહિત શાહ**
**કિંમત 50**


### જૈન ધર્મનાં અન્ય પુસ્તકો







| | | |
|---|---|---|
| વનવગડે વિહરે વીર (ભ.મહાવીરના જીવન આધારિત નવલકથા) | દેવર્ષિ | 150 |
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માથુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| ભદ્રંકર પ્રસંગમાળા | – | 100 |
| જૈનધર્મ ગાઓઃ જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| Science Discovers Eternal Wisdom | Muni Amarendravijay | 40 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદીના) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |
| પાકિસ્તાનનાં જૈન મંદિરો (ઉર્દૂ) | ઇકબાલ કેસર, અનુ. ગુણવંત બરવાળિયા | 300 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |








COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

Recognized by Dental Council of India
Affiliated to Gujarat University

Centre For Excellence in Teaching, Learning & Research

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **મહેન્દ્ર દોશી – સભ્ય**
  **મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૫ .................. **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ....... ૯

**તંત્રી લેખ :**

- વિવિધ ક્ષેત્રે કચ્છની વિકાસકૂચ તરફ એક નજર .................................... **અશોક મહેતા** ..... ૧૧

**એક નજર અહીં તરફ પણ**

- કૌશલ્ય વિકાસ કેન્દ્ર / સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ........................................ **અશોક મહેતા** ..... ૧૫

**ક્ષમાપના**

- ક્ષમાપનાનાં આઠ અજવાળાં ........................................................ **ડૉ. કુમારપાળ દેસાઇ** ..... ૧૯

**જિન શાસન**

- જીવાત્માના આત્મોધ્ધારાર્થે જિન શાસનનું મહામૂલ્યવાન મહાત્મ્ય ............. **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૨૧

**ચિંતન - મનન**

- પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં ...................................................... **કે. ડી. શાહ** ..... ૨૩

**રક્ષાબંધન**

- રક્ષાબંધનનું મહાત્મ્ય ................................................... **વિનોદભાઈ માછી નિરંકારી** ..... ૨૪

**જીવનમાં સમાધાન**

- સમાધાન એ જ જીવન!!! ........................................................ **જાદવજી કાનજી વોરા** ..... ૨૫

**શિક્ષક દિવસ**

- 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપ્રમુખ છું...' .......................... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૨૭

**શિક્ષણ**

- **Deakin University**ની પરીક્ષા મુક્ત ડિગ્રીથી તમારી એન્જિનિયરીંગની ક્ષમતાને અનલૉક કરો ........................................................................ **સીમા શાહ** ..... ૨૯

**ઇતિહાસ**

- કચ્છના ઈતિહાસના પાનેથી ........................................... **વસંત 'કચ્છ કેસરી'** ..... ૩૧

**વ્યક્તિ વિશેષ**

- નરેન્દ્ર મોદીનો ૭૩મો જન્મ દિવસ ........................................... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૩૨
- ગુજરાતના ભામાશા : નાનજી કાલીદાસ મહેતા ............................................... **અજ્ઞાત** ..... ૩૫
- અચલગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભસૂરિજીની જીવન કથા ..................... **વસંત ઉમરશી મારૂ** ..... ૩૭
- ભાયલીના અરવિંદ પટેલની સાફલ્ય ગાથા ........................................ **મનીષ જોષી 'મૌન'** ..... ૩૯

**જાગૃતિ**

- ફ્રીડમ તમારા સંતાનોના ફ્યુચર ફિનીશ ન કરે તે પહેલા જાગો .................. **ભાવિની લોડાયા** ..... ૪૧

**સામાજિક સંદેશ**

- સૌંદર્ય અને કર્તવ્ય ..................................................................... **રમીલા પી. મહેતા** ..... ૪૨

**માતૃભાષા**

- ગુજરાતી ભાષાનું ભવિષ્ય ............................................................ **મહેન્દ્ર લખમશી મોતા** ..... ૪૩
- **Jains in India** ........................................................................................ ૪૪
- સમય સાથે જઇએ નહિંતર ........................................................................... ૪૫

**તીર્થ દર્શન**

- દર્શન-૩૬ : શ્રી ગાંભૂ તીર્થ
- દર્શન-૩૭ : શ્રી ઉપરિયાળા તીર્થ ............................................. **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૪૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વૈષ્ણવ સંપ્રદાય

● વૈષ્ણવોમાં તિલક એ ઠાકોરજીનું ચરણ ચિહ્ન ગણાય છે ..................... **ચંદ્રકાંત પટેલ 'સરલ'**..... ૪૭

## યોગદર્શન

● જ્ઞાનસ્વરૂપ પરમાનંદ પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે ............. **યોગસાધક કિરણ ચાંપાનેરી**..... ૪૯

## તંદુરસ્તી

● 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૫૦
ઓબ્સેસિવ વિચારો' – ઓ.સી.ડી. : ભાગ-૫ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## વાર્તા

● મેં વિચાર બદલ્યો છે ................................................................ **એમ. ડી. સોલંકી**..... ૫૨

## અન્ય સંસ્થાઓના સમાચાર

● અન્ય સંસ્થાઓના સમાચાર ............................................................................ ૫૬

## નિયમિત વિભાગો

● *Nano Nine* શબ્દ રમત-૧૯૮ .................................. **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૯
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૬)...................... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૬૧
● આંજો કાગર ........................................................................................ ૬૨
● દેશ - વિદેશ .................................................................... **ચૌલા કુરૂવા**..... ૬૩
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી........................... **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૬૮

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● સામાન્ય સભાની કાર્યવાહી .................................................................... ૭૦
● ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ............................................................ ૭૨
● કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ..................................................... ૭૩
● વર્ષ ૨૦૨૩-૨૪ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સભ્યોની વરણી.................................. ૭૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજે ૭૭મો ધ્વજ વંદનનો દિવસ ધામધૂમથી ઉજવ્યો........................... ૭૬
● નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્દઘાટન ................................................ ૭૭
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો ............................ ૭૭
● શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશીને : ધી ઍવોર્ડ ઓફ એક્સેલન્સ.......................................... ૭૮
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૪ : ડૉ. તપન એ. શાહ ................. **અશોક મહેતા**..... ૭૯
● અતીતના ઓવારેથી... : મણકો-૫. ................................................ **અશોક મહેતા**..... ૮૧
● ઉડતી નજરે... ........................................................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૮૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૮૩
● સમાજ દર્પણ : સરનામા ફેરફાર ★ અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ● શ્રદ્ધાંજલી.................. ૮૭
● યુવા વિકાસ સમિતિ ....................................................................... ૮૭
● ગૃહ ઉદ્યોગ સમિતિ ....................................................................... ૮૮
● 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમો (તા. ૨૧-૭-૨૦૨૩થી તા. ૧૮-૮-૨૦૨૩ સુધી) ........... ૮૯
● 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી.................................. ૯૦

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● તાન્કા.................................................................................... **ઉમેશ જોશી**..... ૨૩
● શિક્ષક ચાકડો ........................................................ **દિવ્યા દેઢિયા 'દિવ્ય'**..... ૨૮
● ગઝલ.................................................................... **અંકિતા મારૂ 'જીનલ'**..... ૩૦
● નડે છે... ................................................................. **કેતના છેડા 'કેતુ'**..... ૩૦
● ગઝલ.................................................................................. **સાહિલ**..... ૫૯

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૫

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચશ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. 'ભારત છોડો' ક્રાંતિકારી સૂત્ર ____________ના દિમાગની પેદાશ હતી.
(મહાત્મા ગાંધી, યુસુફ મહેરઅલી, જવાહરલાલ નહેરુ)

૨. શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢની સ્થાપના મુનિશ્રી ____________ અને મુનિશ્રી ____________ એ કરી હતી. (ગંભીર વિજયજી, ચારિત્ર વિજયજી, કલાપૂર્ણસૂરીજી, કલ્યાણચંદ્રવિજયજી)

૩. વૃધ્ધાવસ્થા એટલે ____________ની હોડીમાં બેસીને સામે કાંઠે પહોંચવાની કળા.
(આત્મશક્તિ, સમજણ શક્તિ, દીર્ઘદષ્ટિ)

૪. કચ્છની મોટી પંચતીર્થીનું એક તીર્થ : ____________ (મોટી ખાખર, બોંત્તેર જિનાલય, તેરા, માંડવી)

૫. જૈન મુનિ શ્રી ____________ એ ૧૭૧ દિવસના ઉપવાસ કર્યા. (હેમવલ્લભ, વિરાગવિજય, કલ્પતરૂ)

૬. અંગદાન સમિતિના કન્વીનર છે : ____________ (ગુલાબચંદભાઈ, કમલેશભાઈ, અશોકભાઈ, પ્રતાપભાઈ)

૭. ★ ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતા મંદિરમાં ડાયાલિસિસનો ____________ વ્યક્તિએ લાભ લીધો.
★ ડૉ. ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર - શાહીબાગમાં __________ વ્યક્તિએ ડાયાલિસિસનો લાભ લીધો.
★ નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલમાં ____________ વ્યક્તિએ ડાયાલિસિસનો લાભ લીધો.
(૧૦૫, ૫૩૮, ૯૪, ૨૦૫, ૧૪૪, ૩૦૬, ૪૬૫)

૮. સમાજના કયા ડૉક્ટરે માઉથ ઑર્ગન વગાડી સૌને મનોરંજન પીરસેલ હતું.
(ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ડૉ. હિમાંશુભાઈ શાહ, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ)

૯. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું બેંક એકાઉન્ટ ખાતું ____________ બેંકમાં છે.
(બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઇન્ડિયા, કેનેરા બેંક)

૧૦. બીદડા અને ભોજાય સર્વોદય ટ્રસ્ટને પોતાની જન્મ અને કર્મભૂમિ બનાવનાર ભેખધારી કોણ?
(દામજીભાઈ એન્કરવાલા, લીલાધરભાઈ ગડા, વિજયભાઈ સાવલા)

### ★ નોંધ

૧. આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.
૨. સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

### • મણકા–૪ ના સવાલોના સાચા જવાબો •

૧. શ્રી બુધ્ધિસાગરસૂરીશ્વરજી - યોગનિષ્ઠ આચાર્ય.
૨. અધિક માસ દર ત્રણ વર્ષે આવે. આ વર્ષનો અધિક માસ ૧૮ જુલાઈ, ૨૦૨૩ મંગળવારથી પ્રારંભ થયો.
૩. ૨૯ જુલાઈનો દિવસ વિશ્વભરમાં 'વાઘ દિવસ' તરીકે ઉજવાય છે.
૪. નવલિકાનું નામ 'વ્હાલભરી વાદળી.'
૫. પાયામાં પુરાયેલા - ઈંટોના ટુકડાને આભારી છે.
૬. ગુરૂ પૂર્ણિમાના દિવસે - ડૉ. ઈશ્વર પરમાર (લેખક અને કેળવણીકાર)ને લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ આપવામાં આવેલ.
૭. આચાર્ય શ્રી ધર્મધૂરંધરસૂરીશ્વરજી મ.સા. ઉપદેશ આપ્યો : અહિંસાથી જ જીત થાય છે.
૮. વૃક્ષનું નામ : રાફિયા પામ – પશ્ચિમ આફ્રિકામાં જોવા મળે છે.
૯. વિશાળ વડલો - આંધ્ર પ્રદેશના અનંતપુર ગામમાં આવેલો છે. જે ૫.૨ એકરના ઘેરાવામાં ફેલાયેલો છે. જેને ૧૧૦૦ વડવાઈઓ છે.
૧૦. બોપલ મેડિકલ સેન્ટરમાં મે માસમાં કુલ ૫૯૧૨ + ૧૩૦ = ૬૦૪૨ દર્દીઓએ લાભ લીધો.

**મણકા-૪ (મંગલ મંદિર ઓગસ્ટ-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ**

૧. હસમુખ દામજી દેઢિયા – અડાલજ

***સાચા જવાબ આપનાર દરેક ભાગ્યશાળીઓના નામ જે તે અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.***

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- ***સંસ્થાનું નામ :*** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] ■ ***IFSC કોડ :*** CNRB0017007

***રજનીકાંત પારેખ,*** *માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

તંત્રી લેખ

# વિવિધ ક્ષેત્રે
# કચ્છની વિકાસકૂચ તરફ એક નજર



અશોક મહેતા

ચોમાસાની ઋતુમાં જે પ્રદેશ પરથી ભેજવાળા મોસમી પવનો પસાર થતા હોય, તેમાંથી વરસાદ વરસાવવા માટે નીચે મુજબની ૩ શરતોમાંથી કોઈ પણ એક શરત જરૂરી છે : (૧) નીચે જમીન પર પુષ્કળ વનરાજી હોય અથવા (૨) નીચે પાણીનો વિશાળ જથ્થો હોય અથવા (૩) આડી પર્વતમાળા હોય. ઉપરોક્તમાંથી કોઈ પણ એક કારણે વાદળામાં રહેલ ભેજ વરસાદ સ્વરૂપે વરસી શકે.

## ભૂતકાળમાં કચ્છ આબાદ હતું

આજે જ્યાં કચ્છનો રણ છે ત્યાં ૧૨મી સદી સુધી સિંધુ અને અન્ય નદીઓ વહેતી હતી અને એ પાણી કચ્છના અખાતમાં ઠલવાતા હતા. તેના કારણે જ્યારે નૈઋત્ય દિશાના ભેજવાળા પવનો ચોમાસા દરમિયાન અહીંથી પસાર થતા, ત્યારે નીચે સિંધુ વગેરે નદીઓના વિશાળ પાણીના જથ્થાને કારણે પવનમાંનો ભેજ વરસાદ સ્વરૂપે સારાયે કચ્છ પર વરસતો હતો અને કચ્છમાં દુષ્કાળનું નામનિશાન ન હતું. કચ્છ આબાદ પ્રદેશ હતો.

## કચ્છ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ બન્યો

૧૨મી સદીમાં આ પ્રદેશમાં વિશાળ ધરતીકંપ આવ્યો. સિંધુ નદીના પાણી દૂર પશ્ચિમ તરફ ૩૦૦ કિ.મી. ખસી ગયા. સિંધુ નદીના વહેણની જગ્યાએ વિશાળ રણ બની ગયું. પરિણામે ચોમાસા દરમિયાન કચ્છ પર વરસાદ વરસવો બંધ થયો. કચ્છ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ બન્યો. પરંતુ સિંધુ નદીની એક શાખા કોરી ક્રીકને મળતી હતી. તેથી લખપત - અબડાસા વિભાગ લીલો રહ્યો. ૧૮મી સદીમાં ફરી એવો જ મોટો ધરતીકંપ આવ્યો. સિંધુ નદીની જે શાખા કોરી ક્રીકમાંથી પસાર થઈને દરિયામાં મળતી હતી ત્યાં કોરી ક્રીકથી આગળના ભાગમાં જમીનનો એક વિશાળ ભાગ ઉપર આવ્યો કે જે અલ્લાહનો બંધ કહેવાયો અને એના કારણે એ પાણી પણ કચ્છના એ વિભાગ પર આવવા બંધ થયા. પરિણામે કચ્છ સંપૂર્ણપણે દુષ્કાળગ્રસ્ત પ્રદેશ બની જવા પામ્યો.

## આઝાદી બાદ સ્વાવલંબન તરફ

૧૯૪૭ની આઝાદી બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારે લોકહિતના અને પ્રજાની આબાદીના કામો શરૂ કર્યા. આ આબાદીના કામો પૈકી એક કામ હતું બારમાસી નદીઓના આડે બંધ બાંધી, તેના પાણીનો સંગ્રહ કરી, કેનાલો દ્વારા એ પાણી ખેતરે ખેતર સુધી પહોંચાડવા અને તેના થકી વિશાળ માત્રામાં પાકો ઉત્પન્ન કરાવડાવી તેના થકી ખેડૂતોની અને જનતાની આબાદી સુધારવી. આ પ્રક્રિયાના ભાગ સ્વરૂપે એ વિચારવામાં આવ્યું કે નર્મદા નદી પર ભરૂચ પાસેના નવાગામ પાસે વિશાળ બંધ બાંધી, ત્યાં પાણીનો સંગ્રહ કરવો અને આ પાણી નજીકની જમીનોમાં ખેતરે ખેતરે પહોંચાડી વિશાળ માત્રામાં ખેતીના પાકો મેળવવા.

## કચ્છને ફાળે આવેલ નર્મદા નદીના પાણી

આ યોજના અંતર્ગત નર્મદા નદીના ૨૮ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી ૯.૦૦ એમ.એ.એફ. નિયમિત પાણી અને વધારાના ૩.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી બધા જ ૩.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ગુજરાતને ફાળવવામાં

આવ્યા. ગુજરાતને ફાળવાયેલ નિયમિત પાણીમાંથી ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી કચ્છને ફાળવવામાં આવ્યા. એ સમયે એવું પણ નક્કી કરીને આયોજનો કરવામાં આવ્યા કે કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. ફાળવાયેલ પાણીમાંથી ૧૦ લાખ એકર જમીનમાં ખેતી કરી શકાશે. આજની તારીખમાં દરેક સીઝને એક એકર ખેતીમાં બધા જ પ્રકારના ખર્ચ બાદ કરતાં ખેડૂતને ઓછામાં ઓછો રૂા. ૨૦,૦૦૦/-નો નફો રહેતો હોવાથી કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી રૂા. ૫૭૦ કરોડનો નફો દર વર્ષે ખેડૂતના ઘરમાં આવે અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી રૂા. ૨૦૦૦ કરોડનો નફો ખેડૂતના ઘરમાં આવે અને ખેડૂત આબાદી તરફ આગળ વધી શકે. સાથે સાથે અન્ય લોકોના ધંધામાં પણ વિકાસ થઈ શકે. પરંતુ સરકારી વિભાગોની કામ કરવાની ધીમી ગતિના કારણે ૧૯૭૯માં આવેલ જળપંચના ચુકાદા પછી આજે ૨૦૨૩માં એટલે કે ૪૪ વર્ષ પછી પણ આ પાણી કચ્છની એક પણ એકર જમીન પર સરકારશ્રીનું નર્મદા નિગમ કે જળસિંચાઈ વિભાગ પહોંચાડી શકેલ નથી. પરિણામે કચ્છની પ્રજાની આબાદી તરફની કૂચ થંભી જવા પામેલ છે.

## કચ્છનું પોતાનું પાણી

કચ્છમાં દર વર્ષે સરેરાશ ૧૪ ઈંચ વરસાદ પડે છે. આ પાણીના ટોટલ જથ્થાને કચ્છની ૯૨ નદીઓ પર ઠેર ઠેર ચેક ડેમ અથવા બંધ બાંધી સંગ્રહી રાખવામાં આવે તો તેનો ટોટલ જથ્થો ૫.૫ એમ.એ.એફ. થાય. આ પાણી એટલે કચ્છને નર્મદા નદીના ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. પાણી કરતાં ૧૧ ગણું પાણી થાય. ત્યારબાદ આ પાણીને કેનાલો દ્વારા ખેતરે ખેતરે પહોંચાડાય અથવા જે તે જગ્યાએ બોર બનાવડાવી જમીનમાં ઉતારાય કે જેથી જમીનમાં પાણીના તળ ઊંચા આવી શકે. કચ્છની આબાદી માટે સરકારશ્રી પાસેથી આ યોજનાનું અમલીકરણ વહેલી તકે કરાવવું જરૂરી છે.

## કચ્છમાં ઉદ્યોગોની સ્થાપના

વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ફરી વિશાળ ધરતીકંપ આવ્યો કે જેના કારણે સારુંયે કચ્છ તહસ-નહસ થઈ ગયું. આ સમયે અગમચેતી વાપરી કેન્દ્ર સરકારે અને ગુજરાત સરકારે અહીં વધુ પ્રમાણમાં વિશાળ ઉદ્યોગો સ્થપાય તેવી યોજના જાહેર કરી. આ યોજના થકી કરવેરાની પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારના ઉદ્યોગોને મોટા પ્રમાણમાં ફાયદા થતા હોવાથી અહીં અનેક ઉદ્યોગો પ્રસ્થાપિત થયા અને કચ્છ ઉદ્યોગોથી ધમધમવા લાગ્યું. પરિણામે કચ્છના અનેક લોકોને આ ઉદ્યોગગૃહમાં નોકરીઓ પ્રાપ્ત થઈ તથા અલગ અલગ પ્રકારના કોન્ટ્રાક્ટો પ્રાપ્ત થયા અને અન્ય અનેક વ્યાપારીઓના વ્યાપારો પણ વિકસી શક્યા. હજુ પણ વિવિધ ક્ષેત્રના વધુ ઉદ્યોગો કચ્છમાં સ્થપાવાની શક્યતા જણાતા તે પર વધુ લક્ષ્ય આપવું જરૂરી બની રહે છે.

## કચ્છને ફાળવવામાં આવેલ પીવા માટેના પાણી

માળીયા બ્રાંચમાંથી પાઈપ લાઈન દ્વારા કચ્છને દરરોજ ૨૦૦ M.L.D. (મિલિયન લીટર પર ડે) પીવા માટેના પાણી ફાળવવામાં આવે છે કે જેમાંથી ૧૫૦ M.L.D. પાણી કચ્છના ૯૦૦ ગામની જનતાને પીવા માટે અને ૫૦ M.L.D. પાણી ઉદ્યોગો માટે ફાળવાયા છે. કચ્છમાં જે રીતે ઉદ્યોગો સ્થાપિત થયેલ છે એ રીતે તેમની જરૂરિયાત દરરોજના ૩૦૦ M.L.D. પાણીની છે કે જેથી બાકીનું પાણી તેઓ પોતાની પ્રિમાઈસીસમાં બોર બનાવી જમીનમાંથી ખેંચી લે છે. પરિણામ સ્વરૂપે જમીનના તળ ઊંડા ને ઊંડા જતા રહે છે. આ એક અગત્યનો મુદ્દો છે કે જેનું તરતમાં નિરાકરણ લાવવું જરૂરી છે.

## કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

કચ્છના ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર અગર ૧૫૦ M.L.D. કેપેસિટીના બે પ્લાન્ટ કચ્છમાં અલગ અલગ સ્થળે

સ્થાપવામાં આવે તો કચ્છના ઉદ્યોગોને તેમની જરૂરિયાત અનુસારનું ૩૦૦ MLD પાણી દરરોજ પ્રાપ્ત થઈ શકે અને તેથી કચ્છના આ ઉદ્યોગોને કચ્છનું ભૂતળનું પાણી વાપરવાની જરૂરિયાત ના રહે કે જેના પરિણામે કચ્છના ભૂતળના પાણી ઊંડે જતા અટકી શકે. તાત્કાલિકપણે આ યોજનાનો અમલ થાય એ કચ્છ માટે હિતાવહ બની રહેશે. દરિયાના ખારા પાણીમાંથી જરૂરી T.D.S. વાળું મીઠું પાણી બનાવ્યા બાદ બાકી રહેલ એકદમ ખારાશવાળા પાણીને દૂર દરિયામાં લઈ જઈ ત્યાં ખાલી કરવાને બદલે અગર આ પાણીમાંથી મીઠું પકવવામાં આવે તો ડી-સેલિનેશન પ્લાન્ટના નિયમિત ખર્ચમાં સારો એવો ફાયદો થઈ શકે. આ યોજનાના અમલીકરણ માટે કચ્છની કોઈક સામાજિક સંસ્થાએ સરકારમાંથી આ યોજનાને પાસ કરાવવા જરૂરી પ્રયાસ કરવા કચ્છ માટે હિતાવહ બની રહેશે.

## રૂકમાવતી રીવર બેઝીન યોજના

રૂકમાવતી રીવર બેઝીન યોજના એ સ્વ. કાંતિસેન શ્રોફનો એક ઉમદા વિચાર હતો અને તેઓશ્રીએ, તે સમયે વી.આર.ટી.આઈ. દ્વારા તેના અમલીકરણની શરૂઆત પણ કરાવી દીધેલ હતી. આ યોજના અનુસાર રૂકમાવતી નદી પર ઠેર ઠેર બંધ કે ચેક ડેમ બાંધી, તેના પાણી તે સ્થળે રોકી, જમીનમાં ઉતારી દેવા અથવા તો એ પાણી કેનાલો દ્વારા ખેતરે ખેતરે પહોંચાડવા કે જેથી એક અંદાજ મુજબ ભુજ તથા માંડવી તાલુકાના ૪૬ ગામની ૧,૫૦,૦૦૦ એકર જમીન પર ખેતી કરી શકાય. ખરેખર તો કોઈ સામાજિક સંસ્થાના બદલે ગુજરાત સરકારશ્રીના જળસિંચાઈ વિભાગે આ કાર્ય હાથ પર લઈ, તેના યોગ્ય અમલીકરણ કરાવી, તેના ફાયદા જનતા સુધી પહોંચાડવા જોઈએ. તેના થકી દરેક સીઝનમાં ૧,૫૦,૦૦૦ એકર જમીન પર ખેતીના પાણી પહોંચાડવાથી જે ખેતીના પાક ઉતરે તેમાં એક એકરના પાક પર થતા રૂા. ૨૦,૦૦૦/-ના નફાના ધોરણે ટોટલ રૂા. ૩૦૦ કરોડનો નફો કચ્છના આ વિભાગના ખેડૂતો દર વર્ષે મેળવી શકે. આ યોજના પર પણ કચ્છની સામાજિક સંસ્થાઓએ ધ્યાન આપવું એકદમ જરૂરી છે.

## વૃક્ષારોપણ

કચ્છમાં વિશાળ પાયે વૃક્ષારોપણ કરવાથી નૈઋત્યના ભેજવાળા મોસમી પવનો જ્યારે કચ્છ પરથી પસાર થાય ત્યારે તે ત્યાં વરસાદ વરસાવી શકે. બીદડાના શ્રી એલ.ડી. શાહે આ માટે ભગીરથ પ્રયાસ કરેલ અને અનેક સ્થળે વનરાજી ઊભી થવાથી તેના ફાયદા પણ કચ્છને પ્રાપ્ત થયેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ સામાજિક સંસ્થાએ પણ આ માટે ભૂતકાળમાં ઠેર ઠેર વનરાજી ઊભી કરેલ છે. હજુ પણ આ બાબતે અનેકગણી વધુ કાર્યવાહી કરવાની બાકી રહે છે. કચ્છની કોઈ એક સામાજિક સંસ્થા આ કાર્ય હાથ પર લઈ શકે તો તેના થકી કચ્છને સારો એવો ફાયદો થઈ શકે.

## ટપક સિંચાઈ

કચ્છના ખેડૂતો પોતાની વાડી કે ખેતરમાં જે ધૂરિયા પદ્ધતિથી ખેતી કરે છે તેના બદલે ટપક પદ્ધતિથી ખેતી કરે તો પાણીનો સારો એવો બચાવ થઈ શકે અને તેના ફળ સ્વરૂપે કચ્છની વધુ એકર જમીનમાં ખેતી થઈ સકે. આ પદ્ધતિનો ખેડૂત અમલ કરે તે માટે સરકારશ્રી તરફથી પાઈપ લાઈન તથા સાધનો વગેરેના ખર્ચમાં ૫૦ ટકા જેટલો હિસ્સો પણ આપવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ માટે કચ્છનો ખેડૂત આગળ આવે તે ખૂબ જરૂરી છે.

## રણ સરોવર

કચ્છના રણમાં હાલે ૯૧ નદીઓના પાણી ઠલવાય છે અને એ બધા પાણી દરિયામાં વહી જાય છે. આ હકીકતને લક્ષમાં રાખી ઓરેવા ગ્રુપના જયસુખભાઈ પટેલે છેલ્લા કેટલાક વર્ષથી પોતાની યોજના બનાવી સ્થળ તપાસ કરવા જાતે જઈ તથા જે-તે નિષ્ણાતોને મોકલી રણ સરોવરની યોજના બનાવી ગુજરાત સરકારશ્રીમાં તથા કેન્દ્રમાં રજૂ કરેલ છે પરંતુ કોઈ કારણસર આ યોજનાને સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ નથી. અગર આ યોજનામાં આવતી વિસંગતતાઓ સરકારશ્રી દ્વારા દૂર કરાવવામાં આવે અને આ યોજનાનું અમલીકરણ કરાવવામાં આવે તો અગાઉની માફક નૈઋત્ય દિશાના

ભેજવાળા મોસમી પવનો અહીંથી પસાર થાય ત્યારે સમગ્ર કચ્છમાં પુષ્કળ વરસાદ વરસાવતા જાય અને તે થકી કચ્છને સારો એવો ફાયદો થઈ શકે. કચ્છની કોઈ સેવાભાવી સંસ્થાએ આ કાર્ય હાથ પર લઈ, સરકારશ્રીના જે તે વિભાગમાંથી મંજૂરી અપાવડાવી, તેના અમલીકરણ કરાવે તો આ યોજનાના ફાયદાઓ ભવિષ્યમાં સારા એવા મેળવી શકાય.

## કચ્છમાં ફળફળાદિની ખેતી

કચ્છમાં કેસર કેરી અને ખારેક સિવાય ચીકુ, દાડમ, પપૈયા, ડ્રેગન ફ્રુટ વગેરેની ખેતી સારા એવા પ્રમાણમાં થાય છે અને આ ફળો દેશમાં તથા વિદેશના કેટલાક દેશોમાં એક્સપોર્ટ પણ કરવામાં આવે છે. આ ફળો હજુ પણ વધુ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાય, જો તેને વિદેશ માટે સારી એવી બજાર મળી શકે. આ ફળોને રેડિયેશન પ્લાન્ટમાંથી પસાર કરવામાં આવતા ન હોવાથી તેની નિકાસ ગણ્યાગાંઠ્યા દેશમાં જ કરી શકાય છે. અગર જો આ ખેડૂતોના હિતમાં વ્યાપારી ધોરણે અથવા તો લોકહિતના ધોરણે રેડિયેશન પ્લાન્ટ, ગ્રેડિંગ સેન્ટર (સાઈઝ ગ્રેડિંગ, કલર ગ્રેડિંગ, સ્મેલ ગ્રેડિંગ વગેરે વગેરે), પેકિંગ સેન્ટર અને કોલ્ડ સ્ટોરેજ સ્થાપવામાં આવે તો કચ્છના ફળફળાદિના પાકો વિકસિત પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાય. કોઈ સંસ્થાએ આ કામના યોગ્ય નિર્ણય લેવડાવવા જરૂરી છે.

## માંડવી બંદરે ડ્રેજીંગની વ્યવસ્થા

સુરેશચંદ્ર મહેતા જ્યારે ગુજરાત સરકારમાં હતા ત્યારે આ યોજના પર સારી એવી વિચારણા કરવામાં આવેલ હતી. પરંતુ કચ્છની કમનસીબીના કારણે તેનો એ સમયે અમલ થઈ શકેલ ન હતો.

માંડવી બંદર પર કાંપ પુષ્કળ પ્રમાણમાં ભરાઈ ગયેલ હોવાથી સ્ટીમરો કે મોટા જહાજો કિનારા પર લાંગરી શકતા નથી. તેથી તેને કિનારાથી ખૂબ દૂર ઊભા રાખવામાં આવે છે અને નાના નાના મછવાથી એ જહાજમાં આવેલ માલને કિનારે પહોંચાડવામાં આવે છે કે જેમાં સમય પણ ઘણો લાગે છે અને મોંઘો પણ પડે છે. અગર બંદર પરથી ક્રેઈન દ્વારા ડ્રેજીંગ કરાવી, આ કાંપ ખસેડી લેવાય તો મોટા જહાજો કિનારે આવીને લાંગરી શકે અને માંડવી બંદર પર વિકાસ પામેલ વહાણવટા ઉદ્યોગને ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રોત્સાહન મળી શકે. માંડવી બંદર પર તૈયાર કરવામાં આવેલ જહાજોને વિશાળ માર્કેટ પણ મળી શકે. માંડવીની કોઈ સામાજિક સંસ્થા આ પ્રશ્ન હાથ પર લઈ ગુજરાત સરકારશ્રી પાસે તેનું અમલીકરણ કરાવી શકે તો માંડવીનો જહાજ ઉદ્યોગ સારી એવી પ્રગતિ પામી શકે.

## પર્યટન ક્ષેત્ર

આ જ રીતે રણોત્સવ, ધોળાવીરા, માતાનો મઢ, શ્યામજી કૃષ્ણવર્માની સમાધિ, ભુજિયો ડુંગર વગેરે પર્યટન સ્થળોના વિકાસ પર પણ કચ્છની પ્રજાએ કચ્છના હિતમાં લાગી જવું જોઈએ.

## સામાજિક સંસ્થાઓ

કચ્છના વિકાસ માટેના અનેકવિધ પ્રશ્નોની આપણે ઉપરોક્ત લેખમાં ચર્ચા કરી. દરેક પ્રશ્ન વર્ષો સુધી સતત ધ્યાન માંગે છે અને તેના નિરાકરણ ન આવે ત્યાં લગી નિષ્ઠાપૂર્વક એ પ્રશ્નની પાછળ પડી જવાય, એવા નિષ્ઠાવાન કાર્યકરો કચ્છની સામાજિક સંસ્થાઓ અને કચ્છ પ્રત્યે હમદર્દી દાખવતા કચ્છી / બિનકચ્છી ઉદ્યોગગૃહો જ પૂરા પાડી શકે. આપણે આશા રાખીએ કે કચ્છના બધા જ પ્રકારના સામાજિક કાર્યકરો અને ઉદ્યોગગૃહો એક સ્થળે એકત્રિત થઈ દરેક પ્રશ્ન જે-તે નિષ્ઠાવાન સંસ્થાને સુપ્રત કરે કે જેથી આવતા ૧૦ વર્ષમાં કચ્છની વિકાસકૂચ ખૂબ જ મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી શકે.

૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના સ્વાતંત્ર્ય દિવસે આપણે આ પ્રશ્ને હકારાત્મક વિચારસરણીથી આગળ વધીએ તે કચ્છના હિતમાં ખૂબ જ જરૂરી છે – આજની મુખ્ય જરૂરિયાત છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ०૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# કૌશલ્ય વિકાસ કેન્દ્ર
# સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર



અશોક મહેતા

ભારતની સમગ્ર જનતાને આપણે સવિશેષપણે ૩ ભાગમાં વહેંચી શકીએ : (૧) નીચેનો વર્ગ, (૨) મધ્યમ વર્ગ અને (૩) ઉપરનો વર્ગ – અથવા તો (૧) લોઅર ક્લાસ, (૨) મિડલ ક્લાસ અને (૩) હાયર ક્લાસ. જ્યાં લગી ભારતનો લોઅર વર્ગ સક્ષમ નહીં બની શકે ત્યાં લગી ભારત પૂર્ણ આબાદીને પામી નહીં શકે. લોઅર વર્ગને સક્ષમ બનાવવા આજકાલ અનેકવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે કે જેમાં એક કાર્ય છે કૌશલ્ય વિકાસ કેન્દ્ર અથવા તો સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર. નીચેના વર્ગના પરિવારજનોને કોઈ પણ એક બાબતે યોગ્ય તાલીમ આપી તેને સમાજમાં પરત મોકલવામાં આવે તો તે ખૂબ જ સારી રીતે આર્થિક ઉપાર્જન કરી શકે અને પોતાના પરિવારની આર્થિક સંકડામણ દૂર કરી શકે. પરિણામે ભારત તેટલું વધુ આબાદ બની શકે.

## બિપીનચંદ્ર જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર :

ઉપરોક્ત હકીકતના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૨૨થી આ પ્રવૃત્તિની શરૂઆત કરેલ અને તેના ગીતા મંદિર ખાતેના સેવા ભવન ખાતે શ્રી બિપીનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્રની સ્થાપના કરવામાં આવેલ હતી.

ત્યારબાદ અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના સહયોગથી આ કેન્દ્રમાં જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ – GDA (આસિસ્ટન્ટ નર્સિંગ)ના કોર્સની નવેમ્બર-૨૦૨૨થી શરૂઆત કરવામાં આવેલ હતી.

નવેમ્બર-૨૦૨૨માં શરૂ કરવામાં આવેલ પ્રથમ બેચમાં ૧૮ તાલીમાર્થી હતા કે જેમને ૩ મહિનાની તાલીમ અને ૧ મહિનો જે તે હોસ્પિટલમાં ટ્રેનિંગ અપાયા બાદ તેઓને તે કોર્સના સર્ટીફિકેટ અપાયા હતા અને તેમાંના મોટા ભાગના તાલીમાર્થીને જોબ પણ અપાવી દેવામાં આવેલ હતી.

ત્યારબાદ ફેબ્રુઆરી-૨૦૨૩થી બીજી બેચ ૩૦ તાલીમાર્થીઓ સાથે શરૂ કરવામાં આવેલ કે જે મે-૨૦૨૩માં પૂર્ણ થઈ ગયેલ છે. મે-૨૦૨૩થી ૩૦ તાલીમાર્થીઓ સાથેની ત્રીજી બેચનું કાર્ય હાલે પૂર્ણતાને આરે છે અને હવે પછી તરતમાં અહીં ૪થી અને ૫મી બેચની શરૂઆત કરવામાં આવશે.

## નવનીત ફાઉન્ડેશન કૌશલ્ય કેન્દ્ર

નવનીત ફાઉન્ડેશનના સહકારથી બોપલ ખાતે "નવનીત કૌશલ્ય કેન્દ્ર"ની મે-૨૦૨૩થી શરૂઆત કરી દેવામાં આવેલ છે. અહીં નવનીત ફાઉન્ડેશન દ્વારા ૩૦ તાલીમાર્તીનો સમાવેશ થઈ શકે તેવા ૪ ગાળા ફાળવવામાં આવેલ છે અને આ તાલીમ કેન્દ્રનો એક વર્ષનો સંપૂર્ણ ખર્ચ પણ તેમના તરફથી આપવામાં આવેલ છે.

અહીં મે-૨૦૨૩થી આસિસ્ટન્ટ નર્સિંગના ૩૫ તાલીમાર્થીની પ્રથમ બેચ અને જુલાઈ-૨૦૨૩થી બ્યુટી થેરાપિસ્ટના ૩૩ તાલીમાર્થીની પ્રથમ બેચ સરૂ કરી દેવામાં આવેલ છે.

અહીં ઓગસ્ટ-૨૦૨૩થી બંને કોર્સની દ્વિતીય બેચ પણ શરૂ કરી દેવામાં આવનાર છે.

સમગ્ર રીતે નીરખીએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નવેમ્બર-૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ કૌશલ્ય તાલીમ કેન્દ્રના લગભગ ૨૬૬ તાલીમાર્થીઓના તાલીમના આયોજનો આ સમાજ દ્વારા હાથ પર લેવામાં આવેલ છે. અન્ય રીતે વાત કરીએ તો તેટલી સંખ્યાના પરિવારોની આર્થિક સંકડામણ ઓછા-વત્તા અંશે દૂર કરી શકાશે.

આ કાર્યો માટે અત્યાર સુધી આર્થિક સહયોગ આપનાર બિપીનચંદ્ર જૈન પરિવાર અને નવનીત ફાઉન્ડેશન્સની ઉદાર દિલ સખાવતના કારણે જ આ કાર્ય શક્ય બની શકેલ છે અને તેથી આ સંસ્થા બંને દાતા પરિવારનો સહયોગ ભવિષ્યમાં ક્યારે પણ ભૂલી શકશે નહીં.

## ● તાલીમાર્થીઓના પ્રતિભાવો ●

બોપલ કેન્દ્ર પર આસિસ્ટન્ટ નર્સિંગના તાલીમ કોર્સની શરૂઆત મે-૨૦૨૩થી અને બ્યુટી થેરાપિસ્ટના કોર્સની શરૂઆત જુલાઈ-૨૦૨૩થી કરવામાં આવેલ હોઈ, ત્યાં ઉદ્‌ઘાટન પ્રક્રિયા પ્રકારનો એક કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ કે જ્યારે નવનીત પરિવારના બહેન શ્રી વિમળાબેન ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા તથા શ્રી કલ્પેશભાઈ ગાલા ઉપસ્થિત રહેલ હતા. અન્ય તરફ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અનેક ટ્રસ્ટીશ્રીઓ પણ ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે ગીતા મંદિર અને બોપલના તાલીમાર્થીઓએ જે પ્રવચનો આપેલ, તે સાંભળીને આ સમારંભમાં ઉપસ્થિત સહુ ગદગદિત થઈ ગયેલ હતા અને સમાજની આ પ્રકારની પ્રવૃત્તિને મનોમન આશિર્વાદ આપેલ હતા.

***તાલીમાર્થીઓના પ્રવચનો અત્રે અક્ષરસઃ રજૂ કરેલ છે.***

**જૈમિની**

***જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (G.D.A.) – આસિસ્ટન્ટ નર્સિંગ – ગીતા મંદિર***

*મારું નામ જૈમિની છે. મેં જનરલ ડ્યુટી આસિસ્ટન્ટનો ત્રણ મહિનાનો કોર્સ ગીતા મંદિર ખાતે પૂરો કરેલો છે. એ ત્રણ મહિનાના કોર્સ ઉપરાંત એક મહિનાની ઓ.જી.ટી. હોય છે કે જે મેં કમ્પ્લીટ કરેલ છે અને હાલ અત્યારે આહના હોસ્પિટલમાં જોબ મળેલ છે. જેનાથી હું ખૂબ સેટીસફાઈડ છું. અનેકોને એવું હોય છે - પોતાનું સપનું કે મેડિકલ ફિલ્ડમાં આગળ વધવું હોય છે પણ તેને ફાઈનાન્સિયલ પ્રોબ્લેમના લીધે મેળવી શકાતું નથી. આ ઉણપ નવનીત ગાલા દ્વારા અને કચ્છી જૈન સેવા સમાજ દ્વારા પૂરું કરી શકાય છે. પોતાના કેરીયરમાં આગળ વધી શકો છો. કચ્છી જૈન સેવા સમાજ અને ગાલા પરિવારનો ખૂબ ખૂબ આભાર.*

★

**અનુ શાહ**

***G.D.A. – આસિસ્ટન્ટ નર્સિંગનો કોર્સ – ગીતા મંદિર***

*અત્રે ઉપસ્થિત મહેમાનોને મારા પ્રણામ.*

*મારું નામ અનુ શાહ છે. હું પોતે એક જૈન છું અને મને ગર્વ થાય છે કે મને મારાજ સમાજના લોકો આટલું સરસ કામ કરી રહ્યા છે તો હું પણ એમાં ભાગ લઉં. હું પણ જોઈન્ટ થાઉં. એમાં મેં નર્સિંગ આસિસ્ટન્ટનો કોર્સ કમ્પ્લીટ કર્યો છે – ગીતા મંદિર સેન્ટર ખાતે અદાણી સ્કીલ ડેવલપમેન્ટમાં. તો ત્યાં અમને ત્રણ મહિનાનો કોર્સ કમ્પ્લીટ કરીને આહના હોસ્પિટલમાં એક મહિનાની ઓ.જી.ટી. માટે મૂક્યા હતા. તે ઓ.જી.ટી. કમ્પ્લીટ કરીને અમને ત્યાં જ જોબ ઑફર થઈ હતી અને હાલ અમે ત્યાં જ જોબ કરી રહ્યા છીએ. અમને ખૂબ જ સરસ મજાનું ત્યાં શીખવા મળે છે અને ઘણું બધું અમે શીખી પણ ગયા છીએ. થેન્કયુ ગાલા પરિવાર, કચ્છી જૈન સેવા સમાજ અને નવનીત ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર.*

★

**શીલાબેન મુકેશભાઈ ઠક્કી**

***નર્સિંગ કોર્સ – બોપલ.***

*અત્રે પધારેલ મહેમાનોને મારા પ્રણામ.*

*મારું નામ શીલાબેન મુકેશભાઈ ઠક્કી છે. હું કંઈક એવું કામ કરવા માંગતી હતી જેથી કરીને હું મારા Husbandને મદદરૂપ બની શકું. જેમાં નર્સિંગ ક્લાસ કરવા માટે મને બહુ પહેલાથી ઘણી તીવ્ર ઈચ્છા હતી. તેમાં મને જાણવા મળ્યું કે નવનીત ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. તેમાં મેં નર્સિંગના કોર્સમાં એડમિશન લીધું. મારા Husband નોકરી કરે છે. મારે એક છોકરો અને એક છોકરી છે. આ કોર્સ પછી હું નોકરી કરી મારા Husbandને આર્થિક મદદ કરી શકીશ.*

મને જે આર્થિક મદદ કરી એડમિશન આપ્યું તે માટે હું નવનીત ફાઉન્ડેશન અને કચ્છી જૈન સેવા સમાજનો આભાર માનું છું.

મને મારી સ્કીલ વધારવા અને ભવિષ્યમાં પગભર ઊભા રહેવા મદદ કરી તે માટે ગાલા પરિવારનો આભાર વ્યક્ત કરું છું. Thank you.

★

**નિકીતા પરમાર**

***G.D.A. – આસિસ્ટન્ટ નર્સિંગનો કોર્સ – બોપલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર***

ઉપસ્થિત મહેમાનોને મારા પ્રણામ.

મારું નામ પરમાર નિકીતા છે. હું નવી સ્કીલ મેળવવા ઈચ્છતી હતી. તેમાં મેં મારા કાકી દ્વારા જાણ્યું કે નવનીત ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં નર્સિંગનો કોર્સ પણ છે. તેમાં મેં નર્સિંગ આસિસ્ટન્ટ કોર્સમાં એડમિશન લીધું. મારા પપ્પા પ્રાઈવેટ જોબ કરે છે અને મમ્મી ઘરે ગૃહ ઉદ્યોગનું કામ કરે છે. મારે એક નાની બહેન છે. આ કોર્સ પછી હું નોકરી કરી મારા પપ્પાને આર્થિક મદદ કરી શકીશ. મને જે આર્થિક મદદ કરી એડમિશન આપ્યું તે માટે હું નવનીત ફાઉન્ડેશન અને કચ્છી જૈન સેવા સમાજનો આભાર માનું છું. મારી સ્કીલ વધારવા અને ભવિષ્યમાં પગ ઉપર ઊભા રહી પગભર થવા માટે ગાલા પરિવાર, કચ્છી જૈન સેવા સમાજ અને નવનીત ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર. થેન્ક યુ.

★

**આશિષ પરમાર**

***G.D.A. – આસિસ્ટન્ટ નર્સિંગનો કોર્સ – બોપલ સ્કીલ ડેવ. સેન્ટર***

ઉપસ્થિત મહેમાનોને મારા પ્રણામ.

મારું નામ પરમાર આશિષ છે. હું નવી સ્કીલ મેળવવા ઈચ્છતો હતો. તેમાં મને જાણકારી મળી કે નવનીત ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસ શરૂ કરવામાં આવેલા છે. તેમાં મેં નર્સિંગના કોર્સમાં એડમિશન લીધું. મારા પપ્પા કંપનીમાં નોકરી કરે છે. મારી મમ્મી ઘરનું કામ કરે છે. મને એક બહેન છે. હું નર્સિંગના કોર્સ પછી નોકરી કરી મારા પપ્પાને આર્થિક મદદ કરી શકીશ.

મને આર્થિક મદદ કરી એડમિશન આપવા માટે નવનીત ફાઉન્ડેશન, કચ્છી જૈન સેવા સમાજ તથા અદાણી તથા ગાલા પરિવારનો આભાર માનું છું. થેન્ક યુ.

★

**સોનાલી ચૌહાણ**

***બ્યુટીશિયનનો કોર્સ – બોપલ.***

અત્રે પધારેલ મહેમાનોને મારા પ્રણામ.

મારું નામ ચૌહાણ સોનાલી છે. મારી ઘણા સમયથી બ્યુટી એન્ડ વેલનેસના સેન્ટરમાં જોડાવાની ઘણી ઈચ્છા હતી. પરંતુ ઘરની પરિસ્થિતિના કારણે જોડાઈ શકી ન હતી. એવામાં મને જાણકારી મળી કે નવનીત ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. મેં તેમાં બ્યુટીશિયનના કોર્સમાં એડમિશન લીધું. મારા પરિવારમાં ત્રણ સભ્યો છે. હું, મારા મમ્મી અને મારા બહેન. મારા મમ્મી મધ્યાહ્ન ભોજનમાં સંચાલક છે. મારા બહેન સ્ટડી કરે છે. મારી જિંદગીનો એક જ ધ્યેય છે મારા મમ્મી અને બહેને ભૂતકાળમાં જે સ્ટ્રગલ કર્યું તે ભવિષ્યમાં કરવું ના પડે. એ માટે હું તેમને બધી જ રીતે સપોર્ટ કરી શકું એટલી કાબિલ બનું. હું હાલમાં રેન્ટ પર રહું છું. મારું સપનું છે કે હું બહુ મોટું તો નહીં પરંતુ એક રૂમ રસોડાનું ઘર ગીફ્ટ કરી શકું. આર્થિક રીતે મદદ કરી શકું. બ્યુટીશિયનના કોર્સ પતાવ્યા

*બાદ સારી એવી બ્યુટીશિયન બનું. એ માટે આર્થિક રીતે સહાય કરી એડમિશન આપવા માટે નવનીત ગાલા ફાઉન્ડેશન, કચ્છી જૈન સેવા સમાજનો હું દિલથી આભાર વ્યક્ત કરું છું. ભવિષ્યમાં પગભર થવા માટે મારી સ્કીલ ડેવલોપ કરવા માટે મદદ કરવા બદલ ગાલા પરિવારનો પણ દિલથી આભાર માનું છું.*

*જ જોબ કરી રહ્યા છીએ. અમને ખૂબ જ સરસ મજાનું ત્યાં શીખવા મળે છે અને ઘણું બધું અમે શીખી પણ ગયા છીએ. થેન્કયુ ગાલા પરિવાર, કચ્છી જૈન સેવા સમાજ અને નવનીત ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર.*

★

**રૂચિતા શાહ**

***બ્યુટીશિયન કોર્સ – બોપલ***

*અહિંયા પધારેલા તમામ મહેમાનોને મારા જય જિનેન્દ્ર, મારા પ્રણામ. મારું નામ રૂચિતા શાહ છે.*

*હું જીવનમાં આર્થિક રીતે પગભર થવા ઈચ્છું છું. તેના માટે મને બ્યુટીશિયનનો કોર્સ કરવાની ઘણી ઈચ્છા હતી. પરંતુ બીજા ક્લાસીસમાં ફીનું ધોરણ ઘણું ઊંચું હોવાથી એ મારા ઘરની આર્થિક પરિસ્થિતિ મુજબ મને પોષાય તેમ નહોતું. તેમાં મને જાણવા મળ્યું કે નવનીત ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસ શરૂ કરવામાં આવેલ છે. તેથી મેં તેમાં બ્યુટીશિયનના કોર્સમાં એડમિશન લીધેલ છે.*

*અમે સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ. મારા હસબન્ડ કાર રીપેરીંગનું કામ કરે છે. મારે ત્રણ બાળકો છે. ત્રણે સ્કુલમાં ભણે છે. તેથી મેં મારા બાળકોના સુયોગ્ય ભણતર માટે મારા પતિને આર્થિક રીતે મદદરૂપ થવા માટે અહીં એડમિશન લીધું છું.*

*નવનીત ફાઉન્ડેશન અને કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સમાજની દીકરીઓને જે આર્થિક પગભર કરવા માટે આ જે ક્લાસીસ શરૂ કર્યા છે, તેના માટે હું દિલથી આભાર વ્યક્ત કરું છું.*

*મારા સ્કીલ ડેવલપમેન્ટ માટે મને મદદ કરવા બદલ ગાલા પરિવારનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું અને આપ સૌના આશિર્વાદ માગું છું.*

ઉપરોક્ત રજુઆતના અંતે આપણે એવું ચોક્કસપણે કહી શકીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે જે પ્રવૃત્તિઓ હાથ પર લીધેલ છે તે બહુજન સમાજને અત્યંત હિતકારી છે અને તેણે આવતા વર્ષોમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ડોનર્સ થકી જ ઉજળો છે અને તેઓના સહકારથી જ આ સમાજ આ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ પર લઈ શકે છે.

સવિશેષ જણાવવાનું કે સમાજની પ્રવૃત્તિઓના પ્રથમ હરોળના નેતાઓ એક પછી એક આગળ સરકતા જાય છે અને તેઓનું સ્થાન બીજી હરોળના કાર્યકરો લઇ રહ્યા છે કે જેઓ ભવિષ્યમાં આ સમાજને અગાઉ કરતાં પણ વધુ ઉજળું બનાવી શકશે.

અંતમાં આપણે એ હકીકતની નોંધ લઈએ કે આ સમાજની કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ બીજી હરોળના કાર્યકરો (અને તેમાં પણ શ્રી હિરેન કે. શાહનો અગ્રીમ ભાગ હતો) થકી જ હાથ પર લેવાઈ શકેલ છે. તેથી આ નવા કાર્યકરો આગળ આવી આ સમાજ થકી હજુ પણ વધુ જનઉપયોગી પ્રવૃત્તિઓનો વિકાસ સાધે તેવી અભિલાષા વ્યક્ત કરીએ. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# ક્ષમાપનાનાં આઠ અજવાળાં!



ડૉ. કુમારપાળ દેસાઇ

આજે ઉચ્ચારાશે 'મિચ્છા મિ દુક્કડમ્.' કાંટા બિછાવનાર તરફ સ્નેહ રાખવો એ ક્ષમાની અગ્નિપરીક્ષા છે. ક્ષમા આપવામાં આવશે અને ક્ષમા માંગવામાં આવશે. આ ક્ષમાને બધા ગુણોની કૂખ કહેવામાં આવે છે, કારણ એટલું જ કે આ ક્ષમાની સાધના સાધકના જીવનમાં આઠ અજવાળાં પાથરે છે.

સૌપ્રથમ તો વ્યક્તિ પોતાની વર્તમાન સ્થિતિનો વિચાર કરે છે. દિવાળીએ જેમ નફા-તોટાનો વિચાર થાય, એ રીતે ક્ષમા એ આત્માની દિવાળી છે અને વ્યક્તિ પોતાનો દેહ અને મનને પાર કરીને આત્માની ભીતરમાં જઈને પોતાની જાતને જાણીને ક્ષમા માંગે છે અને સાથેસાથ ક્ષમા સમયે એવો સંકલ્પ કરે છે કે ફરીવાર આવી ભૂલ કે દોષ નહીં કરું.

ક્ષમાથી વ્યક્તિની આત્મદૃષ્ટિ કેળવાય છે અને એ પોતાની ભીતરમાં નજર કરે છે. સામાયિકનો અર્થ છે વર્તમાન તરફ જાગ્રત રહેવું. પ્રતિક્રમણ એટલે પ્રતિક્ષણ જાણતા-અજાણતા થયેલા દોષોને ઓળખવા અને એમાંથી પાછા ફરવું. બહારની દુનિયામાં દોડતા માનવીને ક્ષમા એ થયેલી ભૂલો જોવાનું અને નિખાલસ દિલે સ્વીકારવાનું સાહસ આપે છે.

ક્ષમાથી સંબંધશુદ્ધિ થાય છે. આજના માનવીના જટીલ જીવનમાં માણસ પોતે અશાંત છે અને એ જગતને અશાંત કરે છે. કાજળની કોટડી જેવો સંસાર ચાલે છે. 'ક્ષ' એટલે ગાંઠ અને 'મ' એટલે નષ્ટ કરવું. આજના જીવનમાં ઘણી ગાંઠ છે. પિતા-પુત્રમાં મતભેદ છે, ગુરુ-શિષ્ય વચ્ચે કલહ છે, તો મિત્ર-મિત્ર વચ્ચે મારામારી છે. શેઠ અને નોકરના દિલ દુભાયેલા છે, પડોશી સાથે સંઘર્ષ છે અને નજીકના સાથે સ્નેહ તૂટ્યો છે. **આવે સમયે ભાંગેલા હૈયાને સાંધવાનું કામ ક્ષમા કરે છે.**

ક્ષમાથી ચોથું અજવાળું થાય છે માનવીના જીવનની પ્રવૃત્તિમાં. એનાથી એનામાં લોભ ઘટે છે અને સરળતા આવે છે. વિનય સાંપડે છે અને સંતોષ જાગે છે. બીજી રીતે કહીએ તો એની જીવન પ્રવૃત્તિમાં સઘળા ગુણો ક્ષમાની સાધનાથી એને સાંપડે છે. ભગવાન મહાવીરના મહાશ્રાવક કામદેવે એમને ધર્મમાર્ગમાંથી ચલિત કરવા પારાવાર આપત્તિ સર્જનાર દેવને ક્ષમા આપી હતી.

ક્ષમા એ આંતર સમૃદ્ધિનો માપદંડ છે. એ એનું પાંચમું અજવાળું વ્યક્તિ ધર્મના અનુષ્ઠાનો કેટલે અંશે આત્મસાત્ કરી શકે તેનો તાળો ક્ષમાદૃષ્ટિના વિકાસ પરથી મળી શકે છે. ક્ષમા એ ધર્મ ભાવનાનું બેરોમીટર છે અને તેથી ક્ષમા ન હોય તો વ્રત, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતા નથી. ક્ષમા એ આત્માનો સ્થાયી ગુણ છે અને તેથી ક્ષમાને પરિણામે વ્યક્તિ આંતરવિકાસ સાધે છે.

ક્ષમાથી મૈત્રીનું છઠ્ઠું અજવાળું પ્રાપ્ત થાય છે. એ મૈત્રીનો પ્રારંભ માતાથી થાય છે. પછી સગા-વહાલા અને કુટુંબથી થાય છે અને એનો વિકાસ થતાં થતાં એ પરહિત ચિંતા અને પ્રકૃતિ અને પ્રાણીમાત્રની કરુણા સુધી પહોંચે છે. આમ જગત-કલ્યાણનો માર્ગ છે ક્ષમા. આથી જ ક્ષમા વિશે શાસ્ત્રગ્રંથો કહે છે, 'ઉત્તમ ક્ષમા ત્રણેય લોકમાં સારરૂપ છે. જન્મ-મરણરૂપ સંસાર સમુદ્રને તારનારી છે, રત્નત્રયીને પ્રાપ્ત કરાવનારી છે અને દુર્ગતિનું હરણ કરનારી છે.'

ક્ષમાથી સાતમું અજવાળું પ્રગટે છે સમતાનું અને સમતા આવતાં વ્યક્તિ જીવનના સંકટોને યોગ્ય રૂપમાં સમજીને સ્વસ્થતા અને સમતુલન જાળવી શકે છે. સમતાને પરિણામે હેતપ્રીતનાં તોરણ બંધાય છે અને વેર-ક્રોધના કાતિલ કાંટા અવળા ફરી જાય છે. અંતરના તાર અમી વરસાવે છે અને સંસાર મનનો મીત લાગે છે. આથી જ જૈન ધર્મમાં સર્વ જીવોની ક્ષમા યાચનાની વાત છે. મંદિરના એકાંતમાં મનોમન ઈશ્વર આગળ ક્ષમા માંગવી સરળ છે, ગુરુજનો પાસે પ્રાયશ્ચિત કરવું પણ આસાન છે, પરંતુ જૈન ધર્મમાં જેને દુઃખ પહોંચાડ્યું છે, જેની સાથે વેર બાંધ્યું હોય, જેના તરફ દ્વેષ કે ઈર્ષા ધરાવી હોય, એવી વ્યક્તિ પાસે જઇને એની ક્ષમા માંગવાની છે. સાચી ક્ષમાપનાથી કર્મની પાટી પર જીવનમાં થયેલી એ ભૂલ વજ્રલેખ બની જતી નથી. વ્યક્તિનું મિથ્યાત્વ ટળી જાય છે અને સમ્યક્ત્વ પ્રગટ છે. આથી જ શ્રીમદ્ રાજચંદ્રે ક્ષમાને મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ઓળખાવી છે.

ક્ષમાથી પ્રાપ્ત થતું આઠમું અજવાળું એ પ્રસન્નતા છે. એકવાર ભગવાન મહાવીરને એમના પટ્ટશિષ્ય ગણધર ગૌતમ સ્વામીએ પૂછ્યું, 'આપ વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો?'

ભગવાને જવાબ આપ્યો, 'ક્ષમા કરવાથી પહેલાં તો આહ્લાદનો ભાવ જાગે છે, પછી વિશેષ પ્રકારની પ્રસન્નતા જાગે છે.'

આ સાંભળી ણધર ૌમ સ્વામીએ ૂછ્યું, આ પ્રસન્નાથી શું થાય?

ત્યારે ભવા મહાવીરે કહ્યું, આથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ થાય, આ મૈત્રીભાવથી ભાવવિશુદ્ધિ થાય. ભાવવિશુદ્ધિ થાં વ્યક્તિ પ્રસન્ના એ ર્ભિયા ામશે.

ક્રોધ વિભાવ છે, ક્ષમા સ્વભાવ છે ક્રોધ દ્વેષ છે, ક્ષમા મૈત્રી છે. ક્રોધ મારક છે, ક્ષમા ારક છે. આ ક્ષમાા અમૃથી આત્માો અભિષેક કરવાથી ુગ્રહ, વ્રિહ, વિદ્વેષ, દ્રોહ આિઆઘા ઓળી જાય છે. જો ક્રોધે વધુ જમાવી રાખવામાં આવે ો ે વેરું રૂ લે છે એ વેર એ ો ભવોભવ સુધી માવી ક્રોધમાં રાખે છે.

વેરમાં વ્રિહ છે, અવેરમાં ્રહિ છે. વેરમાં વિાશ છે, જ્યારે અવેરમાં વિકાસ છે. વેરમાં વાંધો છે ો અવેરમાં સાંધો છે. વેરમાં વિષમા છે ો અવેરમાં સમા છે. વેરમાં વકીલા છે, જ્યારે અવેરમાં કુલા છે. વેર વિકૃિ છે ો અવેર સંસ્કૃિ છે. વેર વમળ છે, જ્યારે અવેર કમળ છે એ આ વેરાં વિષ ઉારવાો અમર મંત્ર ે ક્ષમાા છે.

આજે સંવત્સરીા મહામૂલા વિસે ભવારીણી ક્ષમારૂી અમૃો ભર્યો ભર્યો પ્રેમપ્યાલો ીએ, ત્યારે ઓથી મળા આ આઠ અજવાળાો ુભવ કરીએ. ■

## રક્ષાબંધનનું મહાત્મ્ય

(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)

ભવા શ્રીકૃષ્ણા મોટા ભાઈ લરામો જન્મ ણ શ્રાવણી ૂમાં વિસે થયો હો.

રક્ષા ંધો આધ્યાત્મિક અર્થ છે વિત્ર વું. ાશવં શરીરમાં ચૈન્ય આત્મા છે જે અજર અમર છે. જો કોઈ ાશ કરી શકું થી. ો શરીરી રક્ષાું આટલું મહત્ત્વ કેમ? આણે મળેલ સમયો સુયો કરી મે વિકારોથી ૂર રાખવાા છે. હે ભાઈી કાળ ર જ્યાં આજ્ઞાચક્ર છે ત્યાં લિક કરે છે કેમકે સમ્ર પ્રવૃત્તિું સંચાલ મજ દ્વારા થાય છે. ેથી જો મજમાં સારા વિચારો આવશે ો સ્પ્રવૃત્તિ થશે. મીઠાઈ ખવડાવી મોં મીઠું કરાવવાો અર્થ છે મધુર વાણી ોલો, દ્વેષભાવ રાખો.

ીા આર સત્કાર થાય ો જ સંસ્કુિ રક્ષણ થશે. ર્વમા સમયમાં િષિ યુવીઓ ર શારીરિક છેડછાડ, ળાત્કાર એ અહરણ જેવી ઘટાઓ ે છે. ેથી રેક ુરુષું ર્કવ્ય છે કે રેક ીું રક્ષણ કરે. રક્ષા ંધ ીા સન્માું ર્વ છે. રેક ીઓ ોીા હે મીું રક્ષણ કરવું જોઈએ.

*નવી વાડી, તા. શહેરા, જિ. પંચમહાલ.*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

TRISHLA
Since 1978
# પર્યુષણ મહાપર્વ પ્રસંગે
ત્રિશલા નિર્મિત ઘર ઘર માં ગુંજતા
જૈન સ્તવનો નું કારંવા
## ત્રિશલા ભક્તિ ગુંજન
રીચાર્જેબલ • પોર્ટેબલ મ્યુઝિક પ્લેયર


૧૨૦૦ થી અધીક જૈન સંગ્રહ
૧૯૦ કલાક નો ખજાનો
મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો
શ્રી ભક્તામર • રત્નાકર પચ્ચીસી • અરિહંત વંદનાવલી
જૈન સ્તવનો - ભાવના ગીત સંગ્રહ • અમી ઝરણા
વિતરાગ વંદના - પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
શાંતિલાલ શાહ : જૈન સ્તવનો • કથાગીતો • પૂજા સંગ્રહ
રાઈ - દેવસી - સંવતસરી પ્રતિક્રમણ • નવસ્મરણ
શ્રી આનંદઘન ચોવીસી - પદો • પુણ્યપ્રકાશનું સ્તવન
જયંતભાઈ રાહી : નવકાર જાપ • પ્રાર્થના ગીત • સજઝાય
શંખેશ્વર પાર્શ્વનાથ - આદિશ્વર- મહાવીર સ્વામી સ્તવનો
આરતી • આત્મધૂન • મંત્ર • દિવાળી ચોપડા - પૂજન
સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો
આજેજ ઓર્ડર આપો, ફ્રિ હોમ ડિલિવરી
TRISHLA ELECTRONICS
+91 98200 59899
HOME DELIVERY
સંપર્ક : ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ • મો. ૯૮૨૦૦ ૫૯૮૯૯
પ્રભાવના – ગિફ્ટ માટે સંપૂર્ણ વિગત સાથે નામ તથા ફોટો પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે.
Product By : TRISHLA ELECTRONICS, Zaveri Bazar, Mumbai - 02
ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો, ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન

# જીવાત્માના આત્મોધ્ધારાર્થે જિન શાસનનું મહામૂલ્યવાન મહાત્મ્ય



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

પ્રભુ મહાવીર સ્વામીજી પ્રેરીત જિન શાસનમાં ત્યાગ, તપ, સાધના, અપરિગ્રહ, જપ-નિયમ, નામ સ્મરણ આદિ સમાવિષ્ટ રહ્યા છે. પૂજ્ય મહાવીર સ્વામીજીનો અબજો જીવોના કલ્યાણાર્થે જ પ્રાદુર્ભાવ થયેલો.

***સાવ જૂઠું જગત કોઈ તારું નથી, મૂક સઘળી મમતા કોઈ તારું નથી;***
***કઈ રીતે મનાવું તને બોલ મન, બોલ, લાગી શરત કોઈ તારું નથી.***

- **જિન શાસનમાં ગુરૂ વંદના**

મકાનને છત અને શિષ્યને છત્ર હોવું જરૂરી છે. જેમ છત મકાનને તમામ ઋતુઓમાં સુરક્ષિત રાખે છે તેમ ગુરૂરૂપી છત્ર શિષ્યને તેના તમામ સંજોગોમાં સહાયભૂત બને છે. ગુરૂને પ્રસન્ન રાખવા એ શિષ્યનું પ્રથમ કર્તવ્ય છે. જીવનમાં ગુરૂ બનાવ્યા વિના મોક્ષગામી બનાતું નથી.

- **ગુરૂ ભગવંતોના શ્વેત રંગ પરિધાન**

શ્વેત રંગ પરિધાન કરવાની પ્રભુની આજ્ઞા છે. શાસ્ત્રકારોના વર્ણવ્યા મુજબ મનના છ રંગોમાં એક શ્વેત રંગ છે જેને ‘શુક્લ લેશ્યા’ તરીકે ઓળખવામાં આવે છે.

- **સાકર જેવી મધુરી શુક્લ લેશ્યા**

મનમાં ઉઠતી લેશ્યાના બે પ્રકારો પડાયા છે : શુભ અને અશુભ. મનના વિચારોને રોકવા ઘણા કઠિન છે. છતાં અશુભ વિચારોને બંધ કરી મનને શુભ વિચારોમાં વાળવાનું છે. પરિણામે આત્માના શુધ્ધ પરિણામ - પરિમાણ વૃદ્ધિ પામશે.

- **ક્ષમાભાવ પંડિતાઈની નિશાની છે**

અંધારાને દૂર કરવાનો એક વિકલ્પ છે : તે છે પ્રકાશ. ક્રોધને દૂર કરવાનો એક માર્ગ છે : તે છે ક્ષમા ભાવ દાખવવાનો. પ્રભુએ ક્ષમાના અનેક પ્રયોગો કર્યા બાદ ‘ક્ષમા એ પરમ ધર્મ છે’ એમ જણાવ્યું. ક્ષમા વીરોનું આભૂષણ છે. જ્યારે ક્રોધ એ જીવનનું દૂષણ મનાય છે. ભગવાન મહાવીર સ્વામી વર્ણવે છે કે ક્ષમા માંગનાર તથા ક્ષમા આપનારે મોક્ષ માંગવો પડતો નથી. વિનમ્રતાથી કહેવું કે, ‘હે ભગવંત! હે પુણ્યશાળી! મને ક્ષમા આપજો.’ દ્રવ્યથી રૂપવંત અને ગુણોથી ક્ષમાવંત બનાય છે. માટે જ ક્ષમાપના પર્વે આપણે એકબીજાને પરસ્પર અંતરથી ‘મિચ્છામિ દુક્કડમ્’ પાઠવીએ છીએ. ભૂતકાળમાં થયેલી બોલાચાલી, તિરસ્કૃતિ નાશ પામે છે. અજંપાની આગ તરત જ બુઝાઈ જવા પામે છે.

- **આત્મ દમન :**

વિષયો અને અનન્ય સુખો અપૂર્ણ છે. તેથી જ્ઞાની ભગવંતો જણાવે છે કે સ્વયં પર લગામ એટલે આત્મ દમન. આત્મ દમન મુક્તિમાં સહાયક છે. સ્વ ઈન્દ્રિયોને વિષયોના દુષ્ટ માર્ગે જતાં આત્મદમન અટકાવે છે. એ સ્વૈચ્છિક અને સ્વાધીન માર્ગ છે.

- **અભ્યાંતર સ્નાન :**

બાહ્ય સ્નાન શરીરની સ્ફુર્તિ વધારી શકે છે. અભ્યંતર સ્નાન વડે આત્માને પ્રસન્નતા, વિશુધ્ધતાની પ્રાપ્તિ થાય છે. જૈન ધર્મનો યજ્ઞ અધ્યાત્મ છે. તપસ્યારૂપી અગ્નિ વડે જીવરૂપી કુંડમાં કર્મરૂપી લાકડાં, દેહરૂપી છાણાં, સંયમ ચર્યાના પાઠ કરવા, બ્રહ્મચર્યરૂપી સ્નાન કરવું. અભ્યાંતરમાં સ્નાન કરીને આત્માને વિશુધ્ધ બનાવીએ.

- **સ્તુતિ મંગલ :**

જીવનનું મંગલ કરનાર સ્તુતિ છે. પ્રભુના ગુણ કીર્તન કરવા એ ઉત્તમ સ્તુતિ છે. ‘ભક્તામર સ્તોત્ર’ એ ઋષભદેવ પ્રભુની સ્તુતિ - પ્રાર્થના છે. ‘ઉવસગ્ગહરં’ પાર્શ્વનાથ પ્રભુના ગુણ કીર્તન છે. ‘સૂણં સૂત્ર’ એ શ્રી મહાવીર પ્રભુનું સ્તુતિગાન છે. પ્રભુ ભક્તિનો માર્ગ જીવને તીર્થંકર બનાવવાનો છે. ‘નમોત્થુણ સ્તોત્ર’ પ્રભુની સ્તુતિ મંગલ છે.

- **સામાયિક :**

તમામ પાપોથી નિવૃત્ત થવાના માર્ગને સામાયિક કહે છે. આત્માના ઉપયોગની સ્થિરતાનો અનુભવ કરાવી આપનારને સામાયિક તરીકે ઓળખવામાં આવે છે. અડતાલીસ મિનિટનું સામાયિક કેવળજ્ઞાનની દિશામાં યાત્રા કરાવનાર ઉત્તમ આરાધના છે. પ્રભુ મહાવીર સ્વામીએ શ્રેણિક મહારાજાને પુણિયા શ્રાવકની એક સામાયિકનું ફળ પ્રાપ્ત કરવા વર્ણવ્યું હતું. સ્વામિશ્રીએ તેમને કહ્યું કે, ‘મગધ નરેશ, તમારી તમામ સંપત્તિ આપો તો પણ સામાયિકની તોલે તે નહીં આવે.’

- **પ્રતિક્રમણ**

સાધુ ભગવંતો અને શ્રાવકોને સંસાર સાગર તરવાનો માર્ગ સામાયિક અને પ્રતિક્રમણ છે. આત્મા વિશુદ્ધ થવાથી સમાધિભાવ જાગૃત થાય છે. પ્રતિક્રમણ આત્માને નિઃશલ્ય બનાવે છે. પ્રતિક્રમણ કરનારે જાણવું જોઈએ કે પ્રતિક્રમણ થકી મારા અંતરમાંથી ત્રણ શલ્યો નીકળ્યા છે? એક માયા સલ્લેણં, માયા કપટના ભાવ છે? નિયાણ સલ્લેણં ધર્મ ફળ માંગવાની વૃત્તિ ટળી છે? મિચ્છા દંસણ અલ્લેણં મિથ્યાત્વ ભાવ ઘટ્યો છે કે નહીં? પગમાંથી કાંટો નીકળતા જે અનુભવ થાય તેવો અનુભવ પ્રતિક્રમણ કરનારને થાય છે.

- **કેવળજ્ઞાન**

જૈન ધર્મમાં જણાવાયા મુજબ આત્મા કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રગટાવે છે. પરમાત્મા તેને વિતરાગ જિનેશ્વર એવા ઉત્તમ કોટીના આત્મા તરીકે ઓખાવે છે. જ્યારે કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત થાય ત્યારે તે આત્માને 'અરિહંત ભગવંત. કહેવામાં આવે છે.

- **આગમ જ્ઞાન**

પ્રભુની વાણી આપણી પાસે છે તેને શાસ્ત્ર 'આગમ' તરીકે ઓળખે છે. આગમ શબ્દનો અર્થ થાય છે : આ + ગમ. જેમાં આત્માની સમજણ આપવામાં આવી છે તેને આગમ કહે છે. આપ્ત પુરૂષોએ આપેલ સમજણને પણ આગમ કહે છે.

- **પ્રભુ પૂ. મહાવીર સ્વામીજીનું નિર્વાણ**

પૂજ્ય મહાવીર સ્વામી ભવ્ય જીવોને 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના છત્રીસ અધ્યયનને પ્રગટ કરી નિવૃત્ત થયા. તેઓશ્રી પાવાપુરી નગરીમાં સમવસરણમાં બિરાજમાન થઈ દિવાળીની મધ્ય રાત્રિએ હજારો દેવો - ઈન્દ્રોની ઉપસ્થિતિમાં તથા અઢાર દેશના રાજાઓની ઉપસ્થિતિમાં અડતાલીસ કલાક લગી અનરાધાર ઉપદેશો અર્પી આપણા સૌના જ્ઞાતપુત્ર વર્ધમાન મહાવીર સ્વામીજી સર્વ કર્મોનો ક્ષય કરી ૭૨ વર્ષની વયે મહા નિર્વાણપદ પામી ચૂક્યા.

- **ઉપસંહાર**

જિન શાસનમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી - દેરાવાસી — આવી કેટલીક શાખાઓ છે. કેટલાક સંતો - ભગવંતો પ્રભુને પામવા સંથારાનો આશ્રય લે છે. જિન શાસનની તમામ શાખાઓના એકત્રીકરણ અર્થે આજે વિશ્વભરમાં પ્રયત્નો સ્થાપિત થયા છે. જિન શાસનમાં ખાસ તો 'કલ્પસૂત્ર' અલૌકિક આધ્યાત્મિક મહાગ્રંથ વિદ્યમાન છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## વડીલો 'છાયા' સાથે 'ફળ' પણ આપે છે...

ભલે કહેવાય છે, 'વડીલો ફળ નહીં ફક્ત છાયા જ આપે છે.' આ વિધાનમાં કેટલું તથ્ય છે? વડીલની ગત પેઢીની આ વાત નથી, આજના વડીલોની વાત છે. આ પેઢીના જે વડીલો સરકારી દીકરી-જમાઈ હતા, પેન્શનર હતા, એમને તો આજે બેઠે બેઠે તગડું પેન્શન મળે છે. એ વર્ગ આર્થિક દૃષ્ટિએ નિશ્ચિંત છે. એટલે તો એ લોકો આ પેન્શનર ઓટલા પર બેસીને નિરાંતે ભૂતકાળ વાગોળે છે. આ પેન્શનર ઓટલો વાસ્તવમાં વરિષ્ઠોનો મેળાવડો છે. એટલે અહીં અનેક અનુભવી વડીલોને પોતાનાં મનની વાતો મોકળાશથી વાગોળવાની પૂરતી તક મળશે એવી અપેક્ષા રાખીએ. કેટલાક પેન્શનરો પગ વાળીને બેઠા છે એમ કેટલાક નોકરિયાત ન હતા એવા વડીલો યુવાવસ્થામાં એટલું કમાયા છે કે એમને તગડું વ્યાજ મળે છે અથવા બિઝનેસનો મજબૂત પાયો નાખ્યો છે. આજેય એમના સંતાનો એમાંથી કમાય છે.

અરે, કદાચ કોઈને લાગશે પણ હકીકત છે કે કેટલાક ઘરો તો ફક્ત વડીલોની આવકથી જ ચાલે છે. તેથી ઘરના સંતાનોની મોટાભાગની કમાણીની બચત થતી હોય છે. એવા વડીલ આધારિત આર્થિક સ્તંભ પર નિર્વાહ ચલાવતા પરિવારોની સંખ્યા ઓછી નથી.

અને આજની પેઢીનાં જે યુવા ભાઈ-બહેનો સારી કમાણી કરે છે એમને કોઈ આર્થિક પ્રશ્ન નડતો નથી પરંતુ જેમની આવક મર્યાદિત છે એમના માટે તો આવા વડીલો ફક્ત 'છાયા' જ નહીં 'ફળ' પણ જરૂર આપે છે. જીવનમૂડીનું ફળ! એવા પરિવારોમાં આવા કમાઉ વડીલો આડા નથી આવતા, પરંતુ આડા દેવા કામ આવે છે એ હકીકત સ્વિકારવી રહી.

અને જે વડીલો આજે પરાધીન છે એમણે પણ આખી જિંદગી જાત ઘસી નાખી છે અને પછી 'બાગબાં' બન્યા છે. તેમ છતાં ઘણાં વડીલો સંજોગવશ આશ્રિત પણ હોય છે. તો શું થયું? દરેક વડીલને સ્વમાનભેર જીવવાનો જન્મસિધ્ધ અધિકાર છે અને એમાં જ પરિવારની શોભા છે અને કલ્યાણ પણ.

***અને છેલ્લે...***

***વડ જેવી છાયા આપે એ વડીલ, ઘરેડને વળગી રહે એ ઘરડો;***
***જ્ઞાનમાં વૃદ્ધિ ન કરે એ વૃદ્ધ, અન્યના દોષો જુએ એ ડોસો.***
***કહું છું જવાનીને પાછી ન આવે,***
***('ગળપણ' જેવા) ઘડપણનું સુખ મને ફાવી ગયું છે.***
***મનને ના ગમતું (ર) ઘડપણનું 'ડહાપણ' પણ...***
***'વય' તારી સમજણ વધી રે રહી છે!***
***વધતી વયથી વડીલ થવું ફરજિયાત છે, ઘરડા નહીં.***

***— જગદીશચંદ્ર છાયા***

# પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં



કે. ડી. શાહ

ધાર્મિક હોવાનો દેખાવ કરનારા કે સંતોષ અનુભવનારા આપણે આપણી પ્રવૃત્તિઓમાં પરિવર્તન તો ભલે લાવ્યા પરંતુ આપણી વૃત્તિઓમાં કેટલું પરિવર્તન લાવી શક્યા? આ વાતનું સ્વ-નિરીક્ષણ આપણે કર્યું છે ખરું?

પ્રવૃત્તિનું પરિવર્તન એ વકરો છે અને વૃત્તિઓમાં પરિવર્તન એ નફો છે. ઘણી ધર્મારાધનાઓ આપણી આંતરિક વૃત્તિઓમાં પરિવર્તન લાવવા માટે જ છે. પ્રવૃત્તિઓમાં પરિવર્તન લાવીને ધર્મારાધનાઓ તો કરતા જ રહ્યા, પરંતુ વૃત્તિઓમાં કોઈ જ પરિવર્તન ન આવ્યું. તો ઘડીભર થોભીને વિચારવું જોઈશે કે આમ કેમ થાય છે? તમારો ધંધો ચાલ્યા જ કરતો હોય, ઘરાકો પણ દોડી દોડીને આવ્યા જ કરતા હોય, વકરો પણ સારામાં સારો થયા જ કરતો હોય, પરંતુ જો નફો ઉતરતો જ ન હોય તો તમારે ભીતરમાં ઉતરીને વિચાર કરવો પડશે કે ધંધામાં ક્યાંક, કશીક ખામી છે, કશીક ગરબડ છે. નફો કેમ નથી થતો? ધંધાની ટેકનિક બદલો. જરૂર પડે તો લાઇન બદલો, પણ નફો તો થવો જ જોઈએ. બહોળો ધંધો કરનારને નફો થતો ન હોય તો આવા વિચારો આવે કે નહીં?

આજ રીતે, વર્ષોથી ધર્મની આરાધના કરનારા ધાર્મિકોએ પણ આંતર નિરીક્ષણ કરીને વિચારવું જોઈએ કે આજથી પાંચ વર્ષ પહેલા હું ક્યાં હતો? ને પછી આટઆટલી ધર્મારાધનાઓને જીવનમાં સ્થાન આપ્યા પછી, આટઆટલી ધર્મક્રિયાઓ કર્યા પછી આજે હવે ક્યાં છું? કોઈ પરિવર્તન આવ્યું છે સ્વમાં, સ્વના વિચારોમાં, મારી વૃત્તિઓમાં, મારા વ્યવહારમાં? કે પછી, વોહી રફ્તાર બેઢંગી રીતે ચાલ્યા જ કરે છે? જો એમ જ હોય તો આટલો બધો ધર્મ કરીને શું કમાયા? જો ધર્મ પરીણતિના રૂપમાં વૃત્તિ પરિવર્તન પામી શકાયું ન હોય તો આટલા બધા વર્ષોની ધર્મક્રિયાઓએ શું આપ્યું કે મેળવ્યું?

જેમની પાસે વૃત્તિ પરિવર્તનનું કોઈ સ્પષ્ટ લક્ષ્ય નથી, શુધ્ધ ધર્મની સાચી સમજણ નથી, જેણે પોતાના રાગ-દ્વેષની વૃત્તિઓને મંદ કરવાની કોઈ ઝંખના સેવી નથી, એવી વ્યક્તિઓ માત્ર ઘરેડમાં, રૂટીન પ્રમાણે કે દેખાવ કરવા માટે ધર્મક્ષેત્રમાં આવી જતી હોય છે અને ધર્મક્રિયાઓ કરવા માંડતી હોય છે. એવી વ્યક્તિઓની વર્ષોની ધર્મક્રિયાઓએ એમને શું આપ્યું? એનું નિરીક્ષણ કરતાં એ પરિણામ દેખાયા છે. અહંકારી માણસ હંમેશાં બીજાનો તિરસ્કાર કરે છે. 'હું ધર્મી છું.' રાત્રિ ભોજન અને કંદમૂળ ખાનારનો તિરસ્કાર કરવાનો અધિકાર મળી જાય છે.

જો ધર્મ વડે અહંકારને ઓગાળી નાખવાનો હતો, તે ધર્મ જો અહંકારને પુષ્ટ અને જાડો બનાવનારો નીવડશે તો આપણા જીવનમાં ઘણી મોટી હોનારત ઊભી થવાની શક્યતા રહેશે. ધર્મ એક જ છે, જે રાગ-દ્વેષની વૃત્તિઓમાંથી નિવૃત્તિ માટેનો પ્રયાસ, ધર્મ પ્રત્યેના પગરણના મંડાણ છે. ■

## તાન્કા

નહીં ટપાલી
નહીં કાગળ-ખત
છતાંયે મળ્યો
અણધાર્યો સંદેશો
અણદીઠા દેશનો.

મલમલિયું
હોય જો આવરણ,
તો દેખી શકું
આપ તણું વદન
ચૈત્રની ચાંદનીમાં.

વિયોગ પછી
ઓચિંતા મળી ગયાં
શિવના ઓટે,
ભૂતકાળ સંભાર્યો
પગથિયાં ગણીને.

હોય છે ઘણાં
ઉતાવળાં સપનાં
આવે એવા જ
નીકળી જાય દોડી
અંજળના દ્વારેથી.

***ઉમેશ જોશી - અમરેલી***
***મો. ૯૮૭૯૫ ૬૬૫૯૦***

# રક્ષાબંધનનું મહાત્મ્ય



વિનોદભાઈ માછી નિરંકારી

શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધીને તેનું સર્વ પ્રકારથી રક્ષણ થાય તેવું ઇચ્છે છે. શુધ્ધ ભાવે, ખરા અંતઃકરણપૂર્વક કોઈના કલ્યાણ માટે કરાયેલી પ્રાર્થના નિષ્ફળ જતી નથી. રક્ષાબંધન સ્ત્રી તરફ વિકૃત દૃષ્ટિએ ન જોતાં, પવિત્ર દૃષ્ટિ રાખવી એવો સંદેશ આપનાર પવિત્ર તહેવારને કુટુંબ, જાતિ કે ધર્મ પૂરતો મર્યાદિત ન બનાવતાં તમામની મંગલકામના અને વિશ્વ કલ્યાણનો તહેવાર બનાવવો જોઈએ.

કોઈની રક્ષા કરવા બંધનમાં બંધાવું એટલે રક્ષાબંધન. ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને શુભેચ્છાનું પ્રતીક. અંતરથી અપાયેલા આશીર્વાદનું કવચ. હેતભરી શુભ ભાવનાનું, ભગવાનને સાચા દિલથી કરેલી પ્રાર્થના વડે બનેલ સૂક્ષ્મ રક્ષણ એટલે રક્ષાબંધન. રાખડીનાં તાંતણામાં ભાઈ-બહેનના હૃદયનો પ્રેમ નીતરતો હોય છે. રાખડી એ ફક્ત સૂતરનો દોરો નથી પરંતુ શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે. પોતાનો ભાઈ એની અંદરનાં શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ ઉપર પણ વિજય મેળવે એવી આશા રાખે છે. રાખડી બાંધતી વખતે બહેન ભગવાનને જે પ્રાર્થના કરે તે પ્રાર્થનાના કવચથી ભાઈની રક્ષા થતી હોય છે.

પૌરાણિક કથા અનુસાર કુંતા માતાએ અભિમન્યુને રાખડી બાંધી કૌરવો સામે સાત કોઠાનું યુદ્ધ લડવા મોકલ્યો હતો.

બહાદુરશાહે ચિત્તોડ પર ચઢાઈ કરી ત્યારે ચિત્તોડના મહારાજાની વિધવા રાણી કર્ણાવતીએ દિલ્હીના સુલતાન હુમાયુને ચિઠ્ઠી તથા એક રાખડી મોકલી મદદ કરવાની માંગણી કરી હતી. હુમાયુએ પોતાનું સૈન્ય ચિત્તોડ મોકલ્યું પરંતુ દિલ્હીથી ચિત્તોડ દૂર હોવાથી બહાદુરશાહે ચિત્તોડના કિલ્લા ઉપર જીત મેળવી અને રાણી કર્ણાવતીને બંદી બનાવવા કિલ્લામાં પ્રવેશ કર્યો. રાણી કર્ણાવતીએ બહાદુરશાહના હાથમાં આવીને અપમાનિત થવાને બદલે તમામ સ્ત્રીઓ સહિત સતી થવાનું પસંદ કર્યું. થોડા દિવસો બાદ હુમાયુ ચિત્તોડ પહોંચ્યો અને બહાદુરશાહને લડાઈમાં હાર આપીને ચિત્તોડ પર ફરી રાણાઓનું રાજ સ્થાપ્યું. રાણીના પુત્ર વિક્રમસિંહને ગાદી ઉપર બેસાડ્યા બાદ જ હુમાયુએ ચિત્તોડ છોડ્યું હતું.

બલીરાજાને ભગવાન વિષ્ણુએ વરદાન આપ્યું હતું કે પોતે તેના રાજ્યની રક્ષા કરશે. વરદાન અનુસાર પ્રભુને વૈકુંઠ છોડીને બલીરાજા સાથે તેનાં રાજ્યની રક્ષા માટે પાતાળ જવું પડ્યું. બીજી બાજું, લક્ષ્મીમાતા વૈકુંઠમાં એકલા પડી ગયા. પ્રભુને વૈકુંઠમાં પરત કેવી રીતે લાવવા? આ પ્રશ્ન ઊભો થયો. નારદે લક્ષ્મીમાતાને એક ઉપાય બતાવ્યો. તે અનુસાર શ્રાવણી પૂનમના દિવસે મા લક્ષ્મી બલીના ઘરે જાય છે અને તેમના હાથે બલીરાજાને રાખડી બાંધે છે. બહેન જ્યારે રાખડી બાંધે ત્યારે ભાઈ પાસે જે કંઈ માંગે તે આપવું જોઈએ. એટલે બલીએ કહ્યું કે બહેન, જે ઇચ્છા હોય તે માંગો. લક્ષ્મીમાતાએ ભગવાન વિષ્ણુને તેમના વરદાનથી મુક્ત કરવા માંગણી કરી. આમ વૈકુંઠમાં ફરીવાર નારાયણ અને લક્ષ્મીનો મેળાપ થયો.

રક્ષા બંધનને બળેવ અથવા નાળીયેરી પૂનમ તરીકે પણ ઉજવવામાં આવે છે. સંત સમાજ જનોઇ બદલાવે છે. આ દિવસે ભારતના સાગરખેડૂઓ માછીમારી કરવા દરિયો ખેડે છે. નાળીયેર અર્પણ કરીને તેઓ દરિયાદેવ પાસે પોતાની ખેપ સફળ થાય અને ખૂબ માછલીઓ પકડાય અને કોઈ વેપારી વહાણ હોય તો એનો માલસામાન સહીસલામત યોગ્ય સ્થળે પહોંચી જાય અને પરત ફરતી વખતે વહાણ ભરેલું જ આવે તેવી પ્રાર્થના કરે છે.

જ્યારે શિશુપાલ કૌરવસભામાં ભગવાન કૃષ્ણને ગાળો બોલવા લાગ્યો ત્યારે પોતાનાં ફોઈને આપેલા વરદાન પ્રમાણે તેની ૧૦૦ ભૂલોની ક્ષમા કરી. જેવો ૧૦૧મો અપશબ્દ નીકળ્યો કે તરત સુદર્શન ચક્રથી શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું. તે સમયે ભગવાનની આંગળીમાંથી લોહી નીકળ્યું. તે સમયે દ્રૌપદીએ પોતાની સાડીનો છેડો ફાડીને ભગવાનની આંગળી પર પાટો બાંધ્યો. આ જોઈને પ્રભુએ દ્રૌપદીને આશિર્વાદ આપ્યા. તે દિવસે શ્રાવણ માસની પૂર્ણિમા હતી. જ્યારે હસ્તિનાપુરની રાજ્યસભામાં દુશાસન દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરતો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ૯૯૯ ચીર પૂરીને દ્રૌપદીની લૂંટાતી આબરૂ બચાવી હતી. આ રીતે રાખડી બાંધનાર બહેનની આબરૂ - શીલની રક્ષા કરવી તે દરેક ભાઈનું પરમ કર્તવ્ય બને છે.

આ દિવસે બલરામ જયંતી પણ ઉજવવામાં આવે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦ ઉપર)

# સમાધાન એ જ જીવન!!!



જાદવજી કાનજી વોરા

***Life is best for those who ENJOY it.***
***Difficult for those who ANALYSE it.***
***and Worst for those who CRITICISE it.***
***Our ATTITUDE determines our LIFE.***

સમાધાન એ જ જીવન છે. તમારા ઉપર છે કે તમે જીવનને આનંદથી માણવા માંગો છો કે પછી ઢસરડાની જેમ વ્યર્થ ખેંચીને જેમ તેમ પૂરું કરવા! ઉપરોક્ત અવતરણમાં બહુ જ સ્પષ્ટ કહેવાયું છે કે જીવન ઉત્કૃષ્ટ છે તેમના માટે, જે આનંદથી જીવનને માણવા માંગે છે. જીવન કષ્ટદાયી છે જે ફક્ત અન્ય વ્યક્તિઓના વલણનું પૃથક્કરણ કે વિશ્લેષણ કરી રહ્યા છે એમના માટે, પણ જે જીવનમાં ફક્ત અન્યની નિંદા - કુથલી કરવામાંથી ઊંચા નથી આવતા તેના માટે તો જીવન અધમમાં અધમ છે. આપણો જીવન પ્રત્યેનો અભિગમ જ આપણું જીવન નક્કી કરે છે. ધ્યાનમાં રાખો કે જીવનમાં સમાધાન તો કરવાનું જ છે. જીવન એક સમાધાન, એડજસ્ટમેન્ટ કે પછી બાંધછોડ છે કે નહીં એનો સંપૂર્ણ આધાર આપણા પોતાના દૃષ્ટિકોણ પર આધારીત છે. જો આપણે હકારાત્મક દૃષ્ટિકોણ રાખીને અને સમાધાન કરીને જીવીશું તો આપણા જેવો કોઈ સુખી નહીં હોય. પણ જો આપણો દૃષ્ટિકોણ જ નકારાત્મક હશે તો આપણા જેવો કોઈ દુઃખી પણ નહીં હોય. આપણા જીવનની બધી જ પરિસ્થિતિઓ હંમેશાં સાનુકૂળ હોય અને જીવન આપણી અપેક્ષા મુજબ જ ચાલતું હોય એવી અપેક્ષા રાખી શકાય નહીં.

સમસ્ત જીવસૃષ્ટિમાં માનવ સૌથી વધારે બુદ્ધિશાળી પ્રાણી મનાય છે. વિવિધ પ્રકારની શોધખોળોમાં વ્યસ્ત માનવી પોતાનું ભૌતિક જીવન દિન પ્રતિદિન વધારે ને વધારે સગવડભર્યું બનાવવાની પેરવીમાં વ્યસ્ત છે. મહદ્ અંશે તેણે સારી એવી સફળતા પણ હાંસલ કરી છે. જો કે એક પ્રશ્ન હંમેશાં અનુત્તર જ રહ્યો છે કે સગવડના સાધનોના થતા નીતનવા આવિષ્કારો શું માનવીના જીવનને ખરેખર સાચું અને શાશ્વત સુખ આપવા સમર્થ છે કે પછી તે માત્ર આભાસ જ છે? વાતાનુકૂલિત અદ્યતન શયનખંડમાં યુફોમ કે ડનલો પીલોના પોચા ગાદલા શું તેને શાંતિભરી અવિસ્ખલિત ઉંઘની ખાતરી આપી શકશે ખરા? વધારે ને વધારે શાંતિ મેળવવાની ઝંખના ધરાવતો માનવી શું ખરેખર સાચી આંતરિક તૃપ્તિ અનુભવે છે ખરો? જીવનમાં મન સાથે સમાધાન કર્યા વગર માનવી ક્યારેય પણ સાચી શાંતિ મેળવી શકશે ખરો?

આપણે બધા દુઃખી થઈએ છીએ કારણકે આપણે અપેક્ષા રાખીએ છીએ કે સામેની વ્યક્તિના સ્વભાવમાં પરિવર્તન આવશે, જે ક્યારેય આવતું નથી. એટલે આપણું મન અશાંત થઈ જાય છે. તમારે ઘરે કદાચ ઘરવાળા ગુસ્સાવાળા હોય અને બે વાર, પાંચ વાર, દસ વાર ગુસ્સો કરે પછી સ્વીકારી લો, સમાધાન કરી લો કે આ ગુસ્સાવાળા જ છે. તમે તમારી જાતને એવું નહીં કહો કે, આ કેમ ગુસ્સો કરે છે? જેટલા પ્રશ્નો વધારે પૂછશો એટલી અશાંતિ વધશે. એના કરતાં તમારી જાતને કહો, આ ગુસ્સાવાળો છે! સમાધાનભાવ! મનની સાથે એવું સમાધાન કરી લો કે એ ગુસ્સામાં આવીને જે પણ બોલી રહી હોય એનો એક પણ શબ્દ કાને ન પડે. તમારે તમારી જાત સાથે જ સમાધાન કરવું પડશે!

દીકરો જવાબ ઉધ્ધત રીતે આપે કે દીકરી કહ્યું માને નહીં, ઘરનો ઘાટી વાતવાતમાં તમારું અપમાન કરી જાય કે સમાજમાં તમારી વાતને કોઈ વજન ન આપે ત્યારે મન સાથે સમાધાન કરી લેવું, કે આ બધા તો મારા વૈરાગ્યના કારણો છે. આ બધું થાય ત્યારે તો મને સંસાર ઉપર કંઈક અંશે પણ વૈરાગ્ય પ્રગટે છે. બાકી તો સંસારના રાગમાં લેપાઈને આખો માનવભવ હું હારી જાઉં. તમારી સમાધિ વેરવિખેર થાય છે કારણકે તમે સમાધાન કરવા તૈયાર નથી. એક વખત તમે સમાધાન કરતા શીખી જાવ પછી કોઈની તાકાત નથી કે તમારી શાંતિ અને સમાધિને કોઈ સ્પર્શ પણ કરી શકે! જીવનનો સુખનો માર્ગ એ જ છે કે તમે દરેક પરિસ્થિતિઓમાં સમાધાન કરવાનો સ્વભાવ કેળવી લ્યો! સમાધાન કરવાની વૃત્તિ જો મનમાં ન હોય તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ સમાધિ, સુખ, શાંતિ મળે તેવી કોઈ શક્યતા નથી! હું દુઃખી થાઉં છું તેમાં જવાબદાર એકમાત્ર હું જ છું. જો હું મારી જાત સાથે સમાધાન કરી લઉં અને મારી જાતને સમજાવી લઉં તો કોઈ મને દુઃખી કરી શકશે નહીં!

મારા એક બિલ્ડર મિત્ર છે. નાનપણમાં તેમની પરિસ્થિતિ વિકટ હતી પરંતુ મહત્ત્વાકાંક્ષી તો હતા જ. જીવનની શરૂઆતથી એ ખૂબ દોડ્યા. મહેનત કરી અને પ્રગતિ પણ હાંસલ કરી.

સામાન્ય રીતે અંતરમુખી હોવાથી ભૌતિક સુખ સગવડોથી ભરેલું જીવન જીવતા હોવા છતાંય શૂરા અને સુંદરીઓના કે અન્ય કોઈ દૂષણોનો ભોગ એ બન્યા નથી. કર્મસંજોગે તેમને જીવનસાથી અલગ જ વિચારોવાળી મળી છે. ગર્ભશ્રીમંત ઘરમાં જન્મ થયો હોવાથી જીવનની શરૂઆતથી જ તેને ક્લબ, પાર્ટી, પિકનીક, કિટીપાર્ટી અને શોપિંગ એ જ તેનું જીવન છે. નીતનવા ફેશનેબલ ડ્રેસ, રોજ નવા નવા ચટપટા પકવાનો અને ફાઈવસ્ટાર જીવન પદ્ધતિ! પતિ અને પત્નીના વિચારોમાં પૂર્વ અને પશ્ચિમ જેટલું અંતર! સારો એવો ઘરોબો હોવાથી એક વખત મેં વાતવાતમાં એમને તેમના અરસપરસ સંબંધો વિશે પૂછી નાખ્યું, ‘બાહ્ય દૃષ્ટિએ તો તમારા વિચારો અને રહેણીકરણીમાં આટલો બધો વિરોધાભાસ હોવા છતાંય, તમારો બંનેનો સ્નેહ તો અકબંધ લાગે છે, બંને વચ્ચે નીકટતા પણ સારી હોય એવું લાગે છે, તો એનું રહસ્ય શું છે?’ આશ્ચર્યચકિત થઇ જવાય એટલી સહજતાથી તેમણે બંનેએ જવાબ આપ્યો, ‘હા, તમારી વાત સાચી છે. હકીકત એ છે કે બચપણથી જ અમારા ઘડતર, ઉછેર અને કેળવણીમાં ઘણો જ ફરક હોવાથી હાલમાં અમારી રહેણીકરણી તથા જીવન જીવવાની પદ્ધતિમાં આટલો બધો ફરક છે. અમારા લગ્ન થયા એ વખતે જ આ બાબતની અમારી વચ્ચે ચર્ચા થઇ હતી. બંનેની જીવનદિશા અલગ જ રહેશે તેનો અમને પહેલેથી જ અંદાજ હતો. એ માટે અમે સમાધાન કરી લીધું હોવાથી હવે અમને કોઈ જ તકલીફ નથી!!’

મિત્રો, સમાધાન એ જ જીવન છે. જીવનને કઈ રીતે લેવું એ આપણી ઉપર નિર્ભર છે. ખૂબ જ સરળતાથી, નિખાલસતાથી, સહજતાથી અને પરિવારના સભ્યો તથા ઈશ્વર ઉપર ભરોસો રાખીને જો જીવન પદ્ધતિ ગોઠવવામાં આવે તો જીવનમાં આપણે સમાધાન કર્યું છે તેનો આપણને ક્યારેય પણ અહેસાસ નહીં થાય અને જીવન મીઠું મધુરું જીવવાલાયક બની જશે. સુખ સંઘર્ષમાં નથી, સમાધાનમાં છે. સમાધાન કરનારો કદાપિ દુઃખી થતો નથી અને સંઘર્ષ કરનારો ક્યારેય સુખી થઈ શકતો નથી. હા, સમાધાન કરવા માટે મન સાથે થોડીક બાંધછોડ અવશ્ય કરવી પડશે. પણ, બાહ્ય પરિસ્થિતિ કે વ્યક્તિઓ સાથેનો સંઘર્ષ તો જીવનમાં અશાંતિ જ લઇ આવશે એ હકીકત છે. પસંદગી આપણે જ કરવાની છે. સમાધાનના સંદેશાને આપણે વહેલી તકે આત્મસાત કરીએ એવી શુભેચ્છાઓ!!! ■

## રેલવે સ્ટેશનનાં નામ પાછળ ટર્મિનલ, સેન્ટ્રલ અને જંક્શન કેમ લખવામાં આવે છે?

રેલવે સ્ટેશનના નામ તો તમે સાંભળ્યા જ હશે. પણ શું તમે કોઈ દિવસ વિચાર્યું છે કે જે-તે રેલવે સ્ટેશનના મુખ્ય નામ સાથે ટર્મિનલ (Terminal), સેન્ટ્રલ (Central) અને જંકશન (Junction) કેમ લખવામાં આવે છે? દા.ત. બાંદ્રા ટર્મિનલ, મુંબઈ સેન્ટ્રલ, મથુરા જંકશન વગેરે...

કદાચ તમને એવું લાગતું હોય કે આવું લખવા પાછળ કોઈ તથ્ય નથી તો તમે અજાણ છો. આજે અમે તમને જણાવીશું કે જે-તે શહેરનાં રેલવે સ્ટેશનનાં નામ પાછળ ટર્મિનલ, સેન્ટ્રલ અને જંકશન લખવા પાછળનું રહસ્ય શું છે? ચાલો જાણીએ...

★ ***ટર્મિનલ (Terminal)***
ટર્મિનલ એટલે એવું સ્ટેશન કે ત્યાંથી આગળ કોઈ રેલવે ટ્રેક ન હોય. મતલબ ટ્રેન જે દિશામાંથી આવી છે, એ જ દિશામાં પાછી જવાની છે. અત્યારે ભારતમાં કુલ ૨૭ ટર્મિનલ સ્ટેશન આવેલાં છે. જેમાં છત્રપતિ શિવાજી અને લોકમાન્ય તિલક ટર્મિનલ એ જાણીતા ટર્મિનલ સ્ટેશનો છે.

★ ***સેન્ટ્રલ (Central)***
સેન્ટ્રલનો મતલબ એવો છે કે જે-તે શહેરમાં એકથી વધુ રેલવે સ્ટેશન આવેલા છે. બીજો મતલબ એવો છે કે તે સ્ટેશન શહેરનું સૌથી વધુ વ્યસ્ત અને મુખ્ય રેલવે સ્ટેશન છે. ભારતમાં મુંબઈ, ચેન્નાઈ, કાનપુર, મેંગ્લોર અને ત્રિવેન્દ્રમ – એમ કુલ ૫ જાણીતા સેન્ટ્રલ સ્ટેશનો છે.

★ ***જંક્શન (Junction)***
જંકશનનો મતલબ એવો છે કે અહિંયા ટ્રેનના આવવા જવાના ૩ કે તેથી વધુ રસ્તા છે. એટલે કે ટ્રેન એક રસ્તેથી આવી શકે અને બીજા બે રસ્તેથી જઈ શકે છે.

ભારતમાં કુલ ૩૧૫ જંકશન આવેલા છે. જેમાં

૩ રૂટવાળા : ૮૧
૪ રૂટવાળા : ૧૦૯
૫ રૂટવાળા : ૧૦ (દા.ત. વિજયવાડા જંકશન)
૬ રૂટવાળા : ૪ (દા.ત. સેલમ જંકશન)
૭ રૂટવાળા : ૧ (મથુરા જંકશન) ■

શુભેચ્છા સહ...
# પૃથ્વી શાહ – ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪

# 'હું પહેલા શિક્ષક છું, અને પછી રાષ્ટ્રપ્રમુખ છું...'



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, શિક્ષક દિન વિશ્વમાં શિક્ષકોના માનમાં ઉજવવામાં આવતો દિવસ છે. ભારતમાં શિક્ષક દિન દર વર્ષની ૫ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ છે. જેને તેમની યાદમાં 'શિક્ષક દિન' તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બનતા પહેલાં એમની કારકિર્દીમાં સૌપ્રથમ ચેન્નાઈની મદ્રાસ પ્રેસિડેન્સી કોલેજમાં તત્ત્વજ્ઞાન વિષયના શિક્ષક તરીકે નિમણુંક પામ્યા હતા.

રાધાકૃષ્ણન ભારતીય સંસ્કૃતિના વાહક, પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી અને મહાન દાર્શનિક હતા. તેઓ સમગ્ર વિશ્વને એક યુનિવર્સિટી માનતા હતા. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પ્રખ્યાત નોબેલ પુરસ્કાર માટે ૨૭ વખત નોમિનેટ કરાયા હતા. ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા તેમને 'ભારત રત્ન' એનાયત કરાયો હતો. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઇન ફ્રિડમ નામની એક સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઇન ફ્રીડમ સંધી હેઠળ શિક્ષકોના અધિકારો, જવાબદારી અને શીખવા - શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓક્ટોબર, ૧૯૯૭ના રોજ આયોજિત આ સંમેલનમાં યુનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઇને વર્ગીકરણ કર્યું હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે. જો કે વિશ્વના જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ અલગ તારીખે ઉજવાય છે. **જેમાં ભારતમાં ૧૯૬૨થી ૫ સપ્ટેમ્બરના રોજ 'શિક્ષક દિન' ઉજવવાની શરૂઆત થઈ હતી.**

ભારતમાં દેશના શિક્ષણના ઘડતર માટે યોગદાન આપનારા શિક્ષકોના સન્માનમાં શિક્ષક દિન ઉજવાય છે. દરેક નાગરિક કોઈને કોઈ રીતે પોતાના જીવન વિકાસમાં શિક્ષકોના મહત્ત્વને યાદ કરીને આભાર પ્રગટ કરે છે.

ડૉ. રાધાકૃષ્ણન એક મહાન ફિલોસોફર અને શિક્ષક હતા. **તેમણે એકવાર કહ્યું હતું કે, 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપ્રમુખ છું.'** શિક્ષક એ વ્યક્તિ છે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપના ફૂલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓના કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. શિક્ષક માટે બધા વિદ્યાર્થીઓ સમાન હોય છે અને તે બધાનું કલ્યાણ ઇચ્છે છે. એક એવી પરંપરા આપણી સંસ્કૃતિમાં હતી. એકલવ્યએ દ્રોણાચાર્યને પોતાના માનસ ગુરૂ બનાવીને તેમની મૂર્તિને પોતાની સામે મૂકીને ધનુર્વિદ્યા શીખી. આ ઉદાહરણ દરેક શિષ્ય માટે પ્રેરણાદાયક છે.

શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ પોતપોતાની રીતે શિક્ષકો પ્રત્યે પ્રેમ અને સન્માન વ્યક્ત કરતા હોય છે. યુનેસ્કો દ્વારા ૧૯૪૪માં આ દિવસ મનાવાની શરૂઆત કરાઈ હતી. **આ વર્ષના ૨૦૨૩ના વર્લ્ડ ટીચર્સ ડેની થીમ છે : "શિક્ષક : વધતી કટોકટી વચ્ચે ભવિષ્યની નવી કલ્પના."**

દુનિયાના ૧૦૦થી વધુ દેશોમાં જુદી જુદી તારીખે શિક્ષક દિવસ મનાવાય છે. દુનિયાના ૨૦ દેશમાં ૫ ઓક્ટોબરના રોજ શિક્ષક દિવસ મનાવાય છે જ્યારે ૧૧ દેશમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ શિક્ષક દિવસ મનાવાય છે.

અમેરિકામાં ૧૯૪૪માં મેટે વાયટે વુડબ્રિજે સૌથી પહેલા શિક્ષક દિવસની તરફેણ કરી હતી. ત્યાર પછી ૧૯૫૩માં કોંગ્રેસે તેને માન્યતા આપી હતી. ૧૯૮૦માં ૭ માર્ચના રોજ રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે પસંદ કરાયો હતો. ત્યાર પછી મે મહિનાના મંગળવારના રોજ તેનું આયોજન કરાયું હતું.

સીંગાપોરમાં સપ્ટેમ્બર મહિનાના પ્રથમ શુક્રવારને શિક્ષક દિવસ તરીકે મનાવાય છે.

અફઘાનિસ્તાનમાં ૫ ઓક્ટોબરનો દિવસ શિક્ષક દિવસ તરીકે મનાવાય છે. આ દિવસે અહીં શાળામાં રજા હોય છે, પરંતુ કેટલીક સ્કુલોમાં શિક્ષકો સાથે કાર્યક્રમોનું આયોજન કરાય છે.

આર્જેન્ટીનામાં ૧૧ સપ્ટેમ્બરના રોજ આર્જેન્ટીનાના સાતમા રાષ્ટ્રપતિ ડોમિંગો ફોસ્ટીનો સરમિન્ટોના માનમાં શિક્ષક દિવસ મનાવાય છે. તેમણે દેશમાં શિક્ષણને પ્રોત્સાહન આપ્યું હતું. ૧૧ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તેમનું નિધન થયું હતું.

ભુતાનમાં ત્રીજા રાજાના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે ૨ મે ના રોજ શિક્ષક દિવસ મનાવાય છે. તેમણે દેશમાં ફરજિયાત શિક્ષણ લાગુ કર્યું હતું.

ચીનમાં ૧૦ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસ મનાવાતો હતો. ત્યાર પછી લોકોએ ચીનના મહાન દાર્શનિક કન્ફ્યુસિયસના જન્મ દિવસ ૨૮ સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે મનાવવા સરકારને વિનંતી કરી હતી. તાઈવાનમાં ૨૮ સપ્ટેમ્બરના રોજ જ શિક્ષક દિવસ મનાવાય છે.

એલ સેલ્વાડોરમાં ૨૨ જૂનના રોજ શિક્ષક દિવસ મનાવાય છે. આ દિવસે દેશમાં રાષ્ટ્રીય રજા જાહેર કરવામાં આવે છે.

આ ઉપરાંત અલ્બાનિયા, અલ્જેરીયા, આર્મેનિયા, ઓસ્ટ્રેલિયા, આઝરબૈજાન, બાંગ્લાદેશ, બોલીવિયા, બ્રાઝીલ, બુલ્ગારીયા, કેનેડા, કોલંબિયા, કોસ્ટારીકા, ચેઝ રીપબ્લિક, ઈક્વાડોર, ઈજિપ્ત, જર્મની, ગ્રીસ, હંગેરી, ભારત, ઈરાન, ઈઝરાયેલ, જમૈકા, લાટવિયા, મલેશિયા, મેક્સિકો, મોંગોલીયા, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, પેરૂ, ફિલીપાઈન્સ, પોલેન્ડ, રશિયા, દક્ષિણ કોરીયા, સ્પેન, ટુર્કી, યુનાઈટેડ કિંગ્ડમ, વિયેટનામ, વેનેઝુએલા, યમન દેશમાં શિક્ષક દિવસ મનાવાય છે.

પ્રાચીન સમયમાં શિષ્ય ગુરૂકુળમાં રહીને શિક્ષા મેળવતા હતા. આજે આ શિક્ષા ગુરૂકુળમાંથી થઈને આલીશાન અને ભવ્ય ઈમારતોમાં આવી ગઈ છે. જેને આપણે શાળા કહીએ છીએ. દુ:ખદ એ છે કે અત્યારના જનજીવનમાં શિક્ષણ ડિગ્રી, કારકિર્દી અને કમાણી સાથે જોડાયેલું છે. પદ અને પૈસો જીવનમાં મહત્ત્વના અંગો છે એ સાચું, પણ સમગ્ર જીવન નહીં. ખરેખર તો શિક્ષણ માનવીના જીવનને ઘડે છે, જીવનનાં સઘળા અંગોને સ્પર્શે છે, તેથી શિક્ષણને ખંડ ખંડમાં જોવાને બદલે અખંડપણે જોવું જોઈએ.

ચાણક્યના જણાવ્યા પ્રમાણે માનવ જીવનને ઘડનારા આવા મહાન અને અસાધારણ તત્ત્વ શિક્ષણ સાથે જે વ્યક્તિ જોડાય તે સાધારણ તો ન હોઈ શકે. જે વ્યક્તિના દૃષ્ટિક્ષેત્રમાં 'શિક્ષણ' આ રીતે સમાયેલું હોય, સચવાયેલું હોય તેણે જ શિક્ષક બનવું જોઈએ. શિક્ષકનું અસાધારણપણું જળવાઈ રહે તે ખૂબ મહત્ત્વનું છે. એની દૃષ્ટિમાં પ્રત્યેક બાળક એક વિદ્યાર્થી તરીકે જ માત્ર નહીં, ભવિષ્યના ઉત્તમ માનવી તરીકે ગોઠવાવો જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને પદ અને ગરિમા બંને આપવા જોઈએ. શિક્ષકે પોતાના વાણી-વર્તનથી વર્ગમાં ભારતીય સંસ્કૃતિની મહેક પ્રસરાવવાની છે. આ અભ્યાસક્રમનો નહીં, જીવનક્રમનો ભાગ છે. જેના કારણે આખો સમાજ ટકી રહ્યો છે.

અને અંતે, આજના દિવસે મારા જેવા અનેક વિદ્યાર્થીઓના જીવન ઉજાગર કરનાર શિક્ષકોને મારા વંદન. આજના દિવસે સાચા આદર્શ શિક્ષકો જોવા મળતા નથી. આજે ટ્યુશનમાં વધારે શિક્ષક અને શિક્ષણ જોવા મળે છે તે એક ચિંતાનો વિષય છે. તો આજના દિવસે ખાસ તમારા જીવનને ઉજાગર કરનાર શિક્ષકને ખાસ રૂબરૂ મળવા જજો અને કોઈપણ તમારા પદ અને મોભાની પરવા કર્યા વગર તમારા ગુરૂને પગે પડીને વંદન કરજો – એવી મારી અપીલ છે. કોરાનાકાળમાં સૌથી વધારે ખરાબ અસર પડી હોય તો તે છે 'શિક્ષણ અને શિક્ષક.' આથી આજના દિવસનું મહત્ત્વ વધી જાય છે.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારીત માહિતી*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## શિક્ષક ચાકડો

પેન પાટી હાથમાં પકડી શિખાવે એ એકડો,
શિષ્યના જીવન તણો સ્નેહે ઉઘાડે આગળો.

બાળ મનના સર્વ પ્રશ્નો શાંત ચિત્તે સાંભળે,
હોય અઘરો કેટલો પળમાં ઉકેલે કોયડો.

જ્ઞાનથી આપે સમજને રાહ ચીંધે સત્યની,
વાંચતા લાગે સરળ એવો જ આપે ચોપડો.

પાર કરવા નાવને સઢના સુકાની જે બને,
થર દિસે ખારું જ જ્યાં પ્રેમે ઉખેડે પોપડો.

પિંડ માટીનું ઘડે જે નિત નવા આકારમાં,
ઘાટ દેવાને ફરે છે 'દિવ્ય' શિક્ષક ચાકડો.

***દિવ્યા દેઢિયા 'દિવ્ય'***
***મો. ૯૩૨૦ ૦૬૨૯૩***

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

# Deakin Universityની પરીક્ષા-મુક્ત ડિગ્રીથી તમારી એન્જિનિયરીંગ ક્ષમતાને અનલૉક કરો



સીમા શાહ

શું તમને એન્જિનિયરીંગ કરવાનો ઉત્સાહ છે પરંતુ પરંપરાગત મૂલ્યાંકન તમને રોકી રહ્યું છે? ચિંતા કરશો નહીં! IAEC Education ની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી પાર્ટનર Deaking University એ હમણાં જ તેની અનન્ય અને પરીક્ષા-મુક્ત એન્જિનિયરીંગ ડિગ્રીના વિસ્તરણની રોમાંચક જાહેરાત કરી છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને પરંપરાગત શૈક્ષણિક માર્ગથી અલગ કરીને પ્રોજેક્ટ અને ટીમ-આધારીત શિક્ષણ દ્વારા એન્જિનિયર બનવાની નવીન રીત પ્રદાન કરે છે.




**• એન્જિનિયરીંગમાં વિવિધતાનો આવકાર :**

Deakin ની એન્જિનિયરીંગ સ્કૂલના વડા બેન હોરાન, વિદ્યાર્થીઓના વિવિધ જુથને એન્જિનિયરીંગના ક્ષેત્રમાં લાવવામાં ભારપૂર્વક માને છે. આ ડિગ્રી સાથે, Deakin તમામ પૃષ્ઠભૂમિ અને અનુભવોમાંથી વ્યક્તિઓનું સ્વાગત કરીને, અવરોધો અને પરંપરાગત રૂઢીવાદને તોડી પાડવાનું લક્ષ્ય રાખે છે. ઈજનેરો તમામ આકાર અને કદમાં આવી શકે છે તે ઓળખીને, દરેક વિદ્યાર્થીને ચમકવાની તક મળે તેવી રીતે યુનિવર્સિટી વધુ સમાવિષ્ટ ઈજનેરી કાર્યબળને પ્રોત્સાહન આપવા માંગે છે.

**• હવે પરીક્ષાઓથી ડરવાની જરૂર નથી**

પરીક્ષાની બાદબાકી આ પ્રોગ્રામની સૌથી આકર્ષક વિશેષતાઓમાંની એક છે. પ્રોફેસર હોરાને ભારપૂર્વક જણાવ્યું હતું કે પરીક્ષાઓ વાસ્તવિક દુનિયાના ઈજનેરોને જે પડકારોનો સામનો કરે છે તેનું ચોક્કસ પ્રતિનિધિત્વ કરતી નથી. તેના બદલે, Deakin ની ડિગ્રી પ્રામાણિક પ્રત્યક્ષ જ્ઞાન અને અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યાં વિદ્યાર્થીઓ તેમના કાર્યના પોર્ટફોલીયો દ્વારા તેમની કુશળતા અને ક્ષમતાઓ દર્શાવે છે. આ અભિગમ વ્યવસાયીક ઈજનેરોની કાર્ય કરવાની રીતને પ્રતિબિંબિત કરે છે, જે વિદ્યાર્થીઓને તેમના પસંદ કરેલા ક્ષેત્રના વ્યવહારીક પાસાઓને સાચી રીતે સમજવાની સ્વતંત્રતા અને સવલત આપે છે.

**•પ્રોજેક્ટ ઓરીએન્ટેડ, ડિઝાઈન આધારીત શિક્ષણ**

Deakin University માં, પ્રોજેક્ટ-લક્ષી, ડિઝાઇન-આધારીત શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. આનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ ટીમમાં મોટા પ્રોજેક્ટ્સ પર કાર્ય કરે છે. ટીમવર્ક, પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને સમય વ્યવસ્થાપનમાં અમૂલ્ય અનુભવ મેળવે છે. આ અભ્યાસક્રમ ફેડરલ સરકારની તાજેતરની યુનિવર્સિટીઓ માટેની ઍકોર્ડ સમીક્ષાની માંગ સાથે સંલગ્ન કરીને સ્નાતકોને 'વર્ક-રેડી' બનાવવા તરફ સજ્જ છે.

**• હવે મેલબોર્નમાં પણ ઉપલબ્ધ છે**

જીલોંગ કેમ્પસમાં Deakin ના વોર્ન પોન્ડસ કેમ્પસમાં પહેલેથી જ ઑફર કરવામાં આવી રહેલી આ એન્જિનિયરીંગની ડિગ્રી ટૂંક સમયમાં મેલબોર્નના બરવુડ કેમ્પસમાં પણ ઉપલબ્ધ થશે. આ વિસ્તરણ સમગ્ર પ્રદેશના વિદ્યાર્થીઓ માટે પરંપરાગત મૂલ્યાંકનના અવરોધ વિના એન્જિનિયરીંગ પ્રત્યેના તેમના જુસ્સાને આગળ વધારવા માટે નવી તકો ખોલે છે.

**• ગણિત હવે અવરોધ નહીં બને**

ચિંતિત છો કે તમારું ગણિતનું સ્તર તમારા એન્જિનિયરીંગના સપનાને અવરોધે છે? ગભરાશો નહીં! Deakin ની ડિગ્રી એવા વિદ્યાર્થીઓને તક પૂરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેઓ વ્યવહારિક શિક્ષણમાં શ્રેષ્ઠતા મેળવે છે. પછી ભલે તેઓએ ૧૨ વર્ષમાં ઉચ્ચ સ્તરના ગણિતના અભ્યાસક્રમો લીધા ન હોય. પ્રોફેસર હોરાને ભારપૂર્વક જણાવ્યું હતું કે એન્જિનિયરીંગ એ ગણિત-સઘન ક્ષેત્ર છે, પરંતુ દરેક વિદ્યાર્થી વિકાસ કરી શકે તેની ખાતરી કરવા માટે તેઓએ આ ડિગ્રીના અભ્યાસક્રમમાં ગણિતનું જરૂરી સંકલન કર્યું છે.

- **શિક્ષણ તરફ જીવન-અનુભવલક્ષી અભિગમ**

જો તમે કારકિર્દીમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યા હોવ અથવા થોડો સમય રહીને અભ્યાસ કરવા પાછા ફરો છો, તો Deakin ની એન્જિનિયરીંગ ડિગ્રી તમારા માટે યોગ્ય છે! Deakin ખાતેના વર્તમાન એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓ એવા છે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હતો પરંતુ તેઓ પછીના જીવનમાં તેમના સપનાને સાકાર કરવા પાછા આવ્યા છે. તેમના જીવનના અનુભવો અને ઉદ્યોગનું જ્ઞાન શીખવાના વાતાવરણને સમૃદ્ધ બનાવે છે, જે એન્જિનિયર-ઈન-ધ-મેકિંગના જીવંત સમુદાયને પ્રોત્સાહન આપે છે.

- **વધુ એન્જિનિયરોની જરૂરિયાત છે**

પ્રોફેસર હોરાને ધ્યાન દોર્યું કે લોક સંસ્કૃતિમાં એન્જિનિયરીંગ હંમેશાં સારી રીતે રજૂ થતું નથી અને ઘણા વિદ્યાર્થીઓ તેને કારકિર્દીના સંભવિત માર્ગ તરીકે ઓળખી શકતા નથી. જો કે, ઊર્જા, પરિવહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન અને ખનીજોમાં અસંખ્ય ઉત્તેજક પહેલો સાથે ઓસ્ટ્રેલિયામાં એન્જિનિયરોની માંગ વધી રહી છે. ઈજનેરોની આ અછત, ઈજનેરી ડિગ્રીમાં પ્રવેશદ્વારોને વિસ્તૃત કરવાના મહત્ત્વને હાઈલાઈટ કરે છે, જે Deakin ના આ નવીન પ્રોગ્રામને વધુ મૂલ્યવાન બનાવે છે.

- **વધુ માહિતી માટે IAEC Educationનો સંપર્ક કરો**

આ ગ્રાઉન્ડબ્રેકિંગ એન્જિનિયરીંગ ડિગ્રીનું અન્વેષણ કરવા માટે ઉત્સાહિત છો? પ્રોગ્રામ, પ્રવેશ જરૂરિયાતો અને અરજી પ્રક્રિયા વધુ જાણવા માટે IAEC Education ની ભારત અથવા ઓસ્ટ્રેલિયન ઓફિસનો સંપર્ક કરો. IAEC Education ની ટીમ, Deakin University ના અધિકૃત પ્રતિનિધિ તરીકે, સફળ એન્જિનિયર બનવાની તમારી સફરમાં તમને માર્ગદર્શન આપતા અત્યંત આનંદ અનુભવશે.

પરંપરાગત મૂલ્યાંકનોને તમને પાછળ ન રાખવા દો. Deakin University ની પરીક્ષા-મુક્ત ડિગ્રી સાથે એન્જિનિયરીંગ શિક્ષણના ભાવિને સ્વીકારો. આપણે સાથે મળીને વૈવિધ્યસભર અને કુશળ એન્જિનિયરીંગ વર્કફોર્સને આકાર આપી શકીએ છીએ, જે વિશ્વ પર વાસ્તવિક પ્રભાવ કરી શકશે. આજે જ આ અદ્ભુત પ્રવાસમાં અમારી સાથે જોડાઓ!

IAEC
education • migration
202, Yash Aqua Building,
Vijay Cross Road, Navrangpura,
Ahmedabad.
+91 90166 10632; 079 2791 1113
ahmedabad@iaec.com.au
India | Australia
www.iaec.com.au

***સુખ અને દુ:ખના સમયે ગભરાવું નહીં,***
***કારણ કે હિંચકો જેટલો પાછળ જાય છે, એટલો જ એ આગળ આવે છે.***

## ગઝલ

ઠરી ગયા છે અહેસાસ, તાપણું કરીએ,
મળાવ શ્વાસમાં તું શ્વાસ, તાપણું કરીએ.

બુઝી ગયા છે જરા જે સમયની આંધીથી,
ભરી એ દીપમાં અજવાસ, તાપણું કરીએ.

ઉડાવી દે બધી શંકાને ગાઢ ધુમ્મસમાં,
ફરી જગાડવા વિશ્વાસ તાપણું કરીએ.

સહજ મળી ગઈ છે, આંખ આજે આંખોથી
મનાવવા એ ઘડી ખાસ તાપણું કરીએ.

રદીફ, છંદ અને શીત શબ્દો છે 'જીનલ'
હુંફાળા થાય જરા પ્રાસ, તાપણું કરીએ.

***અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, મુંબઈ***

## નડે છે

ક્યાં કોઈને ગ્રહ નડે છે?
બીજાનો આગ્રહ નડે છે

બાંધી ફરે છે પૂર્વભૂમિકા
શાસ્ત્રોનો પૂર્વગ્રહ નડે છે.

સુખદુ:ખ કાયમનો ચકરાવો
નાની ગાંઠોનો દુરાગ્રહ નડે છે

ચિંતા કરે ભવિષ્યનો વિચાર
મોહમાયાનો અનુગ્રહ નડે છે.

ગમતું લાગે મનમોહક દૂરથી,
'કેતુ', સંસારનો પરિગ્રહ નડે છે.

***કેતના છેડા 'કેતુ' - મુંબઈ***

# કચ્છના ઇતિહાસના પાનેથી



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

આજથી લગભગ ૧૫૦ વર્ષ અગાઉ કચ્છ ખેતીપ્રધાન મુલ્ક ગણાતો. દુકાળ પડવા છતાં જનજીવન સામાન્ય રીતે જીવાઈ જતું. મુખ્ય જ્ઞાતિઓ જેવી કે ક્ષત્રિય, પટેલ, વાણિયા, ભાટીયા, લોહાણા, બ્રાહ્મણો અને થોડા મુસ્લિમ બંધુઓ ખૂબ શાંતિપૂર્વક સહવાસથી રહેતા. રાજ્યનું સંચાલન રાજવીઓ ચલાવતા અને પ્રજાલક્ષી કામો સુંદર રીતે થતા. સૌ સુખી હતા.

દુકાળનો માર સહન ન થતાં સર્વ પ્રથમ પરદેશ જઈ કમાવવાનો વિચાર ભાટીયા અને લોહાણા જ્ઞાતિના લોકોએ કરી ભારતના ઘણા નાના મોટા શહેરોમાં પહોંચી ત્યાં નોકરી કે વ્યવસાય કરી સ્થાયી થતા ગયા. પત્રવ્યવહાર થકી કચ્છના પોતાના કુટુંબીઓ સાથે સંપર્કમાં રહ્યા. પોતાની સુખાકારી અને આવકની પ્રગતિની જાણ કરતા રહ્યા.

એ કુટુંબીઓ મારફત ગામની અન્ય જ્ઞાતિઓને દેશાવરમાં કમાવવાની તક વિશે જાણ થઈ. લોહાણા અને ભાટીયા બંધુઓ કચ્છના પશ્ચિમ ભાગમાં વસતા અને એ અબડાસા વિભાગમાં જૈન વાણિયાના એક શાખા દશા ઓસવાલનું વાસવ્ય પ્રમાણમાં વધુ હતું. આ દશા ઓસવાલ જ્ઞાતિ પણ ભાટીયા અને લોહાણા ભાઈઓ જેવી જ સાહસિક અને બુદ્ધિશાળી હતી. પરદેશની તક હાથ કરવા દશા ઓસવાલના અમુક બંધુઓ પણ કચ્છ છોડી મુંબઈમાં ભાગ્ય અજમાવવા આવી વસ્યા. સાહસ કરી કપાસ (રૂ)ની લાઈન હાથવગી કરી ખૂબ પ્રગતિ સાધી તેમજ કપાસની ખેતીનાં ઉત્પાદન મથકો વિદર્ભ, મરાઠાવાડા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, પંજાબ અને દક્ષિણ ભારતના ઘણા શહેરોમાં વસીને કપાસના વેપારમાં નિપુણતા હાંસલ કરી સમૃદ્ધ થયા. હવે વીસા ઓસવાલ બંધુઓ પણ મુંબઈ શહેરમાં આવી વસ્યા. સાહસવૃત્તિ ઓછી એટલે કોઈ હજાર વસ્તુનો વેપાર કરવો એવું વિચારી અનાજના ધંધામાં પદાર્પણ કરી સ્થાયી થયા. અનાજનો વેપાર પણ અન્ય રાજ્યો સાથે સંકળાયેલ હોઈ અમુક ભાઈઓ વિકાસાર્થે મરાઠાવાડા, મધ્ય પ્રદેશ અને પંજાબ રાજ્યોમાં જઈને વસ્યા. સુઝબુઝ અને પ્રામાણિક વ્યવહારને લીધે ઘણાં રાજ્યોમાં સ્થાયી થઈ સમૃદ્ધ થયા.

આ ભૂમિકા બંધાયા પછી એક ઇતિહાસનો પ્રસંગ રજૂ કરવાનું નથી રોકી શકતો.

આજથી લગભગ સોએક વર્ષ અગાઉ ભોપાલ શહેર એ મુસ્લિમ રાજ્યની રાજધાનીનું શહેર. આપણા બંધુઓએ જે રીતે અનાજનો વેપાર વધાર્યો તેથી રાજ્યની આવક પણ વધી અને સર્વ સામાન્ય પ્રજાના સુખમાં વૃદ્ધિ થઈ. મુસ્લિમ રાજ્યના શાસક નવાબ તેમજ બેગમ પાસે આપણા વેપારી ભાઈઓનું માન ખૂબ ઉચ્ચ સ્તરે હતું. શાસકીય ઉત્સવો અને પ્રસંગોમાં આપણા વેપારી ભાઈઓને નિમંત્રણ અચૂક મળતા અને માનભર્યું સ્થાન આપવામાં આવતું. ગામ દેવપુરના શ્રી દામજી હીરજી ગાલા અને ગામ ભોજાયના શ્રી દામજી હંસરાજ નથુ (કાળો કોટ) ત્યારે ભોપાલ મંડીમાં અનાજના મોટા અને ખમતીધર વેપારી તરીકે પ્રખ્યાત હતા. અન્ય આપણા કચ્છી વપારીઓમાં બંને દામજીભાઈનું વર્ચસ્વ સારું હતું.

આ અરસા દરમિયાન કચ્છના આપણા માનનીય મહારાઓશ્રી ખેંગારજી બાવા (ત્રીજા) મુંબઈ પધાર્યા. તેઓશ્રી દિલ્હી જવા તે વખતની ટ્રેન 'ફ્રન્ટીયર મેલ'થી રવાના થવાના હતા એવા સમાચાર મુંબઈની વેપારી પેઢીએ ભોપાલમાં શ્રી દામજી હીરજી ગાલાને તાર કરી જણાવ્યા. સમાચાર મળતા જ બધા વેપારીઓની મીટિંગ બોલાવી આપણા રાજવીનું ઉચિત સ્વાગત ભોપાલ સ્ટેશન પર કરવું એમ નક્કી થયું. ભોપાલ એ વખતે વૉટરીંગ સ્ટેશન હતું જેથી ટ્રેન ૧૦ મિનિટ રોકાતી. પણ કચ્છના રાજાને જોવાનો તેમજ અભિવાદન કરવાનો લહાવો દરેક કચ્છી ભાઈને મળે એ ઇચ્છા હતી. તેથી શ્રી દામજી હંસરાજ નથુભાઈએ નવાબ સાહેબને વિનંતી કરી ટ્રેનને ૧૦ને બદલે ૨૦ મિનિટના રોકાણની વ્યવસ્થા કરવા પ્રયત્ન કરવાનું નક્કી થયું. તે પ્રમાણે રૂબરૂ મુલાકાતનો સમય મેળવી શ્રી દામજીભાઈએ નવાબ સાહેબને અરજ કરી. સંજોગે ત્યારે પરદા પાછળ બેગમ સાહેબા પણ બેઠા હતા. નવાબ સાહેબે તુરંત સંમતિ આપી. પણ બેગમ સાહેબે કહ્યું, તમારા રાજ્યના રાજા અમારા આંગણેથી બારોબાર જાય એ કેવું સ્વાગત? તેઓને અમો અમારા શાહી મહેમાન બનાવી એક દિવસનું રોકાણ ભોપાલમાં અમારા મહેલમાં કરાવશું. આ પ્રમાણે શાહી નિમંત્રણ તારથી રાજ્ય તરફથી હમણાં જ મોકલવામાં આવશે. ત્રણ દિવસ બાદ મુંબઈથી આવતો ફ્રન્ટીયર મેલ ભોપાલ સ્ટેશન પર આવ્યો ત્યારે સમગ્ર ભોપાલ શહેર ઉમંગભેર સ્વાગતમાં હાજર રહ્યું. એ રાત્રે આપણા રાજવીના માનમાં સભાનું આયોજન થયું. જેમાં દરેક કચ્છી ભાઈએ ખેંગારજી બાવા સાથે અવિસ્મરણીય સમય વિતાવ્યો. બીજા દિવસે રાજાશ્રી દિલ્હી તરફ રવાના થયા ત્યારે સ્ટેશન ઉપર 'જીએ રા' ના નારાથી ભાવભરી વિદાય આપવામાં આવી.

આ હતું એ સમયનું કચ્છીઓને સન્માન.

મુંજી માતૃભૂમિ કે નમન. ■

# ૧૭ સપ્ટેમ્બરના રોજ નરેન્દ્ર મોદીનો ૭૩મો જન્મ દિવસ છે



ડૉ. મિહિર એમ. વોરા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૩મો જન્મ દિવસ છે ત્યારે તેમના વિશે જાણો કેટલીક માહિતી. જે મેં વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને લીધી છે.

શ્રી નરેન્દ્ર મોદીએ ૩૦મી મે, ૨૦૧૯ના રોજ ભારતનાં પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. આ પ્રધાનમંત્રી તરીકે તેમનાં બીજા કાર્યકાળની શરૂઆત હતી. આઝાદી પછી જન્મેલા ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રી શ્રી મોદીએ અગાઉ વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન પણ પ્રધાનમંત્રી તરીકે જવાબદારી નિભાવી હતી. વળી તેઓ ગુજરાતમાં સૌથી વધુ સમય સુધી એટલે કે ઓક્ટોબર ૨૦૦૧થી મે ૨૦૧૪ સુધી સેવા આપનાર મુખ્યમંત્રીની ઉપલબ્ધિ પણ ધરાવે છે.

વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓમાં શ્રી મોદીનાં નેતૃત્વમાં ભારતીય જનતા પક્ષે વિક્રમી વિજય મેળવ્યો હતો તેમજ બંને ચૂંટણીઓમાં સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ અગાઉ વર્ષ ૧૯૮૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીઓમાં કોઈ પણ રાજકીય પક્ષે આ પ્રકારે સ્પષ્ટ બહુમતી મેળવી હતી.

'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'ના મંત્ર સાથે શ્રી મોદીએ વહીવટી પ્રક્રિયામાં મોટા પાયે પરિવર્તન લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. જે સમાવેશકતા, વિકાસલક્ષી અભિગમ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન તરફ દોરી ગઈ છે. પ્રધાનમંત્રી સરકારી યોજનાઓ કે સરકારી સેવાઓનાં લાભ અંત્યોદયનો ઉદ્દેશ પાર પાડે કે છેવાડાના માનવી સુધી પહોંચે એ માટે ઝડપથી, વ્યાપકપણે કામ કરી રહ્યા છે.

**અગ્રણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ નોંધ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઝડપથી ગરીબી નાબૂદ કરવા અગ્રેસર છે. આ માટે કેન્દ્ર સરકારનાં ગરીબલક્ષી શ્રેણીબદ્ધ નિર્ણયો જવાબદાર છે.**

અત્યારે ભારતમાં વિશ્વનો સૌથી મોટો આરોગ્યલક્ષી કાર્યક્રમ આયુષ્માન ભારત ચાલી રહ્યો છે. ૫૦ કરોડ ભારતીયોને આવરી લેતો આયુષ્માન ભારત કાર્યક્રમ ગરીબો અને નવ-મધ્યમ વર્ગને ગુણવત્તાયુક્ત અને વ્યાજબી આરોગ્ય સેવા પ્રદાન કરે છે.

દુનિયામાં આરોગ્ય ક્ષેત્રમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત જર્નલમાં સામેલ **'ધ લાન્સેટે'** આયુષ્માન ભારત કાર્યક્રમની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, આ યોજનાથી ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રને લઈને પ્રવર્તમાન સમસ્યાનું સમાધાન કરવા માટે ધ્યાન આપવામાં આવ્યું છે. **આ જર્નલે એવું પણ નોંધ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીનાં પ્રયાસોથી સાર્વત્રિક સ્વાસ્થ્ય વીમા કવચને પ્રાથમિકતા મળી છે.**

નાણાંકીય સમાવેશકતા ગરીબો માટે આશીર્વાદરૂપ હોવાનું સમજીને પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી. જેનો ઉદ્દેશ દરેક ભારતીયો માટે બેંકમાં ખાતા ખોલવાનો હતો. અત્યાર સુધી ૩૫ કરોડ જન ધન ખાતાઓ ખૂલ્યા છે. આ ખાતાઓ બેન્કિંગ સુવિધાઓથી વંચિત લોકોને બેન્કિંગ સુવિધાઓની સાથે અન્ય અધિકારો પણ આપ્યા છે.

જન ધનથી એક પગલું આગળ વધીને શ્રી મોદીએ જન સુરક્ષા પર ભાર મૂક્યો હતો. આ અંતર્ગત સમાજનાં સૌથી વધુ વંચિત વર્ગને વીમા અને પેન્શનનું કવચ આપવામાં આવ્યું છે. જેએએમ ત્રિપુટી (જન ધન – આધાર – મોબાઈલ)થી વચેટીયાઓ દૂર થયા છે તથા ટેકનોલોજીની મદદથી પારદર્શકતા અને ઝડપ સુનિશ્ચિત થઈ છે.

સૌપ્રથમ અત્યારે પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના અંતર્ગત અસંગઠિત ક્ષેત્રનાં ૪૨ કરોડથી વધારે લોકોને પેન્શન કવચ મળ્યું છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના પરિણામો પછી મંત્રી મંડળની પહેલી બેઠકમાં આ જ પ્રકારની પેન્શન યોજના વેપારીઓ માટે પણ જાહેર કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વર્ષ ૨૦૧૬માં શરૂ થઈ હતી. જે અંતર્ગત ગરીબોને નિઃશુલ્ક કુકિંગ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. આ યોજના ૭ કરોડથી વધારે લાભાર્થીઓ માટે ધુમાડામુક્ત રસોડા પ્રદાન કરવામાં મુખ્ય પરિવર્તનકારી પગલું પુરવાર થઈ છે, જેની મુખ્ય લાભાર્થીઓ મહિલાઓ છે.

આઝાદી પછી ૭૦ વર્ષનો સમય પસાર થવા છતાં ૧૮,૦૦૦ ગામડાંઓ વીજળીની સુવિધાથી વંચિત હતા, જેમને હવે વીજળીનો પુરવઠો મળ્યો છે.

શ્રી મોદીનું માનવું છે કે, કોઈ ભારતીય બેઘર ન હોવો જોઈએ અને એમનું આ સ્વપ્ન સાકાર કરવા વર્ષ ૨૦૧૪થી

૨૦૧૯ વચ્ચે ૧.૨૫ કરોડથી વધારે મકાનોનું નિર્માણ થયું હતું. પ્રધાનમંત્રીનું વર્ષ ૨૦૨૨ માટે "તમામ માટે મકાન"નું સ્વપ્ન ઝડપથી સાકાર થઈ રહ્યું છે.

કૃષિ ક્ષેત્ર એક એવું ક્ષેત્ર છે જેના માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વ્યક્તિગત રસ લઇ રહ્યા છે. વર્ષ ૨૦૧૯ના વચગાળાના બજેટમાં સરકારે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ નામે ખેડૂતો માટે નાણાંકીય પ્રોત્સાહનની જાહેરાત કરી હતી. એ પછી લગભગ ત્રણ અઠવાડિયાની અંદર ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯નાં રોજ આ યોજનાનો અમલ શરૂ થઈ ગયો હતો અને ત્યારબાદ અત્યાર સુધી ખેડૂતોને નિયમિતપણે હપ્તાની ચૂકવણી થઈ ગઈ છે. પ્રધાનમંત્રી મોદીનાં બીજા કાર્યકાળમાં મંત્રીમંડળની પ્રથમ બેઠક દરમિયાન તમામ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ આપવાનો નિર્ણય લેવાયો હતો તથા અગાઉની યોજના અંતર્ગત ૫ એકરની મર્યાદા દૂર કરવામાં આવી હતી. આ સાથે ભારત સરકારે ખેડૂતોનાં કલ્યાણ માટે દર વર્ષે રૂા. ૮૭,૦૦૦ કરોડ ફાળવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

શ્રી મોદીએ સોઇલ હેલ્થ કાર્ડ, ઇ-નામમાંથી કૃષિ માટે પથ પ્રદર્શક યોજનાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેથી ખેડૂતોને વધારે સારા બજારો મળે અને સિંચાઈ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરી શકાય. ૩૦ મે, ૨૦૧૯નાં રોજ પ્રધાનમંત્રીએ જળ સંસાધનો સાથે સંબંધિત તમામ પાસાંઓ પર ધ્યાન આપવા નવા જળ શક્તિ મંત્રાલયની રચના કરવાનું વચન પૂર્ણ કર્યું છે.

મહાત્મા ગાંધીજીના જન્મ દિવસે બીજી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ પ્રધાનમંત્રીએ 'સ્વચ્છ ભારત અભિયાન' શરૂ કર્યું હતું, જે દેશભરમાં સ્વચ્છતા લાવવા માટે સામૂહિક જન આંદોલન બની ગયું છે. આ આંદોલનનો વ્યાપ અને અસર ઐતિહાસિક છે. અત્યારે સફાઇનો વ્યાપ વર્ષ ૨૦૧૪માં ૩૮ ટકાથી વધીને ૯૯ ટકા થયો છે. કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ખુલ્લામાં મળોત્સર્જનથી મુક્ત જાહેર થયા છે. ગંગા નદીને સ્વચ્છ કરવા માટે મહત્ત્વપૂર્ણ પગલા હાથ ધરવામાં આવ્યા છે.

**વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વચ્છ ભારત અભિયાનની પ્રશંસા કરી છે અને એવો મત વ્યક્ત કર્યો છે કે, આ યોજનાથી દર વર્ષે ત્રણ લાખ લોકોનું જીવન બચશે.**

શ્રી મોદીનું માનવું છે કે, પરિવર્તન કરવા માટે પરિવહન મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. આ કારણે ભારત સરકાર વધારે હાઈવે, રેલવે, આઇ-વે અને વોટર-વે ની દૃષ્ટિએ અત્યાધુનિક માળખાનું સર્જન કરવા માટે કામ કરે છે. ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજનાથી નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને લોકોને વધારે અનુકૂળ બનાવવામાં આવ્યું છે અને દેશનાં વિવિધ કેન્દ્રો વચ્ચે જોડાણ વધારવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ ભારતને આંતરરાષ્ટ્રીય ઉત્પાદન પાવરહાઉસ બનાવવા માટે 'મેક ઇન ઇન્ડિયા' પહેલ શરૂ કરી હતી. આ પ્રયાસનાં પરિવર્તનકારક પરિણામો મળ્યા છે. ઉદાહરણ તરીકે, વર્ષ ૨૦૧૪માં મોબાઈલ ઉત્પાદન એકમોની સંખ્યા ૨થી વધીને વર્ષ ૨૦૧૯માં ૧૨૨ થઈ હતી. ભારત સરકારે વેપાર વાણિજ્ય સરળ કરવામાં હરણફાળ ભરી છે. જેનાથી એનો ક્રમાંક વર્ષ ૨૦૧૪માં ૧૪૨ હતો, જે ૨૦૧૯માં ૭૭ થયો હતો. ભારત સરકારે વર્ષ ૨૦૧૭ના સંસદના ઐતિહાસિક સત્ર દરમિયાન જી.એસ.ટી.ની શરૂઆત કરી હતી, જેનાથી 'એક રાષ્ટ્ર, એક કર'નું સ્વપ્ન સાકાર થયું.

શ્રી મોદીનાં કાર્યકાળ દરમિયાન વિશેષ ધ્યાન ભારતનાં સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા પર આપવામાં આવ્યું છે. ભારત વિશ્વની સૌથી મોટી પ્રતિમા, ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી ધરાવે છે, જે અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને ઉચિત શ્રદ્ધાંજલી છે. આ પ્રતિમાનું નિર્માણ વિશેષ જન આંદોલન દ્વારા થયું હતું. આ પ્રતિમાનાં નિર્માણ માટે ભારતનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં ખેડૂતો પાસેથી ઓજારો અને માટી મેળવવામાં આવી હતી, જે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના જુસ્સાને વ્યક્ત કરે છે.

પ્રધાનમંત્રી મોદી પર્યાવરણ સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરવામાં મહત્તમ યોગદાન આપવા માટે ઉત્સાહી છે. તેમણે અવારનવાર સ્વચ્છ અને હરીયાળી પૃથ્વીનું નિર્માણ કરવા માટે ભાર મૂક્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી મોદીએ જળવાયુ પરિવર્તનના નવીનતમ સમાધાનો માટે તેનો એક અલગ વિભાગ ઊભો કર્યો હતો. આ જ જુસ્સો વર્ષ ૨૦૧૫માં પેરીસમાં આયોજિત સીઓપી ૨૧ શિખર સંમેલનની બેઠકમાં જોવા મળ્યો હતો, જ્યાં તેમણે ઉચ્ચ સ્તરીય ચર્ચા વિચારણામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

જળવાયુ પરિવર્તનથી એક પગલું આગળ વધીને પ્રધાનમંત્રી મોદીએ આબોહવામાં ગુણવત્તાયુક્ત પરિવર્તન વિશે વાત કરી છે. વર્ષ ૨૦૧૮માં કેટલાક દેશોનાં પ્રધાનમંત્રીઓ અને રાષ્ટ્રાધ્યક્ષો ભારતમાં આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન શરૂ કરવા આવ્યા હતા, જે વધારે હરીયાળી પૃથ્વીનું નિર્મામ કરવા માટે સૌર ઉર્જાનો ઉપયોગ કરવાનો એક અભિનવ પ્રયોગ છે.

**પર્યાવરણના સંરક્ષણના પ્રયાસો કરવા બદલ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રધાનમંત્રીને 'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.**

જળવાયુ પરિવર્તનથી આપણી પૃથ્વી પર કુદરતી આપત્તિઓનું જોખમ વધી રહ્યું છે. એ હકીકતથી સંપૂર્ણપણે વાકેફ શ્રી મોદીએ આપત્તિનાં વ્યવસ્થાપનનો, ટેકનોલોજીની ક્ષમતા

અને માનવીય સંસાધનનો ઉપયોગ કરવાનો નવો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી તરીકે તેમણે ગુજરાતમાં પરિવર્તનનો પવન ફૂંક્યો હતો, જ્યાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નાં રોજ મહાવિનાશક ધરતીકંપ આવ્યો હતો. **એ જ રીતે તેમણે ગુજરાતમાં પૂર અને દુષ્કાળનો સામનો કરવા નવી વ્યવસ્થાઓ પ્રસ્તુત કરી હતી, જેની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ હતી.**

વહીવટી સુધારા દ્વારા શ્રી મોદીએ હંમેશાં નાગરિકોને પ્રાથમિકતા આપી છે. ગુજરાતમાં તેમણે લોકોની સમસ્યાઓનું સમાધાન કરવા સંધ્યા અદાલતની શરૂઆત કરવાનો નવો અભિગમ વિકસાવ્યો હતો. કેન્દ્ર સરકારમાં પણ તેમણે પ્રગતિ (પ્રો-એક્ટીવ ગવર્નન્સ એન્ડ ટાઇમલી ઈમ્પ્લીમેન્ટેશન)ની શરૂઆત દેશની વૃદ્ધિ માટેનો માર્ગ મોકળો કરવા વિલંબિત પ્રોજેક્ટનાં ઝડપી અમલીકરણ માટે કરી હતી.

શ્રી મોદીની વિદેશી નીતિની પહેલોએ ખરા અર્થમાં ભારતની ક્ષમતાને વ્યક્ત કરી છે અને વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે અસરકારક ભૂમિકા ભજવી છે. તેમણે પોતાનાં કાર્યકાળની શરૂઆત સાર્ક દેશોનાં તમામ વડાઓની હાજરીમાં કરી હતી અને બીજા કાર્યકાળની શરૂઆતમાં બિમ્સટેકનાં નેતાઓને આમંત્રણ આપ્યું હતું. **સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં તેમના સંબોધનની દુનિયાભરમાં પ્રશંસા થઈ હતી.** શ્રી મોદી ૧૭ વર્ષનાં ગાળા પછી નેપાળની, ૨૮ વર્ષ પછી ઓસ્ટ્રેલિયાની, ૩૧ વર્ષ પછી ફિજીની અને ૩૪ વર્ષ પછી યુ.એ.ઈ. અને સેશેલ્સની દ્વિપક્ષીય મુલાકાત લેનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા હતા. શ્રી મોદી સંયુક્ત રાષ્ટ્ર, બ્રિક્સ, સાર્ક અને જી-૨૦નાં શિખર સંમેલનોમાં પણ સામેલ થયા છે, જ્યાં આંતરરાષ્ટ્રીય સ્તરનાં વિવિધ આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર ભારતનાં હસ્તક્ષેપો અને અભિપ્રાયોની વ્યાપક પ્રશંસા થઈ હતી.

પ્રધાનમંત્રી મોદીને **સાઉદી અરેબિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન** 'સાશ ઑફ કિંગ અબ્દુલ અઝીઝ' સહિત વિવિધ દેશોનાં સર્વોચ્ચ સન્માનો એનાયત કરવામાં આવ્યા છે. શ્રી મોદીને **રશિયાનું સર્વોચ્ચ સન્માન** (ધ ઓર્ડર ઓફ ધ હોલી એપોસ્ટલ એન્ડ્રુ ધ ફર્સ્ટ), **પેલેસ્ટાઇનનું સર્વોચ્ચ સન્માન** (ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઇન), **અફઘાનિસ્તાન** (આમિર અમાનુલ્લાહ ખાન એવોર્ડ), **યુ.એ.ઇ.નું સર્વોચ્ચ સન્માન** (ઝાયેદ મેડલ) અને **માલદીવનું સર્વોચ્ચ સન્માન** (રૂલ ઓફ નિશાન ઇઝ્ઝુદ્દીન) એનાયત થયા હતા. **વર્ષ ૨૦૧૮માં પ્રધાનમંત્રીને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને વિકાસ માટેનાં પ્રયાસોમાં યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'સીઓલ પીસ પ્રાઇસ' પ્રાપ્ત થયું હતું.**

નરેન્દ્ર મોદીના 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવાની અપીલને સંયુક્ત રાષ્ટ્રએ જબરદસ્ત આવકાર આપ્યો હતો. સૌપ્રથમ દુનિયાભરના ૧૭૭ દેશો એક મંચ પર આવી અને સંયુક્ત રાષ્ટ્રમાં ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવનાં નિર્ણયનો ઠરાવ પસાર કરવામાં પોતાની સહમતિ દર્શાવી હતી.

**શ્રી મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦નાં રોજ ગુજરાતના એક નાના શહેર વડનગરમાં થયો હતો.** તેમનો પરિવાર 'અન્ય પછાત વર્ગ' (ઓબીસી) સાથે સંબંધિત છે, જે સમાજના વંચિત સમુદાયોમાં સ્થાન ધરાવે છે. તેમનો ઉછેર ગરીબીમાં થયો હતો, પણ પ્રેમાળ કુટુંબ નાણાંની તંગી વચ્ચે પણ હળીમળીને રહેતું હતું. જીવનની પ્રારંભિક અવસ્થામાં એમને મહેનતનું મૂલ્ય શીખવા મળવાની સાથે એમને સામાન્ય નાગરિકોની ટાળી શકાય એવી સમસ્યાઓ પણ જાણવા મળી હતી. એનાથી તેઓ યુવાવસ્થામાં જ લોકો અને દેશની સેવા કરવા પ્રેરીત થયા હતા. પોતાના શરૂઆતના વર્ષમાં તેમણે રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબધ્ધ સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) સાથે કામ કર્યું હતું અને પછી પોતાની જાતને રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે ભારતીય જનતા પક્ષમાં રાજકીય કાર્ય માટે સમર્પિત કરી દીધી હતી. **શ્રી મોદીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજ્યશાસ્ત્રમાં એમ.એ. (માસ્ટર ઓફ આર્ટસ) કર્યું હતું.**

નરેન્દ્ર મોદી લોકોના નેતા છે, જે જનતાની સમસ્યાઓનું સમાધાન કરવા અને તેમની સુખાકારી વધારવા સમર્પિત છે. એમના માટે લોકોની વચ્ચે રહેવું, તેમની સાથે ખુશીઓ વહેંચવી અને તેમના દુઃખો દૂર કરવાથી વિશેષ સંતોષની બાબત બીજી કોઈ નથી. તેઓ લોકો સાથે અંગત સંપર્ક જાળવવાની સાથે સાથે ઓનલાઇન માધ્યમોમાં પણ સારી હાજરી ધરાવે છે. તેઓ ભારતના સૌથી વધુ ટેકનો-સેવી નેતા તરીકે જાણીતા છે. લોકો સુધી પહોંચવા માટે વેબનો ઉપયોગ કરે છે અને તેમનાં જીવનમાં પરિવર્તન લાવે છે. તેઓ ફેસબુક, ટ્વિટર, ઇન્સ્ટાગ્રામ, સાઉન્ડ ક્લાઉડ, લીન્કડ ઇન, વેઇબો અને અન્ય ફોરમ પર સક્રિય છે.

**રાજકારણ ઉપરાંત નરેન્દ્ર મોદી લેખનકળામાં પારંગત છે. તેમણે કેટલાક પુસ્તકો પણ લખ્યા છે, જેમાં કવિતાઓ પરનું પુસ્તક પણ સામેલ છે. તેઓ દિવસની શરૂઆત યોગથી કરે છે, જે શરીર અને મન બંનેને મજબૂતી આપે છે તેમજ ઝડપી જીવનમાં શાંતિ અને એકાગ્રતા પ્રદાન કરે છે.**

*સંદર્ભ : https://www.pmindia.gov.in*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

# ગુજરાતના ભામાશા : નાનજી કાલીદાસ મહેતા

*ગુજરાતના ઈતિહાસમાં જેમને ક્યારેય ભૂલી શકાય નહીં... જેમનું ઋણ સદા ગુજરાત પર છે, જેમનો વતન પ્રેમ કેમ ભૂલી શકાય!!! એવા ગુજરાતના ભામાશા... નાનજી કાલીદાસ મહેતા....*

(આછી ઓળખ આપું તો અભિનેત્રી જુહી ચાવલાના પતિ જય મહેતાના દાદા)

*જન્મ : ૧૮૮૭*
*સ્વર્ગવાસ : ૨૫ ઓગસ્ટ, ૧૯૬૯*

જેમના જન્મને ૧૩૬ વર્ષ થયા એવા ગુજરાતી ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાના દાનકર્મને આજે યાદ કરવા જેવા છે. આપણે ત્યાં કોઈ માણસ ખૂબ ઉદારતા દાખવે ત્યારે એને 'ભામાશા'ની ઉપમા અપાય છે. કોણ હતો આ ભામાશા? તેનો જવાબ એ છે કે રાજસ્થાનના મહારાણા પ્રતાપ જ્યારે મોગલો સામે લડતા હતા ત્યારે એક તબક્કે ધનના અભાવથી નિરાશ થઈ ગયેલા. તે વખતે આ ધનિક વેપારીએ પોતાનું ધન મહારાણા પ્રતાપના ચરણોમાં મૂકીને કહ્યું હતું કે, તમે મોગલો સામેનું યુદ્ધ ચાલુ રાખો, તમને ધનની કમી નહીં પડે. 'ભામાશા'ની ઉદારતા માટે કોઈ બેમત નથી. પરંતુ આપણી કમનસીબી એવી રહી છે કે આપણે ક્યારેય ગુજરાતમાં થઈ ગયેલા 'ભામાશા'ને યાદ કરતા જ નથી. 'ભામાશા' જેવી જ અનેક કથાઓ ગુજરાતમાંથી પણ મળે, પણ આપણે તો પાછા રાષ્ટ્રવાદીઓ! એટલે આપણા પોતાના 'જણ'ને ખભે ઊંચકતા શરમાઈએ. રખેને સંકુચિતવાદી ગણાઈ જઈએ તો? આ વાત માત્ર આક્ષેપ કરવાના ભાવથી કે ઉકળાટ ઠાલવવાના ધખારાથી નથી લખી, પણ આપણા સપૂતોને ન્યાય આપવાની આપણી ઉદાસીનતા ઉજાગર કરવા માટે લખી છે અને **એટલે આજે આપણે જેને 'ભામાશા' કહી શકીએ એવા એક શ્રેષ્ઠીની વાત કરવી છે.**

જેમની વાત આજે માંડવી છે તે શ્રેષ્ઠીનું નામ છે નાનજી કાલીદાસ મહેતા. (નવી પેઢીને કહી શકાય કે અભિનેત્રી જુહી ચાવલાના પતિ જય મહેતાના તેઓ દાદા થાય!) તેમની ૧૩૬મી જન્મ જયંતીનું આ વર્ષ છે અને એમણે પોરબંદરમાં સ્થાપેલી ગુરૂકુળની સ્થાપનાનું ૭૮મું વર્ષ છે. આ નાનજી શેઠને 'ભામાશા' કેમ ગણવા તેની વાત કરવી છે. આઝાદી પછી હજુ ભાષાવાર રાજ્યોની રચના થઈ નહોતી. વહીવટી તંત્ર પણ નવું હતું. એટલે એ વખતે જે ભારતીય શાસકોએ વહીવટ હાથમાં લીધો તે સૌની ભરપૂર કસોટી થઈ હતી. આવું ૧૯૪૮થી ૧૯૫૬ સુધી અસ્તિત્વમાં રહેલા સૌરાષ્ટ્ર રાજ્યમાં પણ બન્યું. આ રાજ્યના મુખ્યમંત્રીપદે ઉચ્છંગરાય ઢેબર હતા. આ વિચક્ષણ મહાનુભાવે સૌરાષ્ટ્રમાં આવેલા ૨૦૦થી પણ વધારે રજવાડાના એકીકરણ પછી શાસનધૂરા સંભાળી ત્યારે અનેક પડકારો તેમની સામે આવેલા અને એ બધાનો મુકાબલો તેઓએ સફળતાપૂર્વક કરેલો. આમાં એક આર્થિક પ્રશ્ન થયો ત્યારે શું થયું? તે વાતમાં નાનજી શેઠ આવે છે. બન્યું એવું કે સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના પછી તેના કર્મચારીઓનો પહેલો પગાર આપવાના પૈસા સરકાર પાસે નહોતા. જો પ્રથમ પગાર જ કર્મચારીને ન ચૂકવાય તો એક અવિશ્વાસ અને અકર્મણ્યતાનું વાતાવરણ ઊભું થાય. આ વાત સમજતા ઢેબરભાઈએ તેનો ઉકેલ શોધી કાઢ્યો અને પોતાની મોટર લઈને પોરબંદરની વાટ પકડી. અતિ ઝડપી ગતિએ પોરબંદર પહોંચ્યા અને નાનજી શેઠને ફોન કર્યો કે હું આવ્યો છું. તે વખતે બપોરનો સમય. એટલે નાનજી શેઠે કહ્યું કે પોરબંદરમાં ફુવારાની સામે આવેલા મારા 'સ્વસ્તિક' બંગલે આવો. સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી તેમના ઘેર ગયા. મળતાવેંત નાનજી શેઠે કહ્યું કે, 'બીજી બધી વાત પછી. રોંઢા ટાણે આવ્યા છો એટલે પહેલા જમી લઈએ.' આમ કહી શેઠે ભોજનના પાટલા મંડાવ્યા અને ઢેબરભાઈ સાથે જમ્યા. જમ્યા બાદ ઢેબરભાઈએ સરકારની આર્થિક મુશ્કેલીની વાત કરી. એટલે નાનજી શેઠે તરત જ તેમની મહારાણા મિલના મેનેજર ગણાત્રાને ફોન કર્યો અને કહ્યું કે, 'ચેકબુક લઈને ઘરે આવો.' હુકમ થતા જ મેનેજર નાનજી શેઠના નિવાસે પહોંચ્યા. **નાનજી શેઠે ઢેબરભાઈને કહ્યું કે, બોલો, કેટલા રૂપિયાની જરૂર છે? ત્યારે ઢેબરભાઈએ કહ્યું કે, 'રૂપિયા ત્રીસ લાખની જરૂર છે.' શેઠે તરત જ રૂપિયા ત્રીસ લાખનો ચેક લખીને ઢેબરભાઈના હાથમાં મૂકી દીધો. આ રકમ સંપૂર્ણ બિનશરતી અને ગ્રાન્ટ તરીકે અપાયેલી, લોન તરીકે નહીં. (એ વખતે રૂપિયો ગાડાના પૈડા જેવડો હતો.)**

બોલો, કેવી મહાન ઉદારતા હશે એ શ્રેષ્ઠી મહાજનની, કે જેમણે પળનોય વિલંબ કર્યા વગર આવડી મોટી રકમ ઊગીને ઊભા થતા લોકશાહી રાજ્યને અર્પણ કરી દીધી! **આપણું પ્રજાસત્તાક તંત્ર અને લોકશાહી આટલા વર્ષોથી ટકી છે તેના પાયામાં આવા અનેક દાન અને બલિદાન રહ્યા છે. જે વાત આજની પેઢી સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે.** આ નાનજી કાલીદાસ શેઠે અનેક વિટંબણાઓ વેઠીને, દરિયાપાર જઈને સફળતાપૂર્વક વેપાર કરેલો અને પછી પોરબંદરમાં સ્થિર થયેલા.

આ શ્રેષ્ઠી મહાજનની અપાર ઉદારતામાંથી ઉદ્ભવેલી એક બીજી ઘટના પણ નોંધીએ.

સૌરાષ્ટ્રમાં પ્રાથમિક શાળાઓની મોટી મુશ્કેલીઓ હતી વર્ગખંડોની. એ ભગીરથ કાર્ય પણ આ ભામાશાએ પૂર્ણ કર્યું.

- **સોનગઢ ગુરૂકુલની સ્થાપના :**

પોરબંદરમાં મહાત્મા ગાંધીજીના જન્મ સ્થાનને રાષ્ટ્રીય કક્ષાનું સ્મારક બનાવવાનો યશ પણ આ શ્રેષ્ઠીવર્યને જાય છે. વાત જાણે એમ બની કે પોરબંદરના સપૂત મહાત્મા ગાંધીનું પોરબંદરમાં કોઈ કાયમી સ્મરણ રહેવું જોઈએ એવો વિચાર નાનજી શેઠને આવ્યો. એટલે પંચગિની ખાતેના તેના નિવાસ સ્થાને મહાત્માજી આરામ કરવા આવ્યા ત્યારે નાનજી કાળીદાસે આ લાગણીભર્યો પ્રસ્તાવ મહાત્માજી પાસે મૂક્યો. ગાંધીજીએ કહ્યું કે એ મકાનમાં મારા અનેક સગાસંબંધીઓનો ભાગ છે. એટલે એ બધા હા પાડે અને તમને સોંપે તો કામ થઈ શકે. વળી ત્યાં મારી મૂર્તિ કે અન્ય કશુંય મૂકાવું ન જોઈએ. ત્યાં રચનાત્મક કાર્યો થવા જોઈએ. **નાનજી શેઠે મહાત્માજીની તમામ વાત, લાગણી અને શરત મંજૂર રાખીને મહાત્માજીના જન્મ સ્થાનને યથાતથ જાળવીને સુંદર સ્મારક ઊભું કર્યું.** આ ઉપરાંત આ અર્થવીરે ૧૯૦૧થી ૧૯૧૦ દરમિયાન પોરબંદર અને તેની આસપાસના ગ્રામ પંથકના આશરે ૧૦,૦૦૦ જેટલા લોકોને આફ્રિકા બોલાવી એમને રોજીરોટી આપી હતી. આમાં મહેર જ્ઞાતિના લોકો વિશેષ હતા. એટલે આજે મહેર જ્ઞાતિના જે લોકો પરદેશમાં સમૃદ્ધિથી જીવે છે તેના પાયામાં નાનજી કાલીદાસે કરેલી પહેલ ગણી શકાય. આ શેઠે પોતાના મહારાણા મિલના કમ્પાઉન્ડમાં જ કોંગ્રેસનું અધિવેશન પણ બોલાવેલું. **તેમણે સ્થાપેલું આર્યકન્યા ગુરૂકુળ તો આજે વિશ્વભરમાં જાણીતું છે.** ભારતના અનેક રાષ્ટ્રપતિઓ અને વડાપ્રધાનોએ તેની મુલાકાત લઈને તેની ભરપૂર પ્રશંસા કરી છે. ગુજરાતના આ એક સપૂતને આપણે વીસરી ન જઈએ તે આપણા સંસ્કાર છે અને તે આપણી ફરજ પણ છે. ઇતિ સિદ્ધમ.

'રામની વાડી ગામ આખાની હોય ન એને વાડ, બાંધ જો તારું ચાલતું હોય તો આભને આડે આડ.'

**સાહસિક શાહ-સોદાગર અને કર્મનિષ્ઠ ઉદારચરિત ઉદ્યોગપતિ ઇ.સ. ૧૮૮૭માં જામનગર રાજ્યના નાના ગામ ગોરાણમાં જન્મ્યા.** એમના પિતા કાલીદાસ પરચૂરણ ચીજોના વેપારી. તેમના ધાર્મિક સ્વભાવે વૈષ્ણવ સંસ્કારના બીજ રોપ્યા. માતા જમનાબાઈની કડક પણ વાત્સલ્યપૂર્ણ પ્રકૃતિએ જીવનમાં શિસ્ત અને સહાનુભૂતિના ભાવ પેદા કર્યા. એક ભયંકર સમુદ્રી તોફાનમાંથી સલામત બચી આફ્રિકાના મજંગા નામના ગામમાં વડીલ બંધુ સાથે વેપારમાં જોડાયા. મોટાભાઈ ત્યાંથી દક્ષિણ આફ્રિકા ગયા અને નાનજીભાઈ સ્વદેશ પરત આવ્યા. દેશમાં આવી માતા-પિતાની ગોદમાં ગોઠવાયા. પણ દેશમાં ચેન ન પડે. ઇ.સ. ૧૯૦૫માં બીજી સફર ઉપાડી જંગબાર પહોંચ્યા. સામાન્ય મહેતાજીની નોકરી મળી. મનની મહેચ્છાને નોકરી કેમ રૂચે? **યુગાન્ડાના કમલી નામના એક નાના ગામમાં આવ્યા. સખત પરિશ્રમ કરી પોતાના હાથે નાની દુકાન ઊભી કરી સ્વતંત્ર વ્યાપારના શ્રીગણેશ માંડ્યા.** ધીમે ધીમે એકમાંથી અઢાર દુકાનોના માલિક બન્યા. વળી થોડો સમય દેશમાં આવ્યા. ફરી આફ્રિકાની સફર. આ વખતે કમલીમાં પહેલી જીનિંગ ફેક્ટરી નાંખી અને થોડા સમયમાં બાવીસ ફેક્ટરીના માલિક બન્યા. ઇ.સ. ૧૯૪૨માં યુગાન્ડામાં સુગર ફેક્ટરી શરૂ કરી. પછી દેશ-પરદેશમાં અનેક ઉદ્યોગ ધંધા વિકસતા ગયા. કેતકીનાં વિશાળ ખેતરો, રબ્બર, ચા-કોફીના પ્લાન્ટેશન વગેરે ઉદ્યોગમાં બરકત મળતી ગઈ. પોરબંદરમાં મહારાણા મિલ્સ શરૂ કરી. સ્વદેશથી અનેક સાહસી યુવાનોને પરદેશમાં સ્થિર કર્યા. થોડા વખતમાં જ ઉદ્યોગપતિ તરીકે તેમની નામના પ્રસરી. **જીવનની ઉત્તરાવસ્થા તેઓએ પોરબંદરમાં ગાળી. રાણાવાવ પાસે સૌરાષ્ટ્ર સિમેન્ટ એન્ડ કેમિકલ્સની સ્થાપના કરી.** નાનજીભાઈએ મેળવેલી સંપત્તિનો યજ્ઞબુદ્ધિથી વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. તેમણે કરોડો રૂપિયા દાન પેટે આપ્યા હતા. **પોરબંદરમાં આર્યકન્યા ગુરૂકુળ અને મહિલા કોલેજ સ્થાપી દેશની મહિલાઓની અપ્રતિમ સેવા બજાવી છે. પોરબંદર ખાતે મહાત્મા ગાંધીના જન્મ સ્થાનનું કીર્તિ મંદિરમાં રૂપાંતર. જવાહર નહેરુ પ્લેનેટોરીયમ, ભારત મંદિર અને મહર્ષિ વિજ્ઞાન મહાવિદ્યાલય જેવી સંસ્થાઓના સર્જન દ્વારા ભારતીય સંસ્કૃતિએ ભાખેલું ઋષિઋણ અનન્ય ભાવે ચૂકવ્યું છે.** તેઓ સમાજ સુધારક, ધર્મ સુધારક અને કન્યા કેળવણીના પ્રખર પુરસ્કર્તા હતા. અઢળક સંપત્તિ વચ્ચે એમણે અંગત જીવનમાં ગૌરવપૂર્ણ સાદાઈની જ પ્રતિષ્ઠા કરી હતી. **બ્રિટીશ સરકારે એમ.બી.ઈ.નો ખિતાબ, પોરબંદર રાજ્યે 'રાજ્યરત્ન'નો ઇલકાબ અને નવાનગર સંસ્થાને 'ઓર્ડર ઓફ મેરીટ'નું બહુમાન અર્પણ કરેલ.** ■

# અચલગચ્છાધિપતિ
# આચાર્ય કલાપ્રભસૂરિજીની જીવન કથા



વસંત ઉમરશી મારૂ

આજથી એંસી નેવું વર્ષ પહેલા નવાવાસ ગામમાં પ્રેમકુંવરબા નામના સાવલા કુળના એક જૈન વીરાંગના રહેતા હતા. પ્રેમકુંવરબા વીરાંગના હતા કારણકે પોતાના ચારે ચાર સંતાનો દીક્ષા લે એવું સ્વપ્ન એમણે જોયું હતું. પોતાની વૃદ્ધાવસ્થામાં સંભાળ કોણ રાખશે એ વિચારની પરવા કર્યા વગર એમણે પોતાના સંતાનોને જૈન શાસનને સમર્પિત કરવાના ઓરતા રાખ્યા હતા.

બે દીકરા અને બે દીકરી – એ ચારે સંતાનોમાંથી ત્રણ સંતાનો પ્રવીણા, મંજુલા અને ભરતના ભાગ્યમાં દીક્ષા લેવાનું નો'તું લખાયું પણ દીકરા કિશોરે આચાર્ય ગુણસાગરસૂરિજી પાસે દીક્ષા લીધી. મુનિરાજ કલાપ્રભ બન્યા અને છેવટે અચલગચ્છના ગચ્છાધિપતિ બની શાસન સમ્રાટ બન્યા!!

એમના પિતા રતનશીબાપા મુંબઈમાં નોકરી કરતા હતા અને બા પ્રેમકુંવરબાઈ કચ્છના નવાવાસ ગામમાં સંસાર સાચવતા. ગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભજી (સંસારી નામ : કિશોર)નું આ બ્રહ્માંડમાં આગમન થયું એ પહેલાં જ્યારે એમના માતાના પેટમાં હતા ત્યારે પોતાના દિવ્ય આગમનના અણસાર માતાને આપ્યા હતા.

પ્રેમકુંવરબાઈને એક મધ્ય રાત્રીએ સૂર્યોદયનું અલૌકિક સ્વપ્ન આવ્યું. મધ્યરાત્રીએ ઊંઘમાં સૂર્યોદયનું સ્વપ્ન જોઈ માતા આનંદિત થઈ ગયા. અનાયાસે હરખાઈ ગયા. મધ્યરાત્રીએ જ સામાયિક આદિ ધર્મકાર્ય કર્યું.

બીજા દિવસે જાણકાર પંડિત પાસે સ્વપ્નનો અર્થ જાણવા પહોંચી ગયા. જાણકાર પંડિતે જણાવ્યું કે, તીર્થંકર દેવની માતાઓને ચૌદ સ્વપ્નો આવ્યા હતા, તેમ તમને આવેલ સ્વપ્નનો અર્થ બહુ શુકનવંતો છે. આવનાર બાળક મહાપ્રતાપી બની ધર્મરક્ષક બનશે. માતા પ્રેમકુંવરબાઈ હરખાઈ ઉઠ્યા.

આવો એક બીજો પ્રસંગ પણ નોંધાયો છે. બાળ કિશોરને ન્યુમોનિયા થયો. એ જમાનામાં ન્યુમોનિયામાંથી ભાગ્યે જ કોઈ બચી શકતું. બાળ કિશોર કણસવા લાગ્યા. ધીરે ધીરે એના શ્વાસ ખૂટવા લાગ્યા. ડૉક્ટરે પણ આશા છોડી દીધી. પણ વિહવળ માતા પ્રેમકુંવરબાઈ નવકારનું સ્મરણ કરતા કરતા બાળકને બચાવવા ઝઝુમવા લાગ્યા.

ત્યાં ગામના કોઈ ડોશીમાએ એક દઝાડી દે એવો ઉપાય એમને સૂચવ્યો. ધગધગતી ગરમ રેતીથી હળવો શેક કરવાનો એ ઉપાય હતો. પ્રેમકુંવરબાઈએ હૈયા પર પથ્થર રાખી કુમળા બાળ કિશોરને ધગધગતી રેતીનો શેક કર્યો અને જાણે ચમત્કાર થયો. મૃત્યુને સ્પર્શી કિસોર પાછો ફર્યો અને મા હરખાઈ ઉઠ્યા!!

પોતાના સંતાનોમાં ધર્મભાવના સતત જાગૃત રાખી. કિશોર અને ભરત, પ્રવીણાબેન અને મંજુબેન બાળપણથી જ કરુણાથી છલકાતા હતા. શેરીના ગલુડિયાથી લઈ કચ્છની ઠંડીમાં થરથર ધ્રુજતી ગાયો માટે સદાય અનુકંપા ચારે ભાઈ-બહેનોમાં રહેતી.

નવાવાસ ગામમાં પધારતા સાધુ સાધ્વીજીઓ તરફ કિશોરને બહુ અનુરાગ હતો. એમની પાસે જૈન વાર્તાઓ સાંભળવા ઉપાશ્રયમાં દોડી જતો. થાકેલા મહાત્માઓના પગ દબાવતો. ગોચરી પાણી વહોરાવવા એમને આગ્રહપૂર્વક પોતાના ઘરે લઈ આવતો. બીજા શ્રાવકોને પણ એનો લાભ આપવા વિનંતી કરતો.

આચાર્ય ગુણસાગરસૂરિજી બહુ દીર્ઘદૃષ્ટા હતા. પરદેશી સંસ્કૃતિના આક્રમણને બરાબર પિછાણી લીધો હતો. એટલે ઈતિહાસ બની ગયેલી બિહારની નાલંદા વિદ્યાપીઠ જેવી વિદ્યાપીઠ કચ્છમાં ખોલવાનું નક્કી કર્યું. જૈન તત્ત્વ શીખવાડતી, સમય સાથે કદમ મેળવતા અભ્યાસને એમાં સ્થાન અપાયું. મેરાઉ ખાતે આવેલી આ આર્યરક્ષિત વિદ્યાપીઠના પ્રથમ ચાર વિદ્યાર્થીમાંના એક મારા મોટાભાઈ કલ્યાણજીભાઈ ઉમરશી મારૂ (કોડાય) હતા.

પ્રેમકુંવરબાઈએ પોતાના બંને લાડકા દીકરાઓને આ મેરાઉ વિદ્યાપીઠમાં દાકલ કર્યા. બંને ખુશી ખુશી ત્યાં ધર્મ અને વ્યવહારીક અભ્યાસ કરવા લાગ્યા. ગણિત અને સંસ્કૃતના અભ્યાસ માટે વિદ્યાપીઠ આખા કચ્છમાં પ્રથમ સ્થાને આવતી. બાળ કિશોરને વિદ્યાપીઠની લાઈબ્રેરી બહુ ગમતી. ત્યાં ફાજલ સમય વિતાવતા અને જ્ઞાન મેળવતા. ઉપરાંત મેરાઉ ગામમાં પધારતા સાધુ - સાધ્વીજીઓ સાથે પોતાની જ્ઞાનની તરસ મિટાવતા.

એક વાર આચાર્ય ગુણસાગરસૂરિજીએ પોતાના શિષ્ય મુનિ ગુણોદયનું માથું પોતાના પગ વચ્ચે રાખી એમના વાળનું લોચન કરતા હતા. મુનિરાજ ગુણોદયના એક એક વાળ ખેંચાતા ગયા. મુનિરાજ આનંદથી આ ક્રિયામાં ઓતપ્રોત હતા. પણ આ દૃશ્ય જોઈ કિશોર અને ભરત હચમચી ગયા અને ભાગીને નવાસ પાછા આવી ગયા અને વિદ્યાપીઠમાં પાછા ન જવાની જીદ કરી.

પણ મક્કમ મનના પ્રેમકુંવરબાઈ વહાલથી એમને વિદ્યાપીઠમાં પાછા જવા સમજાવવા લાગ્યા. છતાં બંને ભાઈઓએ

પાછા ન જવાની જીદ પકડી. જ્યારે ખુદ મુનિરાજ ગુણોદયને લોચની કોઈ પીડા નો'તી થતી, તો આ સંસારી બાળકો એનાથી ડરીને સંયમ પથથી વિચલિત થઈ જાય એ આ વીરાંગના માતાથી કેમ સહેવાય? એટલે પ્રેમકુંવરબાઈએ જો બંને ભાઈઓ વિદ્યાપીઠ ભણવા પાછા નહીં જાય તો અન્નજળ ત્યાગ કરવાનું જાહેર કર્યું અને બંને બાળકો માતાની આવી ખુમારી જોઈ મેરાઉ વિદ્યાપીઠ પાછા ફર્યા.

ભરતભાઈને જૈન ધર્મની ગજબની લગની હોવા છતાં પૂર્વ ભવના કર્મોના કારણે સંયમ પંથે ન જઈ શક્યા પણ મોટાભાઈ કિશોરભાઈ ધીરે ધીરે સંયમના રંગથી રંગાવા લાગ્યા. રીસેસના સમયે મેરાઉ ઉપાશ્રયમાં બિરાજમાન સાધ્વીજી હીરપ્રભા મ.સા. સાથે જૈન તત્ત્વ ઈત્યાદિની ચર્ચા કરવા જઈ જીવનની ક્ષણ ક્ષણનો ઉપયોગ કરતા.

એકવાર આવી જ ચર્ચા કરતા કરતા લેટ થઈ જવાથી એમના પ્રિય ગુરૂજી પ્રેમચંદભાઈ બૌઆએ ઠપકો આપ્યો અને કિશોર રીસાઈ ગયા. સમય પારખીને સાધ્વીજી હીરપ્રભા મ.સા. એમને ભુજપુરમાં ચાતુર્માસ કરી રહેલ આચાર્ય ગુણસાગરસૂરિજી પાસે જવાનું સૂચન કર્યું. કિશોરજીએ ગુરૂદેવનું શરણું મેળવવા ભુજપુર ગામ ગયા. ત્યાં એમણે દીક્ષાની ભાવના અભિવ્યક્ત કરી અને આચાર્યજીએ એમના ભાવ ચકાસી દીક્ષા આપવા સહમત થયા.

ભુજપુર ગામમાં જે દીક્ષાર્થીઓની દીક્ષા યોજાઈ એમાંથી ભવિષ્યમાં કલાપ્રભસૂરિજી ઉપરાંત વીરભદ્રસાગરસૂરિજી, કવિન્દ્રસાગરસૂરિજી એમ ત્રણ આચાર્ય સાહેબો શાસનને પ્રાપ્ત થવાના હતા.

દીક્ષા પહેલા સંઘરત્ન શામજીભાઈ જખુભાઈ ગાલાએ આગ્રહપૂર્વક દીક્ષાર્થીઓને સમેત શિખર જાત્રા કરાવી. એ ગુરૂદેવ કલાપ્રભસૂરિજીનો છેલ્લો રેલવે પ્રવાસ હતો. ત્યારબાદ પચાસેક વર્ષમાં લાખો કિલોમીટર પગે ભારત ભ્રમણ કરી અચલગચ્છનો ડંકો વગાડ્યો છે. જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો છે. મુમુક્ષુઓને દીક્ષા આપી છે. દહેરાસરોની પ્રતિષ્ઠા કરી છે, ઉપાશ્રયો અને પાઠશાળાઓ માટે પ્રેરણા આપી છે.

ગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભસૂરિજીનું સૌથી મોટું કાર્ય સંશોધન અને સર્જનનું છે. પરિણામ સ્વરૂપે ગુજરાતી મિડ-ડે જેવા પ્રસિદ્ધ અખબારમાં છેલ્લા બે વર્ષથી, પર્યુષણ પ્રસંગે એમના જ્ઞાનસભર લેખો પ્રસિદ્ધ થાય છે. જે લોકપ્રિય થયા છે. એમને વંદન.

અચલગચ્છના સાડા નવસોથી વધુ વર્ષનો ઈતિહાસ આલેખતું નાટક મેં લખ્યું છે. એના આધારે આ લેખ લખાયો છે. મુનિરાજ હેમચંદ્રસાગર મ.સા., રામજીભાઈ ધરોડ તથા હરખચંદભાઈ વીસરીયા અને સી.ટી. પરિવારનો આભાર માની વિરમું છું. અસ્તુ.

*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*

## ગુજરાતી ભાષાનું મહત્ત્વ

**(અનુસંધાન : પાના નં. – ૪૩ ઉપરથી ચાલુ)**

આજે દેશ આઝીદાના ૭૫મા અમૃત મહોત્સવની ઉજવણી પૂર્ણ કરી રહ્યો છે. તે સમયે વિશ્વની વંદનીય વિભૂતિ મહાત્મા ગાંધી આશ્રમમાં મુલાકાત લેતા મુલાકાતીઓ આશ્રમ અંગે તેમના અનુભવ અને અનુભૂતિને મુલાકાત પોથીમાં તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ષષ્ઠી પૂર્તિ વર્ષની ઉજવણી કરી રહ્યો છે તે સમયે અનેક સંસ્થા તેના વાર્ષિક સામાન્ય સભામાં સભ્યએ હાજરી આપી હતી તેની નોંધ લેવા માટે દરેક સભ્યએ હાજરી પત્રકમાં નામ અને સહી પોતાની માતૃભાષામાં કરવાને બદલે અંગ્રેજીમાં કરે છે.

અંગ્રેજીની મોહની એવી છે કે સૌ કોઈ અંજાઈ જાય છે. મમ્મી-પપ્પા અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવવા આકાશ પાતાળ એક કરવા, મોંઘી ફી ખર્ચ કરવા, સૌ કોઈની એક જ તમન્ના છે એમનું બાળક સારું ભણીને ડૉક્ટર કે મોટો ઓફિસર બને. તેથી જૂની અને જાણીતી ગુજરાતી દરેક શાળામાં બંધ થાય છે અને ત્યાં અંગ્રેજી માધ્યમમાં પરિવર્તન થાય છે.

અંગ્રેજી આંતરરાષ્ટ્રીય માન્ય ભાષા છે. વિશ્વમાં વસતી ચોથા ભાગની વસ્તી અંગ્રેજીમાં વહેવાર ચલાવે છે. આજે સમયને માન આપી કમ્પ્યુટર યુગમાં જવા માટે, મોબાઈલનો સારી રીતે જાણકારી મેળવવા માટે અને અન્ય રાજ્ય કે રાષ્ટ્રમાં રોજગાર મેળવવા માટે આજે અંગ્રેજી ભાષાનું શિક્ષણ મેળવવું જરૂરી બન્યું છે.

અંગ્રેજી ઝંઝાવાતી આગેકૂચમાં ગુજરાતી કેટલી ઝીંક ઝીલી શકે? નલિયાના જંગલેશ્વરના મેદાનમાં ભાષાની રસ્સાખેંચ હરીફાઈમાં એક છેડે ગુજરાતી, ગૂર્જરગિરા, ગુજલિશના સ્વરના ૧૩+ વ્યંજનના ૩૪ અને બીજા છેડે અંગ્રેજી, ઈંગ્લીશ, હિંગ્લીશના A, B, C, D ના ૨૬ અક્ષરો છે. પરિણામ જાણવા મળ્યું કે કચ્છના છેવાડા વિસ્તારના નાનકડા નલિયા શહેરમાં અંગ્રેજી માધ્યમની નર્સરી, શાળા અને હાઈસ્કૂલ ખૂલી ગઈ છે.

અંગ્રેજીની અસરને લીધે ગુજરાતી ભાષા પાંગળી બની તે ગંભીર બાબત છે. તે બાબતે ગંભીરતા લેવાતી ન હોવાથી અહીં સમગ્ર રાજ્ય વર્ષ ૨૦૪૭ પછી અંગ્રેજીમય બની ગયું છે. વિશ્વના કોઈ છેડે ગયેલા એક કચ્છી હોય ત્યાં કચ્છ ઊભું થાય છે. કચ્છી પોતાનો આંતરિક વ્યવહાર પોતાની ભાષામાં કરે છે. દેશ અને વતનપ્રેમને કારણે કચ્છી યુવતી પરદેશથી નલિયા આગમન કરે છે. અહીં તે બીમાર પડે છે. પાણીની તરસ લાગી હોવાથી નીચે જણાવેલ મોટા અક્ષરના શબ્દો ચિલ્લાઈને શહેરીજનોની હાજરીમાં તરસી બેભાન બને છે. નલિયાના વાયુ મથકથી તે બેભાન યુવતીને તેના મા-બાપ પાસે પરદેશ પહોંચાડી દે છે કારણ શહેરીજનો 'પાણી' કચ્છી શબ્દનો અર્થ સમજી શકતા નથી.

આ સમયે ભારત વિભક્ત પરિવાર, શહેરી પ્રદેશ, ઉદ્યોગ અને સ્ત્રીપ્રધાન દેશ બની ગયું છે.

**પાણી પાણી પાણી**

# કાળી મજૂરી કરી કમાણી કરનાર ભાયલીના અરવિંદ પટેલની સાફલ્ય ગાથા



મનીષ જોષી 'મૌન'

***પોતાના પર વીતી તે બીજા પર ના વીતે એ માટે સેવાની સરવાણી વહાવી સુવાસ પ્રસરાવતો "ભાયલીનો અરવિંદ."***

'કાંકરો ફેંકો તો ભાયલી ગામમાં પડે' એટલું દૂર છે વડોદરાથી ભાયલી ગામ. વર્ષ ૧૯૬૨ની ફેબ્રુઆરી માસની ૨૬ તારીખે આ ગામના ધરતીપુત્ર મંગળભાઈ પટેલના ઘરે માતા વિમળાબેનની કુખે સંતાનનો જન્મ થયો. નામ પાડ્યું અરવિંદ.

માતા-પિતાને સૌરાષ્ટ્રના સાયલાના લાલજી મહારાજ ભગતમાં ભારે આસ્થા. એટલે મા કહે, 'મારો અરવિંદ... મારો લાલ ખૂબ આગળ વધશે. લાલ ગુરુના આશિર્વાદ તેની સાથે છે' અને માના આશિર્વાદ ભવિષ્યમાં ફળવાના જ હતા.

મંગળભાઈ પાસે ખેતર ખરું. ખેતરમાં કૂવો પણ... પરંતુ ધાન ઓછું પાકે કારણ કુવાનું દિવેલિયું પાણી. ડાંગર અને ઘઉં માંડ માંડ પાકે. તેમાં સંયુક્ત કુટુંબનું અનાજ નીકળે. બાકીના ખર્ચા માટે 'એક સાંધો ત્યાં તેર તૂટે' જેવી સ્થિતિ. તેની વચ્ચે ગામની ગુજરાતી શાળા અને ત્યારબાદ પ્રગતિ વિદ્યાલયમાં ધોરણ ૧૦ સુધી અરવિંદે અભ્યાસ કર્યો. આગળ ભણવા માટે ફીના પૈસા ક્યાંથી લાવવા તે પ્રશ્ન. એટલે પિતાએ પોતાના વહાલસોયા પુત્રને ગેરેજમાં કામ કરવા માટે એમ સમજોને કે શીખવા માટે મોકલ્યો.

પિતાની આર્થિક વેદના નાનકડો અરવિંદ સુપેરે જાણતો હતો. એટલે દિલ દઈને કામ શીખવા લાગ્યો. એ પછી રેલવે સ્ટેશન નજીક સયાજીગંજ વિસ્તારમાં એક પેટી લઈ ટુ-વ્હીલર રીપેરીંગ માટે ફુટપાથ પર બેસી અરવિંદે મહાલક્ષ્મીને રીઝવવા તનતોડ મહેનત શરૂ કરી અને મહેનત ધીરે ધીરે રંગ લાવી. થોડી આવક થઈ. સાથે સારી વ્યક્તિઓની ઓળખાણો પણ થવા માંડી. તેમાં અરવિંદભાઈને તેમના બે મિત્રો રમેશભાઈ અને લુઇસભાઈએ ડી.સી.એમ. વાન ખરીદવા સલાહ આપી. અને અરવિંદભાઈએ તે અમલમાં મૂકી.

ડી.સી.એમ.માં સરગવો ભરી એક દિવસ ભાઈ રાજુ અને એક દિવસ પોતે મુંબઈના શાક માર્કેટમાં જવા લાગ્યા. અને આ વ્યવસાયમાં નવા ટ્રકો ખરીદાતા ગયા. સાથે ફુટપાથ પરનો બિઝનેસ નજીકના મનુભાઈ ટાવરમાં પટેલ ગેરેજ રૂપે શરૂ પણ થયો (આજે આ ગેરેજ તેમની સાથે કામ કરતા સાથીદાર ચલાવે છે).

આવક વધતા માણસમાં ઘમંડનો પારો ચડવા લાગે છે એમ ભલે કહેવાતું હોય પરંતુ અરવિંદભાઈ સાથે ઘમંડને વ્યસ્ત સંબંધ. એટલે પોતે કમાયા એમ બીજા જલ્દી ન કમાઈ શકે એ જાણતા હોવાથી 'પરદુઃખે ઉપકાર કરે પણ નવ અભિમાન આણે રે...' નરસિંહ મહેતાના આ પ્રભાતિયાની જેમ થાય એટલી મદદ જરૂરિયાતમંદોને કરવા લાગ્યા. એટલે એમના આશિર્વાદ પણ અંકે થવા લાગ્યા. અરવિંદભાઈની પ્રગતિથી એફ.એમ. અમીનવાળા અમરીશભાઈ વધુ ખુશ થતા. ઘરરખ્ખુ અને પતિના પગલે ચાલનારા પત્ની હેમલતાબેન અને અરવિંદભાઈએ આર્થિક પ્રગતિની સાથે સામાજિક પ્રગતિ પણ કરી. સંસારમાં મોટી દીકરી સપના, એ પછી દીકરો કુણાલ અને એ પછી પણ દીકરો જનમ્યો... જ્યારે ભગત તરીકે ઓળખાતા તેમના પિતા અને માતા હરખથી સમાતા ન હતા.

તે સમયે ભાયલીના તેમના મકાનમાં ખાળકુવા ભરાઈ ગયા. તે સફાઈ કરવા માટે વડોદરા શહેરમાં એક જ વ્યક્તિ પાસે તે સફાઈ કરતા પંપવાળી ટ્રક હતી. તે વ્યક્તિને મળવા જાય પરંતુ પાંચ દિવસ વીતી જવા છતાં તેમના તરફથી હકારાત્મક પગલું ના ભરાયું. છેવટે વધુ રૂપિયા આપી ખાળકુવો સાફ કરાવ્યો. એ સફાઈ અરવિંદભાઈએ ઝીણવટભરી નજરે જોઈ. અને ત્યારથી જ ખાળકુવા સફાઈ માટેના વ્યવસાયમાં ઝંપલાવવાનું નક્કી કર્યું અને વિચાર અમલમાં મૂક્યો. એમાં વધુ સફળતા મળી. એટલે મા અંબાના મંદિરનો જીર્ણોધ્ધાર સ્વખર્ચે કરાવ્યો. માના અને મા અંબાના આશિષથી ખેતરમાં પેટ્રોલ પંપ શરૂ કરવા માટે તજવીજ હાથ ધરી. ઓછું ભણેલા હોવાના કારણે પંપ મેળવવા માટે જરૂરી ફોર્મ અને અરજી કરવા એ જમાનામાં રૂા. ૨૫,૦૦૦/- ચૂકવ્યા. ત્યારે જ નક્કી કર્યું કે, 'હું ભલે ઓછું ભણ્યો (ખરેખર તો અરવિંદભાઈ ભણ્યા કરતા ગણ્યા વધારે છે એમ કહી શકાય) પણ પૈસાના અભાવે ભણવા માંગતા ગરીબ વિદ્યાર્થીને અભ્યાસ છોડવો નહીં પડે તેની જવાબદારી મારી' – એમ મનોમન નક્કી કર્યું અને આજ સુધી તે નિર્ધારને અમલમાં મૂકી રહ્યા છે. તેના કારણે અનેક વિદ્યાર્થીઓ ભણી ગણીને ઉચ્ચ

કક્ષાએ પહોંચી ગયા છે. આજે પણ નોટબુક વિતરણ ઉપરાંત ફીથી માંડીને અભ્યાસની જરૂરી તમામ ચીજવસ્તુઓ તેઓ ભાયલી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અને શાળાઓને પૂરી પાડે છે. 'વિદ્યાદાન એજ મહાદાન' – એ ઉક્તિને અરવિંદભાઈએ સો ટકા સાચી ઠેરવી છે.

તેઓ ત્યાંથી અટક્યા નથી. ગામડાંમાં મેડિકલ ટેસ્ટ કરવા માટે લેબોરેટરી ન હોય, ફિઝીયોથેરાપીના સાધનો ન હોય એટલે દૂર સુધી જવું પડે. એને કારણે રોજીરોટી ગુમાવીને ગ્રામ્યજનો જતા હોય છે. એ મુશ્કેલી નિવારવા પણ તેઓએ ગામમાં લેબોરેટરી પૂરા સાધનો સાથે વિકસાવી. પગારદાર ટેકનિશિયનો પણ રાખ્યા. પણ અવળચંડા ડૉક્ટરો મફતના ભાવમાં મળતી મેડિકલ સેવા માટે દર્દીઓને મોકલવાને બદલે તેમને કમિશન આપતી લેબોરેટરીમાં દર્દીને મોકલે. એટલે હાલમાં ભાયલી ગામની લેબોરેટરીમાં તમામ સાધનો તાળામાં બંધ પડ્યા છે. આ તથ્ય અરવિંદભાઈના મોંએથી વ્યક્તિઓએ જાણી છે. તેમના મોઢેથી સેવાના વ્યવસાયમાં વેપલો કરનારા ડૉક્ટર માટે 'ફટ રે...' એવા શબ્દો સરી પડે છે. પણ જાડી ચામડીના ડૉક્ટરોને તેની અસર ક્યાંથી થાય? માટે ગ્રામ્યજનોએ જાગવું પડશે.

એક રોચક વાત પણ કહેવી છે. થોડા વર્ષ પહેલા પોલીસ તંત્રએ પી.યુ.સી. સર્ટીફિકેટ માટે અભિયાન ચલાવેલું. અરવિંદભાઈના પેટ્રોલ પંપે પી.યુ.સી. મેળવવા માટે મોડી રાત સુધી વાહન ચાલકોની લાઈન લાગે. એટલે રૂપિયા ૨૦ના પી.યુ.સી. માટે લાઈનમાં ઊભેલા તમામ માટે પોતાના ખર્ચે અરવિંદભાઈએ નાસ્તાની પણ વ્યવસ્થા કરી પોતાના સંવેદના ભાવ સહુ સુધી પહોંચાડી દીધા.

સ્વામિ વિવેકાનંદે કહ્યું છે કે, 'શ્રીમદ્ ભાગવત ગીતા પઠન કરતા યુવાન કરતા ફૂટબોલ રમતો યુવાન મને વધુ પસંદ પડશે કારણ કે તે સશક્ત હશે. અને જે દેશનો યુવાન સશક્ત હોય તે દેશ અશક્ત હોઇ જ ના શકે. આ વાત અરવિંદભાઈના મૌન મનમાં ઘુમરાતી રહેતી. એટલે રમતગમત ક્ષેત્રે જરૂરી તમામ સાધનો તથા કીટ રમતવીરોને વિરામ હાઉસ અથવા ત્યાં નજીકમાં બનાવેલી અરવિંદભાઈની હોટલમાંથી મળી જતા અને ખેલવીરો પોતપોતાની રમતમાં ઝળકીને પોતાનું હીર બતાવતા. તે જાણીને ભાયલીના આ ભડવીરના મોં પર અનેરો પરિતોષ છવાતો.

સામાન્ય દિવસોમાં પેન્ટ શર્ટમાં જોવા મળતા અરવિંદભાઈ હૈદ્રાબાદ જઇને આવ્યા પછી તેલુગુના લોકો પહેરે છે તેવા લુંગી અને શર્ટનો લિબાસ મોટા ફંકશનમાં પણ પહેરીને જાય છે. જેના કારણે તેમની આગવી ઓળખ ઊભી થઈ છે.

એ જ રીતે મોટામાં મોટી ખુરશી બનાવીને પણ પોતે આગવી ઓળખ ઊભી કરી છે.

કોરોના કાળમાં અને જ્યારે ઇમરજન્સી સેવા ઊભી થાય ત્યારે પોલીસ અને સેનાના જવાનો માટે પણ દરરોજ ૫૦૦ લોકોનો જમણવાર તેમના વિરામ હાઉસમાંથી થતો રહેતો અને થતો રહેશે. છે ને જીગરવાળો માણસ!!!

વાકળ સામાજિક પ્રગતિ મંડળ સાથે સંકળાયા પછી સામાન્ય કાર્ય કરતાં કરતાં પ્રમુખપદ સુધી પહોંચ્યા. સમૂહ લગ્નને અલગ ઓળખ આપવા તેઓ પ્રતિબધ્ધ બન્યા. સાથે સમાજના ખોટા કુરિવાજો દૂર કરવા સમૂહ લગ્ન કરાવવા નીતિન પટેલ અને સુનિલ પટેલ સહિતના સાથી મિત્રોની મદદથી કાર્ય ઉપાડ્યું અને સુપેરે પાર પાડ્યું. એમનું સૂત્ર હતું : "સમૂહમાં લગ્ન કરવા આવો અને ટ્રક ભરીને સામાન પણ લઇ જાઓ." દીકરી ખુશ તો મા-બાપ પણ ખુશ. એમાં વળી ખર્ચો બચી જાય એટલે વધારે ખુશી ઉમેરાય.

લઘુમતી કોમની ઘોંચ વધતી જતી હોવાથી પટેલોના અલગ અલગ એકમોને ભેગા કરી પોતાના જ ખર્ચે પોતાની હોટલમાં મધ્ય ગુજરાત પટેલ સમાજનું એક સ્નેહ મિલન સમારોહ સાથે જ્ઞાતિના ભાઈઓની એકતા અખંડ રહે તે માટેના પ્રયત્નો શરૂ કર્યા. તેમાં મંદગતિએ પણ સફળતા મળવા લાગી છે. તેમના પર 'ભાયલીનો અરવિંદ' પુસ્તક લખાયું છે ત્યારે ગાગરમાં સાગર જેવી આ સંવેદનામાં તેમના વિરાટ વ્યક્તિત્વનો નાનકડો પરિચય આપવા પ્રયાસ કર્યો છે. જેમાં હજુ ઘણું બાકી છે. એ ફરી ક્યારેક.

આપના વિચારો મને : 'મેઘ વર્ષા', ૧૪, સપ્તગિરી સોસાયટી, વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર, વડોદરા ૩૯૦ ૦૧૧.
મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા
ઈ-મેઈલ : maunjoshi@gmal.com કે
maun_66@yahoo.co.in પર મોકલી આપશો હોં...
રાહ જોઈશ.

- **સંવેદના :**

*સંપીને રહો તો માળો...*
*નહીં તો માણસોનો સરવાળો.*

---

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

# ફ્રીડમ તમારા સંતાનોના ફ્યુચર ફિનીશ ન કરે તે પહેલા જાગો...



ભાવિની લોડાયા

લવજેહાદ એ હાલમાં ચાલી રહેલો ખૂબ જ ગંભીર વિષય છે. આપણે સૌ જાણીએ છીએ કે, આ પ્રકારના બનતા બનાવોમાં આપણી દીકરીઓના જીવન અને ભવિષ્ય જોખમમાં છે. અણગમતી ઘટનાઓ ઘટે છે. માટે આ પ્રકારની જીવણ ઘટનાઓ ન ઘટે એ અને આપણા સમાજની દીકરીઓ સુરક્ષિત રહે તે માટે આપણે શું કરી શકીએ છીએ તે વિશે જાણવું અને સમજવું ખૂબ જ જરૂરી થઈ ગયું છે.

આપણો સમાજ, આપણી સંસ્કૃતિ અને આપણો ધર્મ – એ સુરક્ષિતતાનો સૌથી મોટો સ્તંભ છે. તો સૌ કોઈએ પોતાને પૂછવાની જરૂર છે કે, શું આપણે આ સ્તંભ સાથે જોડાયેલા છીએ? જી હા મિત્રો, બાળક જેવા લોકો સાથે મળશે તેવા સંસ્કાર તેનામાં આવશે. સમાજમાં હળવા મળવાથી તે આપણા લોકો સાથે આત્મીયતાથી જોડાશે. જેથી કરીને લાગણી અને હૂંફ મેળવવા તેઓ બહાર ભટકવા નહીં જાય.

- **ધર્મનું મહત્ત્વ :**

પ્રભુ ભક્તિ મંદિર, દેરાસર જેવા ધર્મના સંસ્કારો જો ઘરમાં હશે તો સાચું ખોટું સમજવાની ક્ષમતાઓ પારખી શકશે. મોટાભાગના લોકો પોતાના બાળકોને દેરાસરમાં લઈ જતા એટલા માટે ડરતા હોય છે કે, ક્યાંક પોતાનું બાળક દીક્ષાના માર્ગે ન જાય. પરંતુ તે દરેકને કહેવાનું છે કે, ધર્મગુરૂ એ તમને આપણી સંસ્કૃતિની સમીપ રાખશે પરંતુ બહારના ખરાબ તત્ત્વો એ જીવનને ગેરમાર્ગે દોરશે. માટે ધર્મના સંસ્કાર ખૂબ જ જરૂરી છે.

- **બાળક સાથે મિત્રતાભર્યું વર્તન**

હાલમાં વિભક્ત પરિવારોમાં રહેવાને કારણે અને વર્કિંગ પેરેન્ટ્સની ફેશનના લીધે બાળક એકલતાનો શિકાર બનતો હોય છે. જેથી એ બાળક પ્રેમ મેળવવા બહાર અપરીચિત લોકો સાથે સંબંધ બાંધે છે. માટે દરેક પેરેન્ટ્સની જવાબદારી છે કે, ગમે તેવા વ્યસ્ત હો, પણ તમારા બાળક સાથે વાતો કરો, શેરીંગ કરો. એમના રોજિંદા જીવન અને ફ્રેન્ડ સર્કલ વિશે જાણો. જેથી તેઓ ખરાબ સંગતથી દૂર રહે.

- **દીકરીઓને સંદેશ**

બ્લેક મેઈલિંગના વધતા કિસ્સાઓને કારણે છોકરીઓની અશ્લીલ ક્લિપ કાઢીને તેને બ્લેકમેઈલ કરવામાં આવે છે અને સમાજમાં બદનામીના ડરને કારણે દીકરીઓ અન્યાય સહન કરતી હોય છે અને અતિશય ટોર્ચર થતાં તેઓ આપઘાત જેવા પગલા લેતી હોય છે. આપણે દરેક દીકરીઓને એટલું જ કહીશું કે, તમારી સાથે ખરાબમાં ખરાબ ઘટના પણ જો ઘટી હોય તો પણ ડર્યા વગર તમારા પેરેન્ટ્સ સાથે શૅર કરજો. જેથી તેઓ તમને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં મદદ કરી શકે.

- **સંસ્થા અને મહાજનને સંદેશ :**

આપણા સમાજમાં દીકરા દીકરીઓ સુખી જીવન જીવે તેના માટે સંસ્થા અને મહાજનોને વિશેષ પગલા લેવાની જરૂર છે. ખાસ કરીને નારી શક્તિ અને મહિલા મંડળ જેવી સંસ્થાઓ ૧૫થી ૩૦ વર્ષની દીકરીઓને માટે એવા વિશેષ પ્રોગ્રામોનું આયોજન કરે અને તેઓને સાચા જીવન સમજવાના માર્ગમાં સહાયરૂપ બને. જેથી કરીને આપણી દીકરીઓ કોઈપણ અયોગ્ય પગલા ન લે.

- **ખાસ પેરેન્ટ્સને સમજવાની વાત :**

કોઈપણ જાતિ અને ધર્મ સાથે આપણે વેરભાવના નથી પણ આપણી સંસ્કૃતિ, આપણો ધર્મ એ આપણું કવચ છે. એ વાત ખાસ ધ્યાનમાં રાખો અને આ સમજ સંતાનોમાં ત્યારે જ આવશે જ્યારે આપણે મા-બાપ વેસ્ટર્ન કલ્ચરની ગુલામીમાંથી બહાર આવીશું. જી હા, દરેક વસ્તુને લાઈટલી લેવાવાળા આપણે એટલું બિંદાસ્ત અને છૂટછાટવાળું જીવન જીવવા લાગ્યા છીએ કે જેથી સંતાનો પણ એ અનુકરણ કરવા લાગ્યા છે. આપણે જ સમાજમાં હળવા મળવાનું બંધ કરી નાખ્યું છે. પબ પાર્ટી અને બીયર પાર્ટીમાં જવાનો ટાઈમ હોય છે પરંતુ સમાજના સંમેલન અથવા દેરાસરમાં જવાનું ટાળીએ છીએ. બીયર બાર અને પાર્ટીને ફેશનનું નામ આપવાવાળા આપણે હવે જાગવાની જરૂર છે. માટે જાગો પેરેન્ટ્સ જાગો. તમારી ફ્રીડમ તમારા સંતાનોના ફ્યુચર ફિનીશ ન કરે તે પહેલા જાગો.

*મુલુંડ, મુંબઈ.*

*મો. ૯૧૬૭૬ ૬૭૧૨૬*

*આજે લોકો ભલે પશ્ચિમની સભ્યતા તરફ ભાગી રહ્યા હોય પરંતુ એક વાત ખ્યાલ રાખજો કે, સૂરજ જ્યારે પશ્ચિમમાં જાય ત્યારે જ ડૂબે છે.*

# સૌંદર્ય અને કર્તવ્ય



રમીલા પી. મહેતા

સૌંદર્ય અને કર્તવ્ય – બંને શબ્દો પરસ્પરના પૂરક છે. જેમ પુરુષ અને સ્ત્રી, એ પણ એકબીજાના પૂરક છે, નહીં કે પ્રતિસ્પર્ધી. જીવનમાં હરીફાઈ કરતાં તાલમેલનું વધારે મહત્ત્વ છે. આજે દંપતીમાં બહુ જ નાની વાતે ઈગો હર્ટ થાય છે અને વધુ ખેંચાય તો વાત છૂટાછેડાની નોબત સુધી આવે છે. અહમ્ અને સ્વમાન એ બંને વચ્ચે ઘણો ફરક છે. અહમ્ જરૂરિયાતમાંથી જન્મે છે. 'મને ના કેમ પાડી?' 'હું કહું અને મારી વાત ના માને?' આ ભાવ મગજનો કાબૂ લઈ લે... પહેલા ગુસ્સો જન્મે, પછી અભાવ અને અહમ્ જન્મે છે.

સ્વમાન એ અલગ ભાવ છે. એ ભાવ સ્થાયીભાવ રૂપે રહેવો જોઈએ. મહિલાએ સ્વમાનભાવને પ્રાધાન્ય આપવું. નહિં તો ચહેરાનું સૌંદર્ય હણાઈ જાય. વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે તમે હસો છો ત્યારે શરીરના ઘણા બધા સ્નાયુ રીલેક્સ અનુભવે છે અને ગુસ્સો, ક્રોધ કે અભાવ જન્મે ત્યારે સૌથી પહેલી અસર પાચનક્રિયા પર થાય છે. જે લોકો ઈર્ષ્યા, અદેખાઈ અને મારી-તારી કરવામાં રાચતા હોય એ લોકો શરીર સંબંધી ઘણી માંદગી વિના કારણ લઈ બેસે છે. ચહેરાનું સૌંદર્ય હાસ્યથી જ જળવાય છે. એ યોગીક ક્રિયાથી સાબિત થયું છે. સવાલ એ થાય કે, શરીર આપણું છે, કુદરત અને ઈશ્વરની સૌથી મોટી ભેટ નરવું શરીર છે. રોગમુક્ત સરીર હોય, મન સદા પ્રસન્ન હોય તો કોઈ રોગ આપણી નજીક નહીં આવી શકે! આ ગુરૂચાવી અજમાવવા જેવી ખરી!! સ્ત્રીઓને સહનશીલતાની મૂર્તિ માનવામાં આવે છે. એક મર્યાદા બધાની હોય છે. પછી એ નદી હોય કે સ્ત્રી હોય... સ્વમાનભંગ થાય ત્યાં સુધી સહન કરવું એ યોગ્ય માની શકાય??

સૌંદર્યમૂર્તિ સ્ત્રી વિચાર, વાણી, વર્તન અને વેશથી માની શકાય. શારીરિક સૌંદર્ય પ્રદર્શન કરવા માટે નથી જ... એવી ભોગવાદી માનસિકતાએ સ્ત્રીના સાચા આંતરિક સૌંદર્યને છિન્નભિન્ન કરી નાખ્યું છે. સ્વસ્થ રહેવું, સુંદર દેખાવું, વ્યવસ્થિત રહેવું અને આવેશમાં આવ્યા વિના વિચારો રજૂ કરવા એ સૌંદર્યવાન સ્ત્રીનો અભિગમ હોવો જોઈએ એવું નથી લાગતું? સુંદરતા, એ બાયોલોજીકલ ભેટ છે. પણ સદ્ગુણો કેળવી શકાય એવી ભેટ છે. સુંદર દેખાવા પ્રયાસ જરૂર કરવો પણ અતિરેક ન કરવો. જેથી પછી પાછલી અવસ્થામાં કુરૂપતા ઘેરી વળે. કહ્યું છે, સૌંદર્ય પામતા પહેલા 'સૌંદર્ય' બનવું પડે. મતલબ સૌંદર્યને માણતા શીખવું જોઈએ. પ્રકૃતિની અદ્ભુત ભેટ, નદી, ઝરણા, પહાડો, ગાઢ જંગલો, ઊંચાઈ, વરસતો વરસાદ – અરે, ગરમીનું પણ એક સૌંદર્ય હોય છે. આ બધું માણવાની દૃષ્ટિ કેળવવી એટલે સૌંદર્યને મનભરીને માણવું. જેમ સારા પુસ્તકો જીવનભરના મિત્રો છે તેમ કુદરત પણ તમારી સાચી સહેલી છે. પ્રકૃતિની ગોદમાં રહેવું જેને ગમે છે એને કદીયે એકલું નથી લાગતું! યે કૌન ચિત્રકાર હૈ...?

સૌંદર્ય અને કર્તવ્ય એકબીજાના પૂરક છે એ એવા અર્થ થકી કે જેમની દૃષ્ટિ સૌંદર્યપારખું છે. એમને કર્તવ્યની પણ પરવા હોય છે. શ્રમ અને ગધ્ધાવૈતરું – આ બે શબ્દો વચ્ચે ફરક છે. કામ, કાર્ય કે મહેનત પરિણામલક્ષી હોય છે. ગધ્ધાવૈતરું કલાકોની વેઠ પછી પણ કદાચ પરિણામ બહુ ઓછું આપે. તો પસંદગી કઈ કરવી? કોની કરવી? દરેક કામ ઉત્તમ છે એ વાત સાચી પણ હાલના જમાનામાં ટેકનોલોજીના યુગમાં મશીનથી (પરવડે તો) કામ થાય, તો હાથથી મજૂરી કરવાની જરૂર ખરી? હા, એટલું ખરું કે દરેક કામ પાછળ શુભ ભાવના અને શ્રદ્ધા જરૂરી છે. તો જ સૌંદર્ય અને કર્તવ્ય દીપી ઉઠે. બૌધ્ધિક કાર્ય અને શારીરિક કાર્ય એ બંને વચ્ચે તફાવત સમજી શકે છે, એ આવડતથી પરિણામ મેળવી શકે છે.

આજની યુવા પેઢી પાસે સ્કીલ છે, દિમાગ છે પણ ક્યાંક ભાવનો અભાવ દેખાય ત્યારે રૂટીન કાર્ય બની જાય છે. પછી ધીમે ધીમે એ કાર્ય બોજ પણ બને. પછી શું કરવું? હવે મારો સમય છે પણ કરું શું? આવા વિચારો એને અધોગતિ તરફ ઘસડી જાય છે. દિમાગ અને સ્કીલથી પૈસા કમાયા છે. પણ ક્યાં, કેમ, કેટલા વાપરવા એ સુઝ હોવી જરૂરી છે. બધું માત્ર પૈસાથી નથી ખરીદી શકાતું... ત્યારે સાચો ભાવ (કિંમત કે દામ નહીં!) લાગણી અને સૌંદર્યને સમજીને જીવનસાથી બનાવ્યા છે એ યુવાનને સ્ટ્રેસની પરિસ્થિતિમાં માર્ગ મળી જશે. આત્મહત્યા કરવા જેવું વિઘાતક પગલું નહીં ભરવું પડે!

પત્ની તો સાચી જીવનસાથી છે જ... પણ સૌંદર્ય અને કર્તવ્યની પરખ જેને થઈ છે, અનુભવે કે વડીલો પાસેથી એ મેળવ્યું છે એને કદીયે અભાવ નહીં નડે!

ધ્યેય નિષ્ઠા હો જીવનમાં, એ જીવન શણગાર છે.

*૧૬/એ, 'ધવલ ધારા', પ્રાથમિક શાળા સામે,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨૭૨૯૧૯*

# ગુજરાતી ભાષાનું ભવિષ્ય

મહેન્દ્ર લખમશી મોતા

## વૉટર વૉટર વૉટર

આઝાદી ઈ.સ. ૧૯૪૭ના સેંકડો વર્ષ પૂર્વે એક અંગ્રેજ ભારત દેશની ભવ્ય સંસ્કૃતિ શું છે તે જાણવા કેરળ (કેરાલા)ની આર્થિક રાજધાની અને મારું જન્મસ્થળ કોચી (કોચીન) બંદરે આગમન કરે છે. અંગ્રેજ કોચીથી ફરતા ફરતા મુંબઈ, અમદાવાદ અને ભુજ થઈ મારું વતન સ્થળ નલિયા (કચ્છ)માં આગમન કરે છે. અહીં અંગ્રેજ બીમાર પડે છે. પાણીની તરસ લાગી હોવાથી ઉપર્યુક્ત મોટા અક્ષરના શબ્દો ચિલ્લાઈને ગ્રામજનોની હાજરીમાં તરસ્યો મરણ પામે છે. કારણ ગ્રામજનો 'વૉટર' અંગ્રેજી શબ્દનો અર્થ સમજી શકતા નથી.

આ એ સમય હતો કે જ્યારે ભારત સંયુક્ત પરિવાર, ગ્રામ પ્રદેશ, ખેતી અને પુરુષ પ્રધાન દેશ હતો. ગુજરાતી માધ્યમ શાળાનું પ્રમાણ વધારે અને અંગ્રેજી માધ્યમ શાળાનું પ્રમાણ નહિવત હતું.

- **ગુજરાતી ભાષાનું આગમન :**

ગુજરાતનો નાથ શ્રી જયસિંહ સિધ્ધરાજના સમયે જૈન ધર્મના હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમ' નામની વ્યાકરણ ગ્રંથની નગરયાત્રા યોજે છે. ગ્રંથ હાથીની અંબાડી પર બિરાજમાન છે અને રાજા અને પ્રજા પગપાળા ચાલી રહ્યા છે.

- **ગુજરાતી ભાષા લખવામાં સરળ :**

સંસ્કૃત, હિંદી, મરાઠી વગેરે ભાષામાં શબ્દ ઉપર લીટી દોરવી પડે છે. જ્યારે ગુજરાતી શબ્દ ઉપર લીટી દોરવી પડતી નથી. તેથી લખવામાં સરળ પડતી હોવાથી કચ્છીઓએ પણ લખવા માટે ગુજરાતી ભાષા અપનાવી લીધી છે એવું મારું અનુમાન છે.

- **ગુજરાતી ભાષાનું ગૌરવ**

આ સમયે મુંબઈમાં અંગ્રેજો અને મરાઠીઓ કરતાં ગુજરાતીઓનું પ્રમાણ વધારે હોવાથી દૂધમાં સાકર ભળે તેમ ગુજરાતીઓમાં ભળનારી પારસી સજ્જને ભારતનું સૌથી જૂનું વર્તમાનપત્ર મુંબઈથી 'મુંબઈ સમાચાર' જે પ્રથમ ગુજરાતી ભાષામાં પ્રગટ થયું હતું. તેમજ ભારતને તિરંગો રાષ્ટ્રધ્વજ આપનાર મેડમ કામા પારસી સન્નારી હતા.

જૈન ધર્મના નિયમ મુજબ સત્ય, અહિંસા, ત્યાગ, અપરિગ્રહ, સંયમ, અસ્ત્ર-શસ્ત્ર વગર ભારત દેશને આઝાદી અપાવનાર અને સત્યના સાધક રાષ્ટ્રપિતા પૂજ્યશ્રી મહાત્મા ગાંધીજી ખૂબ સારું અંગ્રેજી લખી જાણતા હતા. રાષ્ટ્રભાષા તરીકે હિંદીના પ્રબળ સમર્થક હતા. **પરંતુ એમણે પોતાની આત્મકથા ગુજરાતીમાં જ લખીને માતૃભાષાને ગૌરવ અપાવ્યું હતું.**

આ સમયે માતા-પિતા પોતાનાં બાળકોને ગુજરાતી માધ્યમ શાળામાં અભ્યાસનો, લોકો ગુજરાતીમાં સહી કરવાનો, વેપારી પેઢીનો વહીવટ વગેરે ગુજરાતીમાં થાય તેવો આગ્રહ રાખતા હતા.

- **ગુજરાતી ભાષા ભણવામાં અઘરી છે**

તીખી ચટણી - Spicy sauce, તીખું મરચું - Spicy chilli, તીખો ચેવડો - Spicy snacks – અહીં તીખાશ માટે અંગ્રેજીમાં Spicy એક શબ્દ છે. જ્યારે ગુજરાતીમાં તીખાશ માટે અલગ અલગ શબ્દો છે. તેમાં પણ ચટણી માટે તીખો કે તીખું શબ્દ લખાતો નથી. માટે ગુજરાતી ભાષાની ગરિમા જાળવવા માટે વધુ પ્રયત્નો કરવા પડશે. આજે તેના તરફ દુર્લક્ષ સેવાય છે. તેથી અંગ્રેજી વિષય કરતાં ગુજરાતી વિષયમાં વધુ વિદ્યાર્થીઓ નાપાસ થાય છે.

- **ચોખવટ**

ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના લેખ/નિબંધ લખવાનો આધારસ્તંભ પ્રાતઃસ્મરણીય જ્ઞાતિ શિરોમણી, પુણ્યશ્લોક અને આદરણીય શેઠશ્રી નરશી નાથા કચ્છી જૈન બાલાશ્રમ - નલિયા, કચ્છ જે અભિવંદના છે, તેમની કુદરતની પ્રેરણા અને નિરીક્ષણ, અવલોકન, અનુભવ અને તર્ક સાથે રજૂઆત કરું છું તેમજ વાક્ય રચના કે ભાષા શુદ્ધિ માટે બીજાની મદદ લેવી પડે છે.

અંગ્રેજી ભાષાની અમુક મર્યાદા છે. દા.ત. મારી અટક 'મોતા' છે. અંગ્રેજીમાં લખવું હોય તો "MOTA" લખવું પડે પણ તેનો ઉચ્ચાર 'મોટા' થાય છે.

- **ગુજરાતી ભાષા વિદાય તરફ જઈ રહી છે**

ધોરણ ૧ થી ૪ સુધી પાટી-પેનમાં ભણાવતા હતા. પા, અડધા, પોણા, એક, સવા, દોઢ, પોણા બે, બે વગેરે ભણાવતા હતા. હાલ ગુજરાતી અભ્યાસમાં વિદાય કરી અને ગણિત વિષયમાં ૧, ૨, ૩ વગેરેની જગ્યાએ 1, 2, 3 વગેરે અંગ્રેજી આંકડા આવી ગયા છે.

- **ગુજરાતી ભાષાને રાહત :**

માતૃભાષાના આગ્રહીજનોને માન આપી ગુજરાત હાઈકોર્ટે અંગ્રેજી માધ્યમ શાળાને એક વિષય સ્થાનિક ભાષા શીખવવાનો હુકમ આપ્યો છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)

# Jains in India

According to a Survey, If Jains in India Go from 0.3% to 3% then we will overtake America & China.

**OBSERVATION**

***So let's us talk about some FACTS :***

- National Avg Literacy Rate 65%, Jains Avg Literacy Rate 94%.
- Female National Avg Literacy Rate 54%, Jains Female Avg Literacy Rate 91%.
- 50% of the Total CAs are Jains.
- According to Forbes, Jains are the Wealthiest People of India & Belgium.
- Jains are 0.3% of the Indian Population but pay 24% of Income Tax. [In 2009 Jains have paid even 42% of Income Tax]
- Jains Contribute 25% towards National Development.
- 65% of Diamond & Gold business in the World are done by Jains.
- 62% Charity is done by Jains.
- 46% Stock brokers are Jains.
- 33% of the Airline Industry is controlled by Jains.
- 20% of the Pharmaceuticals & Textiles are controlled by Jains.
- Jains have the Highest Life Expectancy of 71 age.
- Out of 16,000 Gaushalas 9,600 are run by Jains.
- Alber Einstein once said that I don't know Whether there is reincarnation or not but if it happens then I want to be a Jain.
- According to Annual Summit of World Environment Committee, Germany in 2010 "If We have to Save the Earth from Global Warming We have to Follow Jain's Lifestyle & Principles."
- Never plays any Minority Card like others.
- Jains are not taught how to do business, it is in our genes. [You don't teach the child of a Lion how to hunt and in the same way Child of a Jain is also not taught how to do a Business].
- Jains are not Job Seekers, we are Job Givers.
- Lawyers, Doctors live on the sadness of others whereas CAs live on the Growth or Happiness of others. [That's how we choose business].
- We don't love dogs and then kill mosquitoes.
- Others are doing this Vegan- Dietician- Mind Control - Wearing Masks. Jains have been doing these for Centuries.
- We believe in Live & Let Live. [Mukesh Ambami Says Jio we say Jio & Jene do]
- We don't believe in 'I'. We believe in 'US'.
- Biggest Fights happen because of You are wrong and I'm Right. Jains say you are Right & I'm also Right. (Mutual Respect).

***SO WHY ARE JAINS SO RICH & GREAT ???***

***REASONS -***

- Jains are Dynamites Not Parasites
- Succession Planning
- Supreme Wisdom (Kaivalya Gyan)
- Vow OF "AHIMSA Vrat" (No Himsa whether Mentally, Orally or Physically.)

- ✦ Life Kindness (Jiv Daya)
- ✦ Conscious Capitalism (Don't do - Parties, Politics, Enjoyment, Clubbing, Acting)
  (We do Prayer, Meditation, Spirituality, Forgiveness).
- ✦ Community is Family.
- ✦ Very High on Integrity
- ✦ Anekantavada (Mutual Respect)
- ✦ Chaturvidha Dana (4-fold charity of Food, Medicine, Protection, Knowledge).

**This is "JAINS".**

## સમય સાથે જઇએ નહિંતર...

૧૯૯૮માં કોડાકમાં ૧,૭૦,૦૦૦ કર્મચારીઓ હતા અને વિશ્વના ૮૫% ફોટો પેપર વેચ્યા હતા. થોડા વર્ષોમાં ડિજિટલ ફોટોગ્રાફીએ તેમને બજારમાંથી બહાર કાઢી નાખ્યા. કોડાક નાદાર થઈ ગયું અને તેમના તમામ કર્મચારીઓને શેરીમાં ફેંકી દેવામાં આવ્યા.

- ★ HMT (ઘડિયાળ)
- ★ બજાજ (સ્કુટર)
- ★ ડાયનોરા (ટી.વી.)
- ★ મર્ફી (રેડિયો)
- ★ નોકિયા (મોબાઈલ)
- ★ રાજદૂત (બાઈક)
- ★ એમ્બેસેડર (કાર)

મિત્રો, આ બધાની ક્વોલિટીમાં કોઈ કમી ન હતી, છતાં માર્કેટની બહાર હતા!!!

કારણ? – તે સમય સાથે બદલાયા નથી!!

તમને ખ્યાલ છે કે આવનારા ૧૦ વર્ષોમાં દુનિયા સંપૂર્ણપણે બદલાઈ જશે અને આજે ચાલી રહેલા ૭૦થી ૯૦% ઉદ્યોગો બંધ થઈ જશે.

***ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં આપનું સ્વાગત છે.***

ઉબેર માત્ર એક સોફ્ટવેર છે. તેની પાસે પોતાની એક પણ કાર નથી. તેમ છતાં તે વિશ્વની સૌથી મોટી ટેક્સી કંપની છે.

Airbnb વિશ્વની સૌથી મોટી હોટલ કંપની છે. તેમ છતાં તેમની પાસે પોતાની એક પણ હોટેલ નથી.

Paytm, Ola Cabs, Oyo રૂમ જેવા ઘણા ઉદાહરણો છે.

યુ.એસ.માં યુવા વકીલો માટે કોઈ કામ બાકી નથી કારણ કે IBM વોટ્સન નામનું સોફ્ટવેર પળવારમાં વધુ સારી કાનૂની સલાહ આપે છે. આગામી ૧૦ વર્ષમાં ૯૦% યુ.એસ. વકીલો બેરોજગાર હશે.... જે ૧૦% બાકી રહેશે, તેઓ સુપર સ્પેશિયાલિસ્ટ હશે.

વોટ્સન નામનું સોફ્ટવેર મનુષ્ય કરતાં ૪ ગણી વધુ ચોક્સાઈ સાથે કેન્સરનું નિદાન કરે છે. ૨૦૩૦ સુધીમાં કોમ્પ્યુટર મનુષ્ય કરતા વધુ બુદ્ધિશાળી હશે.

આગામી ૧૦ વર્ષમાં દુનિયાના રસ્તાઓ પરથી ૯૦% કાર ગાયબ થઈ જશે. જે બચશે તે ઇલેક્ટ્રીક કાર અથવા હાઈબ્રિડ હશે. રસ્તાઓ ખાલી થઈ જશે. પેટ્રોલનો વપરાશ ૯૦% ઘટશે. બધા આરબ દેશો નાદાર થઈ જશે.

તમે ઉબેર જેવા સોફ્ટવેર પરથી કારનો ઓર્ડર કરશો અને થોડી જ ક્ષણોમાં તમારા દરવાજે ડ્રાઈવર વિનાની કાર ઉભી હશે. જો તમે તેને કોઈની સાથે શૅર કરશો તો તે સવારી તમારી બાઈક કરતા સસ્તી હશે. ડ્રાઈવર વિનાની કારને કારણે ૯૯% અકસ્માતો ઘટશે. આ કાર ઇન્સ્યોરન્સ નામનો ધંધો બંધ કરશે.

પૃથ્વી પર ડ્રાઈવર જેવી કોઈ નોકરી બાકી રહેશે નહીં. જ્યારે શહેરો અને રસ્તાઓ પરથી ૯૦% કાર ગાયબ થઈ જશે ત્યારે ટ્રાફિક અને પાર્કિંગ જેવી સમસ્યાઓ આપોઆપ સમાપ્ત થઈ જશે. કારણકે એક કાર આજની ૨૦ કાર જેટલી હશે.

આજથી ૫ કે ૧૦ વર્ષ પહેલા એવી કોઈ જગ્યા નહોતી કે જ્યાં PCO ન હોય. પછી જ્યારે દરેકના ખિસ્સામાં મોબાઈલ ફોન આવ્યા, તો પી.સી.ઓ. બંધ થવા લાગ્યા. પછી તે બધા પી.સી.ઓ.એ ફોનના રીચાર્જ વેચવાનું શરૂ કર્યું. હવે રીચાર્જ પણ ઓનલાઇન થઈ રહ્યું છે.

***શું તમે ક્યારેય નોંધ્યું છે?...***

આજકાલ માર્કેટમાં દરેક ત્રીજી દુકાનમાં મોબાઈલ ફોન છે. વેચાણ, સેવા, રીચાર્જ, એસેસરીઝ, સમારકામ, જાળવણી, વગેરે માટે.

હવે બધું Paytm દ્વારા થાય છે. હવે લોકોએ ટ્રેનની ટિકિટ પણ તેમના ફોનથી બુક કરાવવાનું શરૂ કર્યું છે. હવે પૈસાની લેવડદેવડ પણ બદલાઈ રહી છે. પહેલા ચલણી નોટનું સ્થાન પ્લાસ્ટીક મનીએ લીધું અને હવે તે ડિજિટલ થઈ ગયું છે. ટ્રાન્ઝેક્શન છે.

દુનિયા ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. આંખો, કાન અને નાક ખુલ્લા રાખો નહિંતર પાછળ રહી જસો.

સમય સાથે બદલવા માટે તૈયાર રહો.

તેથી... વ્યક્તિએ સમય પ્રમાણે પોતાનો વ્યવસાય અને સ્વભાવ બદલતા રહેવું જોઈએ.

Time to Time update and Upgrade.

સમય સાથે ચાલો અને સફળતા મેળવો.

***વોટ્સ એપ મેસેજના આધારે***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૩૬


### શ્રી ગાંભૂ તીર્થ
### (શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન)



મહેસાણાથી ૧૬ કિ.મી. દૂર આવેલા ગાંભૂ ગામની મધ્યમાં તીર્થ આવેલું છે. જૈન ગ્રંથોમાં ગાંભૂ અને ગંભૂતા એવા એના નામોનો ઉલ્લેખ મળે છે. એક સમયે આ ગાંભૂ ગામ જૈનોનું કેન્દ્રસ્થાન હતું. વળી ૧૪૪ ગામના જૂથમાં આવેલું મુખ્ય નગર હતું. પ્રાચીન કાળમાં અહીં અનેક જૈન મંદિરો હોવાનો ઉલ્લેખ છે. આ ગામનો ઇતિહાસ વિ.સં. નવમી સદી પૂર્વેનો મનાય છે. પાટણ નગર પૂર્વે આ નગર આવેલું હતું. અહીંના ભગ્ન અવશેષો આ સ્થળની પ્રાચીનતાનું પ્રમાણ આપે છે. શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા રાજા સંપ્રતિ કાળની મનાય છે. આ સ્થળેથી સંપ્રતિકાલીન અનેક પ્રતિમાઓ પ્રાપ્ત થઈ હતી જેને અન્યત્ર મોકલવામાં આવી છે. વિ.સં. ૯૧૯માં આ.શ્રી. શીલાંકાચાર્યજીએ અહીં 'આચારાંગ સૂત્ર'ની ટીકાની રચના કરી હતી. પ્રાચીન વૈદકગ્રંથ 'સુશ્રુત'ની રચના પણ આ નગરમાં થઈ હતી. વિ.સં. ૧૨૨૮માં સૈદ્ધાંતિ યક્ષદેવના શિષ્ય પાર્શ્વનાગે આ ગામમાં જંબુ નામના શ્રાવકના જિનાલયમાં તેની સહાયતાથી 'શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર' પરની વૃત્તિ તાડપત્ર પર લખી હતી. એવી જ રીતે વિ.સં. ૧૩૦૫માં 'ઉપાંગ-પંચક'ની વૃત્તિઓ પણ અહીં જ લખાઈ હતી. આ સિવાય અન્ય કેટલાક ગ્રંથો અહીં રચાયા હોવાની હકીકત પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રાચીન કાળમાં આ નગર જૈન ધર્મની પ્રવૃત્તિઓનું એક મહત્ત્વનું કેન્દ્ર હોવું જોઈએ અને અનેક જિનમંદિરો હોવા જોઈએ. આ તીર્થના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની કલા એવી અનુપમ છે કે જાણે પ્રભુ સાક્ષાત હસતા હોય એવો ભક્તને અનુભવ થાય છે. એના શિખરની કલા પણ નિરાળી છે અને એ જ રીતે આ મંદિરમાં મૂર્તિઓનો પરિવાર ઘણો મોટો છે.

## તીર્થ દર્શન-૩૭

### શ્રી ઉપરીયાળા તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



વિક્રમની ૧૫મી સદી પૂર્વેનું આ તીર્થ મનાય છે. શ્રી જયસાગરજી ઉપાધ્યાય દ્વારા ૧૫મી સદીમાં રચાયેલા ચૈત્ય પરીપાટીમાં આ તીર્થનો ઉલ્લેખ છે. ૧૬મી સદીમાં અહીંના શ્રાવકોએ ઠેર ઠેર જૈન મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થયો છે. વિ.સં. ૧૯૧૯માં વૈશાખી પૂનમના દિવસે આ ગામના ખેડૂત રત્ના કુંભારને સ્વપ્નામાં પોતાના ખેતરમાં રહેલી જિન પ્રતિમાઓનો સંકેત થયો. સંકેતને આધારે ખેતરમાં ખોદકામ કરવાથી મૂર્તિઓ પ્રગટ થઇ. આ ખેડૂતે ભક્તિ અને આદર સાથે એ મૂર્તિઓ જૈન શ્રાવકોને આપી. શ્રાવકોએ આનંદભેર એનો સ્વીકાર કર્યો અને વિધિપૂર્વક વિ.સં. ૧૯૨૦ની કારતકી પૂર્ણિમાને દિવસે એની સ્થાપના કરી. મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની ચંદન વર્ણની ૭૬ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા અહીં બિરાજમાન છે. જમણી બાજુએ શાંતિનાથ ભગવાનની શ્વેત આરસની અને ડાબી બાજુએ પાર્શ્વનાથ ભગવાનની પીળા આરસની તથા મૂળ નાયકની નીચે નેમિનાથ ભગવાનની શ્યામ આરસની મૂર્તિઓ છે. એના સભા મંડપમાં આરસ પર કોરેલો સમેતશિખર અને ગિરનાર પર્વતનો પટ સુંદર અને કલામય છે. મંદિરને ફરતો ૪૨ ફૂટ લાંબો અને ૩૭ ફૂટ પહોળો કોટ છે. તેની વચ્ચે મૂળ ગભારો, સભામંડપ, ત્રણ બાજુના દરવાજાઓ, ઉપર ચોકીઓ, એક શિખર, ચાર ઘુમ્મટો અને વચલી ચોકી ઉપર સામણયુક્ત બાંધણીવાળું આ મંદિર છે. વિ.સં. ૧૯૪૪માં મહા સુદ તેરસના દિવસે પ્રભુને સુંદર નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત કર્યા. અહીં વર્ષોથી અખંડ જ્યોત જલે છે તેમજ પ્રતિ વર્ષ ફાગણ સુદ આઠમનો મેળો ભરાય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકુળ બનાવી શકે છે, એ માણસ આ જિંદગીના મંચ પરનો બેસ્ટ કલાકાર છે.*

# વૈષ્ણવોમાં તિલક એ ઠાકોરજીનું ચરણચિહ્ન ગણાય છે



ચંદ્રકાંત પટેલ 'સરલ'

વૈષ્ણવ સંપ્રદાયમાં લલાટ પર કરવામાં આવતું ઊર્ધ્વપુંડ એટલે ઊભું તિલકનું ઘણું મહત્ત્વ છે. આ તિલક તેમને વૈષ્ણવ સંપ્રદાયની ઓળખ આપે છે. દરેક ધર્મના ભક્ત - અનુયાયીઓ પોતાના સંપ્રદાયમાં ઘડેલા નિયમો પ્રમાણેના તિલક કે ચાંદલા કરતા હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો પોતાના કપાળે કંકુનો ચાંદલો કરે છે. જે મધ્યમ કદનો હોય છે. શિવ ભક્તો કપાળમાં ત્રિપુંડ તાણે છે. કોઈ વેળા શંકરની લિંગનું ચિહ્ન તાદશ્ય કરતું તિલક પણ કરે છે.

વૈષ્ણવ સંપ્રદાયનો એક વૈષ્ણવ ફાંટો નિમ્બાર્ક સંપ્રદાય છે. દક્ષિણ દેશમાં જન્મેલા નિમ્બાર્કાચાર્યજીએ 'સનક સંપ્રદાય'ની સ્થાપના કરી હતી. આ સંપ્રદાયનો સિદ્ધાંત દ્વૈતાદ્વૈત છે. તેમના અનુયાયી ભક્તો કપાળમાં ગોપી ચંદનની બે સીધી લીટી કરે છે અને વચમાં કાળો ચાંદલો કરે છે તથા ડોકમાં તુલસીની કંઠી પહેરે છે. રાધા-કૃષ્ણની પૂજાનું પ્રથમ દર્શન આ સંપ્રદાયમાં થાય છે.

તિલકનો સાદો અર્થ ટીકો થાય છે. જેને ચાંદલો પણ કહેવાય છે. પોતાના બાળકને કોઈની અશુભ નજર ન લાગે તેથી માતા પણ બાળકને કપાળે કાળો ચાંદલો અને ગાલે મેશનો ટીકો કરે છે.

સૌભાગ્યવતી સ્ત્રીની નિશાની તેના કપાળ ઉપરનો ચાંદલો ગણાય છે. વિધવા સ્ત્રી હોય તો તેનાથી ચાંદલો કરાતો નથી. ચાંદલો એ સૌભાગ્યનું પ્રતીક છે. વ્યવહારીક જીવનમાં અને ધાર્મિક જીવનમાં ચાંદલા - તિલકનું મહત્ત્વ અનેરું છે.

કપાળે અંગ્રેજી 'યુ' આકારનું લાંબુ તિલક કર્યું હોય તે વ્યક્તિ વૈષ્ણવ ધર્મની છે એવું સમજાય છે અને જેમણે કંકુનો મધ્યમ કદનો ચાંદલો કર્યો હોય તેનો ધર્મ સ્વામિનારાયણ છે એવું ઓળખાઈ આવે છે.

સાંપ્રદાયિક ભક્તો - અનુયાયીઓના તિલક-ચાંદલા કેવળ જે તે સંપ્રદાયની છાપ - ઓળખ તરીકે જ નહીં, પરંતુ ચોક્કસ વિચારસરણીને અનુસરવાના નિશ્ચયમાંથી આવ્યા છે.

વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રી ઠાકોરજીને કેસરનું તિલક, કુમકુમ તિલક અને કસ્તુરીનું તિલક — એમ ત્રણ ભાવના તિલક કરાય છે. કેસરનું તિલક શ્રી સ્વામિનીજીના ભાવથી કરાય છે. કુમકુમ તિલક શ્રી શ્રુતિરૂપા-અગ્નિ કુમારિકાના ભાવથી કરાય છે. સાથે સાથે વ્રજભૂમિના સમસ્ત ભક્તોનો ભાવ પણ તેમાં ગુંથાયેલો હોય છે. જ્યારે કસ્તુરી તિલક શ્રી મહારાણી યમુનાજીના ભાવથી કરાય છે.

સાંપ્રત કાળમાં પસાર થઇ રહેલા આપણા દેશમાં આજે તિલક - ચાંદલાનું બહુ મહત્ત્વ નથી રહ્યું. સંસ્કૃત શિક્ષણની જગ્યા જ્યારથી વિદેશી અંગ્રેજી શિક્ષણે લીધી છે ત્યારથી સાંસ્કૃતિક પરંપરાગત મૂલ્યો અને ધર્મ ઉપર તેની અસર પડી છે. નવી પેદા થતી પેઢી પ્રાચીન ધાર્મિક પરંપરાથી વિમુખ બની રહી છે. આ ચિંતાનો વિષય છે.

શ્રી વલ્લભાચાર્યજીના ચતુર્થ પૌત્ર એટલે શ્રી ગોસાંઇજીના ચોથા પુત્ર શ્રી ગોકુળનાથે માળા-તિલકના રક્ષણ માટે ગોકુળનો પણ ત્યાગ કર્યો હતો. દિલ્હીના મોગલ બાદશાહ જહાંગીરે મેલી વિદ્યાના જાણકાર ચિદ્રુપ નામના તાંત્રિક સાધુના પ્રભાવ હેઠળ આવી જઇને ગોકુળના વૈષ્ણવોને એવો હુકમ કરેલો કે જો તમારે મારા રાજ્યમાં રહેવું હોય તો કોઈએ પોતાના કપાળમાં તિલક કે ડોકમાં કંઠી ન પહેરવા. આવા હુકમથી વૈષ્ણવોને મોટો આંચકો લાગ્યો. બાદશાહના ડરથી ઘણા વૈષ્ણવોએ કંઠી - તિલક દૂર કર્યા હતા. પરંતુ શ્રી ગોકુલનાથજીએ કંઠી - તિલક દૂર કરવાને બદલે તેમણે ગોકુળ છોડી દીધું હતું. ગોકુળ કરતાંયે તેમને કંઠી - તિલક વધારે પ્રિય હતા.

***આવો જ એક બીજો પ્રસંગ છે :***

શ્રી ગોસાંઇજી (ગુસાંઇજી)ના સેવક બે પટેલો હતા. બંને ભાઈઓ હતા અને ગોકુળમાં રહેતા હતા. આર્થિક સ્થિતિ નબળી હોવાથી બંને જણા મજૂરી કામ માટે રોજ ગોકુળથી ચાલીને મથુરા શહેરમાં જતાં અને ત્યાંની દાણાપીઠમાં અનાજની ગુણો ઊંચકે.

પહેલા દિવસે સાંજે મજૂરીના પૈસા લેવા મુકાદમ પાસે ગયા. મુકાદમ વૈષ્ણવ હતો. એમણે આ બંનેના કપાળમાં ઉર્ધ્વપુંડ તિલક અને ડોકમાં તુલસીની કંઠી જોઈ. તેથી તેમને વૈષ્ણવના નાતે દોઢી મજૂરી આપી અને જયશ્રીકૃષ્ણ કહ્યા.

આ બંને જણાએ વિચાર્યું કે મુકાદમે આપણને દોઢી મજૂરી વૈષ્ણવ સમજીને આપી છે. આ તો કંઠી - તિલકને વેચીને પેટ ભરવાનું ગણાય. પેટ ન ભરાય તો પેટને ફોડી નખાય પણ વૈષ્ણવતા ન વહેંચાય.

બીજા દિવસે મજૂરીકામે જતા પહેલાં બંનેએ ડોકમાંથી કંઠી ઉતારી ધોતીની ઓટીમાં છૂપાવી દીધી અને તિલક લૂછી નાખ્યું. મજૂરીની જગ્યા પણ બદલાવી નાખી. ઘરે આવે ત્યારે કંઠી પહેરી લે એ તિલક કરી લે.

આનું નામ જ ખરો વૈષ્ણવ કહેવાય. તેઓ સમજતા હતા કે કંઠી અને તિલક એ અલૌકિક છે. તેમનું ગૌરવ જળવાવું જોઈએ.

*વેદાંત ચિંતામણિ ગ્રંથમાં ઉલ્લેખ છે :*

***યત્કંઠે તુલસીમાલા નાસ્તિક તે મૂઢમાનસાઃ ।***

સાંપ્રદાયિક અનુયાયી થયા પછી જેમના કંઠે તુલસીની કંઠી કે લલાટે તિલક નથી તે મનુષ્ય મૂઢ અને નાસ્તિક છે.

વૈષ્ણવો પોતાના કપાળમાં જે તિલક કરે છે, તે પરબ્રહ્મ પરમાત્મા એવા શ્રી ઠાકોરજીનું ચરણચિહ્ન છે. અને શ્રી ઠાકોરજી પોતે જે તિલક ધારણ કરે છે તે શ્રી સ્વામિનીજી એટલે કે શ્રી રાધિકાજીનું ચરણ ચિહ્ન છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, શ્રી રાધાજીનાં ચરણ ચિહ્ન મારા લલાટે ધારણ કરવાથી જ હું સામર્થ્યવાન થયો છું અને પુષ્ટીલીલા કરવા માટેનું બળ પ્રાપ્ત કર્યું છે.

શ્રીકૃષ્ણની પ્રાણપ્રિયા શ્રી રાધાજીના ચરણ કમળ એટલા બધા પવિત્ર અને અલૌકિક છે કે એ ચરણ કમળના માત્ર એક જ વાર દર્શન થઈ શકે તે માટે બ્રહ્માજીએ ૬૦ (સાઠ) હજાર વર્ષ તપ કર્યું હતું. છતાં તેમને શ્રી રાધાજીનાં ચરણનાં દર્શન સુલભ બન્યા નહોતા. બ્રહ્માજી કાયમ વ્યથિત અને ઉદાસ જ રહ્યા હતા.

શ્રી રાધાજી રસસિદ્ધિનું પ્રતીક છે અને બીજી વ્રજાંગનાઓ પુષ્ટિ ભક્તોની પ્રેમભક્તિના સાધનના રૂપે રાસલીલાનાં અધિકારનું પ્રતીક મનાય છે. શ્રી રાધાજી વ્રજમાં વસતી સમસ્ત ગોપીઓની નાયિકા છે. સર્વ વ્રજનારીઓ શ્રી રાધાજીનાં વચનને જ અનુસરે છે.

રાધાજી એ સૃષ્ટિ ઉત્પત્તિમાં પુરુષ અને પ્રકૃતિનું સંયોજન કારણરૂપ છે. પ્રકૃતિ એ ભગવાન પરમાત્માનો જ એક ભાગ છે. સ્ત્રી એ પ્રકૃતિ સ્વરૂપ છે અને તેનું સૌથી ઉત્તમ સ્વરૂપ તે શ્રી રાધાજી છે અને તે શ્રીકૃષ્ણના ડાબા અંગમાંથી પ્રગટ થયા છે. એટલે તેનું નિવાસ સ્થાન શ્રીકૃષ્ણનું ડાબું અંગ છે.

પોતાના પ્રાણપ્રિય, મોર મુગટધારી રસેશ્વર નંદલાલાને પોતાની મોહજાળમાં ભોળવીને કોઈ ગોપી લઇ ન જાય અને નંદલાલા પોતાના જ બની રહે તે માટે શ્રી સ્વામિનીજીએ પોતાના ચરણારવિંદની પ્રસાદીરૂપે શ્રી ઠાકોરજીના લલાટે પોતાના ચરણ રજનું તિલક કરી દીધું છે. શ્રી ઠાકોરજી કાયમ પોતાના વશમાં રહે તે માટે આ તિલક કર્યું છે. તે શ્રી સ્વામિનીજીનાં ચરણારવિંદની છાપ છે.

વૈષ્ણવ સંપ્રદાયમાં ચાર તિલક ઉત્સવ થાય છે. માળા પહેરામણી સમયે પધારેલા સર્વ વૈષ્ણવો - મહેમાનો વગેરેનું સૌપ્રથમ તિલક કરીને સ્વાગત થાય છે. પછી પહેરામણીમાં તુલસીની કંઠી આપવામાં આવે છે. આ સંપ્રદાયમાં તિલકનું અતિ મહત્ત્વ છે. શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે જન્મ્યા (પ્રગટ્યા) હતા ત્યારે તેમના લલાટે ઉર્ધ્વપુંડ હતું. કેસરી રંગના તિલક સાથે પ્રભુ પ્રગટ્યા હોવાથી આજે પણ પ્રત્યેક વૈષ્ણવ પોતાના કપાળમાં કેસરી રંગનું ઊર્ધ્વપુંડ ધારણ કરે છે.

સ્વાધ્યાયના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રીજી તિલક - ચાંદલાને બુદ્ધિપૂજાનું પ્રતીક ગણાવે છે અને કહે છે કે, મનુષ્યને ઈશ્વર સુધી પહોંચાડનાર શ્રેષ્ઠ સાધન બુદ્ધિ છે. તેથી પ્રભુની પૂજા પછી તરત જ બુદ્ધિના નિવાસ સ્થાન એવા મસ્તકનું પૂજન કરવાનું. પહેલા સાધ્યનું એટલે કે ઈશ્વરનું પૂજન અને ત્યારબાદ સાધનનું એટલે કે બુદ્ધિનું પૂજન કરવું.

શ્રી શાસ્ત્રીજીની તિલકને બુદ્ધિ સાથે જોડવાની વાત સમજાતી નથી. ચાંદલો કે તિલક એ બુદ્ધિપૂજા કઈ રીતે બની શકે? બુદ્ધિ અને તિલકનો મેળ પાંડુરંગે કઈ રીતે પાડ્યો તે સમજાતું જ નથી.

બુદ્ધિ મસ્તકમાં રહે છે એ તો બરાબર, પરંતુ તિલક કરવાથી બુદ્ધિ પ્રગટે એ વાત સ્વીકારવા લાયક નથી. જો તિલક કરવાથી બુદ્ધિ પ્રગટતી હોય તો ભણતરની જરૂર જ ન રહે. તિલક કરી લો, બુદ્ધિ આવી જશે. તિલક સાથે બુદ્ધિનો સ્નાન સૂતકનોય સંબંધ નથી. આજની નવી પેઢી આવું વિધાન હરગીઝ ન સ્વીકારે.

તિલક કરવાથી જ્ઞાનનું અવતરણ થતું હોય તો અખા ભગતે લખવું ન પડ્યું હોત કે :

***તિલક કરતાં ત્રેપન થયા***
***જપ-માળાના નાકા ગયા,***
***કથા સૂણી સૂણીને થાક્યા કાન,***
***તોય 'અખા' ન આવ્યું બ્રહ્મજ્ઞાન.***


માણાવદર વૈષ્ણવ હવેલીના કીર્તનકાર શ્રી ભનુભાઈ ગરાળાએ વૈષ્ણવ સંપ્રદાયના મુખ્ય ચાર સંપ્રદાયોના અનુયાયીના શરીર પર અંકિત થતાં ૧૩ તિલક કે જે શરીરના બાર અંગો જેવા કે લલાટે, ઉદરે, છાતીએ, કંઠે, ડાબા-જમણા હાથના બાવડે, કર્ણ પ્રદેશે, દક્ષિણ કુક્ષીએ, વામકુક્ષીએ, પીઠના ભાગે, સ્કંધ દેશે અને મસ્તક પ્રદેશે થાય છે એમ જણાવ્યું છે.

આમાં લલાટનું તિલક કેશવ ભગવાનનાં મંદિરનું ગણાય છે, નાભિનું તિલક નારાયણનાં મંદિરનું, છાતીનું તિલક માધવ મંદિરનું, કંઠનું તિલક ગોવિંદના મંદિરનું, કમરની જમણી બાજુનું વિષ્ણુ મંદિરનું, કમરની ડાબી બાજુનું વામન મંદિરનું, જમણા હાથનું મધુસૂદન પ્રભુના મંદિરનું, ડાબા હાથના બાવડાનું શ્રીધર મંદિરનું, પીઠના ઉપરના ભાગનું પદ્મનાભના મંદિરનું, પીઠના નીચેના ભાગનું દામોદર મંદિરનું, મસ્તકની ટોચ પર વિશ્વદેવના મંદિરનું.

આ તિલક વૈષ્ણવ સંપ્રદાયના પડેલા ફાંટાઓના વૈષ્ણવપંથીઓ કરે છે. પુષ્ટિ સંપ્રદાયમાં કપાળ ઉપર જ ઊર્ધ્વપુંડ તાણવામાં આવે છે. તિલક એ દરેક સંપ્રદાયની ઓળખ જરૂર બતાવે છે. સાધુ - મહાત્માઓનાં શરીરે તાણેલા તિલક એની ગવાહી પૂરે છે.

***C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,***
***રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,***
***બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ)***
***મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪***

યોગદર્શન



# એષા બ્રાહ્મી સ્થિતિઃ

## જ્ઞાનસ્વરૂપ પરમાનંદ પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે

યોગસાધક કિરણ ચાંપાનેરી

મોહનાશ થાય ત્યારે નિત્યયોગ સધાય છે... આગળના લેખમાં આપણે વાત કરી કે મોહરૂપી કાદવ અને શ્રુતિવિપ્રતિપતિ એટલે કે સાંભળવાથી થયેલા વિપરીત જ્ઞાન દૂર થવાથી યોગને પ્રાપ્ત થયેલા સ્થિર બુદ્ધિવાળા સાધકના લક્ષણો અંગે અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને આ પ્રમાણે પ્રશ્ન કરે છે...

*સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ,*
*સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્.*

*(ગીતા અ.૨.૫૪)*

***અર્થાત્ :*** હે કેશવ! પરમાત્માના સ્થિત સ્થિર બુદ્ધિના પુરુષનું શું લક્ષણ છે? સ્થિર બુદ્ધિનો પુરુષ કેવી રીતે બોલે છે? કેવી રીતે બેસે છે, કેવી રીતે ચાલે છે? અર્થાત્ વ્યવહાર કરે છે?

સ્થિતપ્રજ્ઞસ્ય એટલે સ્થિર બુદ્ધિવાળો સાથક. પરમાત્મ તત્ત્વનો અનુભવ થવાથી જેની બુદ્ધિ સ્થિર બની ગઈ છે તેવો સાધક. જેનો વિચાર દૃઢ છે એવો સાધક. જે સાધનથી કદી વિચલિત થતો નથી એવો સિધ્ધપુરુષ, સાધક. આવો સ્થિરબુદ્ધિ, સ્થિતપ્રજ્ઞ સાધક કેવી રીતે બોલે છે? કેવી રીતે બેસે છે? આવો સાધક કેવી રીતે ચાલે છે? આવો સાધક સંસારમાં કેવી રીતે વ્યવહાર - વર્તન કરે છે? અર્જુનના આ પ્રશ્નોનું સમાધાન ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયના શ્લોક ૫૫થી ૭૨ સુધીમાં કરે છે. સમજુતી આપતા ભગવાન કહે છે, 'હે પૃથાનંદન! જે વખતે સાધક મનમાં આવેલી સઘળી કામનાઓને સમ્યક્ રીતે ત્યજી દે છે અને આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.'

આવા સ્થિતપ્રજ્ઞ મનુષ્યના મનમાં કોઈ સ્પૃહા રહેતી નથી. દુઃખ કે સુખ આવતા તેના મનમાં કોઈ ઉદ્વેગ થતો નથી. જેના રાગ, ભય, ક્રોધ નાશ પામ્યા છે. આવો મનનશીલ મનુષ્ય સ્થિરબુદ્ધિ કહેવાય છે. મનનશીલ એટલે સાવધાનીપૂર્વક કર્તવ્યકર્મ કરતો સાધક. કર્તવ્યકર્મ કરતા કરતા મનમાં કોઈ કામના આસક્તિ ના જાગે એવો સાધક. નિરંતર અનાસક્ત ભવમાં રહેતો સાધક. આવો આસક્તિ રહિત સાધક શુભ કે અશુભ સ્થિતિમાં પ્રસન્ન રહે છે. અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સાધક સમ અને નિર્વિકાર રહે છે. સારા કે માઠા અવસર આવતા સાધકના અંતરમાં સદાય નિર્લિપ્તતા રહે તે સ્થિરબુદ્ધિ સાધક કહેવાય છે.

જેવી રીતે કાચબો ચાલતો હોય ત્યારે ચાર પગ, એક પૂંછડી અને એક માથું એમ છ અંગો દેખાય છે. પણ જ્યારે કાચબો આ છ અંગોને સમેટી લે છે ત્યારે માત્ર પીઠ જ દેખાય છે. આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞ સાધક પાંચ ઈન્દ્રિયો અને એક મન આ છયેને પોતપોતાના વિષયોથી હટાવી લે છે. સાધક વિષયોથી ઈન્દ્રિયોને સંકોરી લે છે. મનથી પણ વિષયોનું ચિંતન નથી કરતો. ઈન્દ્રિયોને વિષયોથી હટાવતા સ્વતઃ સિધ્ધિ પરમાત્માનો અનુભવ થાય છે. પરમ તત્ત્વની અનુભૂતિ થાય છે. સાધકને પરમ ચેતનાનો સાક્ષાત્કાર થાય છે.

ઈન્દ્રિયોને વિષયોથી હટાવવાવાળો સાધક વિષયોથી નિવૃત્ત તો થાય છે, પરંતુ તેની રસબુદ્ધિ નિવૃત્ત થતી નથી. પણ જ્યારે પરમતત્ત્વનો સાક્ષાત્કાર થતાં સાધકના રસબુદ્ધિ નિવૃત્ત થઈ જાય છે. સાધકે સમસ્ત ઈન્દ્રિયોને વશમાં કરીને મારાપરાયણ થઈને બેસવું. કેમકે જે સાધકની ઈન્દ્રિયો વશમાં હોય, તેની જ બુદ્ધિ સ્થિર થાય છે.

વિષયોનું ચિંતન કરવાથી રાગ ઉત્પન્ન થાય છે. રાગથી કામ પેદા થાય છે. કામથી ક્રોધ અને ક્રોધથી સંમોહ જાગે છે. સંમોહથી સ્મૃતિનાશ પામે છે. સ્મૃતિનાશથી બુદ્ધિ નાશ થાય છે અને બુદ્ધિ નાશથી મનુષ્યનું, સાધકનું પતન થતાં વાર લાગતી નથી. ક્ષણભરમાં સાધકનું પતન થાય છે.

ભોજન કરતી વખતે કોઈ પદાર્થનો સ્વાદ આવે તો જીભ તેમાં આસક્ત થઈ જાય છે. આસક્ત થયેલી જીભ મનને પણ ખેંચે છે. મન એ સ્વાદમાં પ્રસન્નતા અનુભવે છે, પ્રસન્ન થાય છે. મન રાજી થાય છે. આ પ્રમાણે આંખ, કાન, નાક, ત્વચા - ઈન્દ્રિયોની સામે તેના વિષયો — રૂપ, શ્રવણ, ગંધ, સ્પર્શ આવતા તેમાં રાગ થઈ જાય છે અને ઈન્દ્રિયો મનને પોતાનું અનુગામી બનાવી દે છે. મનને પોતાની સાથે લઈ લે છે અને મન પણ તે વિષયનો સુખભોગ લેવામાં લાગી જાય છે. તેથી મનમાં તે વિષયોનો રંગ જામી જાય છે. જેવી રીતે સ્વાદમાં જીભનું આસક્ત થવાથી મન પણ પ્રસન્ન બને છે.

*યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી,*
*યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ*

*(ગીતા અ.૨.૬૯)*

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)**

## 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' ઓબ્સેસિવ વિચારો – ઓ.સી.ડી. (OCD)

ભાગ-૫




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે 'વારંવાર હાથ ધોવા' (Compulsive Behaviour – અનિચ્છિત દબાણ પૂર્વકના કાર્યો) તથા 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' (Obsessive Thoughts – અનિચ્છિત દબાણ પૂર્વકના વિચારો)ના કિસ્સાઓ વિશે જાણકારી મેળવી. આ લેખમાં 'ઓબ્સેસિવ કમ્પલસીવ ડીસઓર્ડર' ઓ.સી.ડી. બીમારી વિશે જાણકારી મેળવીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization) – WHO વિશ્વમાં માન્ય આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણના (International Classification of Diseases ICD-10) પુસ્તકમાં ઓ.સી.ડી. લક્ષણો વિશે ઉંડાણમાં વર્ણન કર્યું છે.

**લક્ષણો**

ઓ.સી.ડી.ના સામાન્ય રીતે વારંવાર જોવા મળતા લક્ષણોને નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય.

૧. ગંદકી (Dirt) અને/અથવા જીવજંતુ (Germs) વિશેના વિચારો તથા એને સાફ કરવું.
૨. ફરી ફરીથી ચકાસવું (Checking and Rechecking).
૩. એકની એક ક્રિયા વારંવાર કરવી (Same action doing again and again)
૪. અનિશ્ચિત દબાણપૂર્વકના વિચારો (Obsessive thoughts).
૫. અપેક્ષિત કાર્યોના ક્રમમાં ફેરફાર ન સ્વીકારવો (Changes in routine unacceptable).
૬. ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના (Sexual thoughts) વિચારો.
૭. જૂની વસ્તુઓનો સંગ્રહ.

**૧. ગંદકી અને/અથવા જીવજંતુ વિશેના વિચારો**

આ લક્ષણ ઓ.સી.ડી.ની બીમારીનું સૌથી સામાન્ય (Common symptom) છે. ગંદકી, જીવજંતુના વિચારો પર કાબૂ મેળવવા દર્દી ધોવાની પ્રક્રિયા (Fregnant Compulsive Washing) કલાકો સુધી કર્યા કરે છે.

દર્દી વારંવાર / કલાકો સુધી : (૧) હાથ ધોયા કરે છે, (૨) કલાકો સુધી નાહ્યા કરે છે, (૩) વારંવાર સાબુ લગાડ્યા કરે છે, (૪) પાણીનો વપરાશ ખૂબ જ વધી જાય છે. ઘરમાં ઘણી વખત પાણી ખલાસ થઈ જાય છે. (૫) ટોઈલેટમાં પણ લાંબો સમય લાગે છે.

જીવજંતુ કે ગંદકીનો ચેપ દર્દીને ન લાગે અથવા એનાથી દૂર રહેવા દર્દી ઘરની બહાર ન નીકળે અને ન છૂટકે નીકળવું પડે તો વસ્તુઓને હાથ અડી ન જાય તેની વધારે પડતી કાળજી લે છે. રસ્તા પર ચાલતી વખતે પોતાના હાથ શરીરથી જોડીને રાખે છે જેથી બીજી વ્યક્તિઓ ભૂલથી પણ પોતાને ન અડે. વ્યવહાર કે સામાજિક પ્રસંગોમાં ન છૂટકે દર્દીને જવું પડેતો ઘરે આવીને તરત જ પોતે નાહી લે તથા કપડાં (પોતાના, પતિના, બાળકોના પણ) ધોવા નાખે.

એક કેસમાં અમારા ક્લિનિકનો દરવાજો પેશન્ટે ન ખોલતાં એના પતિએ ખોલ્યો હતો. બીજી એક પેશન્ટ વારંવાર ઉધરસ કરતી હતી. કારણ પૂછતા એણે જણાવ્યું કે એને એમ થતું હતું કે જીવજંતુ મોઢામાં જાય છે જે ઉધરસ કરીને એ જીવજંતુને શરીરની બહાર કાઢે છે.

**૨. ફરી ફરીથી ચકાસવું (Checking and Rechecking)**

એકની એક વસ્તુ દર્દી ફરી ફરીથી ચકાસે છે. આ ચકાસવાની ક્રિયા દર્દીને પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી કરે છે. એને એમ પણ હોય છે કે એટલા વખત નહીં કરે તો કોઈક નુકસાન થશે, નકારાત્મક ઘટના બનશે. ચકાસવાના સામાન્ય રીતે જોવા મળતા લક્ષણો નીચે પ્રમાણે છે :

(અ) ઘરનો દરવાજો અને/અથવા તાળું બરોબર બંધ કરેલ છે કે નહીં એ ચકાસવું.
(બ) રસોડામાં ગેસનો ચૂલો બંધ કરેલ છે કે નહીં.
(ક) ઘરની બારીઓ બરાબર બંધ કરેલ છે કે નહીં.
(ડ) ઈલેક્ટ્રીકલ સ્વીચ બરોબર બંધ કરેલ છે કે નહીં.

આ ચકાસવાની પ્રક્રિયા દર્દી ૧૦ વખત, ૧૫ વખત કે એનાથી વધારે વખત કરે છે. આથી સમય વેડફાય છે, મોડું થાય છે, દર્દીને મનમાં અજંપો રહે છે, બેચેની થાય છે, મન

અસ્વસ્થ રહે છે. આ બધાથી રોજિંદા જીવનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે.

**૩. એકની એક ક્રિયા વારંવાર કરવી**

(અ) કપડાં પહેરતી વખતે કપડાં પહેરવા, કપડાં કાઢવા, ફરી પહેરવા, ફરી કાઢવા... આ પ્રક્રિયા ઘણી વખત કર્યા બાદ છેવટે (દર્દીને મનમાં સંતોષ થયા બાદ) દર્દી કપડાં પૂર્ણપણે પહેરે છે.

(બ) ઘરથી બહાર જતી વખતે ઘરનો ઉંબરો ઓળંગવા દર્દી અંદર-બહાર, અંદર-બહાર ઘણી વખત કર્યા બાદ છેવટે ઉંબરો ઓળંગે છે. આ પ્રક્રિયામાં ભલે ને પછી બહાર કાર્યક્રમમાં પહોંચવામાં મોડું થતું હોય.

**૪. અનિચ્છિત દબાણ પૂર્વકના કાર્યો**

સામાન્ય રીતે નીચે પ્રમાણેના વિચારો આવે છે :

(અ) 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ.'

(બ) 'મારી પૌત્રી જોડે જાતીય વ્યવહાર કરીશ.'

(ક) 'મારા શરીરમાંથી દુર્ગંધ આવે છે આથી બીજા લોકો મારાથી દૂર ભાગે છે.'

(ડ) 'માથામાં ખોડો થયો છે' – દર્દી ઘણી વખત વાળ ખેંચી કાઢે છે.

(ઇ) 'શરીર પર (હાથ પગ પર) જીવજંતુ ચાલે છે (હાથ-પગ પર પાવડર, ક્રીમ લગાડ્યા કરે છે. ચામડીના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરને કન્સલ્ટ કરે).

આ વિચારોને લીધે દર્દી અસ્વસ્થ રહે, બેચેન રહે, મન ઉદાસ રહે, ઉમંગ-ઉત્સાહ ઓછા થઇ જાય, અપરાધભાવ (guilt feeling) આવે, મરવાના વિચારો આવે.

**૫. કાર્યોમાં અપેક્ષિત ક્રમમાં ફેરફાર સ્વીકાર્ય ન રહે. ફેરફારથી અસ્વસ્થ થવાય.**

વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવાની દર્દીની આદત વધીને વ્યસનમાં રૂપાંતર થઈ જાય. વસ્તુઓ સપ્રમાણમાં તથા વ્યવસ્થિત એ જ ક્રમ પ્રમાણે ન ગોઠવાય ત્યાં સુધી દર્દીને ચેન પડતું નથી. આ ઘણી વખત બિનજરૂરી ગોઠવણ કરવામાં કિંમતી સમય વેડફાય છે, મહત્ત્વના કાર્યો મોડા થાય છે કે સમય નીકળી જતાં થતા જ નથી.

ઘરની તથા અન્ય વ્યક્તિઓને પણ દર્દી વસ્તુઓ વ્યવસ્થિત ક્રમવાર મૂકવા તેમની ઇચ્છા વિરૂધ્ધ દબાણ કરે છે. આથી પરસ્પર ઘર્ષણ થાય છે, ટેન્શન વધે છે તથા સંબંધોમાં તિરાડ પડે છે.

**૬. ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના વિચારો**

ધર્મ તથા ભગવાન પર શ્રદ્ધા રાખનાર વ્યક્તિને ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના (Sexual thoughts) વિચારો વારંવાર આવે છે. દર્દી આ જાતીયતાના વિચારોને કાબૂમાં રાખી શકતો નથી. ધાર્મિક ક્રિયા કરતી વખતે પુરુષને સ્ત્રીના સ્તન, યોનિ, સંભોગ વગેરેના વિચારો આવે છે; સ્ત્રીને પુરુષના લિંગ, સંભોગ વગેરેના વિચારો આવે છે.

આ અનિચ્છિત વિચારોથી દર્દી પોતાની જાતને અપરાધી (guilt feeling) માને છે, પાપી માને છે, જીવન જીવવા જેવું નથી રહ્યું એવું લાગે છે.

**૭. જૂની વસ્તુઓનો સંગ્રહ**

દર્દી જૂની - બિનજરૂરી વસ્તુઓ કાઢી નથી નાખતો. આથી સંગ્રહ વધતો જાય છે. કોઈપણ વસ્તુ, પેપર, પત્ર, બીલ કાઢતો નથી. ભલેને એ વસ્તુઓ જૂની હોય અને વર્ષોથી ઉપયોગમાં ન લેવાઈ હોય. દર્દીના મનમાં હોય છે કે આ વસ્તુઓ ક્યારેક કામમાં આવશે.

• **સારાંશ :**

ઉપરોક્ત લક્ષણોમાંથી એક અથવા વધારે લક્ષણો હોય તથા રોજિંદા કામકાજ તથા જવાબદારીઓમાં ખલેલ પહોંચતી હોય તો મનોચિકિત્સકને કન્સલ્ટ કરવું અગત્યનું છે.

*(ક્રમશઃ)*


**Relitrade Stock Broking Pvt. Ltd.**

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Re:a'l Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

વાર્તા

# મેં વિચાર બદલ્યો છે



એમ. ડી. સોલંકી

મનોજકુમાર, તમે મનોમન અકળાઈ રહ્યા હતા. નિયત સમય કરતાંય અડધો કલાક વીતવા છતાંય તાલુકે જતી એસ.ટી.ની બસ હજુય આવી જ નહોતી. રાહ જોઈને થાક્યા પછી તમે વિચારવા લાગ્યા, ‘જવા દો ને! આ એસ.ટી.નો વહીવટ જ સાવ અણઘડ કહેવાય! સમયસર બસ આવે જ નહીં. એવું તે કાંઈ ચાલે? પેસેન્જરોના સમયની એમને મન કોઈ કિંમત જ નહીં ને? બસ મોડી આવશે અથવા આવશે જ નહીં! એવું વિચારીને પેસેન્જરોય ખાનગી વાહનમાં ચઢી બેસે છે અને પાછા આ ખાનગી વાહનોવાળાય જબરા હોં! એસ.ટી. બસના આવવાના સમયે એમનું વાહન લઈને આવી જ જાય. અને હોય એટલા પેસેન્જરોને ઘેટા-બકરાની જેમ એમના વાહનમાં બેસાડીને ઉપડી જાય. આવું થાય એટલે સરવાળે તો એસ.ટી. તંત્ર જ ખોટના ખાડામાં જાય ને? એસ.ટી. વિભાગે પણ આ અંગે થોડું વિચારવું જોઈએ...’

દસેક મિનિટ પછી તમારા કાને કોઈ વાહન આવવાનો ધીમો અવાજ સંભળાયો. તમારા મનમાં થયું, અવાજ તો એસ.ટી.ની બસ આવતી હોય એવો જ છે. રસ્તો થોડો વળાંકવાળો હોવાથી વાહન છેક બળિયાદેવના મંદિર આગળ આવે ત્યારે જ એને જોઈ શકાય. હવે અવાજનું પ્રમાણ વધ્યું હતું અને એટલે જ મનોજકુમાર, તમારા ચહેરાના હાવભાવ પણ બદલાવા માંડ્યા હતા. મનમાં થયું, હાશ! હવે બસ આવી ખરી!

બસમાં બેસવાની જગ્યા મળવાનો તો સવાલ જ નહોતો. બસ આવવાની રાહ જોઈને થાકેલા પેસેન્જરો ખાનગી વાહનમાં બેસીને જતા રહ્યા હતા. છ-સાત પેસેન્જરોને લઈને એસ.ટી.ની બસ હવે તાલુકા મથકે જવા ઉપડી હતી. કંડક્ટર પાસેથી ટિકિટ લઈને મનોજકુમાર, તમે ત્રણની ખાલી સીટમાં ગોઠવાયા. અને વળી પાછું તમારું મન વિચારોમાં પરોવાયું. ‘એસ.ટી.ની આ જાહેરસેવા આમ તો જાહેર જનતા માટે આશીર્વાદરૂપ જ છે. અને ભઈ, એસ.ટી.ના આવડા મોટા તંત્રને એના પોતાના પણ વહીવટી - આર્થિક પ્રશ્નો તો હોય જ ને? અને એમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ આખરે આપણા સમાજમાંથી જ આવે છે ને? એ બધાયને પણ ઘર-કુટુંબ અને સામાજિક ફરજો નિભાવવાની જ હોય. એટલે ક્યારેક થોડું મોડું થઈ જાય તો પણ આપણે ચલાવી લેવું જોઈએ...’

અચાનક ડ્રાઈવરે બ્રેક મારી એટલે થોડા ધક્કા સાથે બસ ઊભી રહી ગઈ. તમારા વિચારવામાં થોડો ખલેલ પડ્યો. તમે એસ.ટી.ના દરવાજા તરફ નજર કરી. આધુનિક પહેરવેશમાં સજ્જ એક યુવતી બસમાં આવીને તમારી આગળની ત્રણની સીટમાં ગોઠવાઈ ગઈ. ટિકીટ આપવા ઊભા થયેલા કંડક્ટરે સાહજિક પૂછ્યું, ‘કેમ બેન, આજે આ બસમાં? નિશાળ છૂટી ગઈ?’

‘આજે સવારે હું સવા નવની બસમાં આવી હતી. તાલુકા મથકે પે સેન્ટરની શાળામાં જવાનું હોવાથી આ બસમાં નીકળી છું.’

‘સવા નવની બસ!’ એવા શબ્દો સાંભળતા જ મનોજભાઈ, તમારા મનમાં યાદ આવી ગયું – ‘મારા પાડોશી છગનભાઈ એક વખત કહેતા હતા – ‘મનોજભાઈ, આપણા ગામમાં આવતી સવા નવની બસની ડ્રાઈવર અને કંડક્ટર બંને સગા ભાઈઓ જ છે. આ બસ સમયની બાબતમાં એટલી રેગ્યુલર છે કે સવા નવ વાગે આપણા ગામના બસ સ્ટેશને અચૂક આવી જ જાય! અરે, ગામના માણસો તો એ બસને આવતી જોઈને જ બોલી ઊઠે, ‘લ્યો, ભાઈ-ભાઈની બસ આવી ગઈ. સવા નવ થઈ ગયા!’ મનોજકુમાર, તમારા ચોવીસી ચહેરા પર આછો આછો મલકાટ પથરાઈ ગયો. ‘અહાહા, કેવી સમયસૂચકતા? અને પછી તો ખુદ તમે જ તમારા પર હસી પડ્યા. આ કેવું કહેવાય? ઘડીક પહેલાં જેના માટે તમે ઠપકાભર્યું બોલતા હતા, એ જ એસ.ટી.ના તંત્રને પાછા તમે બિરદાવવા પણ બેસી ગયા? માનવ મનની મતિને પણ ગહન માનવી જ પડે! ક્યારેક કોઈના વિશે બળાપો, તો ક્યારેક એના જ પેટ ભરીને વખાણ! તમારેય આવું જ થયું, ખરું ને મનોજકુમાર?

દસેક મિનિટ પછી બસ ફરીથી ઊભી રહી. શિક્ષિકા જેવી લાગતી બે બહેનો આવીને તમારી આગળની સીટમાં બેસી ગઈ. થોડીવાર પછી તો એ ત્રણેય બહેનો એમની વાતોમાં મશગૂલ બની ગઈ.

બસ જેમ જેમ આગળ વધતી જતી હતી તેમ તેમ તમારા મનમાં વિચારોનું ઘોડાપૂર ઉભરાયે જતું હતું મનોજકુમાર. ‘વકીલે આજે બે વાગે મળવાનો સમય આપ્યો છે. ટાઈમસર

પહોંચી તો જવાશે. વકીલની ગમે તેટલી ફી થાય તો પણ વહેલી તકે આ વાતનો નિવેડો તો લાવી જ દેવો છે. એકવાર કવિતા સાથે છૂટાછેડા થઇ જાય પછી આપણે ગંગા નાહ્યા! હજુ તો મારી ઉંમરેય ક્યાં વધુ થઈ છે? બધાયને તો હું કનૈયાકુંવર જેવો જ દેખાતો હોઈશને? છુટાછેડા પછી તો મને એક કરતાં એક્યાસી કન્યા મળી રહેશે. અને એ પણ કવિતાને ટક્કર મારે એવી. પછી તો એ કવિતાનેય મનોમન સમજાઈ જશે કે ના, ના, મનેય માથાનો મળ્યો હતો. સામાજિક રીતે કવિતા મને છુટાછેડા આપવા તૈયાર જ નહોતી. એટલે તો આ વકીલની સલાહ લેવી પડીને? ભલું થજો, મારા માસીની દીકરી ભાવનાનું. એણે જ મહેનત કરીને આવો ભારે વકીલ ગોઠવી આપ્યો. વકીલ પણ જબરો હોંશિયાર કહેવાય. એણે તો અગાઉથી જ મને બાંહેધરી આપી દીધી, ‘મનોજલાલ, હવે તમે મજા કરો. આવા તો કંઇક કેસ મેં ચપટીમાં ઉકેલી નાખ્યા છે. તમારો કેસ તો હું ફટાફટ પતાવી જ દઈશ. હા, પણ તમે મારી ફી તૈયાર રાખજો. અને એક બીજી વાત. છુટાછેડા પછી ભરી ઘોડે ચઢો ત્યારે પાછા મને અને ભાવનાને ભૂલતા નહીં.’ ગલગલિયા થાય એવા વકીલ સાહેબના શબ્દો સાંભળીને મેં પણ કહેલું, ‘અરે વકીલ સાહેબ, એવું તો કાંઈ થતું હશે? તમે એકવાર મને આ કવિતાની પળોજણમાંથી પાર ઉતારો એટલે ભયોભયો! તમારી ફી તમે કહેતા હો તો એડવાન્સમાં આપી દઉં. અને બીજી ખાસ વાત. હું ફરી વખત પરણવા જાઉંને ત્યારે તમારે જ મારા અણવર બનવાનું છે. બરાબરને?’

હવે બસે એની નિયત ગતિ પકડી લીધી હતી. કંડક્ટરભાઈ પણ એમની કામગીરી પૂરી કરીને બારી બહાર જોતાં શાંત બનીને બેઠા હતા. મનોજકુમાર, તમારા મનમાં તેજ ગતિએ વિચારો આગળ વધતા હતા. ‘ભાવનાએ સમયસર મને સાચી હકીકત જણાવી દીધી એટલે સારું થયું. અત્યાર સુધી તો હું અંધારામાં જ રહ્યો ગણાઉંને? ભાવના જેવા જ સાચા સગા કહેવાય! આમ તો ભાવના મારી દૂરની માસીની દીકરી છે. એમ કાંઈ એ મારા અંગત સગામાંય નથી. આમ છતાંય એ મારા માટે કેટલો જીવ બાળે છે? મારા ભલા માટે એ કેટલી લાગણી રાખે છે? અત્યારના આ જમાનામાં કોઈ આવી રીતે બીજા માટે ખોટી જ ના થાય. પાછું એણે મને કેવું કહ્યું? ‘જોજો મનોજભાઈ, આ વાતમાં ક્યાંય મારું નામ ઉપર ના આવે. મારે કોઈ જાતનો જશ લેવો જ નથી. હું તો બસ તમારા ભલા માટે જ મારાથી થાય એટલા પ્રયત્ન કરું છું. ગમે તેમ તોય તમે મારા માસીના દીકરા છો.’ અરે, ભાવનાએ વળી મને કેવી ધરપત આપી છે? મનોજભાઈ, એકવાર કવિતાથી વકીલ મારફતે તમારા છુટાછેડા થઈ જાય પછી હું જ તમારા બીજીવારના લગ્નનું ગોઠવી દઈશ. મારી પાસે ત્રણ-ચાર વાતો તૈયાર જ છે.’ ભાવનાએ મને કવિતા વિશે કહ્યું ના હોત તો પછી સરવાળે મારું આખુંય કોળું શાકમાં જ જાતને? આ તો ભાવના અને કવિતાની પે સેન્ટર શાળા એક જ છે. એટલે આવી બધી બાબતોની પૂરેપૂરી ખાતરી કરીને મને જાણકારી આપી. અને ત્યારે જ મને સાચી વાતની ખબર પડી. પછી તો મેંય મારી રીતે જાતતપાસ કરી લીધી – સાલું, મને પોતાને પણ દાળમાં કંઈક તો કાળું દેખાયેલું! કવિતા હસી હસીને એના સ્ટાફના શિક્ષકો સાથે કેવા ટોળટપ્પાં કરતી હતી. અમારા લગ્નથી માંડીને આજ સુધી કવિતા મારી સામે કોઈ દિવસ એવું તો હસી જ નથી. મને શાળામાં જોયા પછી તો એ જાણે સાવ મીંદડી જ બની ગયેલી. જાણે એની ચોરી પકડાઈ ગઈ હોય એમ! એ દિવસે મેં પણ એને બોલવામાં જરાય કસર રાખી જ નહોતી. ઘણાંય દિવસે એ મારા લાગમાં આવી હતી. રંગે હાથ પકડાઈ ગઈ એટલે કવિતા કેવી છોભીલી પડી ગઈ હતી? મને જોઈને એનો આખોય સ્ટાફ કેવો સડક થઇ ગયો હતો? અને મેં પણ ‘ડબ્બલ પાવર’ રાખીને જ વાત કરેલી. એટલે તો નિશાળમાં હાજર હતા એ બધાય શિક્ષકો કેવા છક્ક થઈ ગયેલા? એ બધાયને બરાબરની ખબર પડી ગયેલી કે કવિતાના ઘરવાળા ય કાંઈ રેંજીપેંજી તો નથી જ. એ તો ભલભલાને ભૂ પીવડાવે એવા છે.

મનોજકુમાર, તમારા મનમાં દોડતાં વિચારોના ઘોડાને અચાનક બ્રેક લાગી અને તે ઊભા રહ્યા. કારણ? તમારી આગળની ત્રણની સીટમાં બેઠેલી શિક્ષિકાઓની વાતચીતમાં તમને બે-ત્રણ વખત કવિતાના નામનો ઉલ્લેખ સાંભળવા મળ્યો. તમારા મનમાં જાણે કે એક જાતનો ઝબકારો થઈ ગયો. અને પછી તો બીજું કશુંય વિચારવાનું બંધ કરીને આંખો મિંચીને સરવા કાને તમે તમારી આગળની સીટમાં થતી વાતચીત સાંભળવા લાગ્યા.

‘અલી, કવિતા તો સાવ ભોળી છે. એનું બોલવું-ચાલવું અને વાણી વ્યવહાર એકદમ ચોખ્ખા જ છે. હું એની સાથે નોકરી કરું છું એટલે મને તો એનો પૂરેપૂરો પરિચય છે. એના હસમુખા અને મિલનસાર સ્વભાવથી એણે સૌના દિલ જીતી લીધા છે. શાળાના શૈક્ષણિક કામકાજમાં એ ક્યારેય પાછી પડતી જ નથી. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં એ જ સૌથી પહેલી હોય છે. કોમ્પ્યુટરની કામગીરી પણ ખૂબ સરસ રીતે એ નિભાવે છે. પણ એને એના ઘરવાળા તરફથી થોડી કનડગત છે. એક દિવસ મને એ કહેતી હતી, ‘પલ્લવીબેન, મારા લગ્નના બે-એક વર્ષ સુધી અમારે સારું ચાલ્યું. નાની મનીષાના જન્મ પછી છ-એક મહિના બાદ મનોજે મારી પર શંકા-કુશંકા કરવા માંડી. ક્યારેક નાની અમથી વાતનું વતેસર કરી મારી સાથે ઝઘડો કરે. નશો કરીને એલફેલ બોલે અને ક્યારેક તો મારી પર હાથ પણ ઉપાડી લે. નાની મનીષાની સામે જોઈને હું આ બધુંય સહન કરી લેતી હતી. હાલમાં બાર મહિનાથી હું મારા પીયરમાં જ છું....’

'એના હસબન્ડ નિશાળમાં આવ્યા હતા એ સાચી વાત?'

'હા, કોઈકે એમની કાનભંભેરણી કરી હશે એટલે એ નિશાળમાં આવીને અસભ્ય વર્તન કરી ગયેલા. હું તે દિવસે રજા પર હતી. બીજા દિવસે હું શાળામાં ગઈ ત્યારે મને અમારા સ્ટાફ પાસેથી જાણવા મળેલું. શાળામાં એમણે કવિતાની ભારે બેઈજ્જતી કરી નાખેલી. હમણાં તો એની દીકરી બીમાર હોવાથી કવિતા રજા પર છે.'

'કવિતાના પતિ સરકારી નોકરી કરે છે?' એક શિક્ષિકાબહેને પૂછ્યું.

'ના, ના... એ કોઈ પ્રાઈવેટ કંપનીમાં જાય છે. બી.એડ. કર્યા પછી ઓછા મેરીટના કારણે એમને સરકારી નોકરી મળી નહીં. નોકરી કંપનીમાં કરે છે, પણ પાવર કલેક્ટર જેવો રાખે છે. સરકારી નોકરી મળી જશે એવું ધારીને કવિતાએ એમની સાથે લગ્ન કર્યા હતા...'

મનોજકુમાર, તમે ગંભીર બનીને આ ત્રણેય શિક્ષિકા બહેનોની વાત સાંભળી રહ્યા હતા.

'હમીરપરની શાળામાં મારી સાથે નોકરી કરતી ભાવનાએ એક દિવસ અનાયાસે મને કહી દીધેલું. 'આ કવિતાના લગ્ન મારા દૂરના માસીના દીકરા મનોજ સાથે થયેલા છે. આમ તો હું પોતે જ આ કવિતાની સગ્ગી નણંદ બનવાની હતી. પણ શું કરું? આ કવિતાએ જ મારા ભાઈ સાથે લગ્ન કરવાની ધરાર ના પાડી દીધી. કવિતાને મારી ભાભી બનાવવા મેંય ઘણી મહેનત કરેલી, પણ કવિતા એના નિર્ણયમાં એકદમ અડગ જ રહેલી. એણે જરાય નમતું જોખ્યું જ નહીં. અને મારી મનની વાત મારા મનમાં જ રહી ગઈ! કવિતાના લગ્ન મનોજ સાથે થઇ ગયા. આ વાત હંમેશાં મારા કાળજે ડંખ્યા જ કરે છે. એને હું જોઉં છું ત્યારે મનમાં શું નું શુંય થઈ જાય છે. એ એના મનમાં શું સમજતી હસે? ક્યારેક તો આ વાતનો બદલો હું જરૂર લઈશ.' અમારી પે સેન્ટરની શાળાઓની મીટિંગોમાં પણ ભાવના હંમેશાં કવિતા વિશે ઘસાતું જ બોલે છે...

'હા...આ...આ... હવે આ આખીય વાતનો બરાબરનો તાળો મળી ગયો!' પલ્લવી ઉતાવળથી બોલી ગઈ.

'તાળો? શાનો તાળો? અમને બરાબર સમજાયું નહીં.' એક શિક્ષિકાએ અચરજભર્યા સાદે પૂછ્યું.

'સાંભળો... ભાવનાએ એના ભાઈના લગ્ન કવિતા સાથે ન થવાનું મનદુઃખ રાખી કવિતાને હેરાન કરવા એના પતિ મનોજની કાનભંભેરણી કરી. એના ઉજળા ચારિત્ર્ય પર ડાઘ લગાડવાના પ્રયત્નો કર્યા. એટલું જ નહીં, એના પતિના કાનમાં કવિતા બાબતે ઝેર રેડ્યું. અને એને કવિતા સાથે છુટાછેડા લેવા માનસિક રીતે તૈયાર પણ કર્યો. બાકી કવિતા તો સો ટચનું સોનું છે! એક દિવસ બપોરની રીસેસમાં કવિતાએ મને એના દિલની વાત કરી હતી. 'પલ્લવીબેન, મારા પતિ મારાથી છુટાછેડા લેવાની વાત કરે છે પણ છુટાછેડા લેવાની મારી જરાય ઇચ્છા જ નથી. હું શિક્ષિકાની નોકરી કરું છું એટલે છુટાછેડા થયા પછી મને તો પાતળું-પોચું મળી જાય, પણ મારી નાની દીકરી મનીષાનું શું થાય? મારી મનીષા કાં તો પપ્પા વગરની બને કાં તો પછી મમ્મી વગરની થાય! અમારા પતિ-પત્નીના ઝઘડામાં નાહકની નિર્દોષ મનીષાની જિંદગી ધૂળધાણી થઈ જાય. ના, ના, કોઈપણ હિસાબે મારે મનોજ સાથે છુટાછેડા લેવા જ નથી. એ મારા પતિ છે એટલે ક્યારેક ગુસ્સો કરે, આડું-અવળું બોલે, પણ એવું તો હું ચલાવી લઈશ. મારી મનીષા માટે હું બધું જ સહન કરવા તૈયાર છું. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે મારા પતિને આજે નહીં તો કાલે પણ સાચી વાત જરૂરથી સમજાશે. બસ, મારે થોડી ધીરજ રાખવી પડશે. આપણે વર્ગમાં બાળકોને પણ 'ધીરજના ફળ મીઠા' એવું તો ભણાવીએ જ છીએ ને?'

'પલ્લવી, એક વાત કહું? કવિતા સાથે એમના પતિ જો છુટાછેડા લેશે તો એ એના પતિની એમના જીવનની સૌથી મોટી ગંભીર ભૂલ હશે. કવિતા જેવી નોકરી કરતી, સરળ, સાલસ અને મળતાવડા સ્વભાવવાળી પત્ની ફરી એમને ક્યારેય મળશે જ નહીં. આ તો જીવ બળે છે એટલે કહેવું પડે છે.' સીટની છેવાડે બેઠેલી એક શિક્ષિકાએ કહ્યું.

'વાત તો તારી સાવ સાચી જ છે. પણ ભાવનાની ઉશ્કેરણીથી છુટાછેડા લેવાની જીદે ચઢેલા કવિતાના પતિને આ સાચી વાત કોણ સમજાવે?' પલ્લવી બોલી.

મનોજકુમાર, તમે તમારી આગળની સીટમાં બેઠેલ ત્રણેય ત્રાહિત શિક્ષિકાઓની ચર્ચા સાંભળીને ખરેખર ગંભીર બની ગયા. તમારા મનમાં થઈ આવ્યું, 'મારે ભાવનાની વાત પર ભરોસો રાખવાને બદલે મારી પત્ની કવિતા પર વિશ્વાસ રાખવાની જરૂર હતી. ભાવનાની કહેલી અને ઉપજાવી કાઢેલી ખોટી વાતોને સાચી માની લઇને મેં મારી પત્ની કવિતાને ભારોભાર અન્યાય જ કર્યો છે. કવિતા નિર્દોષ અને નિષ્કલંક છે. ભાવનાના ભાઈ સાથે કવિતાએ લગ્ન કર્યા નહીં એ વાતનો ડંખ રાખીને ભાવનાએ વિલન બનીને અમારા હર્યાભર્યા સંસારબાગને ઉજ્જડ કરવાની પેરવી કરી. કવિતા સાથે બદલો લેવાની આગમાં સળગતી ભાવનાએ બિછાવેલી ભેદી જાળમાં જાણે-અજાણ્યે હું ફસાઈ ગયો. ગંગાના પ્રવાહ જેવી પવિત્ર કવિતાના ઉજળા ચારિત્ર્ય પર ભાવનાના કહેવાથી જ મેં શંકા કરી. એ અમારી દીકરી મનીષા માટે મારી ખોટી હરકતોનેય સહન કરવા તૈયાર છે. કવિતા અને મનીષા પ્રત્યે મારી પણ કંઈક તો ફરજ બને જ છે ને? ભાવનાએ કહેલી ખોટી વાતોનેય સાચી માનીને હું પોતે જ મારી ફરજ ચૂકી ગયો છું. ભૂલ તો

બધી મારી જ છે. ભાવનાએ ઉપજાવી કાઢેલ વાતોનો ભ્રમ હવે મારા મનમાંથી સદંતર દૂર થઈ જ ગયો છે. નશો કરવાની મારી ખરાબ આદતને હવે હું સાવ ભૂલી જઈશ અને સામે પગલે કવિતા પાસે જઇને મેં એને કરેલ અન્યાય બાબતની માફી માંગીશ. મનીષા સાથે કવિતાને હું મારા ઘેર તેડી લાવીશ અને ગઈ ગુજરીને સાવ ભૂલી જઇને નવેસરથી અમારા દાંપત્ય જીવનના બાગને નવપલ્લવિત કરવાના પૂરા પ્રયત્ન કરીશ. સારું થજો આ ત્રણેય શિક્ષિકા બહેનોનું, જેમણે મને સાચી હકીકતોથી વાકેફ કર્યો. એટલું જ નહીં, આ જીવનરૂપી મહાસાગરમાં ખરાબે ચઢી ગયેલી અમારી જીવન નૌકાને હેમખેમ કિનારે લાવવા સાચી દિશાની મને સમજ આપી અને તૂટવાને આરે આવી ગયેલા અમારા દાંપત્ય જીવનને ઉગારી લીધું.'

તાલુકા મથક આવતા એ ત્રણેય શિક્ષિકા બહેનો બજારમાં ઉતરી ગઈ. એસ.ટી.ની બસ સ્ટેશનમાં પહોંચી ત્યારે મનોજ કુમારના સાસરે અણિયોર જતી એસ.ટી.ની બસ ઉપડવાની તૈયારીમાં જ હતી. 'થોડી ઉતાવળ કરું તો અણિયોર જતી બસ મને મળી જાય' એવું વિચારીને એમણે હાથ ઊંચો કરી ડ્રાઈવરને બસ થોભાવવા સંકેત કર્યો. એક બસમાંથી ઉતરીને અણિયોરની બસમાં ચઢતાં જ એમના ખિસ્સામાં રહેલો મોબાઈલ રણક્યો. ફોન રીસીવ કરતા સામે છેડેથી એમને સંભળાયું : 'મનોજભાઈ, તમે કાગળીયા લઇને જલ્દી આવો. હું તમારી જ રાહ જોઈને બેઠો છું. તમે જરાય મોડું કરશો જ નહીં. આજે જ બધું કામ પૂરું કરીને આવતી કાલે કોર્ટમાં કેસ મૂકી જ દેવાનો છે. જેથી ફેંસલો વહેલો આવી જાય અને તમારે કાયમની નિરાંત થઈ જાય...'

અણિયોર જતી બસની સીટમાં બેસીને સમા-નમા થતા મનોજકુમારે કહ્યું, 'ના, ના, વકીલ સાહેબ... હવે મારાથી ત્યાં નહીં આવી શકાય. મેં વિચાર બદલ્યો છે.' અને એમણે ફોન કટ કરી નાખ્યો.

મનોજકુમારને ટિકીટ આપવા આવેલ કંડક્ટર એમના હાવભાવ જોઈને જ અસમંજસમાં પડી ગયા. ત્યારે બસના ડ્રાઇવરને પણ મનોજકુમારની એમની સાસરીના અણિયોર ગામે પહોંચવાની ઉતાવળ જોઈને જાણે કે ખબર પડી ગઈ હોય તેમ એમણે ડામરની સડક પર બસને પૂરપાટ દોડાવી મૂકી. અને ત્યારે કવિતા - મનીષાને મળવા અધીરા બની ગયેલા મનોજકુમારના ચહેરા પર આનંદની આછી આછી ઓલળીયું લીંપાતી જતી હતી.

*૩૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

***"દુખ" અને "તકલીફ" એ ભગવાને બનાવેલી પ્રયોગશાળા છે કે જ્યાં આપની કાબેલિયત અને આત્મવિશ્વાસને ચકાસવામાં આવે છે.***

## યોગ દર્શન : એષા બ્રાહ્મી સ્થિતિઃ

**(અનુસંધાન : પાના નં.– ૪૯ ઉપરથી ચાલુ)**

***અર્થાત્ :*** સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રિ સમાન છે, તે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે અને જે નાશવંત સાંસારીક સુખની પ્રાપ્તિમાં સઘળાં પ્રાણીઓ જાગે છે, પરમાત્માના તત્ત્વને જાણનાર મુનિ માટે તે રાત્રિ સમાન છે. અહીં રાત્રિ એટલે એવા લોકો જેની ઇન્દ્રિયો અને મન વશમાં નથી. એવા લોકો જે ભોગમાં આસક્ત છે. આવા બધા લોકો પરમાત્મ તત્ત્વની દૃષ્ટિએ સૂતેલા છે. પરમાત્મા શું છે? તત્ત્વજ્ઞાન શું છે? અમે જે કંઈ કરી રહ્યા છીએ તેનું પરિણામ શું આવશે? વગેરેનો વિચાર ન કરવો. એ તરફ બિલકુલ નજર ન કરવી. આવા મનુષ્ય માટે રાત્રિ સમાન છે. પરંતુ જેણે ઇન્દ્રિયો અને મનને વશમાં કર્યા છે. જે ભોગ અને સંગ્રહમાં આસક્ત નથી. જે મનુષ્ય - સાધકનું ધ્યેય કેવળ પરમાત્મા જ છે તે સંયમી મનુષ્ય છે. પરમાત્મ તત્ત્વને જાણવું, સ્વસ્વરૂપને જાણવું, આ સંસારને યથાર્થરૂપે જાણવો એ જ આવા સાધકનું રાત્રિમાં જાગવા સમાન છે, રાત્રિમાં જાગવું કહેવાય છે.

જે મનુષ્ય - સાધક સઘળી કામનાઓને છોડીને સ્પૃહા વિનાનો, મમતા વિનાનો, અહંકાર વિનાનો થઇને વિચરે છે તે શાંતિને પ્રાપ્ત થાય છે... સ્થિતપ્રજ્ઞ સઘળી કામનાઓનો ત્યાગ કરે છે. શરીરના નિર્વાહ માટે, જીવન નિર્વાહને માટે જે વસ્તુની જરૂર જણાય તેને સ્પૃહા કહે છે. સ્થિતપ્રજ્ઞ પુરુષ આ સ્પૃહાનો પણ ત્યાગ કરે છે. કામના, સ્પૃહા, મમતા અને અહંતાથી રહિત થવાથી બ્રાહ્મી સ્થિતિની પ્રાપ્તિ થાય છે... 'એષા બ્રાહ્મી સ્થિતઃ પાર્થ' ...આ બ્રાહ્મી સ્થિતિ છે... પાર્થ. બ્રહ્મને પ્રાપ્ત થયેલા મનુષ્યની સ્થિતિ છે. આમ મનુષ્ય મમતારહિત, કામનારહિત અને કર્તૃત્વરહિત બની જતાં બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

નિર્મમ અને નિરહંકાર થવાથી મનુષ્યનો, સાધકનો અસત્ વસ્તુઓથી સંબંધ છૂટી જાય છે. સત એટલે કે બ્રહ્મમાં પોતાની સ્વતઃ સ્વાભાવિક સ્થિતિનો અનુભવ થઈ જાય છે. એ સ્થિતિને બ્રાહ્મી સ્થિતિ કહે છે. બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થતાં શરીરનો કોઈ માલિક રહેતો નથી. આખું વ્યક્તિત્વ ઓગળી જાય છે, ખતમ થઈ જાય છે. શરીરને 'હું' કે 'મારું' કહેનાર રહેતું નથી. અને આ બ્રાહ્મી અવસ્થા પ્રાપ્ત થતાં, નિત્યયોગની અનુભૂતિ થયા પછી ક્યારેય મોહ થતો નથી... મોહ દૂર થતાં પરમાત્વતત્ત્વ, પરમેશ્વર સાથે યોગ સધાય છે. સ્વસ્તરૂપ અને પરમાત્વ સ્વરૂપના દર્શન સરળ, સહજ બને છે. આત્માનો પરમાત્મા સાથે યોગ સધાય છે... ઓમ....

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ઇન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી
## ચંદ્રકાંત મહેતાને અપાયેલો ૨૦૨૩નો જૈન રત્ન એવોર્ડ

તાજેતરમાં ફ્લોરીડામાં યોજાયેલા જૈના કન્વેન્શનમાં શ્રી ચંદ્રકાંત મહેતાને 'જૈન રત્ન'નો પ્રતિષ્ઠિત ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ જૈના સંસ્થાનો ઍવોર્ડ ૨૦૨૩ માટેની પાંચ સભ્યોની નિર્ણાયક સમિતિએ ન્યુજર્સીનાં શ્રી ચંદ્રકાંત મહેતાને જૈન ધર્મના મૂલ્યો અને જૈન શિક્ષણ આપવાના કાર્ય બદલ આ ઍવોર્ડ એનાયત કર્યો છે. ભારતમાં જન્મેલા અને ઉછરેલા એવા ચંદ્રકાંત મહેતા ભારત અને અમેરિકાની ફિઝિક્સ અને ન્યુક્લિયર એન્જિનિયરીંગની ડિગ્રી ધરાવે છે. એમણે અમેરિકામાં સિનિયર ન્યુક્લિયર રીએક્ટર એન્જિનિયર અને મેથ્સ ટીચર તરીકે કામગીરી બજાવી છે. એમાંથી નિવૃત્ત થયા બાદ એમણે જૈન ધર્મના પ્રસાર અને પ્રચારનું કાર્ય હાથ ધર્યું અને આજે વિશ્વના જુદા જુદા દેશોમાં જૈન ધર્મના એમ્બેસેડર અને માર્ગદર્શક તરીકે એમને માન મળેલું છે. લેખક, વક્તા, શિક્ષક, સલાહકાર, વિધિકાર અને સ્પિરીચ્યુઅલ ગાઈડ તરીકે એમણે અનેક લોકોના જીવનમાં અનુકંપા, દયા અને શાંતિ માટેની ભાવના જગાડી છે અને યુવાન-પ્રૌઢ સહુમાં જૈન મૂલ્યોનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ મહિમા સમજાવ્યો છે.

## આદર્શ અમદાવાદ

### ચાલો ઉજ્વીએ સારા પ્રસંગો ચિંતા વગર...

સમાજના દરેક ઘરમાં સારા પ્રસંગો અવારનવાર આવતા જ રહે છે. ત્યારે મુખ્યત્વે બે ખર્ચ આવે છે : (૧) જમણવાર, (૨) કપડાં. જેમાં ખૂબ ખર્ચા થાય છે. આ મોંઘવારીમાં આ ખર્ચા કરવા ખૂબ મુશ્કેલ પડે છે. અત્યારે આપણે પ્રસંગને અનુરૂપ કપડાંની વાત કરીએ.

૧. ઘરમાં અમુક પ્રસંગે પહેરાય તેવા ભારે કપડાં હોય તો પણ એકના એક પહેરવા ગમતા નથી.

૨. ઘરનાં દરેક સભ્યો માટે તે પૂરતા હોતા નથી અને એ પછી ખરીદવાનો ખર્ચ જે મોંઘવારીમાં પોષાતો નથી.

આ માટે આદર્શ અમદાવાદે એક સુંદર સમાજલક્ષી વ્યવસ્થા કરી છે. જેનું નામ છે 'સાડી લાઈબ્રેરી.' જેના માટે કોઈ પૈસો ખર્ચવાની જરૂર નથી. તમે તેને 'ફ્રી લાઈબ્રેરી' પણ કહી શકો. કેવી સુંદર વાત અને વ્યવસ્થા!

તો આપ સૌને નમ્ર વિનંતી અને અપીલ છે કે, ઘરમાં જ્યારે સારો પ્રસંગ આવવાનો હોય ત્યારે સૌપ્રથમ અચૂક અને અવશ્ય આ લાઈબ્રેરીની મુલાકાત લેશો. પછી આગળ આપને યોગ્ય લાગે તેમ કરી શકો.

અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે લાઈબ્રેરીમાંથી તમારી પસંદગીનાં કપડાં જરૂર મળી રહેશે અને આપશ્રીને મોટા ખર્ચમાંથી રાહત મળે. આ લાઈબ્રેરીમાં બહેનો માટે ખૂબ સારી ક્વોલિટીની સાડીઓ, ચણિયા ચોળી, વિવિધ સાઈઝના ડ્રેસો તથા ભાઈઓ માટે શેરવાની, સુટ, બ્લેઝર-ટાઈ સુટ તથા ઝભ્ભા મળશે. આમાં ૩,૦૦૦થી ૫૦,૦૦૦ના મૂલ્ય સુધીના સારા કપડાંનું કલેક્શન છે. પસંદગી અને નિર્ણય આપ પર.

*નોંધ :* કપડાં ૭ દિવસ સુધી રાખી શકાશે.

કપડાં પ્રમાણે સામાન્ય રીફંડેબલ ડિપોઝીટ ચૂકવવાની રહેશે. જે રકમ કપડાં પરત આપવાથી પરત મળી જશે.

ફક્ત ડ્રાય ક્લિનના રૂા. ૨૦૦ કે ૩૦૦ આપવાના રહેશે.

આધાર કાર્ડની ઝેરોક્ષ આપવાની રહેશે.

મોટા રોકાણ / ખર્ચથી બચવા ખરીદી કરતા પહેલાં આદર્શ અમદાવાદ સાડી લાઈબ્રેરીની અવશ્ય મુલાકાત લેવા વિનંતી છે.

***સમય : બપોરે ૨ થી ૪ ● સોમવારથી શનિવાર.***

*સ્થળ :* આદર્શ અમદાવાદ, નેહલ બિલ્ડિંગ, શાકભાજીના હોલસેલ હબની ઉપર, કોમર્સ કોલેજ છ રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચે, કોમર્સ કોલેજ છ રસ્તા મેટ્રો સ્ટેશનની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

*સંપર્ક :* ૨૬૫૬૫૪૧૬, ૯૪૦૯૩ ૦૮૦૯૩

## યુવા અનસ્ટોપેબલ (ટ્રસ્ટ) દ્વારા
## આકાશ સંસ્થા - આંબાવાડી શાખામાં
## ૧૧ અને ૧૨ (JEE અથવા NEET) માટે કોચિંગ

**પસંદગીના માપદંડ :**

૧. ૧૦મા ધોરણની ટકાવારી ૮૦%થી વધુ હોવી જોઈએ.

૨. પરિવારની વાર્ષિક આવક રૂપિયા ૩ લાખ કરતાં ઓછી.

૩. ૧ મહિનાનું વીજળીનું બીલ રૂા. ૧,૦૦૦/- કરતાં ઓછું હોવું જોઈએ.

**પસંદગી પ્રક્રિયા :**

★ *પગલું-૧ :* ઈન્ટરવ્યુની પસંદગી માટે ફરજિયાત દસ્તાવેજો પ્રદાન કરો.

★ *પગલું-૨ :* Yuva દસ્તાવેજોની ચકાસણી કરશે અને તેમને ઇન્ટરવ્યુ માટે પરવાનગી આપશે.

★ *પગલું-૩ :* પસંદગી પછી તે ભરવા માટે ફોર્મ શેર કરશે.

★ *પગલું-૪ :* એકવાર યુવા ફોર્મ દ્વારા વિગતો મેળવે પછી નોંધણીની પ્રક્રિયા કરાશે.

**દસ્તાવેજોની સૂચિ :**

૧. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (JPG ફોર્મેટ)

૨. વિદ્યાર્થીનું આધાર કાર્ડ (JPG ફોર્મેટ)

૩. વાર્ષિક આવક પ્રમાણપત્ર (JPG ફોર્મેટ)

૪. વીજળીનું બીલ એપ્રિલ-૨૦૨૩થી જૂન-૨૦૨૩ વચ્ચેનો કોઈપણ મહિને (માસિક બીલ રૂા. ૧,૦૦૦/-થી વધુ ન હોવું જોઈએ) (JPG ફોર્મેટ)

૫. ૧૦મા ધોરણની માર્કશીટ (JPG ફોર્મેટ)

૬. ઘરના ૩ ફોટા : ઘરની બહાર, ઘર અને રસોડાની અંદર (PDF ફોરમેટ)

*વધુ વિગત માટે કોલ કરો : ૯૨૮૯૪ ૯૦૧૦૨, ૯૨૮૯૮ ૨૮૦૪૮*

## કવિમંચ સાહિત્ય પરિવાર - ગાંધીધામ

ગાંધીધામની કવિમંચ સાહિત્ય પરિવાર સંસ્થા દ્વારા 'મેરી માટી મેરા દેશ' થીમ આધારિત સમર્પણ ભક્તિ કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરના કવિ મિત્રોએ તેમની કલમ વડે દેશપ્રેમ ઉજાગર કરતી સુંદર રચનાઓનું સર્જન કર્યું હતું. જેમાં પ્રથમ ક્રમે દેવીબેન વ્યાસ 'વસુધા', દ્વિતીય ક્રમે ગીતાબેન ઠક્કર 'ગીત' અને તૃતીય ક્રમે ત્રણ નામો જાહેર થયા હતા જેમાં સુનિલ પરમાર 'સૌમ્ય', ભૂમિકાબેન ઝાલા અને ભૂષિતભાઈ શુક્લનો સમાવેશ થાય છે.

કાવ્ય સ્પર્ધાના નિર્ણાયક તરીકે કચ્છનાં જાણીતા કવિ શ્રી વિનોદભાઈ માણેક 'ચાતક' હતા. સ્પર્ધાને અંતે વિજેતાઓને કવિમંચ દ્વારા મેડલ, ટ્રોફી અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યા હતા. સમસ્ત આયોજનને સફળ બનાવવા સંસ્થાના આયોજકોમાં પૂજાબેન ગઢવી 'મંથના' સાથે દીપકપૂરી ગોસ્વામી 'દર્દેદિલ'એ જહેમત ઉઠાવી હતી.

## માનવ જ્યોત સંસ્થા - ભુજ

### બીદડાના વાડી વિસ્તારમાં નર્મદા કેનાલ પાસેથી મળી આવેલ નિવૃત્ત ઇન્ડિયન આર્મીમેનને ઘર શોધી અપાયું

રાજસ્થાનનાં જયપુર શહેરનાં ગોપીરામ રાઠોડ (ઉં.વ. ૫૪) ગૂમ થતાં શિક્ષિત પરિવારમાં દોડધામ મચી ગઈ હતી. પરિવારજનો તેને શોધવા નીકળી પડ્યા. માત્ર અંગ્રેજી અને હિંદી બોલતાં ગોપીરામ કચ્છના બીદડા ગામનાં વાડી વિસ્તારની નર્મદા કેનાલ પાસેથી મોટા ભાડિયાનાં કલ્યાણભાઈ ગઢવી તથા સજણભાઈ ગઢવીને મળી આવતાં તેમણે નાના ભાડિયાનાં દેવાંગભાઈ ગઢવી મારફતે માનવ જ્યોત સંસ્થા - ભુજ સુધી સંદેશો પહોંચાડ્યો હતો. અને ત્રણે સમાજસેવીઓએ પોતાનાં વાહન મારફતે ગોપીરામજીને માનવ જ્યોત સંસ્થા - ભુજ સુધી પહોંચાડેલ. મળી આવેલા ગોપીરામજીનાં જણાવ્યા મુજબ તે નિવૃત્તિ આર્મીમેન છે. તેમને સારવારની જરૂરત જણાતાં માનવ જ્યોતે તેમને માનસિક આરોગ્યની હોસ્પિટલમાં ભુજમાં એડમિટ કરાવી સારવાર શરૂ કરાવી હતી.

માનવ જ્યોત સંસ્થા ભુજ દ્વારા સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ ગોપીરામજી પાસેથી મળેલ માહિતીનાં આધારે રાજસ્થાન પોલીસની મદદ લઈ તેમના પરિવારને શોધી કાઢ્યો હતો. શિક્ષિત પરિવારનાં તેના પુત્ર સંદીપભાઈ રાઠોડ તથા જમાઈ મહેશ પવાર તેને લેવા ભુજ આવી પહોંચ્યા હતા. તેમનાં જણાવ્યા મુજબ પિતા ગોપીરામ રાઠોડ ઇન્ડિયન આર્મિમાં સિકંદ્રાબાદમાં ઘણા વર્ષો સુધી રહીને નિવૃત્ત થયા હતા. પત્નીનું અવસાન થતાં આઘાતમાં તેમણે માનસિક સમતુલા ગુમાવી હતી અને ઘરેથી નીકળી ગયા હતા. પિતા-પુત્રનું મિલન થતાં એકબીજાને ભેટી પડ્યા હતા.

માનવતાના આ કાર્યમાં પ્રબોધ મુનવર તથા અન્યો સહભાગી બન્યા હતા.

### માનસિક દિવ્યાંગોએ આઝાદીનો પર્વ મનાવ્યો

સમગ્ર દેશની અંદર સ્વતંત્રતા દિનની શાનદાર ઉજવણી થઈ રહી છે ત્યારે માનવ જ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છના માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોએ હાથમાં તિરંગો લઈ આઝાદી પર્વ ઉજવ્યો હતો.

સંસ્થા દ્વારા આયોજિત તિરંગા રેલીમાં સંસ્થાના સર્વે પદાધિકારીઓ તથા માનસિક દિવ્યાંગો ભાઈ-બહેનો હોંશે હોંશે જોડાયા હતા. પ્રવીણભાઈ ભદ્રા તથા મીનાબેન ભદ્રાએ દેશ ભક્તિનાં નારા બોલાવ્યા હતા. કેસરી વસ્ત્રોમાં સજ્જ માનસિક દિવ્યાંગો તિરંગો લહેરાવી એકતા અને રાષ્ટ્રપ્રેમ સાથે દેશ ભક્તિના રંગે રંગાયા હતા.

સંસ્થાના પ્રબોધ મુનવર તથા અન્ય અનેક કાર્યકરો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

### નલીયામાંથી મળેલો યુવાન ૧૮ વર્ષ પછી ઘરે પહોંચ્યો પુત્રને તેડવા ૮૫ વર્ષીય માતા ભુજ પહોંચ્યા

મધ્ય પ્રદેશના વિદિશા જિલ્લાના શેરખેડા ગામનો યુવાન મલકાન પ્રજાપતિ (ઉં.વ. ૧૭) અચાનક ગૂમ થતાં પરિવારજનોએ

તેની સતત શોધખોળ ચલાવી હતી. તે વર્ષો સુધી અનેક રાજ્યોનાં શહેરોમાં રખડતો-ભટકતો રહ્યો હતો. અનેકવિધ દુઃખ સહન કર્યું. અનેક વખત ખાવાનું ન મળતાં તે ભૂખ્યો સૂઈ રહેતો. આખરે તે રેલવે માર્ગે ભુજ પહોંચી રખડતો-ભટકતો પગે ચાલી અબડાસાના નલીયા ગામ સુધી પહોંચ્યો હતો.

નલીયાનાં સેવાભાવી કાર્યકર નીલેશભાઈ મકવાણાએ માનવ જ્યોત સંસ્થા ભુજને જાણકારી આપી કે, નલીયામાં એક પરપ્રાંતીય માનસિક દિવ્યાંગ આવેલો છે. માનવ જ્યોત સંસ્થાએ વાહન દ્વારા તેને ભુજ લઈ આવી શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ મધ્યે રાખી ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલના મનોચિકિત્સક ડોક્ટરશ્રી પાસેથી સારવાર કરાવતાં તે માત્ર ૧૫ દિવસમાં સ્વસ્થ બન્યો હતો.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના સિનિયર પેરાલીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ મધ્ય પ્રદેશ પોલીસનો સંપર્ક કરી તેનું ગામ અને પરિવાર શોધી કાઢ્યા. સમાચાર મળતાં જ પરિવારમાં ખુશી છવાઈ ગઈ.

માતાની ૧૮ વર્ષની વેદનાનો અંત આવ્યો. પરિવારજનોએ વીડિયો કોલ કરી મળેલ પરિવારજનની ખાતરી મેળવી તુરત જ ભુજ આવવા ટ્રેનમાં બેઠા. માનવ જ્યોતના પાલારા મધ્યેના આશ્રમે પહોંચતાં જ માતા-પુત્ર અને તેના બંને ભાઈઓ મલકાનને ભેટી પડતાં ભાવુક દશ્યો સર્જાયા હતા. ઉપસ્થિત સૌની આંખો અશ્રુભીની બની હતી. ૧૮ વર્ષ પછી માની વેદનાનો અંત આવ્યો. ૮૫ વર્ષીય માતા પુત્રને મળી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સંસ્થાને અંતરના આશીર્વાદ પાઠવ્યા. આજે પુત્ર ૩૫ વર્ષનો થઈને ઘર સુધી પહોંચ્યો છે. ઘરે જઇ રહેલા આ યુવાનને હાર-તોરા પહેરાવી શુભેચ્છાઓ પાઠવાઈ હતી.

માનવતાના આ કાર્યમાં અનેક લોકોએ સહકાર આપ્યો હતો.

## ઇમામ હુસેનની શહીદી યાદ કરી ભુજમાં મુસ્લિમ બિરાદરોએ મહોરમ પર્વ મનાવ્યો

કરબલાનાં મેદાનમાં ૭૨ સાથીદારો સાથે શહીદી વહોરી લેનાર ઇમામ હુસેનની યાદમાં મુસ્લિમ બિરાદરોએ યા હુસેન... યા હુસેન... ના નારા સાથે ભુજમાં પોતાના માતમમાં રહીને મહોરમ પર્વ મનાવ્યો હતો.

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયગંબર સાહેબનાં દોહિત્ર ઇમામ હુસેન સત્ય માટે ઇરાકનાં કરબલા શહેરમાં સન ૬૧માં યહુદીઓ સામે યુદ્ધ ખેલી પોતાના ૭૨ સ્વજનો સાથે શહીદી વહોરી હતી. ઇમામ હુસેનની યાદમાં વિશ્વભરનાં કરોડો ઈસ્લામ ધર્મીઓ મોહરમ માસનાં પ્રથમ દસ દિવસ શોક મનાવે છે અને ત્યારબાદ તાજીયા કાઢવામાં આવે છે.

કોમી એકતા અને ભાઈચારાને અનુરૂપ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ભુજનાં નગરપતિ ઘનશ્યામ ઠક્કરે જ્યારે અતિથિવિશેષ પદ કારોબારી ચેરમેન જગતભાઈ વ્યાસ, અનિલભાઈ છત્રાળા, કિરણ ગોરી, રામદેવસિંહ જાડેજા, કુંવર ઇન્દ્રજીતસિંહ જાડેજા, કિશોરદાન ગઢવી, કાસમભાઇ સમા, હાસમભાઈ સમા, અકીલભાઇ મેમણ, માલશી નામોરી, હાજી સિદ્દિક બાયડ, હસન અલી સરાઈ, પી.આઈ. ભોલા સાહેબ તથા શ્રી સરવૈયા સાહેબે શોભાવ્યું હતું.

પ્રારંભે તાજીયા કમિટી પ્રમુખ સહેજાદભાઈ સમાએ પ્રસંગ પરિચય આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ ગનીભાઈ કુંભારે સ્વાગત પ્રવચન કરી મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો.

વિવિધ આગેવાનોએ તાજીયા વિશે માહિતી આપી હતી. ઉપસ્થિત આગેવાનોએ ભુજ શહેરની કોમી એકતાને બિરદાવી હતી. મહેમાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન રફીકભાઈ મેમણે કરેલ. આભારવિધિ ગનીભાઇ કુંભારે કરી હતી.

સીધીવાળા રથ ભીડચોકમાં આવી પહોંચતા તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રથનું સન્માન કરવામાં આવેલ. ઠેર ઠેરથી ઘોડા તાજીયા પણ ભીડ ચોકમાં આવી પહોંચ્યા હતા. ઢોલ, નગારા, ચોકારા, કચ્છી ઓસાણીની ભારે રમઝટ જામી હતી.

ઉપસ્થિત સર્વે મહેમાનોએ પ્રથમ રથને નાળીયેરથી વધાવી રથ ચાલકને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્ટાર્ટ આપ્યો હતો. ભીડ ચોક, કુંભાર યુવા સર્કલ દ્વારા શબીલે હુસેન પીવડાવીને કોમી એખલાસનો સંદેશ પાઠવાયો હતો.

શણગારેલા તાજીયા, તાબુસ, સેજ, રથ અને ઘોડા જોવા ઠેરઠેર લોકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

સુંદર વ્યવસ્થાઓ બદલ તાજીયા કમિટી પ્રમુખ શ્રી સેજાદ સમા, ઉપપ્રમુખ ગનીભાઈ કુંભાર તથા અન્ય હોદ્દેદારોએ સૌનો આભાર માન્યો હતો.

## ભીડ ગેટ દાદુપીર રોડ મધ્યે ધ્વજવંદન કરાયું

ભુજ શહેર ભીડ ગેટ દાદુપીર રોડ મધ્યે સર્વે રહેવાસીઓ દ્વારા આઝાદીનો અમૃત મહોત્સવ મનાવાયો હતો. તિરંગો મુસ્લિમ અગ્રણી હાજી ઇબ્રાહીમ હાલેપૌત્રાએ લહેરાવ્યો હતો.

આ પ્રસંગે માનવ જ્યોત સંસ્થાના પ્રમુખ પ્રબોધ મુનવર, આલાવાલાવાળી મસ્જિદના મૌલાના અબ્દુલ હકીમ ખાન, સામાજિક કાર્યકર રફીક બાવા, આમદ કુંભાર, સાજીદ મામણ ઉપસ્થિત રહ્યા હતા. દાદુપીર રોડથી ભીડ ગેટ સુધી તિરંગા રેલીમાં બાળકો તથા રહેવાસીઓ જોડાયા હતા.

કાર્યક્રમનું સંચાલન રફીક બાવાએ જ્યારે આભારવિધિ આદમ થૈમે કરી હતી. ■

## NanoNine® શબ્દ રમત-૧૯૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ | | ■ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | ■ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | ૩૦ | ■ | |
| | ■ | ૩૧ | | | ■ | ■ | ૩૨ | | | | |
| ■ | ૩૩ | ■ | ■ | ૩૪ | ૩૫ | ■ | | ■ | | ■ | |
| ૩૬ | | ૩૭ | ૩૮ | ■ | ૩૯ | ૪૦ | ■ | ■ | | ■ | ■ |
| | ■ | ૪૧ | | ■ | ૪૨ | | | ૪૩ | ■ | ૪૪ | ૪૫ |
| ૪૬ | ૪૭ | ■ | ૪૮ | ૪૯ | ■ | | ■ | ૫૦ | | ■ | |
| ૫૧ | | | ■ | ૫૨ | | | ■ | ૫૩ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સમય, વખત (૪)
૫. નબળું, અશક્ત (૪)
૭. પ્યાલો, પ્રહર, જામફળ (૨)
૮. અંધારું, અજ્ઞાન (૩)
૧૧. અભિપ્રાય (૨)
૧૩. અવસર, અનુકૂળ વખત (૨)
૧૪. જવું, ચાલવું તે (૩)
૧૬. કઠણાઈ, કઠારો, બફારો (૨)
૧૭. ખ્રિસ્તી સાધ્વી (૨)
૧૯. સરિતા, નદી (૨)
૨૦. ડાક, પોસ્ટ (૩)
૨૨. સગુ, વિશ્વાસુ (માણસ) (૨)
૨૪. મેષ, કાજળ, મિષ, બહાનું (૨)
૨૬. રાજકારણીના દાવપેચ (૫)
૨૭. બુદ્ધિ, મતિ, અભિપ્રાય (૨)
૨૮. આકાશ, ગગન (૪)
૨૯. આદર (૨)
૩૧. ઉત્કટ ઈચ્છા, તાલાવેલી (૩)
૩૨. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૩૪. લજ્જા, શરમ (૨)
૩૬. ચાલાક, હોંશિયાર (૪)
૩૯. પક્ષ, તરફેણ, તક (૨)
૪૧. તિલ, તળીયું, એક તેલ બી (૨)
૪૨. નબળું, અશક્ત (૪)
૪૪. અંગચેષ્ઠા, નખરાં (૨)
૪૬. શરીર, દેહ (૨)
૪૮. અણુ, ધૂળનો કણ, કસ્તર (૨)
૫૦. મૂંગું (૨)
૫૧. રીત, રિવાજ, ધારો (૩)
૫૨. નમસ્કાર, વંદન (૩)
૫૩. વૃધ્ધ, ઘરડું, કઠણ (૩)

### ઊભી ચાવીઓ

૧. અહંકાર, ગર્વ (૩)
૨. શિક્ષા, દંડ (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૪. જ્ઞાન, ચેતના (૨)
૫. સોગંદ (૩)
૬. જુસ્સો, વેગ, ઉભરો (૨)
૯. મગરની માદા (૩)
૧૦. જીદ, ખોટો આગ્રહ (૨)
૧૨. દેહ, કાયા (૨)
૧૫. દોરડા પર નાચનાર (૨)
૧૬. લેખણ, ચિત્રકારની પીંછી (૩)
૧૮. તિરસ્કાર, ધૃણા (૪)
૧૯. સાત (૨)
૨૧. હંસ (૩)
૨૨. છત્રી, છત્તર (૪)
૨૩. સાર, તત્ત્વ (૪)
૨૫. સમર્થ, બળવાન (૪)
૨૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. ફટકો લાગવો (૨)
૩૦. કલંક વિનાનું, શુદ્ધ (૪)
૩૩. પાણી, તેજ, નૂર (૨)
૩૫. પાવન કરનાર, અગ્નિ (૩)
૩૬. ચણવું તે, ચણવાનું કામ (૪)
૩૭. _______ થોડી ને વેશ ઝાઝા (૨)
૩૮. રંગ (અં.) (૩)
૪૦. ખિન્ન, ઉદાસ (૪)
૪૩. મશ્કરી, વિનોદ (૩)
૪૫. _______ રોટી ખાઓ,
પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૪૭. રગ, રેસો, રસવાહિની (૨)
૪૯. માણસ, પ્રજાજન, જનતા (૨)

### ગઝલ

ખ્વાહિશોના જે કરે છે ખાતમા,
એ જ માણસ થઈ શકે છે મા'તમા.

જીવવું આસાન થઈ જાશે પછી,
હોય જો જક્કાસ જીવવાની તમા.

સાંજના ખાતાવહી મેં જોઈ તો,
જખ્મ નકરા જખ્મ નકરા છે જમા.

હું ય ખુદ ભૂલી ગયો છું દોસ્તો,
સાચવ્યા છે કેમ મનમાં અણગમા.

બ્રહ્મને પણ માફ કરતો માનવી,
બસ કરી શકતો નથી ખુદને ક્ષમા.

મનને પૂછ્યું તો મળ્યો ઉત્તર મને,
આત્મા તું - તું જ છો પરમાત્મા.

રાત આખી જંપવા દેતી નથી,
યાદને 'સાહિલ' થયો શું અસ્થમા.

*સાહિલ - રાજકોટ ● મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯*

## NanoNine® શબ્દ રમત-૧૯૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | પ | ડિ | યો | ■ | અ | લં | કા | ર | ■ | સ | મ |
| વ | દ | ન | ■ | મ | સ્ત | ■ | ત | ■ | ર | મ | ત |
| ડ | ■ | ર | સી | દ | ■ | બુ | ર | ખો | ■ | જ | ■ |
| ■ | પ | ■ | મં | દ | બુ | દ્ધિ | ■ | લીં | પ | ણ | ■ |
| અ | વિ | ર | ત | ■ | ■ | શા | હ | ■ | સં | ■ | ■ |
| પ | ત્ર | ક | ■ | દિ | વા | ળી | ■ | મં | દ | ગ | તિ |
| લ | ■ | મ | હિ | લા | ■ | ■ | બં | ડ | ■ | તિ | થિ |
| ક્ષ | તિ | ■ | મ | સો | તું | ■ | ગ | પ | ■ | ■ | ■ |
| ણ | ■ | લો | જ | ■ | ■ | પ્યા | લો | ■ | ■ | ■ | સા |
| ■ | પ | ■ | ■ | ર | જ | સ | ■ | શં | ખ | ના | દ |
| ■ | રા | ત | વા | સો | ■ | ■ | ■ | કા | સ | દ | ■ |
| સા | ળ | વી | ■ | ડી | ■ | ના | થ | ■ | મ | ર | ણ |

*જુલાઈ-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૬ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. વંદના શાહ – અમદાવાદ
૩. દક્ષા મકવાણા – અમદાવાદ
૪. દિશા પટેલ – અમદાવાદ
૫. મિત્તલ પટેલ – અમદાવાદ
૬. મિતેશ દેઢિયા – અમદાવાદ
૭. નરેન્દ્ર સંઘવી – અમદાવાદ
૮. સ્મિતા શાહ – અમદાવાદ
૯. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૦. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૨. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૩. દમયંતી દંડ – અમદાવાદ
૧૪. ચંદ્રિકાબેન સંઘવી – અમદાવાદ
૧૫. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૬. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૭. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૮. મીના ખરીદિયા – અમદાવાદ
૧૯. જ્યોતિ ગડા – અમદાવાદ
૨૦. યેશા મહેતા – અમદાવાદ
૨૧. હિરેન શાહ – અમદાવાદ
૨૨. ભાવનાબેન – અમદાવાદ
૨૩. ધર્મિષ્ઠા શાહ – અમદાવાદ
૨૪. કામિની શેઠ – અમદાવાદ
૨૫. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૬. હસમુખ દેઢિયા – અડાલજ
૨૭. કંચનબેન મોરબીયા – ભુજ
૨૮. દત્તા અંતાણી – ભુજ
૨૯. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**વંદના શાહ – અમદાવાદ**

## સહુને માટે આકર્ષક અને કિંમતી ધાતુ : સોનું

ચમકતા પીળા રંગની ધાતુ સોનું પ્રાચીનકાળથી મનુષ્યના આકર્ષણનું કેન્દ્રબિંદુ રહ્યું છે. જમીનમાંથી પણ ખોદીને સોનું મેળવવાની પદ્ધતિ ઇ.સ. પૂર્વે ૩૫૦૦માં શરૂ થયેલી. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ, ઇજિપ્ત, સિંધુ, મેસોપોટેમિયા અને સુમોરિયનમાં આકર્ષક ઘરેણા બનાવવા માટે સોનાનો ઉપયોગ થતો. ભૌતિક ગુણવત્તા અને આકર્ષક રંગને કારણે સોનું આકર્ષક બન્યું છે. તે મહામૂલી સંપત્તિ ગણાય છે. સોના માટે ઈતિહાસમાં ઘણા યુધ્ધો પણ થયા છે. આજે પણ સોનું આકર્ષક અને કિંમતી છે. તેને World Currency (વૈશ્વિક ચલણ) પણ કહેવાય છે.

વિશ્વમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન દક્ષિણ આફ્રિકામાં થાય છે. દક્ષિણ આફ્રિકાના પ્રિકેમ્બીયન વિટવોટર સ્ટ્રાન્ડ ખાતે સેંકડો કિલોમીટર વિસ્તારમાં ૩થી ૪ કિ.મી.ની ઊંડાઈ સુધી ખનીજ સ્વરૂપે પુષ્કળ સોનું મળે છે. સોનાના જથ્થાનો ૬૫% ભાગ ઘરેણા બનાવવા માટે તથા બાકીના સોનાનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક અને સિરામીક ઉદ્યોગમાં થાય છે.

સોનું ગરમી અને વીજળીનું ઉત્તમ વાહક છે. તેને કાટ લાગતો નથી. તેને ટીપીને તેનું સૌથી પાતળું પડ બનાવી શકાય છે. બીજી કોઈ પણ ધાતું કરતાં સોનાના પાતળા તાર બનાવી શકાય છે. એટલે ઈલેક્ટ્રોનિક સાધનોની સરકીટ બનાવવામાં તે ઉપયોગી છે. સોનાની એક જ નબળાઈ છે – તેના અતિ નરમ હોવાની. સોનાને કેરેટથી મપાય છે. ૨૪ કેરેટ એટલે સંપૂર્ણ શુધ્ધ સોનું. ૧૮ કેરેટ એટલે ૧૮ ભાગ સોનું અને ૬ ભાગ અન્ય ધાતુનું મિશ્રણ.

ખાણમાંથી મોટેભાગે શુદ્ધ સ્વરૂપે જ સોનું મળે છે. તેના બે પ્રકાર છે : લીડ અને પ્રેશર. લીડ પ્રકારની ખાણમાં સોનું પથ્થર કે સિલિકોન ખડક સાથે મળી આવે છે. પ્રેશર પ્રકારની ખાણમાં મોટેભાગે સોનાની રજકણો અને ટુકડા મળી આવે છે. લીડ પ્રકારના ખડકોમાં પાણીના ઘસારાથી ધોવાઈને પ્રેશર પ્રકારનો જથ્થો બને છે. આ પ્રક્રિયા થતાં હજારો વર્ષ લાગે છે. ખાણમાંથી કાચા સ્વરૂપે નીકળેલા સોનાના જથ્થાને ચાળીને, દળીને અને રાસાયણિક પ્રક્રિયાઓ કરી, તે શુદ્ધ કરવામાં આવે છે. આ પ્રક્રિયા ઘણી લાંબી અને ખર્ચાળ પણ છે.

***સંકલન : રસીક ખીમજી મહેતા - અમદાવાદ***

## NanoNine® Sudoku

**જુલાઇ-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૪ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. અજય રાણા – અમદાવાદ
૨. નયના કારાણી – અમદાવાદ
૩. માનસી શાહ – અમદાવાદ
૪. વિશાલ શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. મિતેશ દેઢિયા – અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૮. શાંતિલાલ શાહ – અમદાવાદ
૯. પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ
૧૦. નિહાર મહેતા – અમદાવાદ
૧૧. મીના ખરીદિયા – અમદાવાદ
૧૨. ઇંદુબેન પટેલ – અમદાવાદ
૧૩. હર્ષ વીરા – અમદાવાદ
૧૪. નયના ગોગરી – અમદાવાદ
૧૫. યેશા મહેતા – અમદાવાદ
૧૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૭. ભાવના શાહ – અમદાવાદ
૧૮. ધર્મિષ્ઠા શાહ – અમદાવાદ
૧૯. કામિની શેઠ – અમદાવાદ
૨૦. અરીયા કોઠારી – અમદાવાદ
૨૧. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૨. હેમલતા દેઢિયા – અડાલજ
૨૩. પ્રભા શેઠિયા – વલસાડ
૨૪. કાંતિલાલ ગડા – સીઅસર (કચ્છ)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**અજય રાણા – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૫૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 4 | | 5 | | 9 | |
| 3 | | 4 | | 8 | | | 6 | |
| | | 1 | | 3 | | | 4 | 8 |
| | 4 | 7 | 3 | | | | | 1 |
| 6 | | | | 5 | | 7 | | |
| 5 | | | 7 | | 1 | 2 | 8 | |
| 2 | 8 | | | 9 | | 6 | | |
| | 7 | | | 6 | | 4 | | 9 |
| | 9 | | 2 | | 3 | | | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 4 | | 6 | | | 8 |
| | | 3 | | | 5 | | 6 | |
| 7 | 2 | | 8 | | | 4 | 5 | |
| | | 1 | | 6 | | 9 | 2 | |
| 5 | | | 9 | 8 | | | | 1 |
| | 3 | 4 | | 2 | | 6 | | |
| | 1 | 7 | | | | | 4 | 2 |
| | 5 | | 6 | 4 | 2 | | | |
| 2 | | | 1 | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 3 | | | 5 | | | 7 |
| | | 5 | 7 | 9 | | 8 | | |
| | 7 | | | | 3 | | 9 | 6 |
| | 1 | | | | 2 | | 8 | 3 |
| | | 9 | 8 | 1 | | | | |
| 8 | 4 | | 3 | | | | 6 | 1 |
| 6 | 2 | | 9 | | | | 7 | |
| | | 1 | | 6 | 7 | 3 | | |
| 3 | | | 2 | | | 6 | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 7 | | 3 | | | 4 | |
| | 2 | | 8 | | | | 5 | 3 |
| | 3 | | | 2 | 9 | | | 8 |
| | | 2 | 3 | 6 | | | | 5 |
| 6 | | 1 | | | | 3 | | 4 |
| 3 | | | | 4 | 1 | 8 | | |
| 2 | | | 7 | | 8 | 4 | | |
| 7 | 1 | | | | 6 | | 8 | |
| | 5 | | | 1 | | 6 | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 2 | 8 | 7 | 4 | 1 | 3 | 6 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 2 | 5 | 8 |
| 6 | 8 | 1 | 5 | 2 | 3 | 9 | 7 | 4 |
| 8 | 2 | 6 | 3 | 9 | 5 | 4 | 1 | 7 |
| 7 | 9 | 3 | 1 | 4 | 2 | 6 | 8 | 5 |
| 1 | 4 | 5 | 6 | 8 | 7 | 3 | 2 | 9 |
| 4 | 3 | 7 | 2 | 5 | 6 | 8 | 9 | 1 |
| 2 | 6 | 8 | 7 | 1 | 9 | 5 | 4 | 3 |
| 5 | 1 | 9 | 4 | 3 | 8 | 7 | 6 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 3 | 5 | 6 | 7 | 4 | 2 | 8 |
| 2 | 8 | 5 | 9 | 4 | 3 | 6 | 1 | 7 |
| 7 | 4 | 6 | 8 | 2 | 1 | 5 | 9 | 3 |
| 4 | 6 | 2 | 7 | 8 | 9 | 3 | 5 | 1 |
| 9 | 3 | 1 | 2 | 5 | 6 | 7 | 8 | 4 |
| 8 | 5 | 7 | 1 | 3 | 4 | 9 | 6 | 2 |
| 5 | 7 | 9 | 4 | 1 | 8 | 2 | 3 | 6 |
| 6 | 2 | 8 | 3 | 7 | 5 | 1 | 4 | 9 |
| 3 | 1 | 4 | 6 | 9 | 2 | 8 | 7 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 9 | 7 | 8 | 6 | 3 | 1 | 5 |
| 3 | 1 | 5 | 9 | 4 | 2 | 8 | 6 | 7 |
| 7 | 6 | 8 | 1 | 3 | 5 | 2 | 4 | 9 |
| 1 | 3 | 4 | 2 | 9 | 7 | 5 | 8 | 6 |
| 5 | 8 | 6 | 4 | 1 | 3 | 7 | 9 | 2 |
| 9 | 7 | 2 | 6 | 5 | 8 | 1 | 3 | 4 |
| 8 | 2 | 7 | 3 | 6 | 9 | 4 | 5 | 1 |
| 4 | 9 | 3 | 5 | 2 | 1 | 6 | 7 | 8 |
| 6 | 5 | 1 | 8 | 7 | 4 | 9 | 2 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 8 | 1 | 3 | 5 | 7 | 9 | 4 |
| 5 | 9 | 3 | 2 | 7 | 4 | 6 | 1 | 8 |
| 1 | 4 | 7 | 6 | 9 | 8 | 3 | 2 | 5 |
| 8 | 2 | 6 | 9 | 5 | 1 | 4 | 3 | 7 |
| 3 | 5 | 9 | 7 | 4 | 2 | 8 | 6 | 1 |
| 4 | 7 | 1 | 3 | 8 | 6 | 2 | 5 | 9 |
| 9 | 8 | 4 | 5 | 6 | 3 | 1 | 7 | 2 |
| 7 | 3 | 2 | 4 | 1 | 9 | 5 | 8 | 6 |
| 6 | 1 | 5 | 8 | 2 | 7 | 9 | 4 | 3 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

## *Narmada Water for Kutchh*

***Dear Sri Ashokbhai, Jay Jinendra...***

Thanks for your message about Water Management and Multi Sector Development of Kutch Dist.. asking for my views on the subject.

Sir, I have gone through the Articles.

The water scarcity of Kutch has been a burning issue over decades and I think a movement for getting a good chunk of Narmada waters for Kutch has been going on since last three decades by some social workers and NGOs. Moreover since year 2020, one more force has been active, known as Global Kutch Abhiyan, which has collected funds from our Kutchhi society to the tune of crores of rupees. The main aim of this Abhiyan was said to be of water Management by forcing expedition of Narmada Branch Canals work to draw more waters for distribution all over the District. Secondly to arrange for more Rain water conservation thru' Check Dams, Water Harvesting, Digging bases of the existing Lakes and Ponds etc etc.

In fact, I have never been able to closely follow the progress of the Abhiyan as it is being organised from Kutch by a NGO based at VRTI Kutch.

Moreover, many water management projects are being taken up by some Villages on their own with required funds raised thru' their own sources.

I personally think that there is no necessity of any more NGOs to jump into this ongoing movement at present.

A huge project of Tree Plantation is being carried out by the Sadbhavna Trust in Kutch, to attract more Rains, is also an admirable work.

Koti Vriksh Abhiyan was a movement by Sri L. D. Shah of Bidada, began long back, has resulted in bringing moderate rains regularly, year on year, for last two to three decades, without fail.

I would give my views on this subject only after I visit VRTI, the base office of the Abhiyan, know what progress they have made till the time, And what further plans are in store.

On Multi Sector Development in Kutch, I would say that there has been a huge industrialisation in eastern part, since last three decades. The farmers have turned to cash crops, switching from staple food crops with new technology. Exports have grown to good extent. Overall, the Kutch Dist. is quite progressive.

Sir, I regret my inability to stand up to your expectations for my contribution in the matter.

*Vasant Shah – Mulund, Mumbai*

★

## *Kutchhi Jain Bhavan - Paldi*

Jai Jinendra... Would like to share with one and all our experience of the stay at Kutchhi Bhavan - Paldi.

It was our mother's 75th birthday and we had booked almost 13 rooms at Kutchhi Bhavan - Paldi as guests were coming from Baroda, Kutchh, Sangli, Mumbai, Bangalore, Kochi. Our stay was for 2 days and all the guests enjoyed the stay at the neatly managed rooms, needless to mention the staff was very much co-operative & of helping nature.

Cleanliness was upto the mark. Very much soft spoken the staff was and all our guests enjoyed the stay.

The food we managed from the canteen and it was very much tasty.

We had booked 4th floor all the rooms as we were 40 plus 5 kids and arrangements were done to have our breakfast, lunch on 4th floor only.

We would like to specially bring to notice of all reading....

On the day we were vacating the rooms the cleaning staff were also cleaning the rooms simultaneously and in one of our guest room under the cot they found a wallet of our guest who was from Baroda who had already left for baroda. The staff had approched us and asked to check the wallet belongs to any of us and yes it was. The wallet had all the important documents with cash also.

Really we appreciate the honesty of the cleaning staff and thankful for the same.

The Admin Staff was also very much co-operative and guided us properly.

In short, we can say that we felt like as if we were staying at our home & so did our guest also feel.

Not forgetting the Security staff who did their duties with utmost honesty and had been very much cooperative.

We had a wonderful experience and guests were also happy and appreciate the stay as well.

Thank you KJSS Ahmedabad for providing such a beautiful facilities for all Of us

Thanks with Regards...

*Rakhee Porus Khona*

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### રાષ્ટ્રધ્વજ માટે દેશનો સૌથી મોટો ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર – સુરતી વેપારીને

સ્વાતંત્ર્ય પર્વના દિવસને લઈને સુરતે ગયા વર્ષે ૧૦ કરોડ તિરંગા બનાવીને રેકોર્ડ સ્થાપ્યો હતો. આ તિરંગા દેશભરના ઘરોમાં લહેરાયા હતા. ત્યારે આ વર્ષે પણ સ્વાતંત્ર્ય પર્વ માટે સુરત નવું રેકોર્ડ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં એક સાથે ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર સુરતના લક્ષ્મીપતિ મિલના વેપારીને મળ્યો છે, ને તે માટેનું પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે.

કાપડના વેપારી સંજય સરાઉગીએ જણાવ્યું હતું કે, ૫૦ લાખ તિરંગાઓ બનાવવા માટે ૩૫ લાખ મીટર કપડાનો ઉપયોગ થશે. એક તિરંગાની કિંમત ૨૫ રૂપિયાના હિસાબે આપવામાં આવી છે. એ રીતે ૫૦ લાખ તિરંગાઓ ૧૨ કરોડ ૫૦ લાખમાં તૈયાર કરવામાં આવશે અને આ તમામ તિરંગા ૧૦ ઓગસ્ટ સુધીમાં દેશના જુદા જુદા રાજ્યના શહેરોમાં પહોંચાડી દેવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મશીન ઉપર જે તિરંગાઓ પ્રોસેસ થઈ રહ્યા છે તે જાપાની મશીન છે. જુદી જુદી ૩૦થી ૩૫ પ્રોસેસ પૂર્ણ થયા બાદ ફાઈનલી તિરંગો આપણા હાથમાં આવે છે.

*(તા. ૨૮-૦૭-૨૦૨૩)*

### ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટનું ભૂમિપૂજન

અમદાવાદ ડિવિઝનના ૯ સહિત ગુજરાતનાં ૮૭ રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટનું વડાપ્રધાન મોદીના હસ્તે આજે ભૂમિપૂજન થશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશનાં ૧૩૦૯ જેટલા રેલવે સ્ટેશનને આધુનિક સુવિધા સાથે રીડેવલપ કરાઈ રહ્યા છે. જેના અંતર્ગત ગુજરાતમાં કુલ ૧૨૦ જેટલા રેલવે સ્ટેશનોનું રીડેવલપમેન્ટ થશે. અમદાવાદ રેલવે ડિવિઝનના ૧૬ જેટલા રેલવે સ્ટેશનોનું રીડેવલપમેન્ટ થશે. જેમાંથી ૯ જેટલા રેલવે સ્ટેશનનું આજે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂમિપૂજન કરશે. આ તમામ રેલવે સ્ટેશનમાં જરૂરિયાત મુજબની તમામ બાબતોનો સમાવેશ કરાયો છે. જેમાં સુધારેલું લાઈટીંગ, પરિસર, પાર્કિંગની જગ્યા, વિકલાંગ મૈત્રીપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને ઈકો ફ્રેન્ડલી ઈમારતોનો સમાવેશ થાય છે.

*(તા. ૦૬-૦૮-૨૦૨૩)*

### ૧૭ ડિસેમ્બરે ડાયમંડ બુર્સ ખુલ્લું મૂકાશે

૧૭ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિશ્વનું સૌથી મોટું હીરા બજાર ડાયમંડ બુર્સ ખુલ્લું મૂકાશે. દેશ વિદેશના દિગ્ગજ હીરા ઉદ્યોગપતિઓ સહિત વિવિધ મહાનુભાવો હાજર રહેશે. વડાપ્રધાન મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકીનો એક પ્રોજેક્ટ ડાયમંડ બુર્સ છે. ત્યારે હીરા બુર્સ મેનેજમેન્ટ કમિટીએ ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટનની તૈયારીઓ શરૂ કરી છે.

*(તા. ૦૬-૦૮-૨૦૨૩)*

### પાટીદારની દીકરીને વહીવટી હોદ્દા સુધી પહોંચાડવા માટે ૨૫૦ની પસંદગી થઈ

#### સમાજે ૭૦૦ વિદ્યાર્થિનીઓનો અભ્યાસનો ખર્ચ ઉપાડ્યો

ગુજરાતના પાટીદાર સમાજે દીકરીઓને ભણાવવા અને ભણતરના જોરે આગળ વધારવા માટે નોખી પહેલ કરી છે. અમદાવાદમાં સમાજના લોકોએ શરૂ કરેલી સંસ્થા સરદારધામે વિદ્યાર્થિનીઓની સિવિલ સેવાથી માંડીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીનો ખર્ચ ઉપાડી લીધો છે.

આ સંસ્થામાં માત્ર ૧ રૂપિયા (પ્રતીકાત્મક ફી)માં પાટીદાર સમાજની ૭૦૦ કન્યાને કોચિંગ, સ્ટડી મટીરીયલ ઉપરાંત રહેવા-ખાવા જેવી તમામ સુવિધાઓ અપાઈ રહી છે. ગત દોઢ વર્ષમાં વહીવટી હોદ્દા પર અહીંથી ૨૫૦ પ્રતિસ્પર્ધીઓની પસંદગી થઈ છે. કેટલીક યુ.પી.એસ.સી.માં પણ પસંદગી પામી છે.

સરદારધામ સિવિલ સર્વિસીસ સેન્ટરના અધ્યક્ષ ટી. જી. ઝાલાવાડિયા કહે છે, 'આગામી ફેબ્રુઆરી સુધી સુવિધાઓનો વિસ્તાર વધારીને ૨૬૦૦ દીકરીઓ માટે આયોજન કરાસે. આ પહેલને સમાજનો પણ સહકાર મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ૪ વર્ષ સુધી ખર્ચ નીકળે એટલું અનુદાન મળ્યું છે. મોટાભાગના

પરિવારોમાં દીકરીઓના અભ્યાસને પ્રાથમિકતા નથી અપાતી. આ કારણે દીકરીઓને ઉચ્ચ શિક્ષણમાં સમસ્યા સર્જાય છે. આ ઉપરાંત જે દીકરીઓનો પરિવાર નથી, તેમનો અભ્યાસ અટકી જાય છે.

આ સ્થિતિમાં સમાજે આવી તમામ દીકરીઓનો અભ્યાસ પૂરો થાય ત્યાં સુધીની જવાબદારી ઉપાડવાનો નિર્ણય લીધો છે. સમાજનું માનવું છે કે દીકરીઓ શિક્ષિત કરવાથી સામાજિક ક્રાંતિ આવશે. આ માટે જ આર્થિક કારણોસર દીકરીઓનો અભ્યાસ ન અટકે, તે હેતુ રખાયો છે.

સરદારધામની આ પહેલ હેઠળ પાટીદાર ઉપરાંતના અન્ય સમાજોની જરૂરિયાતમંદ દીકરીઓને પણ મદદ મળી રહી છે. સંસ્થાએ તેમની માટે લાઈવ ક્લાસની વ્યવસ્થા કરી છે.

*(તા. ૦૭-૦૮-૨૦૨૩)*

## સૌથી વધુ અમેરિકાના ૨૩૧ સેટેલાઇટ ઇસરોએ લોન્ચ કર્યા

### ઇસરોની ૩૨ દેશના ૪૩૧ ઉપગ્રહ લોન્ચ કરી ૩૭૬૦ કરોડની કમાણી

ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)એ રવિવારે સીંગાપોરના સાત વિદેશી ઉપગ્રહોને પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (PSLV-C56)ની મદદથી સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા. ઇસરોની સિધ્ધિ અવકાશ સંશોધનની પ્રગતિ તરફ ભારતની યાત્રામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ૧૪ જુલાઈએ શ્રીહરિકોટાથી ચંદ્રયાન-૩ મિશનના પ્રક્ષેપણ પછીના બે અઠવાડિયામાં ભારત દ્વારા બીજું મોટું પ્રક્ષેપણ છે. સેટેલાઇટ લોન્ચિંગ માર્કેટમાં છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ઇસરોએ ઈટાલી, ઇઝરાયેલ, ફ્રાન્સ, સીંગાપોર, અમેરિકા, કેનેડા, જર્મની, ફ્રાન્સ, બ્રિટન, બેલ્જિયમ, ઓસ્ટ્રીયા અને ડેન્માર્કથી લઈને સંયુક્ત આરબ અમિરાત, કઝાકીસ્તાન, તુર્કી સહિતના ૩૨ દેશોના ૪૩૧ વિદેશી સેટેલાઇટ લોન્ચ કર્યા છે. આ લોન્ચિંગથી ભારતને અત્યાર સુધીમાં કુલ ૩૭૬૦ કરોડ રૂપિયાની કમાણી થઈ છે.

દુનિયાભરના દેશોની નજર હાલ ભારત પર છે. ઇસરોએ વર્ષ ૧૯૯૯થી વ્યવસાયીક ધોરણે અન્ય દેશો અને વિદેશી સંસ્થાઓ માટે સેટેલાઇટ લોન્ચ કરવાની કામગીરી શરૂ કરી હતી.

ઇસરોએ ઇઝરાયલ, ઇટાલી, જાપાન, લક્ઝમ્બર્ગના ૫-૫ સેટેલાઇટ ઉપરાંત અન્ય દેશોના ૪થી લઈને એક-એક સેટેલાઇટ લોન્ચ કર્યા છે.

ઇસરોએ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ PSLV-C37 ની મદદથી એકસાથે ૧૦૪ સેટેલાઇટ સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા. જેમાંથી ૯૬ સેટેલાઇટ અમેરિકાના, ૧ નેધરલેન્ડનો, ૧ ઇઝરાયલ, ૧ કઝાખિસ્તાન, ૧ યુ.એ.ઇ.નો અને ૩ ભારતના હતા. જે તે સમયે એક સાથે સૌથી વધુ સેટેલાઇટ લોન્ચનો રેકોર્ડ ઇસરોના નામે હતો. હાલમાં આ રેકોર્ડ એલોન મસ્કની કંપનીના નામે છે.

*(તા. ૦૭-૦૮-૨૦૨૩)*

## મણિપુરની હિંસા...

મણિપુરના આદિવાસી સંગઠન ઇન્ડિજિનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (ITLF)નું એક પ્રતિનિધિ મંડળ ૮ ઓગસ્ટે ગૃહ પ્રધાન અમિત શાહને મળશે. પ્રતિનિધિ મંડળની પાંચ મુખ્ય માંગણીઓ છે. જેમાં અલગ વહીવટી વ્યવસ્થા અને કુકુ-જો સમુદાયના મૃતકોને ચૂરાચાંદપુરમાં એકસાથે દફનાવવાની મંજૂરી સામેલ છે. રાજ્યમાં ૩ મે થી હિંસા ચાલુ છે. આમાં કુકી-જો સમુદાયના લોકો પણ માર્યા ગયા છે. મણિપુરમાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે.

*(તા. ૦૯-૦૮-૨૦૨૩)*

## શ્રી ત્રિસ્તુતિક જૈન સંઘમાં બાળ સંસ્કરણ માટે પાઠશાળા સંમેલન - સુરત

### ૪૦ વર્ષ પહેલા પાઠશાળાના મંડાણ કર્યા

શ્રી રાજેન્દ્રસુરી આરાધના ભવન - અડાજણ ખાતે અનેકાંતલતાશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં અમીધારા વાડીમાં બાળકોનું સંમેલન યોજાયું હતું. સાધ્વીજીએ જણાવ્યું હતું કે દોષોને દૂર કરવા ગુણોને ગ્રહણ કરવા પાઠશાળા અને ગુરૂ પ્રત્યે કનેક્શન કરવું ખૂબ જ જરૂરી છે. સ્કૂલ-કોલેજોમાં ફક્ત ડિગ્રી મળે છે જ્યારે અહીં સંસ્કાર અને સભ્યતાના આચરણના પાઠ મળે છે.

સંઘ પ્રમુખ નીતિનભાઈ અદાણીએ ધાર્મિક સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃતતા લાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. નાના નાના ૨૮ ભૂલકાઓએ પાઠશાળા, તીર્થરક્ષા, સાધર્મિક ભક્તિ વગેરેની સ્પીચ રજૂ કરી હતી. ધર્મની આરાધના અને નિયમોનું પાલન કરનાર બાળ શ્રાવકોનું વિશિષ્ટ બહુમાન કરાયું હતું.

તેમજ દરેક બાળકોને ઇનામ અપાયા હતા. આજે આ પાઠશાળા વટવૃક્ષ બની રહી છે. તેનું મૂળ શ્રી સંઘ, પરિષદ, પાઠશાળા કમિટી, ગુરૂજનો અને દાતાઓ રસ દાખવીને બાળકોની પ્રગતિ માટે ઊંડાણપૂર્વક પ્રયાસ કરી રહ્યા છે. સંઘના તમામ ભાઈ-બહેનોએ આર્યવેશમાં સમયસર પધારીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

જયંતસેનસૂરીજીએ બાળકોમાં સંસ્કાર અને આરાધના અર્થે

તેમના શુભહસ્તે ૪૦ વર્ષ પહેલાં વેડ દરવાજા, શ્રીમદ્ યતિન્દ્રસૂરી પાઠશાળાના મંડાણ કર્યા હતા. જેમાંથી પાઠશાળાના ૪૦ બાળકોએ સંયમ માર્ગે પ્રયાણ કર્યું છે. જેમાં ૧૪ પાઠશાળામાં ૮૫૦ બાળકોને ૪૫ ગુરૂજનો દ્વારા ઉત્તમ જ્ઞાન અભ્યાસ સંસ્કરણ કરાઈ રહ્યું છે.

*(તા. ૧૨-૦૮-૨૦૨૩)*

## ફોજીને મીઠાઇ અને ગીફ્ટ આપવા ૪૫ દિવસની યાત્રા

### વીરતા વેલફેર ટ્રસ્ટ બોર્ડર પર સોલાર લાઇટ આપશે

વીરતા વેલફેર ટ્રસ્ટના પીન્ટુલ કાકડિયાએ ૧૦ ઓગસ્ટે ભારત પાકિસ્તાનની ઝીરો બોર્ડર એટલે કે હરામીનાળા પર જવાનો સાથે હતા. ત્યાંના જવાનોને લાઇટ ન હોવાથી જે દુવિધાઓ પડે છે એ જાણી આગામી સપ્ટેમ્બરમાં હરામીનાળા ખાતે વન કે.વી. સોલાર પેનલ અને ૫૦ સ્ટ્રીટ લાઇટ લઇને તેઓ પહોંચી રહ્યા છે. દર વર્ષે દરેક તહેવાર પરિવાર સાથે બોર્ડર પર જ ઉજવે છે. દિવાળી આવે એટલે ભારતની બોર્ડરના દરેક ફોજીને મીઠાઇ અને ગીફ્ટ આપવા ૪૫ દિવસની યાત્રા પર નીકળી જાય. શરૂઆતમાં માત્ર પોતે અને પરિવાર સાથે મિત્ર વર્તુળ જ બોર્ડર પર જઇ રહ્યા હતા. પણ આજે સુરતની ઘણી બધી સંસ્થાઓ બોર્ડર પર જવા લાગી છે.

*(તા. ૧૩-૦૮-૨૦૨૩)*

## હિમાચલમાં ભારે વરસાદથી નુકસાન

### સીમલાના શિવ મંદિરમાંથી ૯ મૃતદેહ બહાર કઢાયા. સોલનમાં એક જ પરિવારના ૭ લોકોનાં મોત

હિમાચલ પ્રદેશમાં થોડા દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા થોડા કલાકમાં ભૂસ્ખલન, વાદળ ફાટવા અને વરસાદને લગતી અલગ અલગ ઘટનાઓમાં ૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. હવામાન વિભાગે રાજ્યમાં ૧૬ ઓગસ્ટ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

હિમાચલ પ્રદેશની રાજધાની સીમલામાં એક મોટી દુર્ઘટના ઘટી છે. અહીંના સમરહિલ વિસ્તારમાં આવેલું શિવ બાવડી મંદિર ભૂસ્ખલનની ચપેટમાં આવી ગયું હતું. જેના કારણે અહીં હાજર ૨૫થી વધુ લોકો કાટમાળ નીચે દટાયા હતા. અત્યાર સુધીમાં ૨ બાળકો સહિત ૫ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બાકીનાની શોધખોળ ચાલુ છે. આ મંદિર સીમલાના ઉપનગર બાલુગંજ વિસ્તારમાં આવેલું છે. ઘટના સ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. શ્રાવણ સોમવારના કારણે મંદિરમાં સવારથી જ ભીડ જોવા મળી હતી.

ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. પહાડ પરથી હજુ પણ પથ્થરો પડી રહ્યા છે. NDRF ની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. SDRF, ITBP, પોલીસ અને સ્થાનિક લોકો બચાવ કાર્યમાં લાગેલા છે. જે.સી.બી. મશીનથી કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે.

*(તા. ૧૪-૦૮-૨૦૨૩)*

## એપ્ટેકના MD અને CEO અનિલ પંતનું નિધન

### કંપની હવે વચગાળાના CEOની પસંદની કરવાની પ્રક્રિયામાં

એપ્ટેકના મેનેજિંગ ડિરેક્ટર અને સી.ઈ.ઓ. અનિલ પંતનું ૧૫ ઓગસ્ટ, મંગળવારે નિધન થયું હતું. કંપનીએ આ જાણકારી એક ફાઇલિંગ દ્વારા સ્ટોક એક્સચેન્જને આપી છે. કંપનીએ જૂનમાં કહ્યું હતું કે પંતની તબિયત અચાનક બગડવાના કારણે અનિશ્ચિત સમયની રજા પર ગયા હતા. *(તા. ૧૬-૦૮-૨૦૨૩)*

## સુલભના સ્થાપકનું અવસાન

સુલભ ઈન્ટરનેશનલના સ્થાપક પદ્મભૂષણ બિંદેશ્વર પાઠકનું મંગળવારે દિલ્હી AIIMS માં નિધન થયું છે. તેઓ ૮૦ વર્ષના હતા. સવારે સુલભ ઈન્ટરનેશનલની સેન્ટ્રલ ઓફિસમાં ધ્વજવંદન કર્યા બાદ તેમની તબિયત અચાનક બગડી હતી. આ પછી તેમને એઈમ્સમાં લઇ જવામાં આવ્યા, જ્યાં તેમનું મૃત્યુ થયું.

ડૉ. પાઠકને ૨૦૦૩માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

*(તા. ૧૬-૦૮-૨૦૨૩)*

## શનિવારે ગદર-૨ની કમાણીમાં જોરદાર ઉછાળો OMG-2 પણ રૂા. ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થશે

ગદર-૨ની કમાણીમાં શનિવારે ફરી ઉછાળો જોવા મળ્યો હતો. શનિવારે ફિલ્મે રૂા. ૩૧.૦૭ કરોડનું કલેક્શન કર્યું હતું. ૯ દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન રૂા. ૩૩૬.૨૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ આંકડાઓ એક રીતે ઐતિહાસિક છે.

*(તા. ૧૯-૦૮-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## ચિરાગ પટેલ નોર્વેના સુપર સ્ટાર

આજે આપણે વાત કરી રહ્યા છીએ નોર્વેના સૌથી મોટા સુપરસ્ટાર રેપર ચિરાગ રશ્મિકાંત પટેલની... જેઓ મૂળ ગુજરાતી છે અને હાલમાં નોર્વેનું સૌથી મોટું મ્યુઝીક બેન્ડ 'કાર્પે' ચલાવે છે. ચિરાગનો જન્મ નોર્વેમાં થયો છે, પણ તેમના પેરેન્ટ્સ ગુજરાતી છે. ઘરે ગુજરાતી માહોલ હોવાના કારણે ચિરાગ થોડી ઘણી ગુજરાતી ભાષા જાણે છે. એટલું જ નહીં, તે પોતાના ગીતોમાં પણ ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે. ચિરાગ ૧૯૯૮માં તેના મિત્ર 'મોગડી'ને મળ્યો અને બંનેએ મળીને ૨૦૦૦માં 'કાર્પે' ગ્રુપની શરૂઆત કરી. હાલમાં જ તેણે 'નોર્વેજિયન ગ્રેમી'નો એવોર્ડ જીત્યો હતો. એવોર્ડ જીતીને ચિરાગે સ્પીચ પણ ગુજરાતીમાં જ આપી હતી, જે ઐતિહાસિક ઘટના હતી.

*(તા. ૨૮-૦૭-૨૦૨૩)*

## પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની ધરપકડ

તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી છે. લાહોર પોલીસે જમાન પાર્કમાંથી PTI અધ્યક્ષની તેમના ઘરેથી ધરપકડ કરી હતી. ઈસ્લામાબાદની ટ્રાયલ કોર્ટે તેમને ૩ વર્ષની સજા સંભળાવી છે. તેમજ તેઓ આગામી ૫ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં. કોર્ટે ઈમરાનને એક લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

*(તા. ૦૩-૦૮-૨૦૨૩)*

## અમેરિકામાં ભારતની આઝાદીની ઉજવણી

અમેરિકામાં પણ ટૂંક સમયમાં સ્વતંત્રતા દિવસને રાષ્ટ્રીય ઉજવણી તરીકે શરૂ કરવામાં આવી શકે છે. આ અંગેનો પ્રસ્તાવ દેશની સંસદમાં રજૂ કરવામાં આવ્યો છે. ભારતીય મૂળના સાંસદ શ્રી થાનેદારે યુ.એસ. હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટીવ્સમાં આ રજૂ કર્યો છે. જેમાં ભારતના સ્વતંત્રતા દિવસને વિશ્વના ૨ સૌથી મોટી લોકતાંત્રિક દેશોની ઉજવણીના રાષ્ટ્રીય દિવસ તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. આ બીલનો આધાર ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત ભાગીદારી હોવાનું જણાવવામાં આવ્યું છે, જે બંને દેશના લોકતાંત્રિક મૂલ્યો પર નિર્ભર છે. *(તા. ૧૦-૦૮-૨૦૨૩)*

## પાકિસ્તાન.... ને ચૂંટણી

પાકિસ્તાનની રચના થઈ ત્યારથી ત્યાં અડધો સમય લશ્કરી શાસન રહ્યું છે. જ્યારે બાકીના અડધા ભાગમાં સેનાએ પડદા પાછળથી દેશના રાજકારણને નિયંત્રિત કર્યું. અહીં બનેલી દરેક સરકારને સેનાની મદદની જરૂર હોય છે. ઈમરાન ખાન પણ સેનાના સમર્થનથી સત્તામાં આવ્યા હતા. સેનાની મદદ વિના અહીં સરકાર ચલાવી શકાય નહીં.

૯ની ઓગસ્ટના મધ્યરાત્રિએ સંસદનો ભંગ કરવામાં આવ્યો હતો. પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ ચાર વર્ષ બાદ આગામી મહિનામાં પાકિસ્તાન પરત ફરશે.

આઈ.એમ.એફ.ની લોનની શરત મુજબ નવેમ્બર ૨૦૨૪ પહેલા ચૂંટણી યોજવી પડશે. જો કે ચૂંટણી પંચે વસતી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે. દરમિયાન રાષ્ટ્રપતિએ શરીફને કેરટેકર વડાપ્રધાન જાહેર કરવા માટે કહ્યું છે.

સેનાની રણનીતિ છે કે ચૂંટણીને આગળ વધારવા માટે આઈ.એમ.એફ.ને મનાવી લેવામાં આવે. આના માટે તે પાછળના દરવાજેથી અમેરિકાની મદદ લઈને રાજદ્વારી સહાય મેળવી શકે છે. *(તા. ૧૧-૦૮-૨૦૨૩)*

## ચીનમાં ભારે વરસાદ

ચીનના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. હજારો મકાનો ધરાશાયી થયા છે. આવી સ્થિતિમાં ચીનના પૂર વિરોધી સ્પન્જ સિટી મોડેલ પર સવાલો ઊઠી રહ્યા છે. ચીનના મોટા શહેરોમાં પૂર અને દુષ્કાળ જેવી કુદરતી આફતોનો સામનો કરવા માટે સ્પન્જ સિટી મોડેલ વિકસાવાયું હતું. વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં પૂર અથવા દુષ્કાળની વધુ સંભાવના હોય છે. કારણકે ભારે બાંધકામને કારણે જમીનની પાણી શોષવાની ક્ષમતા ઘટી જાય છે. જ્યારે કોઈ શહેર બનાવવામાં આવે છે, ત્યારે વૃક્ષો કાપવામાં આવે છે અને મેદાનની જમીનને કોંક્રિટથી આવરી લેવામાં આવે છે. જેના કારણે પાણી જમીનની અંદર પહોંચતું નથી. આવી સ્થિતિમાં વરસાદ પડતાં પૂરનું જોખમ વધી જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે ચીને સ્પન્જ સિટી બનાવી એટલે કે તે શહેર જે પાણીને શોષી શકે છે. ૨૦૧૫ અને ૨૦૧૬માં પાઈલોટ પ્રોજેક્ટ માટે કુલ ૩૦ શહેરોની પસંદગી કરવામાં આવી હતી. ત્યાં વૃક્ષો વાવવામાં આવ્યા, નહેરો અને તળાવો બનાવવામાં આવ્યા. જેથી વધારાનું પાણી એકઠું થવાની જગ્યા ન મળે.

*(તા. ૧૨-૦૮-૨૦૨૩)*

## બેબી અરીહા જર્મનીથી પરત ક્યારે આવશે?

જર્મનીમાં બેબી અરીહા માટે ડર્મસ્ટેડ શહેરમાં ભારતીય સમુદાયે આજે પ્રોટેસ્ટ કર્યો છે. જર્મનીમાં બેબી અરીહાને તેમના માતા-પિતાને ફરી સોંપવા માટે આજે એક રેલી કાઢી હતી. જેમાં

ત્યાંનો ભારતીય સમુદાય જોડાયો હતો. આ ઉપરાંત તેઓએ વડાપ્રધાન મોદીને પણ અપીલ કરી છે. સાથે જ એવો પણ આરોપ લગાવ્યો છે કે ચાઇલ્ડ વેલફેરના નામે તેઓ દર વર્ષે હજારો બાળકોને ઉઠાવી રહ્યા છે. આ પાછળ કોઈ સિક્રેટ એજન્ડા હોઈ શકે છે. *(તા. ૧૩-૦૮-૨૦૨૩)*

## યુરોપનો સૌથી એક્ટીવ જ્વાળામુખી માઉન્ટ એટના ફાટ્યો

**અનેક કિ.મી. સુધી રાખ ફેલાઈ. એરપોર્ટ બંધ. સાઈકલ-બાઇકના ઉપયોગ પર પ્રતિબંધ**

ઈટાલીનો માઉન્ટ એટના જ્વાળામુખી, જે યુરોપનો સૌથી ઊંચો અને સૌથી વધુ સક્રિય છે, ફરી એકવાર ફાટી નીકળ્યો છે. તેમાંથી નીકળતી રાખ કેટલાય કિલોમીટર સુધી ફેલાઈ ગઈ છે. જેના કારણે સિસિલી શહેરનું કેટેનિયા એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું. અહીં આવતી ફ્લાઇટ્સ કાં તો રદ કરવામાં આવી છે અથવા તો ડાયવર્ટ કરવામાં આવી છે.

આ સિવાય રસ્તાઓ પર પડેલી રાખને કારણે પ્રશાસને ૪૮ કલાક માટે મોટર સાઇકલ અને સાઇકલના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે. કારનો ઉપયોગ કરતા લોકોને વધુમાં વધુ ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપ જાળવી રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. ફ્લાઇટમાં મુસાફરી કરતા મુસાફરોને પ્રતિબંધો હટ્યા પછી પણ સ્ટેટસ ચેક કર્યા પછી જ એરપોર્ટ માટે રવાના થવાની સલાહ આપવામાં આવી છે.

માઉન્ટ એટનામાં વિસ્ફોટ પછી, લાવા ખૂબ વધતો જોવા મળ્યો હતો.

ગયા અઠવાડિયે શરૂઆતમાં, જ્વાળામુખી ફાટવાના સંકેતો હતા. જ્યારે એટનામાંથી ગેસના રિંગ્સ બહાર આવવા લાગ્યા હતા. એટના, એ યુરોપનો સૌથી સક્રિય જ્વાળામુખી છે. જે છેલ્લે મે ના છેલ્લા સપ્તાહમાં ફાટી નીકળ્યો હતો. ત્યારે પણ મોટાભાગના એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા હતા. વૈજ્ઞાનિકોના મતે, તે સમયે માઉન્ટ એટનાનો ઉત્તર-પૂર્વ ક્રેટર છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી વધુ હતો. અગાઉ આ જ્વાળામુખીમાં મે મહિનામાં પણ વિસ્ફોટ થયો હતો. *(તા. ૧૬-૦૮-૨૦૨૩)*

## ઋષિ સુનક - બ્રિટનના વડા પ્રધાન : રામ કથામાં...

વડાપ્રધાન ઋષિ સુનકે તેમના ભાષણમાં કહ્યું, 'ભારતીય સ્વતંત્રતા દિવસ પર કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે આજે મોરારીબાપુની રામકથામાં અહીં હાજર રહેવું ખરેખર એક સન્માન અને આનંદની વાત છે. બાપુ, આજે હું અહીં વડાપ્રધાન તરીકે નહીં પણ એક હિંદુ તરીકે છું! મારા માટે વિશ્વાસ ખૂબ જ વ્યક્તિગત છે. તે મને મારા જીવનના દરેક પાસામાં માર્ગદર્શન આપે છે. વડાપ્રધાન બનવું એ એક મહાન સન્માનની વાત છે, પરંતુ આ સરળ કામ નથી. અઘરા નિર્ણયો લેવાના હોય છે.'

*(તા. ૧૬-૦૮-૨૦૨૩)*

## ઇઝરાયેલ

ઈઝરાયેલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના ન્યાયિક સુધારા બીલના વિરોધમાં દેશભરમાં દેખાવો સતત જારી છે. હજારોની સંખ્યામાં લોકો દરેક સપ્તાહે સરકારના લોકશાહી વિરોધી પગલાંની સામે રસ્તા પર ઉતરી રહ્યા છે. સ્થિતિ એ છે કે કેટલાક લોકો દેશ છોડીને જવાની તૈયારી કરી રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા એક સરવેમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયેલમાં દરેક ત્રણ વ્યક્તિ પૈકી એક નાગરિક દેશ છોડવા તૈયાર છે. આશરે ૨૮ ટકા ઈઝરાયલી દેશ છોડવા માટે ઈચ્છુક છે.

*(તા. ૧૮-૦૮-૨૦૨૩)*

## અબુધાબીમાં સ્વામિનારાયણ મંદિર

અબુધાબીમાં સ્વામિનારાયણ મંદિર ફેબ્રુઆરી-૨૦૨૪માં ખુલ્લું મૂકાશે. ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ થશે. મુસ્લિમ દેશમાં થનાર આ ભવ્ય મંદિર પર સૌની નજર છે.

*(તા. ૧૯-૦૮-૨૦૨૩)*

## પાકિસ્તાન

પાકિસ્તાનમાં ઈસાઈઓ ઉપર હુમલા થયા છે. ઈસાઈઓના મકાનો અને મિલ્કતો સળગાવવાની ઘટનાઓ બની છે.

*(તા. ૧૯-૦૮-૨૦૨૩)*

- ★ *ડાળ પરથી તૂટેલા ફૂલને પાછું ના લગાડી શકાય પરંતુ ડાળી પર ફરીથી નવું ફૂલ ઉગી શકે. એવી જ રીતે જિંદગીમાં વીતી ગયેલો સમય પાછો નથી આવી શકતો પરંતુ વિશ્વાસ અને ઉમેદથી આવનારો સમય ખૂબ જ સુંદર બનાવી શકાય.*
- ★ *જિંદગી પરિવર્તનથી જ બનેલી છે; કોઈ પણ પરિવર્તનથી ગભરાવું નહીં પરંતુ તેનો સ્વીકાર કરી લેવો. કોઈ પરિવર્તન આપને સફળતા અપાવશે તો કોઈ પરિવર્તન આપને સફળ થવાના ગુણ શીખવાડશે.*

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## અમેરિકાની અવકાશ સંસ્થા - નાસા : એક વિરાટ મિશન

National Aronotics and Space Administration – જેને ટૂંકમાં 'નાસા' (NASA) કહેવાય છે, તેના વિશે ઘણું બધું જાણતા હોવા છતાં તેની ઘણી રસપ્રદ બાબતો પણ જાણવા જેવી છે.

★ નાસાની રચના ૫ ઓક્ટોબર, ૧૯૫૮ના રોજ થયેલી છે.

★ નાસાનું લોન્ચ વ્હીકલ તૈયાર કરવા માટેનું બિલ્ડિંગ એટલું ઊંચું છે કે ચોમાસાના દિવસોમાં તેની છત નજીક વરસાદના વાદળો બંધાય છે. આ બિલ્ડિંગમાં વિશ્વનું સૌથી મોટું એરકંડિશનર લગાવાયું છે.

★ નાસાએ આજ સુધીમાં જીવજંતુઓ, ડુક્કર, વાનર, ઉંદર, સસલા અને કરોળીયા સહિતના લગભગ ૨૨૦૦ જેટલા જીવ અવકાશમાં મોકલ્યા છે.

★ નાસાનું પહેલું અવકાશયાન કોલંબિયા તેની ૨૮મી સફરમાં પૃથ્વી પર પાછા ફરતી વખતે ૨૦૦૩માં તૂટી પડેલું.

★ અવકાશયાત્રીઓને તાલીમ આપવા માટે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની પૂરા કદની પ્રતિકૃતિ બનાવવામાં આવી છે.

★ નાસામાં ૧૦ ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ કરતાં મોટા કદનો સ્વિમિંગ પૂલ છે. નેચરલ બ્યુઅન્સી લેબોરેટરી તેના તળીયે આવેલી છે જેમાં અવકાશયાત્રીઓને તાલીમ અપાય છે.

★ નાસા જહોન્સન સ્પેસ સેન્ટર, ૬૬૦ હેક્ટરમાં, ૧૦૦ જેટલી ભવ્ય બિલ્ડિંગ ધરાવે છે. તેમાં આગળ સલામતી વ્યવસ્થા છે.

★ એક નવાઈની વાત – યેમેનના ત્રણ નાગરિકોએ મંગળ ગ્રહ ૩૦૦૦ વર્ષ અગાઉ તેમના પૂર્વજોનો હતો તેવો દાવો કરીને નાસાને મંગળ પર જવા બદલ કેસ કર્યો હતો.

★ નાસા નવા સ્પેસ શટલનું નામ નક્કી કરવા પ્રાથમિક શાળાના બાળકો વચ્ચે સ્પર્ધા યોજે છે. તેમાં વિજેતા થયેલું નામ નક્કી થાય છે.

## પૃથ્વીના વાતાવરણનું વિજ્ઞાન

પૃથ્વીની આસપાસ વાયુઓનું આવરણ છે. આ આવરણ પૃથ્વીની સજીવ સૃષ્ટિને અવકાશના શૂન્યાવકાશથી અને રેડિયેશનથી બચાવે છે. આ ઉપરાંત તેમાં જીવન જરૂરી ઓક્સિજન પણ હોય છે.

પૃથ્વીનું પેટાળ પણ વિવિધ સ્તરનું બનેલું છે. તે જ રીતે વાતાવરણમાં પણ વિવિધ સ્તર હોય છે. આ સમગ્ર માળખું સાથે ફરતું રહે છે અને સ્તરો એકબીજા સાથે પ્રક્રિયા કરે છે.

પૃથ્વીના કદની સરખામણીમાં વાતાવરણ ઘણું જ પાતળું સ્તર કહેવાય. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ સૂર્યમાંથી આવતી ઉર્જાને કારણે ગતિમાન થતા વાયુના કણો અને પૃથ્વીની ચક્રાકાર ગતિના મેળમાં વાતાવરણનું કદ જળવાયેલું છે. જો પૃથ્વીનું કદ મોટું હોત, તો વાતાવરણ પણ ઘટ્ટ બન્યું હોત.

વાતાવરણમાં નાઇટ્રોજન, ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઇડ હોવાના કારણે જ પૃથ્વી પર જીવન શક્ય બન્યું છે. આ ત્રણે વાયુઓના નિયમિત ચક્રથી પૃથ્વી પર સજીવ સૃષ્ટિ વિકાસ પામે છે. વળી સજીવ સૃષ્ટિના રક્ષણ માટે ઓઝોનનું પાતળું સ્તર પણ છે. વાતાવરણ ન હોત તો પૃથ્વી પણ ચંદ્ર અને બુધ જેવી નિર્જન અને ઉજ્જડ હોત.

અવકાશમાંથી પૃથ્વી તરફ જોઈએ તો પૃથ્વીની આસપાસ વાતાવરણની ચાદર વિંટળાયેલી હોય તેવું દેખાય. વિજ્ઞાનીઓએ વાતાવરણના વિવિધ સ્તરનો અભ્યાસ કરીને તારણ કાઢ્યું છે કે દરેક સ્તરમાં વિવિધ પ્રકારના કણો અને તાપમાન તથા દબાણ પણ જુદા હોય છે. વાતાવરણમાં ૭૮% નાઇટ્રોજન, ૨૧% ઓક્સિજન, ૦.૦૪% કાર્બન ડાયોક્સાઇડ અને ૦.૯% ઓર્ગન વાયુ હોય છે. તે ઉપરાંત ઓઝોન અને પાણીની વરાળ મહત્ત્વના ઘટકો છે.

## સૂર્ય પ્રકાશનું માપ : પાયરેનોમીટર

વિજ્ઞાનીઓ અને હવામાન શાસ્ત્રીઓ વાતાવરણમાં ઘણી બાબતોનો અભ્યાસ કરતા હોય છે. ગરમી માપવા માટે થર્મોમીટર, હવાનું દબાણ માપવા માટે બેરોમીટર વગેરે જાણીતા છે. પરંતુ વિજ્ઞાનીઓએ સૂર્યપ્રકાશ કેટલો પડે છે તે જાણવા માટે પણ સાધન શોધ્યું છે. સૂર્યનો પ્રકાશ પૃથ્વીની સપાટી પર એક સરખો પડતો નથી. પાયરેનોમીટર નામનું સાધન જમીન પર દર ચોરસ મીટરે એક સેકંડમાં કેટલો સૂર્યપ્રકાશ પડે છે તેનું માપ રાખે છે. પાયરેનોમીટર બે જાતના હોય છે. એક તો ગરમીના પ્રમાણ ઉપરથી સૂર્ય પ્રકાશનું માપ આપે અને બીજું સોલાર સેલ કેટલી વીજળી ઉત્પન્ન કરે છે તેના આધારે સૂર્ય પ્રકાશનું માપ કાઢે.

પાયરેનોમીટરમાં કાળા રંગના કાર્બનની બે ડિસ્ક હોય છે. કાચના આવરણમાં એક ડિસ્કને તડકામાં અને બીજી ડિસ્કને

નજીકમાં છાયામાં મૂકવામાં આવે છે. એટલે કે એક ડિસ્ક ગરમ થાય અને બીજી ઠંડી રહે છે. બંને ડિસ્ક દ્વારા પેદા થતા વીજ પ્રવાહને માપીને સૂર્ય પ્રકાશનું પ્રમાણ નક્કી થાય છે. આ સાદી કાર્ય પદ્ધતિ છે પરંતુ રચના અને ગણતરી જટીલ હોય છે. તે દર સેકંડે સૂર્ય પ્રકાશનું માપ રાખે છે. સોલાર સેલવાળા પાયરેનોમીટર ખૂબ જ સૂક્ષ્મ માપ આપે છે.

## વિશ્વની અધધ... ૨૭૦૦થી વધુ ભાષાઓ (બોલીઓ)

પ્રાચીનકાળના શિલાલેખોમાં વિવિધ પ્રકારની લિપિ જોવા મળે છે. માણસ વ્યવસ્થિત ભાષા ક્યારથી બોલતો થયો તે અંગે વિજ્ઞાનીઓ મુંઝવણમાં છે. ઈ.સ. પૂર્વે ૪થી સદીમાં મેસોપોટેમિયામાં સાંકેતિક ભાષાની શરૂઆત થઈ હતી. આજે વિશ્વભરમાં ૨૭૦૦ કરતાં પણ વધુ ભાષા બોલાય છે અને તે પણ ૭૦૦૦ જેટલી જુદી જુદી લઢણો સાથે

સૌથી વધુ ભાષા ઈન્ડોનેશિયામાં છે. ત્યાં લગભગ ૩૬૫ જેટલી ભાષાઓ બોલાય છે. આફ્રિકાના દેશોમાં એક હજાર કરતાં વધુ ભાષાઓ છે. વિશ્વની સૌથી જટીલ ભાષા સ્પેનની છે. તેની બાસ્કી ભાષા અન્ય કોઈ ભાષા સાથે સંકળાયેલ નથી. અંગ્રેજી પછી સૌથી વધુ બોલાતી ભાષા મેન્ડેરીન છે. સંસ્કૃતિઓનો મેળાપ થાય ત્યારે જુદી ભાષા પેદા થતી રહે છે. એકલા લંડનમાં જ અંગ્રેજી ભાષા લગભગ ૭૦૦ લઢણથી બોલાય છે. સોમાલીયા જ એવો દેશ છે જ્યાં સમગ્ર દેશમાં એક સોમાલી ભાષા જ બોલાય છે. ભારતમાં રાજ્ય પ્રમાણે અલગ અલગ ભાષાઓ છે. તેમાં પણ જાતજાતની લઢણો હોય છે. ગુજરાતીમાં પણ કાઠિયાવાડી, કચ્છી, ઉત્તર ગુજરાતની ભાષાકીય લઢણોની વિવિધતા જોવા મળે છે.

## નજરઅંદાજ કરાતો અગત્યનો સ્ત્રાવ : લાળ

આપણા મોઢામાં ચોવીસ કલાક લાળ (SALIVA સલાઈવા) બનતી રહે છે, જે આપણને ખોરાક પચાવવા બહુ જરૂરી છે.

જ્યારે આપણે ખોરાક લઈએ છીએ ત્યારે મોઢામાં રહેલ લાળથી તે પલળે છે અને લાળમાં રહેલ ચીકણા પદાર્થ (NUCUS)થી તેનો ગળવાલાયક ગોળો બને છે. જે સહેલાઈથી ગળે ઉતરી જાય છે.

લાળ ખોરાકમાં રહેલ કાર્બોહાઈડ્રેટ્સ સાથે સંયોજાય છે અને તેને સાદી શર્કરામાં રૂપાંતર કરે છે. જે હોજરીમાં આસાનીથી પચી જાય છે. આપણે રોટલી, ભાખરી કે બ્રેડ સારી રીતે ચાવીએ છીએ ત્યારે આ શર્કરાની મીઠાશ અનુભવીએ છીએ.

***આ લાળની અગત્યતાના મુદ્દા :***

★ લાળ એક ઉત્તમ દ્રાવક અને પાચક રસ છે. મોઢામાં જ્યારે ખોરાક ચાવીએ ત્યારે તેમાં લાળ ભળે છે અને પાચનક્રિયાને વેગ આપે છે. સૌથી અગત્યની વાત એ છે કે લીધેલા ખોરાકના ૩૦ ટકા ભાગ મોઢામાં જ (હોજરીમાં જતા પહેલા) પચી જાય છે.

★ સૌથી ગંભીર વાત છે મોટાભાગના લોકો ખોરાકને પૂરો ચાવતા નથી. જેથી લાળને ખોરાકને પલાળીને, રાસાયણિક પ્રક્રિયાથી પચાવવાનો સમય જ મળતો નથી (આજનું 'મેગી' નુડલ્સ આનું સૌથી ખરાબ ઉદાહરણ છે. એક તો માઈક્રોફાઈન્ડ મેંદાનો લોટ અને ચાવ્યા વગર જ પેટમાં પધરાવવાનું.)

★ ચાવ્યા વગર ખાવાથી હોજરી પર ત્રીસ ટકા બોજો વધે છે. જે અપચાની સ્થિતિ સર્જે છે. આજનો સામાન્ય રોગ 'કબજિયાત' થવાનું મોટું કારણ આ જ છે.

★ આયુર્વેદ નક્કર ખાદ્ય પદાર્થને ખૂબ જ ચાવીને પ્રવાહી બનાવીને હોજરીમાં ઉતારવાનું કહે છે. આવી જ રીતે દરેક પ્રવાહી જેમ કે દૂધ, દહીં, છાશ, ફળના રસ અને પાણીને પણ નક્કર ખોરાકની જેમ જ ચાવીને ઘુંટડે ઘુંટડે પીવા. જેથી લાળ ભળે અને ભોજન સુપાચ્ય બની શકે.

★ જૂના સમયમાં જમ્યા બાદ મુખવાસ અને પાન બીડાનું (તમાકુ કે માવાવાળા નહીં) ચલણ હતું. મુખવાસનો ઉપયોગ છે લાળનો ઉપયોગ વધારવાનું. મુખવાસ મોઢામાં વધુ સમય રહે છે, જે આરોગ્યપ્રદ હોય છે અને જેના કારણે લાળનું સિક્રેશન વધી હોજરીમાં જઇ પાચનમાં મદદ કરે છે.

★ મુખવાસની મદદથી લાળનો સ્રાવ મોંમાં રહેલા ખોરાકના કણો, જે બેક્ટેરીયાથી સડી દાંતના પડને નુકસાન કરે છે, તે બહાર ધકેલાઈ જાય છે. તેમજ લાળ એન્ટી બેક્ટેરીયલ હોવાથી મોંને સ્વચ્છ રાખે છે. આરોગ્યપ્રદ મુખવાસમાં વપરાતા તલ, કળથી વગેરે દાંત વચ્ચે ઓઈલિંગ કરે છે.

★ લાળ વિશે એક રસપ્રદ વાત છે. આપણે જમીએ તે પહેલાં જ્યારે કોઈ સ્વાદિષ્ટ વાનગીની 'સુગંધ' આવે કે તેને જોવાથી કે કલ્પના સુધ્ધાંથી તુરત આપણી પાચનક્રિયા સક્રિય થઈ જાય છે અને વિશેષ લાળ બનવી શરૂ થઈ જાય છે. એટલે જ ભાવતી વાનગી જોતાં આપણને મોઢામાં પાણી આવી જાય છે.

★ આપણા આયુર્વેદમાં લાળને 'અમી'થી નવાજવામાં આવેલ છે. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સામાન્ય સભાની કાર્યવાહી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ સંસ્થાના કાર્યાલયમાં યોજવામાં આવેલ હતી. આ સામાન્ય સભામાં અનેક સભ્યો હાજર રહેલ હતા.

સૌ પ્રથમ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રતાપ નારાણજી દંડે સૌને આવકાર્યા હતા અને સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરાવી હતી.

ચૂંટણી પંચના સભ્ય શ્રી કે.ડી. શાહ, શ્રી મનીષ વીરા અને શ્રી જ્યોતેન્દ્ર સંઘવીએ ચૂંટણી અંગે કાર્યવાહી શરૂ કરી હતી. શ્રી કે.ડી. શાહે જણાવ્યું હતું કે, ઘણા વર્ષો સુધી શ્રી આણંદજીભાઈ વીરાએ ચૂંટણી પંચ તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. તેમની સાથે રહીને અમોને ઘણું બધું શીખવા મળેલ છે. આજે તેમના સુપુત્ર શ્રી મનીષ વીરાએ આ જવાબદારી ઉપાડી લીધેલ છે.

શ્રી મનીષ વીરાએ જણાવ્યું હતું કે, સ્ટીયરીંગ સમિતિના પ્રયાસથી આપણે ચૂંટણી ટાળી શક્યા છીએ અને તે માટે સ્ટીયરીંગ કમિટીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તેઓએ જણાવ્યું હતું કે, બંધારણની કલમ ૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓ, નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓ તથા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલ જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવાની હતી. જેમાં દાતા ટ્રસ્ટીઓની ખાલી પડેલ જગ્યા ઉપર નીચે પ્રમાણેના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

(૧) શ્રી આશિષ ધીરૂભાઈ શાહ
(૨) શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા
(૩) શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા

ઉપર્યુક્ત ત્રણ જગ્યા માટે ત્રણ જ અરજી આવેલ હોવાથી ત્રણે ટ્રસ્ટીઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

માનદ્ ગ્રુપ માટે બે જગ્યા માટે ચૂંટણી કરવાની હતી. આના માટે નીચે પ્રમાણેના ત્રણ સભ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

(૧) શ્રી ચંદ્રેશ વીરેન્દ્રભાઈ લોડાયા
(૨) શ્રી પીયુષ રવિલાલ પારેખ
(૩) શ્રી રજનીકાંત ધરમશી પારેખ

ઉપર્યુક્ત ત્રણ ઉમેદવારોમાંથી શ્રી પીયુષ રવિલાલ પારેખે પોતાનું ઉમેદવારી પત્રક પાછું ખેંચતા નીચે પ્રમાણેના ૨ (બે) ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

(૧) શ્રી ચંદ્રેશ વીરેન્દ્રભાઈ લોડાયા
(૨) શ્રી રજનીકાંત ધરમશી પારેખ

સ્વજન ગ્રુપમાં ૧ (એક) ટ્રસ્ટી નિવૃત્ત થતા હતા. તેની સામે નીચે પ્રમાણેના ૪ (ચાર) ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

(૧) શ્રી અભય નવીનચંદ્ર સતરા
(૨) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
(૩) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
(૪) શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

ઉપર્યુક્ત ચાર ઉમેદવારોમાંથી નીચેના ત્રણ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રક પાછા ખેંચતા શ્રી વિમેશ ગુલાબચંદ શાહને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

(૧) શ્રી અભય નવીનચંદ્ર સતરા

(૨) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા

(૩) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

*બંધારણની કલમ ૫(૩) માટે નિવૃત્ત થતા ૬ (છ) ઉમેદવારોની ચૂંટણી / વરણી કરવાની હતી. આ બેઠક માટે નીચે પ્રમાણેના ૧૧ (અગિયાર) ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.*

(૧) શ્રીમતી અમીબેન નીતિનભાઈ શાહ

(૨) શ્રી ચેતનભાઈ દામજીભાઈ ધરોડ

(૩) શ્રી ચૈતન્યભાઈ દામજીભાઈ રાંભિયા

(૪) શ્રી દિનેશચંદ્ર જગજીવનભાઈ શાહ

(૫) શ્રી કિશોરભાઈ રતનશી શાહ (વીરા)

(૬) શ્રી નરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી

(૭) શ્રી નિરંજનભાઈ પૂનમચંદ મૈશેરી

(૮) શ્રી પીયુષભાઈ હીરજીભાઈ સાવલા

(૯) શ્રી રોહિતભાઈ શાંતિલાલ સંઘવી

(૧૦) શ્રીમતી શીલ્પિબેન પ્રકાશભાઈ શાહ

(૧૧) શ્રીમતી સુલુબેન જલદીપભાઈ શાહ

ઉપરોક્ત અગિયાર ઉમેદવારોમાંથી નીચે પ્રમાણેના પાંચ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. તેથી બાકીના નીચે પ્રમાણેના છ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

*નીચે પ્રમાણેના પાંચ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધેલ હતી :*

(૧) શ્રીમતી અમીબેન નીતિનભાઈ શાહ

(૨) શ્રી દિનેશચંદ્ર જગજીવનભાઈ શાહ

(૩) શ્રી કિશોરભાઈ રતનશી શાહ (વીરા)

(૪) શ્રી રોહિતભાઈ શાંતિલાલ સંઘવી

(૫) શ્રીમતી શીલ્પિબેન પ્રકાશભાઈ શાહ

*નીચે પ્રમાણેના છ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા :*

(૧) શ્રી ચેતનભાઈ દામજીભાઈ ધરોડ

(૨) શ્રી ચૈતન્યભાઈ દામજીભાઈ રાંભિયા

(૩) શ્રી નરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી

(૪) શ્રી નિરંજનભાઈ પૂનમચંદ મૈશેરી

(૫) શ્રી પીયુષભાઈ હીરજીભાઈ સાવલા

(૬) શ્રીમતી સુલુબેન જલદીપભાઈ શાહ

ત્યારબાદ માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે ગત વર્ષની તા. ૨૫-૯-૨૦૨૨ના રોજ મળેલ સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન કરેલ હતું. આ મિનિટ્સને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તેમણે જણાવેલ હતું કે, આપણું પાલડી સ્થિત તેમજ બોપલ સ્થિત મેડિકલ સેન્ટરો ખૂબ જ સારી રીતે ચાલે છે. મોટી સંખ્યામાં દર્દીઓ આ મેડિકલ સેન્ટરની સેવા લે છે. આપણે થોડા સમય પહેલા જ ચાંગોદર ખાતે

ત્રીજું મેડિકલ સેન્ટર શરૂ કરેલ છે. ગીતા મંદિરના સેવા ભવન ખાતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ખૂબ જ સારી રીતે ચાલે છે, જ્યારે બોપલ ખાતે તાજેતરમાં શરૂ કરેલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરે પણ સારી એવી રફ્તાર પકડી લીધેલ છે. વિશેષમાં શાહીબાગ ખાતેના કચ્છી વિશ્રામ ગૃહ પરનું અતિથિ ભવન, કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ અને ડાયાલિસિસ સેન્ટર વિખ્યાતિને વરેલા છે.

તથા એસ.ટી. ભવન ખાતે શરૂ કરાયેલા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરો પણ ધીરે ધીરે પોતાની રફ્તાર પકડી રહ્યા છે.

ગત વર્ષે આપણે એસ.ટી. ભવન ખાતે અદાણીના સંગાથમાં રહીને શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરેલ છે. તેમાં ઘણા તાલીમાર્થીઓએ ભાગ લઈ કમાવાનું શરૂ કરી પોતાના કુટુંબની આર્થિક હાલત સુધારવામાં ફાળો આપેલ છે. તે જ પ્રમાણે બોપલ ખાતે પણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ખૂબ જ સારું કામ કરે છે. આ ઉપરાંત વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, ભવન સમિતિ, કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ, લાઈબ્રેરી સમિતિ વગેરે ઘણી બધી સમિતિઓ પોતાનું કામ સુચારૂ રૂપે કરે છે.

ત્યારબાદ ખજાનચીશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડિટ થયેલા હિસાબો રજૂ કર્યા હતા અને તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતા.

શ્રી હિરેન કે. શાહે ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ દૃશ્ય શ્રવણના માધ્યમથી આપેલ હતો. આ ઉપરાંત સમાજને મળેલા દાનની વિગતવાર માહિતી તેમજ ભવિષ્યના આગામી કાર્યક્રમની ઝલક પણ આપેલ હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓડિટરશ્રીની નિમણુંક કરવામાં આવેલ હતી.

આમ, હવે કોઈ કાર્યવાહી બાકી ન રહેતા આ સભાને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી અને સૌ રાષ્ટ્રગીત ગાઈને સુરૂચિ ભોજન લઈને છુટા પડ્યા હતા.

*સામાન્ય સભાની તસવીરો માટે જુઓ : પાના નં. ૯૩*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ સંસ્થાના કાર્યાલયમાં મળેલ હતી.

આ મીટિંગમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

આ મીટિંગમાં મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની નિમણુંક કરવામાં આવેલ હતી.

કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે (૧) શ્રી દેવેન મેઘજી છેડા અને (૨) ડૉ. હિમાંશુ શાહની વરણી કરવામાં આવી હતી.

આમંત્રિત ટ્રસ્ટી તરીકે શ્રી લક્ષ્મીચંદ શામજી વીરાની નિમણુંક કરવામાં આવી હતી.

ટ્રસ્ટ મંડળમાંથી પ્રતિનિધિ તરીકે કારોબારી સમિતિમાં નીચે પ્રમાણેના છ ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી હતી.

(૧) શ્રી શાંતિલાલ મુળજી સાવલા
(૨) શ્રી હિરેન કુંવરજી શાહ
(૩) શ્રી રજનીકાંત ધરમશી પારેખ
(૪) શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
(૫) શ્રી મનુભાઈ ગોવિંદજી શાહ
(૬) શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

આ ઉપરાંત આગામી સમયમાં હોસ્પિટલ અને અમદાવાદના અન્ય વિસ્તારમાં મેડિકલ સેન્ટર શરૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

***આમ, હવે કોઈ કાર્યવાહી બાકી ન રહેતા આ સભાને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી અને સૌ રાષ્ટ્રગીત ગાઈને છુટા પડ્યા હતા.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

### રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મીટિંગ રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ સંસ્થાના કાર્યાલયમાં મળેલ હતી. આ મીટિંગમાં બાવીસ સભ્યો હાજર હતા. આ મીટિંગમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

સૌ પ્રથમ ગત મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બંધારણની જોગવાઈ મુજબ નીચે પ્રમાણે બે કો-ઓપ્ટ સભ્યોની નિમણુંક કરવામાં આવી.

(૧) શ્રી રોહિતભાઈ શાંતિલાલ સંઘવી

(૨) શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ

ત્યારબાદ નીચે પ્રમાણેના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ હતી.

(૧) *પ્રથમ ઉપપ્રમુખ* શ્રી શાંતિલાલ મુળજી સાવલા

(૨) *દ્વિતીય ઉપપ્રમુખ* શ્રી હિરેન કુંવરજી શાહ

(૩) *માનદ્ મંત્રી* શ્રી રજનીકાંત ધરમશી પારેખ

(૪) *સહ મંત્રી* શ્રી વિશાલ મહેન્દ્ર શાહ

(૫) *ખજાનચી* શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

(૬) *સહ ખજાનચી* શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી

ત્યારબાદ વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ અને અન્ય સમિતિઓના કાર્યક્રમ માટેના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી.

### રવિવાર, તા. ૬-૮-૨૦૨૩

આ સમિતિની બીજી મીટિંગ રવિવાર, તા. ૬-૮-૨૦૨૩ના રોજ મળેલ હતી. આ મીટિંગમાં વીસ સભ્યો હાજર હતા. આ મીટિંગમાં વિવિધ સમિતિઓના કન્વીનરોની નિમણુંક કરવામાં આવી હતી.

| ક્રમ | સમિતિ | સમિતિના કન્વીનર |
|---|---|---|
| ૧. | ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ | શ્રી હિરેન કુંવરજી શાહ |
| ૨. | કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા |
| ૩. | સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ | શ્રી મનીષ આણંદજી વીરા |
| ૪. | શૈક્ષણિક લોન (સહાય) સમિતિ | શ્રી મનીષ આણંદજી વીરા |
| ૫. | રીનોવેશન સમિતિ | શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી |
| ૬. | ખરીદ સમિતિ (ટેકનિકલ) | શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી |
| ૭. | તબીબી સેવા સમિતિ - બોપલ અને ચાંગોદર તેમજ ડાયાલિસિસ સેન્ટર સમિતિ - બોપલ | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ |
| ૮. | સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર |

| | | |
|---|---|---|
| ૯. | ભવન સમિતિ - પાલડી, શાહીબાગ અને ગીતા મંદિર | શ્રી પ્રતાપ નારાણજી દંડ - કન્વીનર<br>શ્રી કે.ડી. શાહ - કો કન્વીનર |
| ૧૦. | કેન્ટીન સમિતિ | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી |
| ૧૧. | યુવા વિકાસ સમિતિ | શ્રી જયદીપ દિનેશ મૈશેરી |
| ૧૨. | મહિલા ઉત્કર્ષ સમિતિ | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ |
| ૧૩. | મેરેજ બ્યુરો સમિતિ | શ્રી ચેતન દામજી ધરોડ |
| ૧૪. | તબીબી સેવા સમિતિ - પાલડી તેમજ<br>ડાયાલિસિસ સેન્ટર સમિતિ - ગીતા મંદિર અને શાહીબાગ | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૧૫. | વૈયાવચ્ચ તથા સાધર્મિક સહાય સમિતિ | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી |
| ૧૬. | તબીબી સહાય અને બાલ કલ્યાણ સમિતિ | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી |
| ૧૭. | વયસ્ક સમિતિ | શ્રી દિલીપ કુંવરજી દંડ |
| ૧૮. | કચ્છ આર્ટ ગેલેરી સમિતિ | શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ |
| ૧૯. | સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | શ્રીમતી નેહા મનીષ શાહ (ખોના) |
| ૨૦. | ગૃહ ઉદ્યોગ સમિતિ | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા |
| ૨૧. | દવા વિતરણ સમિતિ | શ્રી કમલેશ મનુભાઈ શાહ (શેઠ) |
| ૨૨. | નવનીત આવાસ સમિતિ | શ્રી ગિરીશ હીરજી દેઢિયા |
| ૨૩. | અંગદાન સમિતિ | શ્રી કમલેશ બાબુભાઈ શાહ |
| ૨૪. | દર્દી સહાય સમિતિ | શ્રી ચૈતન્ય દામજી રાંભિયા |
| ૨૫. | વસ્તીપત્રક સમિતિ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૨૬. | મંગલ મંદિર તંત્રી મંડળ સમિતિ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૨૭. | મંગલ મંદિર જાહેરાત સમિતિ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૨૮. | મંગલ મંદિર વ્યવસ્થાપક સમિતિ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૨૯. | મંગલ મંદિર લવાજમ સમિતિ | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી |
| ૩૦. | લાઈબ્રેરી સમિતિ | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી |

*અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતા આજની સભાને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી અને સૌ રાષ્ટ્રગીત ગાઈને છુટા પડ્યા હતા.* ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિમાંથી નિવૃત્ત થતા સભ્યોના સ્થાને અન્ય સભ્યોની વરણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના નીચે મુજબના સભ્યો વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના અંતે નિવૃત્ત થાય છે અને તેના સ્થાને નીચે મુજબના સભ્યો બિનહરીફ ચૂંટાયેલા છે.

### વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના અંતે નિવૃત્ત થતા સભ્યો

#### ટ્રસ્ટ મંડળ

**વિભાગ-૧ : દાતા ટ્રસ્ટીઓ**

૧. શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
૨. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
૩. શ્રી આશિષ ધીરુભાઈ શાહ

**વિભાગ-૨ : સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ)**

૧. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૨. શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા

**વિભાગ-૩ : સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ)**

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

#### કારોબારી સભ્યો

૧. શ્રી ચૈતન્ય દામજી (બચુભાઈ) રાંભિયા
૨. શ્રી પીયુષ હીરજી સાવલા
૩. શ્રી ચેતન દામજી ધરોડ
૪. શ્રીમતી સુલુબેન જલદીપ શાહ
૫. શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી

### વર્ષ ૨૦૨૩-૨૦૨૪થી ત્રણ વર્ષ માટે નિયુક્ત થયેલ સભ્યો

#### ટ્રસ્ટ મંડળ

**વિભાગ-૧ : દાતા ટ્રસ્ટીઓ**

૧. શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
૨. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
૩. શ્રી આશિષ ધીરુભાઈ શાહ

**વિભાગ-૨ : સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ)**

૧. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૨. શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા

**વિભાગ-૩ : સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ)**

૧. શ્રી વિમેશ ગુલાબચંદ શાહ (લોડાયા)

#### કારોબારી સભ્યો

૧. શ્રી ચૈતન્ય દામજી (બચુભાઈ) રાંભિયા
૨. શ્રીમતી સુલુબેન જલદીપ શાહ
૩. શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી
૪. શ્રી ચેતન દામજી ધરોડ
૫. શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
૬. શ્રી પીયુષ હીરજી સાવલા

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*પડછાયા સાથે રેસ લગાવી, છેક સાંજે જીત્યો,*
*પણ એ મારો ભ્રમ હતો, સવારે તે પાછો મારાથી આગળ નીકળી ગયો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજે રાષ્ટ્રનો ૭૭મો ધ્વજવંદનનો દિવસ ધામધૂમથી ઉજવ્યો

સ્વાતંત્ર્યના સોહામણા સૂરજ ઉગ્યાની સીત્યોતેરમી વર્ષગાંઠના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવનના પટાંગણમાં ડૉ. સુજય મહેતા (ચેરમેન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કુલ બોર્ડ)ના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ સંપન્ન થયો.

ડૉ. સુજય મહેતાનું સ્વાગત કરતાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે જણાવ્યું હતું કે, શ્રી સુજય મહેતા વ્યવસાયે ડૉક્ટર છે અને તેમના પિતાશ્રી જ્યોતિન્દ્ર મહેતા પણ ડૉક્ટર હોવાની સાથે સાથે સામાજિક કાર્યકર પણ છે. એટલે ડૉ. સુજય મહેતાને ગળથુથીથી જ સામાજિક સેવાનો વારસો મળેલ છે. તેમના પિતાશ્રી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર રહી ચૂકેલા છે. ૧૯૭૩માં જ્યારે પાલડી વિસ્તારમાં વિનાશક પૂર આવેલ ત્યારે તેમના પિતાશ્રી ડૉ. જ્યોતિન્દ્ર મહેતા, કે જે તે વખતે પાલડીમાં એકમાત્ર ફેમિલી ડૉક્ટર તરીકે જાણીતા હતા ત્યારે તેઓએ રાત-દિવસ જોયા વગર ખડે પગે લોકોની સેવા કરેલ હતી. આ ઉપરાંત ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં દબાઈ ગયેલા લોકોની તુરત સારવાર માટે તેઓએ અતિ શ્રમ ઉઠાવેલ હતો. આ બંને ઘટનાના પોતે સાક્ષી છે તેમ મંત્રીશ્રી રજનીભાઈએ જણાવ્યું હતું.

આવા પરગજુ - પરોપકારી પિતાના પનોતા પુત્ર ડૉ. સુજય મહેતા પણ પિતાના રસ્તે ચાલીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડના ચેરમેન તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની રાહબરી હેઠળ ૪૫૯ સ્કૂલ કાર્યરત છે અને તેમાં આશરે ૧,૬૬,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ બોર્ડ હેઠળ ચાર ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. આંખે ઉડીને વળગે તેવી વાત તો એ છે કે આ સ્કુલોમાં ૨૩ ઉર્દુ શાળાઓ પણ સામેલ છે.

બરાબર નવના ટકોરે ડૉ. સુજય મહેતાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમણે તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, હું ઘણા વર્ષોથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાથે સંકળાયેલો છું. કચ્છી માણસોની ખમીરતા કંઈ અલગ જ હોય છે. દુનિયાના કોઈપણ ખૂણામાં આપ ચાલ્યા જાવ, તમને કચ્છી માણસ મળશે જ મળશે. તેઓ પથ્થરમાંથી પાણી કાઢવાની શક્તિ ધરાવે છે. આ સંસ્થાએ મેડિકલ ક્ષેત્રે મોટી હરણફાળ ભરેલ છે. આ ઉપરાંત ડાયાલિસિસ કરીને કિડનીના દર્દીઓને નવજીવન બક્ષવાની સાથે લાંબી લાઈફ લાઈન કરી આપે છે. તેઓ છેવાડાના માનવીને મદદરૂપ થવા સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસીસ ચલાવે છે તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે.

તેમણે જણાવ્યું હતું કે, આજે મને એ કચ્છી માણસની ખુમારી યાદ આવે છે, તે છે કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી આશિષભાઈ ધીરૂભાઈ શાહના પિતાશ્રી ધીરૂભાઈ શાહ કે જેઓ વિધાનસભાના અધ્યક્ષ હતા ત્યારે એક નિયમ લાવ્યા હતા કે ગુજરાતની વિધાનસભાની કેન્ટીનમાં માત્ર અને માત્ર શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે. આવા ઉમદા પિતાના સંતાન શ્રી આશિષભાઈ આપના સમાજની સેવામાં જોડાયેલા છે તે ખૂબ જ સારી વાત છે.

તેમણે જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત પર્વ નિમિત્તે આપણા માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં એક મહાકુંભ સ્થાપિત કરેલ છે અને તેમણે સૂત્ર આપેલ છે કે, 'મારો દેશ મારી માટી.' તે પ્રમાણે આપણે આપણા ગામની એક મુઠ્ઠી માટી લઈને તાલુકા કક્ષાએ, ત્યાંથી જિલ્લા કક્ષાએ, ત્યાંથી રાજ્ય કક્ષાએ અને ત્યાંથી દિલ્હી મોકલવી જોઈએ.

તેઓએ જણાવ્યું હતું કે, આપણા માન. વડાપ્રધાનશ્રીની રાહબરી હેઠળ દેશે એટલી બધી પ્રગતિ કરેલ છે કે ઇન્ડિયા પાંચમી મોટી ઈકોનોમિ બની છે.

તેમણે પોતાની એક પ્રવૃત્તિ વિશે જણાવ્યું હતું કે જે છેવાડાના માનવીને મદદરૂપ થાય છે. તે પ્રવૃત્તિ એટલે કે 'સિગ્નલ શાળા.' તેમણે જણાવ્યું કે, ચાર રસ્તાના સિગ્નલ પાસે જે બાળકો ભીક્ષુક પ્રવૃત્તિ કરે છે તેમને અને તેમના મા-બાપ, વડીલોને સમજાવીને બસમાં સિગ્નલ સ્કુલ ચલાવીએ છીએ. તેમને નવડાવી, સારા કપડાં પહેરાવી અને પછી નજીકની સ્કૂલમાં દાખલ કરીએ છીએ. આ ઉપરાંત તેમના ભોજનની પણ વ્યવસ્થા કરીએ છીએ. તેમની આ પ્રવૃત્તિને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી.

અંતમાં સમાજના ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ડૉ. સુજય મહેતાએ આપણા સમાજને જ્યારે જ્યારે સેવાઓની જરૂરત પડી છે ત્યારે તેઓએ આપણને હંમેશાં સેવા આપવા માટે તત્પરતા દેખાડી છે અને આપણા કામો ખૂબ જ સરળતાથી કરી આપ્યા છે. આપણું અહોભાગ્ય છે કે, તેમના જેવા સંન્નિષ્ઠ કાર્યકર આપણને મળ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ મેડિકલ ક્ષેત્રમાં એક હરણફાળ ભરવા માંગે છે અને એક હોસ્પિટલ કે જે સામાન્ય માણસ માટે આશિર્વાદરૂપ થાય તેવી હોસ્પિટલ નહીં નફો - નહીં નુકસાનના ધોરણે ચલાવવા માંગે છે. આ ઉમદા કાર્યમાં અમોને મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી યોગ્ય જમીન અપાવવા આપ મદદ કરો તેવી આશા રાખીએ છીએ.

તેમણે આટલી મોટી સંખ્યામાં સમાજના સભ્યોએ ધ્વજવંદનના કાર્યક્રમમાં ભાગ લીધો તે બદલ સમાજ તરફથી ગર્વની લાગણી અનુભવું છું તેમ જણાવેલ હતું.

અંતમાં સૌ અલ્પાહારને ન્યાય આપી વિખરાયા હતા.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૯૧-૯૨*

# નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન

ગુરૂવાર, તા. ૨૭-૭-૨૦૨૩ના રોજ બોપલ ખાતે નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના વિવિધ બે કોર્સના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી વિમળાબેન ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા અને શ્રી કલ્પેશભાઈ ગાલા ઉપસ્થિત રહેલ હતા તેમજ સમાજના બંને ઉપપ્રમુખો શ્રી શાંતિલાલભાઈ સાવલા અને શ્રી હિરેન શાહ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ટ્રસ્ટી શ્રી મુકેશ સાવલા, શ્રી મનીષ ગોસર, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, કારોબારી સભ્ય શ્રી સંદીપ મહેતા, અદાણી તરફથી બે હોદ્દેદારો (૧) શ્રી જીજ્ઞેશ જોશી, ઇન્ચાર્જ – સક્ષમ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર, વેસ્ટર્ન રીજીયન અને (૨) શ્રી અમિત ઠાકર, ચીફ – સક્ષમ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ઓલ ઇન્ડિયા ઉપસ્થિત રહ્યા હતા.

સૌપ્રથમ સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે આ પ્રવૃત્તિના ફલક વિશે ઉંડાણમાં માહિતી આપી હતી કે કેવી રીતે છેવાડાના માનવીને આપણે મદદરૂપ થઈએ છીએ. તેમણે જણાવ્યું હતું કે, આપણે આ પ્રવૃત્તિમાં અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સાથે સહિયારી રીતે કામગીરી કરીએ છીએ. તેઓ જરૂરિયાતવાળા તાલીમાર્થીઓના ઘરે ઘરે જઇ તેમને તથા તેમના વાલીઓને સમજણ આપે છે કે આ કોર્સમાં જોડાવાથી તમારા સંતાન અને તમારું કુટુંબ આર્થિક રીતે પગભર થશે. તમે તમારી જિંદગીને બહેતર બનાવી શકશો.

ત્યારબાદ આ તાલીમાર્થીઓને યોગ્ય શિક્ષણ મળે અને પ્રેક્ટીકલ ટ્રેનિંગ મળે તેની બધી જ વ્યવસ્થા તેઓ સંભાળે છે. ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ તેઓને જોબ અપાવવાની પણ તેઓ કાર્યવાહી કરે છે.

અત્યાર સુધી આપણે જનરલ નર્સિંગ કોર્સની એક બેચ પૂર્ણ કરીને ટ્રેનિંગ માટે મોકલી આપેલ છે અને બીજી બેચની શરૂઆત કરી દીધેલ છે. આ ઉપરાંત બ્યુટી પાર્લરની પણ એક બેચ શરૂ કરી દેવામાં આવેલ છે.

ત્યારબાદ શ્રી સંદીપભાઈ ગાલાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપેલ હતું.

ત્યારબાદ શ્રી અશોક મહેતાએ પોતાનું વક્તવ્ય આપેલ હતું.

શ્રીમતી વિમળાબેન ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા અને શ્રી કલ્પેશભાઈ ગાલા તેમજ સમાજના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીશ્રીઓનું અદાણી સક્ષમ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર તરફથી બહુમાન કરવામાં આવેલ હતું.

અભ્યાસ પૂર્ણ કરી દીધેલ તેમજ હાલમાં અભ્યાસ કરતાં વિવિધ તાલીમાર્થીઓએ આ ક્લાસમાં જોઈન્ટ થવાથી તેમની જિંદગીમાં શો ફરક પડ્યો છે અને ભવિષ્યમાં તેઓ પોતાના સ્વપ્નો કેવી રીતે સાકાર કરશે તે જણાવ્યું હતું.

અંતમાં આઈસ્ક્રીમને ન્યાય આપી સમારંભ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૯૩-૯૪*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઇબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને તા. ૧૬-૮-૨૦૨૩ના રોજ ડૉ. જેઠો લલવાણી તરફથી નીચે મુજબના પુસ્તકો ભેટ મળેલ છે કે જેનો આ સમાજ સહર્ષ સ્વીકાર કરે છે.

| *ક્રમ* | *પુસ્તકનું નામ* | *લેખકશ્રીનું નામ* |
|---|---|---|
| ૧. | સિંધી-કચ્છી લોક સંસ્કૃતિ પરંપરા | ડૉ. જેઠો લલવાણી |
| ૨. | સિંધી સાહિત્ય શોધ આલેખ | ડૉ. જેઠો લલવાણી |
| ૩. | સિંધી ભાષા સાહિત્ય | ડૉ. જેઠો લલવાણી |
| ૪. | સિંધી ભગત પરંપરા | ડૉ. જેઠો લલવાણી |
| ૫. | મધ્યકાલીન સિંધી કવિ-કવિતા | ડૉ. જેઠો લલવાણી |

ઉપરોક્ત સહકાર બદલ સમાજ ડૉ. જેઠો લલવાણીનો ખૂબ ખૂબ આભાર માને છે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


# ધી એવોર્ડ ઓફ એક્સેલન્સ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય એવા **શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી**ને કચ્છી ભાષાના વિકાસ અને સંશોધન માટે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન - આણંદ, ગુજરાત દ્વારા ''ધી ઍવોર્ડ ઓફ એક્સેલન્સ'' એનાયત કરવામાં આવેલ છે કે જે અમદાવાદ સ્થિત સમગ્ર કચ્છી સમાજ માટે ગૌરવની વાત છે.

*શ્રી મહેન્દ્રભાઈ સાકરચંદ દોશીને ખૂબ ખૂબ અભિનંદન.*

| અશોક મહેતા | પ્રતાપ નારાણજી દંડ | રજનીકાંત પારેખ |
|---|---|---|
| મુખ્ય તંત્રી, મંગલ મંદિર | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | માનદ્ મંત્રી |
| સમગ્ર તંત્રીમંડળ વતી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ |



**Human Development Foundation**

*Towards the right path*

EXTENDS A HEARTFELT GRATITUDE TO,

**Shree Doshi Mahendra Sakerchand**

**The Honourable & Renowned Researcher**

*M. A, LLB, Diploma in Linguistic*

We are delighted to know that you have been doing tremendou work for development of Kutchi Language and other respectiv fields of education. You have also given outstanding contributior and your heart and soul in making Gujarat State proud for tl innovation in Kutchi Language both nationally as well internationally.

To recognize your extremely invaluable services to the society. would like to present you with "The Award of Excellence" strongly believe that your life will be an inspiration for generations to come. We also wish you a very healthy and a long ahead.

**Date: 20th August 2023** **Timing: 2 PM to 5 PM**

**Presented by:**

**Human Development Foundation**

**Office:** 3, Bhulabhai Park, Near Railway Power House, Near Tulsi Takes, Anand – 388315 Gujarat (INDIA)

**Contact us:** +91 8000080l618 **Email:** globalhdf1618@gmail.com **Website:** www.globalhdf.org

You can follow us at:

President

General Secretary

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

**(મણકો : ૪)**

## ડૉ. તપન એ. શાહ

**M.S. (જનરલ સર્જન)**



અશોક મહેતા



ડૉ. તપન એ. શાહ

'આપણા ડૉક્ટર્સને પહેચાનો'ની કોલમના મણકા-૪માં આજે આપણે એવા ડૉક્ટરની પહેચાન કરશું કે જેમણે ભાતીગળ સ્થળે રહી, મેડિકલ સાયન્સના ભાતીગળ વિભાગોનો ભાતીગળ અભ્યાસ કરેલ છે. ભાતીગળ સ્થળેથી મેડિકલ વિભાગની ભાતીગળ પદવીઓ પ્રાપ્ત કરેલ છે અને ભાતીગળ સ્થળેથી ભાતીગળ યુનિવર્સિટીઓની ફેલોશિપ પ્રાપ્ત કરેલ છે. નવનીત મેડિકલ સેન્ટર - પાલડીના અહોભાગ્ય છે કે તેમને વિશિષ્ટ જ્ઞાન ધરાવતા આ પ્રકારના ડૉક્ટર જાહેર જનતાની સેવા કરવા માટે પ્રાપ્ત થયેલ છે. સાથે સાથે તેઓશ્રી પણ આ મેડિકલ સેન્ટરને જાહેર જનતાની સેવા કરવા માટે એક અતિ ઉપયોગી સેવા કેન્દ્ર તરીકે માને છે અને તેની સાથે જોડાયેલા રહેવાનું અભિમાન પણ ધરાવે છે.

આપણે વાત કરી રહ્યા છીએ જનરલ સર્જન ડૉ. તપન અતુલભાઈ શાહની કે જેઓ મૂળ અમદાવાદની નજીકના જ શહેર કપડવંજના વતની છે અને જન્મે વૈષ્ણવ જ્ઞાતિના હોવાથી ***'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે'*** આ પંક્તિને પોતાના જીવનમાં ઉતારી તેનું યોગ્ય રીતે આચરણ કરે છે.

ડૉ. તપન શાહનો જન્મ તા. ૨૮-૫-૧૯૮૩ના રોજ મુંબઈ (તેમના માતુશ્રી મુંબઈના રહીશ હતા) ખાતે થયો હતો. તેઓશ્રીનો પરિવાર અગાઉ કપડવંજ ખાતે રહેતો હોવાથી તેમનું ૫ વર્ષ સુધીનું બાળપણ કપડવંજ ખાતે વિતેલ હતું પરંતુ વર્ષ ૧૯૮૮માં જ્યારે તેમનો પરિવાર અમદાવાદના ગુરૂકુળ રોડ પર રહેવા આવ્યો ત્યારે તેઓ પણ અમદાવાદમાં આવી ગયેલ હતા.

ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીનો તેમનો અભ્યાસ અમદાવાદના નવરંગપુરા વિસ્તારની સ્વસ્તિક હાઈસ્કૂલમાં થયો હતો. તેઓ અભ્યાસમાં એટલા તેજસ્વી હતા કે તેઓ એ સમયે પોતાના ક્લાસમાં ૧ થી ૫ ક્રમાંક સુધીમાં જ ઉત્તીર્ણ થતા હતા. વર્ષ ૨૦૦૦માં તેઓએ ૧૨મું ધોરણ ૯૨ ટકા માર્કસ સાથે તેજસ્વીપણે પાસ કરેલ હતું.

ત્યારબાદ તેઓએ અમદાવાદની વી.એસ. હોસ્પિટલની એન.એચ.એલ. મેડિકલ કોલેજમાં એડમિશન લઈ વર્ષ ૨૦૦૬માં M.B.B.S. ની પદવી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ તેઓએ અમેરિકા જઈ યેલ યુનિવર્સિટીમાં ૬ મહિનાની જીરીયાટ્રીક મેડિસીનની ઈન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હતી. અમેરિકા અને ભારતની રહેણીકરણીમાં પુષ્કળ તફાવત હોવાથી અને અમેરિકાની રહેણીકરણી તેમને માફક ન આવવાથી તેઓ ભારત પરત ફર્યા અને અમદાવાદમાં સાલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે વર્ષ ૨૦૦૭માં જોડાયા. સાથે સાથે તેઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાઈ રેસિડેન્ટ મેડિકલ ઓફિસરની જવાબદારી સ્વિકારી. ત્યારબાદ તેઓ વર્ષ ૨૦૦૮માં કોલ્હાપુર ગયા અને ડી.વાય. પાટીલ હોસ્પિટલમાં રહી વર્ષ ૨૦૧૧માં M.S. (જનરલ સર્જન)ની પદવી પ્રાપ્ત કરેલ હતી.

### આસિસ્ટન્ટ પ્રોફેસર / એસોસિએટ પ્રોફેસર / પ્રોફેસર

કોલ્હાપુરથી M.S. ની પદવી હાંસલ કર્યા બાદ તેઓ વર્ષ ૨૦૧૧માં જ અમદાવાદ પરત ફર્યા અને એલ.જી. હોસ્પિટલ તથા શારદાબેન હોસ્પિટલમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા. એ દરમિયાન વર્ષ ૨૦૧૪માં જર્મનીની હેડિનબર્ગ યુનિવર્સિટીમાં દુનિયાના પ્રખ્યાત પ્રોફેસર બુચલર પાસે હિપાટોબિલીયરી સર્જરીની ૨ મહિનાની ફેલોશિપ પૂર્ણ કરી. તેઓ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન એલ.જી. હોસ્પિટલમાં એસોસિએટ પ્રોફેસરનું પ્રમોશન મેળવી સતત બે વર્ષ સુધી એલ.જી. હોસ્પિટલના એ યુનીટમાં હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે રહ્યા. તેઓ અત્યારે પણ પ્રોફેસર તરીકે ત્યાં પોતાની સેવા આપી રહ્યા છે.

### વિવિધ ફેલોશિપ પદવી

વર્ષ ૨૦૨૦થી ૨૦૨૨ના બે વર્ષ દરમિયાન તેઓએ ભોપાલની SRK યુનિવર્સિટીની MBA (હોસ્પિટલ મેનેજમેન્ટ)નો પાર્ટ ટાઈમ કોર્સ પૂર્ણ કરેલ હતો. સાથે સાથે

તેઓએ નીચે મુજબના ફેલોશિપ કોર્સ પણ પૂર્ણ કર્યા.

★ મિનિમમ એક્સેસ સર્જરી (અમાસી)
★ ઈન્ટરનેશનલ કૉલેજ ઓફ સર્જન (યુ.એસ.એ.)
★ હર્નીઆ સર્જરી (એડવાન્સ લેપ્રોસ્કોપી સર્જરી) (મુંબઈ)
★ એન્ડોસ્કોપી (મુંબઈ)
★ લેસર પ્રેક્ટોલોજી (મુંબઈ)

આ રીતે તેઓએ ભાતીગળ અભ્યાસક્રમો તથા ભાતીગળ ફેલોશિપના અભ્યાસક્રમો પૂરા કરી મેડિકલ વિભાગના આ ક્ષેત્રમાં અગાધ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેના થીઓરેટીકલ અને પ્રેક્ટીકલ અનુભવો પણ મેળવ્યા.

**શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટર સાથેનું જોડાણ**

તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટર સાથે વર્ષ ૨૦૧૧થી જોડાયેલા રહ્યા છે. તેઓનું કહેવું છે કે અહીં ઓ.પી.ડી.માં અને માઈનોર સર્જરીમાં સારો એવો વધારો થવા પામેલ છે. અત્યારે અહીં દરરોજ સાંજના ૧.૩૦ કલાક દરમિયાનના સમયમાં ૧૦થી ૧૫ની વચ્ચેની ઓ.પી.ડી. રહેવા પામેલ છે કે જે અગત્યનું પાસું ગણી શકાય.

***તેઓની સેવાઓનું આપણે વિવિધ વિભાગમાં અધ્યયન કરીએ તો તેની ગણના નીચે મુજબ થઈ શકે.***

★ **કન્સલ્ટન્ટ સર્જન :** તેઓ અમદાવાદની નીચે મુજબની હોસ્પિટલોમાં હાલે કન્સલ્ટન્ટ સર્જન તરીકે સેવા આપી રહ્યા છે.
  - વર્ષ ૨૦૧૭થી એઈમ્સ હોસ્પિટલમાં.
  - વર્ષ ૨૦૧૯થી SGVP ની હોલિસ્ટીક હોસ્પિટલમાં.
  - વર્ષ ૨૦૨૧થી પ્રમુખશ્રી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં.

★ **વિઝીટીંગ કન્સલ્ટન્ટ સર્જન :** વર્ષ ૨૦૨૨થી તેઓ કેર એન ક્યોર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ સર્જન તરીકે સેવા આપી રહ્યા છે.

★ **મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ :** વર્ષ ૨૦૨૦થી તેઓ એઈમ્સ હોસ્પિટલ (કે જે વર્ષ ૨૦૧૯થી NABH એક્રીડેટેડ હોસ્પિટલ છે)માં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

★ **પેપર એક્ઝામિનર :** વર્ષ ૨૦૧૮થી તેઓ નેશનલ લેવલે MBBS અને MS ના વિદ્યાર્થીઓના પરીક્ષાના પેપર્સની ચકાસણી કરી રહ્યા છે.

★ **પેપર પબ્લિકેશન્સ :** નેશનલ અને ઈન્ટરનેશનલ વર્તમાનપત્રોમાં તેઓના ૧૫થી પણ વધુ અભ્યાસપ્રદ પેપર્સ (લેખો) પ્રસારીત થઈ ચૂકેલ છે.

આ રીતે ભાતીગળ કારકિર્દી ધરાવતા ડૉ. તપન શાહ આપણી સાથે જોડાયેલા રહ્યા છે કે જે આપણા સહુ માટે ગર્વની વાત છે.

**લગ્નજીવન**

તેઓશ્રીના લગ્ન વર્ષ ૨૦૨૧માં અમદાવાદના જ રહીશ એવા ડૉ. રૂપલ ગરણીયા (મૂળ વતન અમરેલી) સાથે થયા છે કે જેઓ શારદાબેન હોસ્પિટલમાં એનેસ્થેશિયા વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ બંને પોતપોતાની રીતે સમગ્ર દિવસ દરમિયાન કાર્યરત રહેવા પામે છે અને લગ્નજીવન સુખરૂપ પસાર કરી રહ્યા છે.

**અત્યાર સુધીના કાર્યનો સારાંશ**

માત્ર ૪૦ વર્ષની વય ધરાવતા ડૉ. તપન શાહ તેમની જિંદગીમાં અત્યાર સુધી ૫૦,૦૦૦થી પણ વધુ લોકોને ઓ.પી.ડી.માં તપાસીને તેમની યોગ્ય સારવાર કરેલ છે. ૧૨,૦૦૦થી વધુ નાની મોટી સર્જરી કરેલ છે. હરણીયા સર્જરી ક્ષેત્રે તેઓ વિશાળ જ્ઞાન ધરાવે છે અને તે વિભાગના એક્ષ્પર્ટ પણ છે. તેઓ લેપ્રોસ્કોપીક, જનરલ, ગેસ્ટ્રો અને લેસર સર્જન તરીકે વિશેષ ખ્યાતિ ધરાવે છે.

તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના મેડિકલ સેન્ટરમાં દર મહિને ૨૫૦ની આસપાસની ઓ.પી.ડી. ધરાવે છે અને અહીં રહીને દર વર્ષે ૫૦થી પણ વધુ સર્જરી કરે છે. પાલડી પરના આ મેડિકલ સેન્ટરને તેઓ અદ્વિતીય ગણાવે છે અને તેની સાથે જોડાયેલા રહેવામાં તેઓ પોતાને સદ્‌ભાગી માને છે.

તેઓએ એક જીવનમંત્ર બનાવી રાખેલ છે કે કોઈપણ વિભાગની પ્રજાની પૂરી કાળજી સાથે તેમની બીમારીના પૂરેપૂરા ઉપચાર કરી, તેને તરોતાજા બનાવી, સમાજમાં ફરી પરત મોકલવા કે જેથી સમાજ એટલો વધુ તંદુરસ્ત બની રહે.

શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનું પણ એ સદ્‌ભાગ્ય કહેવાય કે તેમને વિશાળ જ્ઞાન ધરાવતા એવા ધ્યેયનિષ્ઠ ડૉક્ટર પ્રાપ્ત થયેલ છે કે જેના થકી સમાજનું આ મેડિકલ સેન્ટર વિખ્યાતિને વરેલ છે.

અંતમાં આપણે એની પણ નોંધ લઈએ કે ડૉ. તપન શાહે હોસ્પિટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરી MBA ની પદવી પ્રાપ્ત કરેલ હોવાથી સમાજ જ્યારે મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ સ્થાપવાની વિચારણા કરી રહેલ છે ત્યારે આ સમાજને હોસ્પિટલનું મેનેજમેન્ટ સંભાળવા કોઈ વ્યક્તિની શોધ કરવાના બદલે આ સમાજની સાથે જ સંલગ્ન રહેલ ડૉ. તપન શાહ જ આ જવાબદારી સુપેરે નિભાવી શકશે. આ હકીકત જાણીને સમાજના ટ્રસ્ટીશ્રીઓ પોતાના ધ્યેય પર આગળ વધવા સવિશેષ કોશિશ કરી શકશે. ■

# અતીતના ઓવારેથી.... : મણકો-૫

– અશોક મહેતા

*'મંગલ મંદિર'ની અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૫ માં આપણે વર્ષ ૧૯૭૧થી વર્ષ ૧૯૭૫ સુધીની કારોબારી સમિતિના સભ્યોને યાદ કરશું કે જેઓ આ સમાજના પાયાના પથ્થર સ્વરૂપ હતા.*

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૭૧ | વર્ષ ૧૯૭૨ | વર્ષ ૧૯૭૩ | વર્ષ ૧૯૭૪ | વર્ષ ૧૯૭૫ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રમુખ | શ્રી હીરજી પાસુ દેઢિયા | શ્રી હીરજી પાસુ દેઢિયા | શ્રી ભવાનજી માણેકજી મૈશેરી | શ્રી હીરજી પાસુ દેઢિયા | શ્રી હીરજી પાસુ દેઢિયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી ઠાકરશી પદમશી શાહ | શ્રી ઠાકરશી પદમશી શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડા | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૩. | મંત્રી | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ | શ્રી ટોકરશી કેશવજી શાહ | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી |
| ૪. | સહમંત્રી | શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી | શ્રી શામજી કેશવજી નાગડા | શ્રી દેવેન્દ્રકુમાર કરશનજી શાહ | શ્રી ધારશી ઉજમશી સંઘવી | શ્રી ધારશી ઉજમશી સંઘવી |
| ૫. | ખજાનચી | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | શ્રી શામજી કેશવજી નાગડા | શ્રી શામજી કેશવજી નાગડા | શ્રી ડાહ્યાલાલ ચત્રભુજ શાહ |
| ૬. | કારોબારી સભ્ય | શ્રી ઉમરશી માણેકજી ભારાણી | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી ધારશી ઉજમશી સંઘવી | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા | ડૉ. વાડીલાલ દામજી શાહ |
| ૭. | કારોબારી સભ્ય | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી જેઠાલાલ રતનશી મોમાયા | શ્રી કાંતિલાલ ગોવિંદજી શાહ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૮. | કારોબારી સભ્ય | શ્રી ટોકરશી કેશવજી મારુ | શ્રી ટોકરશી કેશવજી મારુ | શ્રી હીરજી પાસુ દેઢિયા | શ્રી ડાહ્યાલાલ ચત્રભુજ શાહ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૯. | કારોબારી સભ્ય | શ્રી બાબુભાઈ નરશી રાંભિયા | શ્રી બાબુભાઈ નરશી રાંભિયા | શ્રી પ્રફુલ શાહ | શ્રી દેવેન્દ્રકુમાર કરશનજી શાહ | શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરુવા |
| ૧૦. | કારોબારી સભ્ય | શ્રી મનુભાઈ ભવાનજી શેઠ | શ્રી દેવેન્દ્રકુમાર કરશનજી શાહ | શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી | શ્રી મુળજી નરશી લોડાયા | શ્રી ટોકરશી કેશવજી મારૂ |
| ૧૧. | કારોબારી સભ્ય | શ્રી મહેન્દ્રકુમાર મણિલાલ વસા | શ્રી મનસુખલાલ કલ્યાણજી ત્રેવાડિયા | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી | શ્રી ભોગીલાલ કાંતિલાલ શાહ |
| ૧૨. | કારોબારી સભ્ય | ડૉ. વાડીલાલ દામજી શાહ | શ્રી મુળજી નરશી લોડાયા | – | – | શ્રી હીરજી લાલજી ગડા |
| ૧૩. | કારોબારી સભ્ય | શ્રી શામજી કેશવજી નાગડા | શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી | – | – | શ્રી શિવજી કુંવરજી શાહ |
| **સંચાલન સમિતિ – યુવક વિભાગ** | | | | | | |
| ૧. | સંચાલક | — | — | શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહ | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | |
| ૨. | સહ સંચાલક | — | — | શ્રી મનસુખલાલ અમુલખ પૂજ | શ્રી રમણિકલાલ રાયચંદ વોરા | |
| **સંચાલન સમિતિ – મહિલા વિભાગ** | | | | | | |
| ૧. | સંચાલક | — | — | — | શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરૂવા | — |
| ૨. | સહ સંચાલક | — | — | શ્રીમતી મણિબેન મૂલચંદ રાંભિયા | શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા | — |
| ૩. | સહ સંચાલક | — | — | શ્રીમતી મૃદુલાબેન | શ્રીમતી મણિબેન મૂલચંદ રાંભિયા | |
| ૪. | સહ સંચાલક | — | — | શ્રીમતી જયાબેન | શ્રીમતી હીરાબેન ધારશી સંઘવી | |
| **બંધારણીય સુધારા સમિતિ** | | | | | | |
| ૧. | અધ્યક્ષ | | | | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | |
| ૨. | સભ્ય | | | | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | |
| ૩. | સભ્ય | | | | શ્રી મુળજી નરશી લોડાયા | |

*__નોંધ__ : (૧) વર્ષ ૧૯૭૩માં નિમાયેલી ૭ સભ્યોની અતિથિ ગૃહ સમિતિ અને ૫ સભ્યોની દિવાળી બોણી સમિતિ વર્ષ ૧૯૭૪માં વિખેરી નાખવામાં આવી હતી. (૨) યુવક વિભાગ અને મહિલા વિભાગના વરણી માટે આગલા વર્ષોમાં કોઈ નોંધ નથી. તેથી એ કદાચ નિષ્ક્રિય થઈ ગયેલ હશે. (૩) ઓગસ્ટ-૧૯૭૫થી "પ્રેરણા" નામનું માસિક મુખપત્ર શરૂ કરવામાં આવ્યું કે જેના પ્રથમ ૪ માસના સંપૂર્ણ ખર્ચની જવાબદારી શ્રી બાબુભાઈ વીરમ શાહ તરફથી જાહેર કરવામાં આવેલ હતી.*

## ઉડતી નજરે.... માસ જુલાઈ-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... ૭૦૧<br>• સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... ૪૩<br>• બોડી ચેક-અપ .... ૩૪૦<br>• સોનોગ્રાફી .... ૧,૩૧૭<br>• ટી.એમ.ટી. .... ૩૯<br>• ઑપરેશન .... ૫<br>• અન્ય .... ૮,૩૮૫ | ૧૦,૮૩૦ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • પુરુષો .... ૩૫૭<br>• સ્ત્રીઓ .... ૧૮૭<br>• બાળકો .... ૨૩<br>• કેન્ટીન .... ૪,૫૦૦ | ૫,૦૬૭ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • પુરુષો .... ૧૨૮<br>• સ્ત્રીઓ .... ૨૧<br>• બાળકો .... – | ૧૪૯ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૮૭ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .... ૧,૪૭૫<br>• મ્યુઝીયમ .... ૯૯૫<br>• કેન્ટીન .... ૩,૫૫૦<br>• જલારામ અન્નક્ષેત્ર .... ૩૨૦<br>• ડિસ્પેન્સરી .... ૮૧ | ૬,૪૨૧ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૪૬૦ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર,<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • તબીબી ચેક- અપ .... ૧૯૧<br>• સોનોગ્રાફી .... ૩૧૫<br>• અન્ય .... ૬,૮૦૯ | ૭,૩૧૫ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૧૫૫ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* • એક્સ-રે .... ૭૩<br>• સોનોગ્રાફી .... ૩૮<br>• બોડી ચેક-અપ .... ૧૫<br>• કેમ્પ .... ૧૩૮<br>• અન્ય .... ૨૫૯ | ૫૨૩ |
| | *માસ જુલાઈ - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ....................* | ૩૧,૦૦૭ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**મંગળવાર, તા. ૧૮-૭-૨૦૨૩**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડાયાલિસિસ ટેકનિશિયન તરીકે ક્રિષ્ના સુરવની નિમણુંક કરવામાં આવી.

**શુક્રવાર, તા. ૨૧-૭-૨૦૨૩**

- વર્ષ ૨૦૨૩-૨૪ની ચૂંટણી માટે અલગ અલગ હોદ્દા પર ઊભા રહેલ ઉમેદવારો સાથે સ્ટીયરીંગ કમિટીના સભ્યો શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ગઢેચા તથા શ્રી અશોકભાઈ મહેતાની એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી.

(A) પ્રથમ ટ્રસ્ટી પદના ઉમેદવારો સાથે મીટિંગ ગોઠવાયેલ હોતાં નીચે મુજબ વિચારાયેલ હતું.

(i) પેટ્રન ગ્રુપના ટ્રસ્ટીની ૩ સીટ માટે ૩ ઉમેદવારો ઊભા રહેલ હોવાથી આ ગ્રુપ માટે કોઈ ચર્ચા કરવી જરૂરી ન હતી.

(ii) માનદ્ ગ્રુપના ટ્રસ્ટીની ૨ સીટ માટે ૩ ઉમેદવારો ઊભા રહેલ હોવાથી અને સંસ્થાના હિત માટે ચૂંટણી ટાળવાના ઉદ્દેશથી ત્રણે ઉમેદવારોએ ત્રણમાંથી કોઈ પણ બે ઉમેદવારને પસંદ કરવાનું સ્ટીયરીંગ કમિટી પર છોડેલ હતું.

(iii) સ્વજન ગ્રુપના ટ્રસ્ટીની ૧ સીટ માટે ૪ ઉમેદવારો ઊભા રહેલ હોવાથી અને તેઓમાંથી અમુક ઉમેદવારોએ સ્ટીયરીંગ કમિટી પર નિર્ણય લેવાનું છોડેલ. જ્યારે અમુક ઉમેદવારો તેવું ના કરી શકતા આ બાબત સહમતિ સાધી શકાયેલ ન હતી.

(B) ત્યારબાદ કારોબારી સમિતિના ઉમેદવારો સાથે મીટિંગ ગોઠવાયેલ હતી. આ વર્ષે કારોબારીની ૬ સીટ માટે ૧૧ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હતી. અહીં અમુક ઉમેદવારોએ નિર્ણય લેવાનું સ્ટીયરીંગ કમિટી પર છોડતાં અને અમુક ઉમેદવારો તેવું ના કરી શકતા અહીં પણ આ બાબતે સહમતિ સાધી શકાયેલ ન હતી.

**શનિવાર, તા. ૨૨-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે નિયુક્ત કરેલ અમદાવાદ સ્થિત સમગ્ર કચ્છી ઘટક સમાજના સભ્યોની એક્શન કમિટીની એક મીટિંગ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી રમણિકભાઈ પટેલ, શ્રી અતુલ સોની, શ્રી દીપક ચૌહાણ – એમ ૬ સભ્યો ઉપસ્થિત રહેલ હતા અને ભવિષ્યમાં એક યા બીજા સમાજના પ્રોજેક્ટમાં સંયુક્ત રીતે જોડાવાના વિષય પર વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.
- પૂર્વ મંત્રી શ્રી બાબુભાઈ મેઘજીભાઈ પટેલે આજ રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી. આ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કારોબારી સભ્ય શ્રી નીતિન ધનજી ગાલા ઉપસ્થિત રહેલ હતા.

**સોમવાર, તા. ૨૪-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભવિષ્યના અનેકવિધ કાર્યો અંગેની ચર્ચા કરવા આજ રોજ ભવન પર શ્રી હિરેન શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ મહેતા અને શ્રી રોહિત સંઘવી એકત્રિત થયેલ હતા અને આ બાબતે સારી એવી ચર્ચા કરેલ હતી.
- બોપલ ડાયાલિસિસ સેન્ટર ખાતે PMJAY યોજના અંતર્ગત ૩ દર્દીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ હતું.
- આજ રોજ અ.મ્યુ.કો.ના રોડ એન્ડ બિલ્ડિંગના ઓફિસર શ્રી દીપેશ પટેલ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના બહારના અન્ડરગ્રાઉન્ડ બ્રિજના કોન્ટ્રાક્ટરે કરેલ માટી પુરાણથી રોડનું લેવલ ખૂબ જ ઉપર આવી જતાં, વરસાદનું પાણી ભવનમાં ભરાઈ જતું હોવાથી અને તેના કારણે થતી સારી એવી નુકસાની અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને પાટી પુરાણ હટાવી, રોડનું લેવલ અગાઉની માફક નીચું કરી દેવા ચર્ચા કરવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૨૫-૭-૨૦૨૩**

- જરૂર જણાય તો ભવન પરનું મેડિકલ સેન્ટર ટેમ્પરરી શીફ્ટ કરવા શ્રી આશિષ ધીરૂભાઈ શાહ સાથે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કે.ડી. શાહ પ્રીતમનગરના અખાડે જઈ ત્યાંના ટ્રસ્ટી શ્રી ક્ષિતિજભાઈને રૂબરૂ મળેલ હતા અને તેમણે તેમના મકાનમાં પ્રથમ માળે આવેલ હોલ અને રૂમોની અંદાજિત ૧૦,૦૦૦ ચો.ફુટ જેટલી કારપેટ એરીયા ધરાવતી જગ્યા ભાડે આપવા અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

**બુધવાર, તા. ૨૬-૭-૨૦૨૩**

- આજ રોજ શ્રી અંકિત સાવલાએ શ્રી અશોક મહેતાનો સંપર્ક સાધેલ હતો અને બાપુનગર ખાતેની તેમની વ્હાઈટ હાઉસની સ્કીમમાં આપણા બજેટને અનુકૂળ આવે એ રીતે બીજા માળે ૬,૦૦૦ ચો.ફુટ જેટલી કારપેટ એરીયા ધરાવતી જગ્યા ફાળવવા અંગે ચર્ચા કરેલ હતી.
- આજ રોજ નરોડાથી શ્રી માવજીભાઈ પટેલનો ફોન હતો અને અંદાજિત ૧૦,૦૦૦ ચો. ફુટ જેટલો વિસ્તાર ધરાવતી નરોડા ખાતેની અર્પિતા હોસ્પિટલની વેચાણની ઑફર આપેલ હતી.

સાથે સાથે નરોડામાં તેમના દ્વારા ચલાવાતા આયુર્વેદ ક્લિનિક અંગે પણ ચર્ચા કરેલ હતી.

**ગુરૂવાર, તા. ૨૭-૭-૨૦૨૩**

- બોપલ ખાતે નવનીત ફાઉન્ડેશન્સના સહકારથી એક સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર થોડા દિવસ અગાઉ શરૂ કરવામાં આવેલ કે જ્યાં આસિસ્ટન્ટ નર્સિંગ અને બ્યુટી પાર્લરના ક્લાસ ચલાવવામાં આવે છે. આજ રોજ બપોરના તેના ઉદ્ઘાટનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં નવનીત ફાઉન્ડેશન તરફથી બહેનશ્રી વિમળાબેન ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી કલ્પેશભાઈ ગાલા તેમજ શ્રી ક.જૈ.સે.સ. તરફથી શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી મુકેશ સાવલા, શ્રી મનીષ ગોસર, શ્રી સંદીપ મહેતા વગેરે તથા અદાણી સેન્ટરમાંથી શ્રી અમિતભાઈ ઠક્કર તથા શ્રી જીજ્ઞેશભાઈ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે ગીતા મંદિર પરના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર તથા બોપલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના બધા તાલીમાર્થીઓ પણ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે તાલીમાર્થીઓએ પોતાના પરિવાર વિશેની જે રજુઆતો કરી તથા આ તાલીમ થકી તેઓ તેમના પરિવારને કેટલા ઉપયોગી થઈ શકશે, તેની વિગતો જણાવી ત્યારે ઉપસ્થિત સહુને લાગ્યું કે આ પ્રોજેક્ટ અમદાવાદની જનતાને ખૂબ જ ઉપયોગી બની રહેશે.
- આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી શાંતિલાલભાઈ સાવલા અને શ્રી હિરેન કે. શાહની ઉપસ્થિતિમાં આગામી ચૂંટણીના ઉમેદવારો એકત્રિત થયેલ હતા અને સારી એવી સમજાવટના અંતે દરેકે ચૂંટણી ટાળવાનું નક્કી કરી, અંતિમ નિર્ણય લેવાનું સ્ટીયરીંગ કમિટી પર છોડેલ હતું.

**શુક્રવાર, તા. ૨૮-૭-૨૦૨૩**

- આજ રોજ ભવન પર સ્ટીયરીંગ કમિટીની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. તેઓએ સર્વ સંમતિથી અલગ અલગ કેટેગરી વિશેના ઉમેદવારોનું ફાઈનલ લીસ્ટ બનાવી લીધેલ હતું કે જેમાં માનદ્ ટ્રસ્ટી તરીકે શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી ચંદ્રેશ લોડાયા; સ્વજન ગ્રુપના ટ્રસ્ટી તરીકે શ્રી વિમેશભાઈ શાહ અને કારોબારી સમિતિના મેમ્બર તરીકે શ્રી ચૈતન્ય રાંભિયા, શ્રી ચેતન ધરોડ, શ્રી પીયુષ સાવલા, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી નિરંજન મૈશેરી તથા શ્રીમતી સુલુબેન શાહના નામો નક્કી કરવામાં આવેલ હતા.

**શનિવાર, તા. ૨૯-૭-૨૦૨૩**

- આજ રોજ HR ડિપાર્ટમેન્ટ તરફથી ‘ગુજરાત સમાચાર’માં ચીફ મેડિકલ ઓફિસર (CMO)ની નિમણુંક કરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. જેમાં આશરે ૨૦ જેટલા Candidates તરફથી એપ્લીકેશન્સ મળેલ હતી.

**રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩**

- આજ રોજ સવારમાં ૯ વાગે પ્રથમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સમાજના સભ્યોને આવકારી સમાજની વિવિધ પ્રવૃત્તિઓ તથા સમાજના ભવિષ્યના પ્રોજેક્ટો અંગે માહિતી આપેલ હતી. ત્યારબાદ ચૂંટણી પંચે વર્ષ ૨૦૨૩-૨૪થી ત્રણ વર્ષ માટે બિનહરીફ ચૂંટાઈ આવેલ ઉમેદવારોના નામ જાહેર કરેલ હતા અને જેઓએ સહકારની ભાવનાથી પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી લીધેલ હતા, તેઓનો આભાર માનેલ હતો. ત્યારબાદ ખજાનચી શ્રી કે.ડી. શાહ અને સહ ખજાનચી શ્રી વિમેશ શાહે સ્ક્રીન પર પ્રોજેક્શન સાથે ઓડિટેડ બેલેન્સ શીટ રજૂ કરેલ હતી કે જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી અને છેલ્લે શ્રી હિરેન શાહે વિઝ્યુઅલ પદ્ધતિથી દરેક સમિતિઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિસ્તૃતપણે માહિતી આપેલ હતી.
- વાર્ષિક સામાન્ય સભા બાદ વર્ષ ૨૦૨૩-૨૪ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ મળેલ હતી કે જેમાં મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે શ્રી દેવેન મેઘજી છેડા તથા ડૉ. હિમાંશુ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ નીચે મુજબના છ ટ્રસ્ટીઓને કારોબારી સમિતિમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવેલ હતો : (૧) શ્રી શાંતિલાલભાઈ સાવલા, (૨) શ્રી હિરેન કે. શાહ, (૩) શ્રી રજનીકાંત પારેખ, (૪) શ્રી વિમેશ શાહ, (૫) શ્રી હસમુખ ગઢેચા અને (૬) શ્રી મનુભાઈ શાહ. ત્યારબાદ શ્રી લક્ષ્મીચંદ વીરાને આમંત્રિત ટ્રસ્ટી તરીકે લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- ઉપરોક્ત ટ્રસ્ટ મંડળની મીટિંગ બાદ વર્ષ ૨૦૨૩-૨૪ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ મળેલ હતી કે જેમાં (૧) ઉપપ્રમુખ-૧ તરીકે શ્રી શાંતિલાલભાઈ સાવલા, (૨) ઉપપ્રમુખ-૨ તરીકે શ્રી હિરેન કે. શાહ, (૩) માનદ્ મંત્રી તરીકે શ્રી રજનીકાંત પારેખ, (૪) સહમંત્રી તરીકે શ્રી વિશાલભાઈ શાહ, (૫) ખજાનચી તરીકે શ્રી વિમેશ શાહ અને (૬) સહ ખજાનચી તરીકે શ્રી નરેન્દ્ર કોઠારીની વરણી કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૩૧-૭-૨૦૨૩**

- આજ રોજ શ્રી વિમેશભાઈ શાહ અને HR મેનેજર ખુશ્બુ શાહ દ્વારા HR ડિપાર્ટમેન્ટ તેમજ સ્ટાફને લગતી જરૂરી ચર્ચા જેમ

કે હાલમાં કઈ પોલિસીનું પાલન કરવામાં આવે છે, કઈ પોલિસીમાં ફેરફાર કરવાની જરૂર છે, બીજી કઈ પોલિસી introduce કરવાની જરૂર છે તેમજ સ્ટાફના પરફોર્મન્સમાં સુધારા માટેના પગલા જેમ કે ટ્રેનિંગ અને ડેવલપમેન્ટ જેવા મુદ્દા પર ચર્ચા કરવામાં આવી.

**મંગળવાર, તા. ૧-૮-૨૦૨૩**

- આજ રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં નવું ECG મશીન વસાવી તેને કાર્યરત કરવામાં આવેલ હતું કે જેના દ્વારા દર્દીઓને એડવાન્સ રીપોર્ટ મળી શકશે.
- આજ રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં નીચે મુજબની નિમણુંકો અથવા રીવાઇઝ્ડ નિમણુંકો કરવામાં આવી.
  - ★ દાંત વિભાગમાં પીડિયોડેન્ટીસ્ટ તરીકે ડૉ. શિવાંગી કાનેટકરની દર મંગળવારે બપોરે ૩ થી ૫માં નિમણુંક કરવામાં આવી.
  - ★ સ્કીન વિભાગમાં ડૉ. તિથિ જૈનની દર શનિવારે સવારે અને સાંજની ઓ.પી.ડી.માં નિમણુંક કરવામાં આવી.
  - ★ આંખ વિભાગમાં ડૉ. દેવલ શાહની ઓ.પી.ડી. જે ૯થી ૧૨ની હતી તે ૯થી ૧૦.૩૦ની કરવામાં આવી.
  - ★ આંખ વિભાગમાં સવારના ૧૧ થી ૧૨.૩૦માં ડૉ. આકાશ પટેલની નિમણુંક કરવામાં આવી.
- નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે જુલાઈ-૨૦૨૩ દરમિયાન કુલ ૭,૩૧૫ દર્દીઓએ લાભ લીધેલ હતો અને નવનીત ડાયાલિસિસ સેન્ટર ખાતે ૧૫૫ દર્દીઓએ લાભ લીધેલ હતો.
- શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી લક્ષ્મીચંદ વીરાએ મુલાકાત લીધેલ હતી અને આ સેન્ટરની વિવિધ આઈટમોના માસિક સ્ટોક તથા તે અંગે આપવાના ઑર્ડર વિશે ચર્ચા કરેલ હતી. સાથે સાથે ત્યાં ચાલતા રીનોવેશન કાર્યનું પણ નિરીક્ષણ કરી જરૂરી સુચનાઓ આપેલ હતી.

**ગુરૂવાર, તા. ૩-૮-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગર ખાતેની તેમની ઓફિસે મુલાકાત લેવામાં આવેલ હતી. આ પ્રતિનિધિ મંડળમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી આશિષ શાહ તથા શ્રી જયેશભાઈ કોરડિયાનો સમાવેશ થયેલ હતો. મુલાકાતનો હેતુ શ્રી ક.જૈ.સે.સ.ના આગામી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના પ્રોજેક્ટ માટે અમદાવાદ મ્યુનિસિપલની હદમાં આવેલ ગોતા / સોલા વિસ્તારમાં અંદાજિત ૫,૦૦૦ ચો.વાર જેટલો પ્લોટ લીઝ પર અથવા તો કિફાયતી દરે હોસ્પિટલના પ્રોજેક્ટ માટે ફાળવવા માટેનો હતો.
- જૂન મહિનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સેન્ટરના સ્ટાફ મેમ્બરની હાજરીના રેકોર્ડને સેન્ટ્રલાઇઝ્ડ કરવા માટે તેમજ દરેક સ્ટાફ મેમ્બરના પગારને મેન્યુઅલની જગ્યાએ ઓટો સિસ્ટમથી ગણવા માટે HRMS and Payroll સોફ્ટવેર, Leading સોફ્ટવેર ડેવલપમેન્ટ કંપની – Spine Technologies દ્વારા લેવામાં આવ્યું.

  અને આજ રોજ આ સોફ્ટવેર અમલીકરણના ભાગરૂપે શ્રી પ્રદીપભાઈ મહેતા અને તેમની ટીમ દ્વારા સ્ટેટીક આઈપી માટેની પ્રોસેસ કરવામાં આવી.

**શુક્રવાર, તા. ૪-૮-૨૦૨૩**

- પાલડી તથા બોપલના મેડિકલ સ્ટોર્સ માટે મેડિકલ સ્ટોર સમિતિ દ્વારા મંગાવવામાં આવેલ ટેન્ડર ઑફરના અંદાજિત ૧૭ જેટલા ટેન્ડરો આ સમિતિના સભ્યો વચ્ચે ઑપન કરવામાં આવેલ હતા અને તેનો કમ્પેરેટીવ ચાર્ટ બનાવવામાં આવેલ હતો.
- પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ન્યુરોફિઝીશિયન ડૉ. ધ્રુમીલ શાહ વધુ અભ્યાસાર્થે અન્યત્ર જતા હોવાથી તેમની જગ્યાએ દર શુક્રવારે સવારમાં ૧૧થી ૧૨ દરમિયાન ડૉ. અમિત પાટણવાડિયાની નિમણુંક કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૫-૮-૨૦૨૩ અને શુક્રવાર, તા. ૧૧-૮-૨૦૨૩**

- તારીખ ૫ ઓગસ્ટ અને ૧૧ ઓગસ્ટના રોજ ચીફ મેડિકલ ઓફિસર (CMO)ની પોઝીશન માટે કામ કરવા ઇચ્છીત ઉમેદવારોના ઇન્ટરવ્યૂ પાલડી ભવન ખાતે conduct કરવામાં આવ્યા હતા. આ સિલેક્શન પ્રોસેસમાં ડૉ. હિતુભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા અને HR મેનેજર ખુશ્બુ શાહ હાજર રહ્યા હતા.

**રવિવાર, તા. ૬-૮-૨૦૨૩**

- આજ રોજ કારોબારી સમિતિની એક બેઠક શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં કારોબારી સમિતિના નેજા હેઠળની ૩૦ જેટલી સમિતિના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી. વિવિધ સમિતિઓની આવેલી દરખાસ્ત મુજબ તેઓના ખર્ચની મંજૂરી આપવામાં આવેલ હતી. અન્ય કેટલીક બાબતોએ પણ ચર્ચા કરવામાં આવેલ હતી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી ક.જૈ.સે.સ. ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. આ સભામાં મંત્રી શ્રી રજનીકાંત પારેખે ગત વર્ષની કાર્યવાહીનો અહેવાલ આપેલ હતો. આ મીટિંગમાં નિવૃત્ત થતા ૪ સભ્યોની જગ્યાએ અન્ય ૪ સભ્યોની વરણી કરવામાં આવેલ

હતી. વિવિધ હોદ્દેદારોની પણ આ મીટિંગમાં નિમણુંક કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ મીટિંગમાં ડિવિડંડ પણ જાહેર કરવામાં આવેલ હતું.

**સોમવાર, તા. ૭-૮-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના રૂમ નંબર ૩૦૨માં E.N.T. ના મશીનો વગેરે શીફ્ટ કરી હવે પછી અહીંથી E.N.T. વિભાગની ઓ.પી.ડી. શરૂ કરવામાં આવી હતી.
- પેથોલોજી લેબોરેટરીમાં નવું કો-ઓગ્યુલેટર મશીન આજે આવી ગયેલ હોવાથી P.T., A.P.T.T. વગેરે ટેસ્ટ નવા મશીન પર ચાલુ કરવામાં આવ્યા.
- વયસ્ક સમિતિનો આગામી ઓક્ટોબર માસના પ્રથમ અઠવાડિયામાં યોજાનાર પ્રવાસ કાર્યક્રમ માટે વયસ્ક સમિતિના સભ્યોએ બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના વિવિધ યાત્રાધામોની મુલાકાત લઈ પ્રવાસને આખરી ઓપ આપેલ હતો.

**મંગળવાર, તા. ૮-૮-૨૦૨૩**

- માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ટ્રસ્ટી શ્રી આશિષ ધીરૂભાઈ શાહ અને મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર અમદાવાદ મ્યુ.કો.ના શિક્ષણ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતાને મળી આગામી ૧૫મી ઓગસ્ટના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર તેમના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવા માટે આમંત્રણ આપવા માટે રૂબરૂમાં ગયેલ હતા કે જેનો તેઓશ્રીએ સહર્ષ સ્વીકાર કરેલ હતો.
- આજ રોજ Spine Technologies ના એક્ઝીક્યુટીવ દ્વારા ખુશ્બુ શાહ અને એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના જીતુભાઈ નનવાનીને HRMS અને Payroll સોફ્ટવેર માટેની જરૂરી માહિતી તેમજ ટ્રેનિંગ આપવામાં આવી અને સેલેરી પ્રોસેસ કરવા માટેના સ્ટેપ્સ જણાવવામાં આવ્યા.

**બુધવાર, તા. ૯-૮-૨૦૨૩**

- આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા તથા શ્રી દિનેશ મહેતાએ બાપુનગર ખાતેના શ્રી અંકિત સાવલાના પ્રોજેક્ટ વ્હાઈટ હાઉસની મુલાકાત લીધેલ હતી. નિકોલમાં રહેતા ઓર્થોપેડિક ડૉ. વિશાલ બહુઆ અને તેમના વાઈફ પીડિયાટ્રીક ડૉ. નેહા જોબનપુત્રા પણ આ સમયે ઉપસ્થિત રહેલા હતા. ડૉ. વિશાલ બહુઆ શેલ્બી હોસ્પિટલ - નરોડા ખાતે અને ડૉ. નેહા નિકોલ ખાતે પોતાનું પીડિયાટ્રીક ક્લિનિક કમ હોસ્પિટલ ચલાવે છે. તેઓએ બાપુનગરના આ હાઉસનું તથા આજુબાજુની વસ્તીનું પરીક્ષણ કર્યા બાદ જણાવેલ હતું કે અહીં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ પોતાનું મેડિકલ સેન્ટર સ્થાપિત કરી શકે છે અને તેના માટે આ અનુકૂળ સાઈટ રહેશે.

**ગુરૂવાર, તા. ૧૦-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું ઑપરેશન સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું.

**શુક્રવાર, તા. ૧૧-૮-૨૦૨૩**

- આજ રોજ શ્રી વિમેશ શાહ, શ્રી દેવેન છેડા, શ્રી દેવેશ દંડ તથા HR હેડ ખુશ્બુ શાહ એકાઉન્ટીંગ ફર્મના CA મિતુલભાઈ અને આઈશાબેનને શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા અને સ્ટાફનો માસિક પગાર તેમજ ડૉક્ટર્સને ચૂકવવાની ફી ની રકમને સમયસર તેમજ ચોક્સાઈપૂર્વક કઈ રીતે ચૂકવી શકાય તેની ચર્ચા કરેલ હતી.

**શનિવાર, તા. ૧૨-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે મોતિયાના બે ઑપરેશન્સ ડૉ. મિત પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતા.
- બોપલ ખાતેના ડાયાલિસિસ સેન્ટરમાં અત્યાર સુધી PMJAY યોજના હેઠળ ૧૧ દર્દીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે. હાલે આ સેન્ટરમાં ટોટલ ૨૦ દર્દીઓ પોતાનું રેગ્યુલર ડાયાલિસિસ કરાવી રહેલ છે.

**મંગળવાર, તા. ૧૫-૮-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર અ.મ્યુ.કો.ના સ્કુલ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું કે જ્યારે ૧૦૦થી પણ વધુની સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહેલ હતા.
- ઉપરોક્ત ધ્વજવંદન બાદ ડૉ. સુજય મહેતા સાથે વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી કે જ્યારે ૧૦થી ૧૨ ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી આ ચર્ચામાં ભાગ લીધેલ હતો.

**બુધવાર, તા. ૧૬-૮-૨૦૨૩**

- આજ રોજ HR ડિપાર્ટમેન્ટ અને એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના મેમ્બર દ્વારા HRMS અને Payroll સોફ્ટવેરના ટ્રાયલ રૂપે જુલાઈ મહિનાની સેલેરીની પ્રોસેસ કરવામાં આવી.

**શનિવાર, તા. ૧૯-૮-૨૦૨૩**

- અમદાવાદના પૂર્વ ભાગમાં મેડિકલ સેન્ટરની સ્થાપના કરવાના હેતુથી આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી દિનેશ મહેતા, શ્રી સંદીપ મહેતા અને શ્રી દીપકભાઈ ચૌહાણે નિકોલ અને તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલ વિવિધ સ્થળોની મુલાકાત લીધેલ હતી.

  સૌ પ્રથમ ક.ક.પા. સમાજ - નરોડાના મંત્રી શ્રી રમણિકભાઈ પટેલે બતાવેલ શ્રી રામ ચોકમાં આવેલ શ્યામલ એન્કલેવના

ત્રીજા માળે આવેલ ગાળા નં. ૩૦૧ થી ૩૦૬ (અંદાજિત ૩૫૦૦ ચો.ફૂટ કારપેટ વિસ્તાર ધરાવતો સંપૂર્ણ ત્રીજો માળ)નું નિરીક્ષણ કર્યું. આ અગાઉ અહીં મીઠીબા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ હતી કે જે હાલે બંધ પડેલ છે.

ત્યારબાદ નિકોલના દક્ષિણ બાજુના છેડે એટલે કે ઓઢવ વિસ્તારની લગભગ નજીક આવેલ એંગલ આર્કેડના ૪થા માળે આવેલ અને ૨૫,૬૩૨ ચો.ફુટ કારપેટ વિસ્તાર ધરાવતી લગભગ બંધ હાલતની ઈન્ડસ હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું.

ત્યારબાદ નરોડા ગામની નજીક અને અમદાવાદ - હિંમતનગર હાઈવે પર શ્રી માવજીભાઈ પટેલે બતાવેલ અને ૧૦,૦૦૦ ચો.ફૂટ કારપેટ વિસ્તાર ધરાવતી અર્પિતા હોસ્પિટલ જોઈ. આ હોસ્પિટલ કચ્છના માનકુવા ગામના વતની અને મસ્કત સ્થિત શ્રી ધનસુખભાઈ પટેલે વર્ષ ૨૦૧૫માં સેવાના હેતુથી ચેરી. ટ્રસ્ટ સ્થાપીને બનાવેલ છે. અહીં ધનસુખભાઈ, તેમના ધર્મપત્ની અર્પિતાબેન અને માવજીભાઈ પટેલ મળ્યા.

ત્યારબાદ બાપુનગર સ્થિત વ્હાઈટ હાઉસવાળી ૧૩,૦૦૦ ચો.ફુટ કારપેટ વિસ્તાર ધરાવતી જગ્યા શ્રી દીપકભાઈ ચૌહાણ વગેરેને બતાવી પરત ફર્યા. ■

## યુવા વિકાસ સમિતિ

### ● આગામી કાર્યક્રમ ●

### ભારત - પાકિસ્તાન ક્રિકેટ મેચ

યુવા વિકાસ સમિતિ દ્વારા સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૨૩ના રોજ ક્રિકેટ રસિકો માટે ભારત-પાકિસ્તાનની વર્લ્ડકપ મેચનું મોટા પડદા પર લાઇવ પ્રસારણ જોવા માટે આયોજન કરવામાં આવેલ છે કે જેની વિગત નીચે મુજબ છે.

***તારીખ : સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૨૩***

***સમય : બપોરે ૨.૦૦ વાગ્યાથી***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

કાર્યક્રમ દરમિયાન હાઈ-ટી ની વ્યવસ્થા રાખેલ છે.

રજિસ્ટ્રેશન ફી રૂા. ૫૦/- રાખેલ છે. જે રીફંડેબલ રહેશે. રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

***નીચે આપેલ સંપર્ક નંબર પર આપ રજિસ્ટ્રેશન કરાવી શકો છો.***

***જયદીપ મૈશેરી ૯૦૧૬૦ ૭૬૬૨૬***

***ચૈતન્ય રાંભિયા ૯૦૮૧૮ ૧૭૮૧૪***

***જયદીપ દિનેશ મૈશેરી***
***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **હરીશ વીરચંદ ધનજી શાહ (નાગડા)**
  શ્રી ક્રિષ્નાશ્રય-૨, કાવેરી એપાર્ટમેન્ટ સામે,
  ૧૦૭-બી, રાધાવલ્લભ કોલોની,
  જવાહર ચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
  મો. ૯૯૧૩૫ ૨૧૫૩૦

### અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૧૫-૮-૨૦૨૩**

**ભવાનજી પ્રેમજી દેઢિયા** (ઉં.વ. ૭૯) (અમદાવાદ - તલવાણા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### કેળવણી સહાય યોજના

રૂા. ૩,૫૦૦/- સ્વ. શ્રી જીતેન્દ્ર ઉમરશી કુરૂવા - અમદાવાદ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૪,૦૦૦/- સ્વ. શ્રી જીતેન્દ્ર ઉમરશી કુરૂવા - અમદાવાદ

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૩,૦૦૦/- શ્રી મહેન્દ્ર કે. શાહ - અમદાવાદ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## શ્રદ્ધાંજલી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ચાહક એવા વી-ટ્રાન્સના શ્રી અશોક કુંવરજી શાહના ધર્મપત્ની **શ્રીમતી રસીલા અશોક કુંવરજી શાહ** (માટુંગા/મુંબઈ - પત્રી) (ઉં.વ. ૭૨)નું તા. ૧-૮-૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતના આત્માને શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

સદ્‌ગતના કુટુંબીઓ પર આવી પડેલ આફતને સહન કરવાની પ્રભુ તેમને શક્તિ આપે તેવી અભ્યર્થના.

***ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સર્વે સભ્યો***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# ગૃહ ઉદ્યોગ સમિતિ

આજ રોજ ગૃહ ઉદ્યોગ સમિતિની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની પ્રથમ મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાત્રે ૯.૦૦ વાગે મળેલ. જેમાં સંદીપ એ. મહેતા, જયંતીભાઈ નીસર, કુમારભાઈ મસાલીયા, ભાવનાબેન દેઢિયા, કૃપાલીબેન રાંભિયા અને નંદીતાબેન શાહ વગેરે હાજર રહ્યા હતા. મીટિંગમાં નીચેની બાબતે ચર્ચા થયેલ.

૧. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ગૃહ ઉદ્યોગ સમિતિના સભ્યો નક્કી કર્યા અને ભવિષ્યમાં જો કોઈના નામ આવે તો તે યોગ્ય લાગતાં, તેઓનો પણ સમિતિમાં સમાવેશ કરવો તેવું સર્વાનુમતે નક્કી કરેલ.

૨. કન્વીનર શ્રી સંદીપ એ. મહેતાએ જણાવેલ કે પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડની સુચના મુજબ આજ રોજ બપોરે મેનેજર શ્રી કિશોરભાઈ આરોગ્ય ભવન - ગીતા મંદિર જતા હોવાથી તેઓ સાથે હું પણ ગયેલો અને ફુડ લાઈસન્સ લેવા માટેની અરજી આરોગ્ય ભવનમાં ફુડ લાઈસન્સ ડિપાર્ટમેન્ટમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત રતનવીર ગૃહ ઉદ્યોગ" - બહેરામપુરાના નામે કરી આવેલા. આ સિવાય પાણી માટેનું સર્ટીફિકેટ અને વર્કર ફિટનેસ સર્ટીફિકેટ માટેની વિધિ કરવા માટે મેનેજર શ્રી કિશોરભાઈને જણાવેલ કે જે તેઓ તરતમાં હાથ પર લેવાના છે. સૌ સભ્યોએ તેની નોંધ લીધી.

૩. નવેમ્બર માસમાં આવતા દિવાળી પર્વ નિમિત્તે ગૃહ ઉદ્યોગ સમિતિએ નીચે મુજબની વસ્તુઓ બનાવી / બનાવડાવીને સમાજના સભ્યો, કોર્પોરેટ કંપની વગેરેમાં તેનું વેચાણ કરવાનું નક્કી કરેલ : (૧) કાજુ કતરી, (૨) મોહનથાળ, (૩) ખજુર પાક, (૪) પાપડ પુરી, (૫) ચોરાફળી, (૬) શરબતની બોટલ, (૭) ચિક્કી, (૮) હોમ મેડ ચોકલેટ, (૯) ડ્રાયફ્રુટ.

(ગીફ્ટ બોક્સ - પેકિંગની પણ વ્યવસ્થા કરવામાં આવશે.)

***ડેકોરેશનની વસ્તુઓ :*** (૧) ડેકોરેટીવ કેન્ડલ - દીવા, (૨) તોરણ, (૩) રંગોળી.

ઉપરોક્ત વસ્તુઓની વિગતવાર ભાવ સાથેની માહિતી ઓક્ટોબર માસના 'મંગલ મંદિર'માં પ્રસારીત કરવામાં આવશે.

ત્યારબાદ ચર્ચાની બીજી કોઈ વાત બાકી ના રહેતાં આજની આ મીટિંગ પૂરી કરેલ હતી.

***સંદીપ એ. મહેતા***
***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

***સભ્ય શ્રી,***

આ સાથે આપ સૌને જણાવવાનું કે આ વર્ષે દિવાળી પર્વના સમયે ગૃહ ઉદ્યોગ સમિતિએ નીચે મુજબની વસ્તુઓ બનાવી / બનાવડાવી વ્યાજબી ભાવે વેચવાનું નક્કી કરેલ છે. જેમાં આપ સૌ સાથ સહકાર આપશો તેવી વિનંતી કરવામાં આવે છે.

(૧) કાજુ કતરી, (૨) મોહનથાળ, (૩) ખજુર પાક, (૪) પાપડ પુરી, (૫) ચોરાફળી, (૬) શરબતની બોટલ, (૭) ચિક્કી, (૮) હોમ મેડ ચોકલેટ, (૯) ડ્રાયફ્રુટ.

ઉપરોક્ત દરેક વસ્તુઓ ગીફ્ટ બોક્સ - પેકિંગમાં મળી શકશે.

આ સિવાય નીચે મુજબની ડેકોરેટીવ વસ્તુઓ કે જે આપણા સમાજના સભ્યોએ જ બનાવેલી છે તે પણ વ્યાજબી કિંમતે વેચવામાં આવશે. દરેક સભ્યોને આગ્રહભરી વિનંતી કે તેઓ આપણા સમાજના સભ્યોને તેઓના કાર્યમાં સાથ-સહકાર આપે.

(૧) ડેકોરેટીવ કેન્ડલ - દીવડા
(૨) અવનવી રંગોળી.
(૩) તોરણ

ઉપરોક્ત તમામ વસ્તુઓની વિગતવાર માહિતી અને ભાવ ઓક્ટોબર માસના 'મંગલ મંદિર'માં પ્રસારીત કરવામાં આવશે.

આપના સહકારની આશા સાથે...

★

## ગૃહ ઉદ્યોગ સમિતિ : વર્ષ ૨૦૨૩-૨૦૨૪

★ શ્રી સંદીપ એ. મહેતા – કન્વીનર
★ શ્રી રોહિત એસ. સંઘવી
★ શ્રી જયંતીભાઈ નીસર
★ શ્રી કુમારભાઈ મસાલીયા
★ શ્રી નીતિનભાઈ બી. શાહ
★ શ્રીમતી અમીબેન એન. શાહ
★ શ્રીમતી કૃપાલીબેન એચ. રાંભિયા
★ શ્રીમતી ભાવનાબેન દેઢિયા
★ શ્રીમતી નંદીતાબેન શાહ
★ બહેનશ્રી કવિતાબેન સતરા
★ શ્રી પીયુષભાઈ પારેખ

***સંદીપ એ. મહેતા***
***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૧-૦૭-૨૦૨૩થી તા. ૧૮-૦૮-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| | **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | દિનેશ રતિલાલ મહેતા C/o. હાસ્યલતા ડી. મહેતા | અમદાવાદ | ૦૪-૦૮-૨૩ |
| ૨. | પરેશ હસમુખલાલ દોશી | અમદાવાદ | ૦૫-૦૮-૨૩ |
| ૩. | વિનોદ બાબુલાલ કોરડિયા | અમદાવાદ | ૦૫-૦૮-૨૩ |
| ૪. | ભરત શામજી કેનીયા | અમદાવાદ | ૧૧-૦૮-૨૩ |
| ૫. | ગૌતમ પ્રદીપ દૌલત | અમદાવાદ | ૧૨-૦૮-૨૩ |
| ૬. | ભાણજી લીલાધર હેનીયા | અમદાવાદ | ૧૭-૦૮-૨૩ |
| | **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | મણિબેન ચંદ્રકાંત શાહ C/o. ચંદ્રકાંત દામજી શાહ | અમદાવાદ | ૨૧-૦૭-૨૩ |
| ૨. | હીરાચંદ મેઘજી મોતા | મુંબઈ | ૧૭-૦૮-૨૩ |
| | **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | સુનીલ દેવજી ગોગરી | અમદાવાદ | ૧૮-૦૮-૨૩ |
| | **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | કેતના જયેશ છેડા 'કેતુ' | મુંબઈ | ૩૧-૦૭-૨૩ |
| ૨. | મેઘજી ખીમજી મહેશ્વરી | ગાંધીધામ | ૦૫-૦૮-૨૩ |
| ૩. | મહેશ ચત્રભુજ લોડાયા | ભુજ | ૦૫-૦૮-૨૩ |
| ૪. | ભરત પ્રેમજીભાઈ ગાલા | ગાંધીનગર | ૦૬-૦૮-૨૩ |
| ૫. | દીપ્તિ સુબોધ શાહ | અમદાવાદ | ૦૭-૦૮-૨૩ |
| ૬. | નવીન મુક્તિલાલ દીપચંદ શાહ | અમદાવાદ | ૦૮-૦૮-૨૩ |
| ૭. | અમિત નટવરલાલ સંઘવી | અમદાવાદ | ૦૯-૦૮-૨૩ |
| ૮. | ધર્મેશ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ | ૧૦-૦૮-૨૩ |
| ૯. | મનીષ નેણશી મોતા | અમદાવાદ | ૧૬-૦૮-૨૩ |
| ૧૦. | લક્ષ્મીચંદ મેઘજી મોતા | મુંબઈ | ૧૮-૦૮-૨૩ |
| ૧૧. | નવીન કલ્યાણજી ગઢેચા | અમદાવાદ | ૧૮-૦૮-૨૩ |
| | **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | લલીત રાયચંદ ખોના | અમદાવાદ | ૨૬-૦૭-૨૩ |
| ૨. | લલીત સોમચંદ છેડા | અમદાવાદ | ૨૭-૦૭-૨૩ |
| ૩. | નલીન મગનલાલ શાહ | અમદાવાદ | ૨૮-૦૭-૨૩ |
| ૪. | હરીશ પ્રેમજી સાવલા | અમદાવાદ | ૨૮-૦૭-૨૩ |
| ૫. | રાજન પ્રવીણચંદ્ર સંઘવી | અમદાવાદ | ૦૮-૦૮-૨૩ |
| ૬. | ચંદ્રકાંત નાથાલાલ મણિયાર | અમદાવાદ | ૦૯-૦૮-૨૩ |
| ૭. | ધર્મેન્દ્ર બાબુલાલ બાબરીયા | અમદાવાદ | ૧૨-૦૮-૨૩ |
| ૮. | ધીરજલાલ મણિલાલ શાહ | અમદાવાદ | ૧૨-૦૮-૨૩ |
| ૯. | મનીષ વિજય છાડવા | અમદાવાદ | ૧૨-૦૮-૨૩ |
| ૧૦. | અનિલ એલ. નાગડા | મુંબઈ | ૧૪-૦૮-૨૩ |
| ૧૧. | નાનજી કાનજી ગાલા | અમદાવાદ | ૧૫-૦૮-૨૩ |
| ૧૨. | નાનાલાલ એસ. ખંડોર | મુંબઈ | ૧૭-૦૮-૨૩ |

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# ‘મંગલ મંદિર’ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી

નીચે મુજબની વિગત અનુસાર જે તે સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ‘મંગલ મંદિર’ના લવાજમ પૂરા થાય છે. આ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ તુરતમાં મોકલી આપે કે જેથી તેઓને મુખપત્ર મોકલવાનું ચાલુ રાખી શકાય.

| *ક્રમ* | *નામ* | *સ્થળ* | *મોબાઈલ નંબર* |
|---|---|---|---|
| **• જૂન-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | જયા નાગડા હિતુન નાગડા | થાણા (વેસ્ટ) | ૯૨૨૪૧ ૨૫૨૬૭ |
| ૨. | ગુલાબભાઈ એ. શાહ | અંકલેશ્વર | |
| **• જુલાઈ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | ભૂપેન્દ્ર એસ. વ્યાસ | રાજકોટ | ૬૩૫૨૨ ૪૩૬૧૯ |
| ૨. | નમન નવીનચંદ્ર મહેતા | કચ્છ | |
| **• ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | નવીન કલ્યાણજી ધનજી ગઢેચા | અમદાવાદ | ૯૬૩૮૪ ૯૧૧૦૯ |
| ૨. | ચેતન ભવાનજી છેડા | મુંબઈ | |
| **• સપ્ટેમ્બર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | પારસ નરેન્દ્રભાઈ દોશી | અમદાવાદ | |
| ૨. | વિક્રમકુમાર ચીમનલાલ બ્રોકર | અમદાવાદ | |
| ૩. | અમિત એમ. દોશી | અમદાવાદ | |
| ૪. | હિંમતલાલ જે. વિઠલાની | મુંબઈ | ૯૮૨૦૨ ૫૧૦૦૯, ૭૯૭૭૫ ૫૦૩૮૯ |
| **• ઓક્ટોબર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | ચિરાગ નવીનચંદ્ર ગાલા | અમદાવાદ | ૯૯૦૯૭ ૫૫૭૭૬, ૭૫૬૭૧ ૦૮૯૬૯ |
| ૨. | નીલેશ કાંતિલાલ રણશી શેઠિયા | અમદાવાદ | ૯૮૨૧૭ ૧૮૩૫૩, ૯૦૨૯૯ ૯૨૭૧૬ |

*વિશેષમાં જણાવવાનું કે ‘મંગલ મંદિર’ના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

- ★ ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
- ★ ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
- ★ ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
- ★ ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
- ★ ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦૦/-

*શક્ય હોય ત્યાં સુધી ૧૫ વર્ષનું લવાજમ ભરીને મોકલી આપવા વિનંતી કે જેથી દર વર્ષે આ બાબતે પત્ર વ્યવહાર કરવાની જરૂરત ના રહે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- ★ *ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*
- ★ *બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ, અમદાવાદ.*
- ★ *એકાઉન્ટ નંબર : **70072010016032***
- ★ ***IFSC CODE : CNRB0017007***

અન્ય લોકો પણ ઉપર પ્રમાણેની લવાજમની રકમ મોકલી શકે છે કે જેથી તેઓને પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર ‘મંગલ મંદિર’ નિયમિતપણે મોકલી શકાય.

*સહકારની અપેક્ષા સહ...*

***રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓની ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત



તસવીરમાં :
(ડાબેથી)
ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા,
ઉપપ્રમુખ
શ્રી શાંતિલાલભાઈ સાવલા,
ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચા,
માનનિય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી પ્રતાપભાઈ દંડ,
જયેશભાઈ કોરડિયા,
ટ્રસ્ટી શ્રી આશિષભાઈ શાહ
અને
માનદ્ મંત્રી
શ્રી રજનીકાંત પારેખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજે રાષ્ટ્રનો ૭૭મો સ્વાતંત્ર્ય દિન ધામધૂમથી ઉજવ્યો





ધ્વજવંદન વખતે સલામી આપતા
શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના સભ્યો

ધ્વજવંદન કરાવતા ડૉ. સુજયભાઈ મહેતા



ધ્વજવંદન વખતે સલામી આપતા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના સભ્યો



ધ્વજવંદન વખતે સલામી આપતા વિદ્યાર્થીઓ



સ્વાતંત્ર્ય દિન નિમિત્તે પ્રવચન આપતા ડૉ. સુજયભાઈ મહેતા



ધ્વજવંદન વખતે સલામી આપતી બહેનો



ધ્વજવંદન વખતે હાજર રહેલા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના સભ્યો



પ્રાસંગિક પ્રવચન આપતા ડૉ. સુજયભાઈ મહેતા



પ્રસંગોચિત પ્રવચન આપતા ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા



ડૉ. સુજય મહેતા સાથે શ્રી ક.જૈ.સે.સ.નો ટ્રસ્ટી ગણ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાન્ય સભા



દૃશ્ય શ્રાવ્ય માધ્યમથી ક.જૈ.સે.સ.ની વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી આપતા ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ

સભ્યોને આવકારતા મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ





વાર્ષિક હિસાબો રજૂ કરતાં ખજાનચી શ્રી કે.ડી. શાહ



શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યોની ચૂંટણી અંગેની વિગત આપતા શ્રી મનીષ આણંદજી વીરા




વાર્ષિક સામાન્ય સભાનું સંચાલન કરતાં માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ

# નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન



અદાણીના હોદ્દેદારો દ્વારા શ્રી કલ્પેશભાઈ ગાલાનું બહુમાન

નવનીત સ્કીલ ડેવલપમેન્ટના કાર્યક્રમમાં તાલીમાર્થીઓ





અદાણીના હોદ્દેદારો દ્વારા શ્રી રજનીકાંત પારેખનું બહુમાન

અદાણીના હોદ્દેદારો દ્વારા શ્રી સંદીપભાઈ ગાલાનું બહુમાન





અદાણીના હોદ્દેદારો
દ્વારા
શ્રી હિરેન કે. શાહનું
બહુમાન



માતુશ્રી વિમળાબેન
ગાલા અને
સંદીપભાઈ ગાલાના
હસ્તે વિદ્યાર્થિનીને
કીટ અર્પણ



માતુશ્રી
વિમળાબેન ગાલા
દ્વારા
કીટ અર્પણ



શ્રી કલ્પેશભાઈ
ગાલા દ્વારા
વિદ્યાર્થિનીને
કીટ અર્પણ



શ્રી શાંતિલાલભાઈ
સાવલા દ્વારા
વિદ્યાર્થિનીને
કીટ અર્પણ



અદાણીના હોદ્દેદારો
દ્વારા
શ્રી શાંતિલાલભાઈ
સાવલાનું બહુમાન



અદાણીના હોદ્દેદારો દ્વારા શ્રી અશોકભાઈ મહેતાનું બહુમાન




પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા
મૉરૈયા ગામમાં મેડિકલ કેમ્પ

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE






મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી-ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી- ટ્રાન્સ- ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ- પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી- એક્સપ્રેસ- મલ્ટીમોડલ અને ઈ-કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી- લોજિસ- સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર-હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી-ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ- 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**